गू. व. सोसाइटी प्रबंधमाळा.

परदेशी माल आपणा देशमां तैयार करवा शा उपाय योजवा?

રચનાર

ભવાનીશંકર રામેશ્વર જોશી.

THE GUJARAT VERNACULAR SOCIETY'S SERIES.
Gopalrao Hari Deshmukh Fund Prize Essay.

What Measures are Necessary to be taken for the Introduction of Foreign Industries into India?

BY.

BHAVANISHANKAR RAMESHVAR JOSHI,
Mehtaji, Sarod Vernacular School.

First Edition—1000 Copies.

AHMEDABAD,
THE GUJARAT VERNACULAR SOCIETY'S OFFICE.

Samvat 1946—A. D. 1889.

Price Eight Annas.

AHMEDABAD
Printed at the 'ARYODAYA' Press.

गूजरात वर्नाक्युलर सोसाइटी प्रबंधमाळा.

गोपाळराव हरि देशमुख फंडनो इनामी निबंध.

परदेशी माल आपणा देशमां तैयार थवा शा उपाय योजवा जोईये?

રચનાર

ભવાનીશંકર રામેશ્વર જોશી,

સારોદની સ. ગુ. નિશાળના મેહેતાજી.

“વૃદ્ધિ કર, હરિ હુનરની ભરતખંડ મોઝાર;
પ્રેર પૂર્વવત આ સમે કરગરી કહુ કર્તાર.”

આવૃત્તિ પેહેલી.—પ્રત ૧૦૦૦

અમદાવાદ.

ગૂજરાત વર્નાક્યુલર સોસાઇટીની ઓફીસ.

સંવત્ ૧૯૪૬—ઈ. સ. ૧૮૮૯.

કિંમત આઠ આના.

અમદાવાદ
આર્યોદય પ્રેસમાં છાપ્યું.

અનુક્રમણિકા.

—:o:—

પ્રકરણ ૧ લું.

પ્રકરણ ૨ જું.

પરદેશથી આવતી ચીજો.

પ્રકરણ ૩ જું.

પરદેશી માલ આપણા દેશમાં બને કે નહિ?

પ્રકરણ ૪ થું.

પરદેશી માલ આપણા દેશમાં બનાવવાને એકદમ શરૂઆત થઇ આગળ ધમધોકાર ચાલે તેને માટે કેવા ઉપાયો યોજવા જોઇએ?

પ્રકરણ ૫ મું.

વિદ્વાનોની ફરજ.

પ્રકરણ ૬ ઠું.

ધનવંતોના ધર્મો.

પ્રકરણ ૭ મું.

સરકારનાં કર્તવ્યો.

પ્રકરણ ૮ મું.

હાલમાં ભરતખંડની પ્રજાને ગ્રહણ કરવા જેવા ગુણો.

परदेशी माल आपणा देशमां तैयार थवा शा उपाय योजवा जोईये?

प्रकरण १ लुं.

દોહરા.

સર્વ વસ્તુ સૃજનાર તું, પાળક હે પ્રભુ દેવ;
કહે કોઈ મેં આ રચ્યું, વૃથા એજ અહમેવ. ૧
હોય હસ્તકૃત ચીજ પણ, નહિ રચતા ઈનશાન;
મૂળ તત્વ પ્રભુ તેં રચ્યાં, વળી ઘડવા દે જ્ઞાન. ૨

भरतखंडना प्राचीन कारीगरो.

આપણા આ ભરતખંડમાં પ્રાચીન કાળથી કળા કૌશલ્યનો અભ્યાસ છે. અહિં મલમલ વગેરે ઝીણા કુમાસનું સુતરાઉ કાપડ આગળ જથાબંધ થતું હતું. હજુ પણ પાઘડી, દુપટ્ટા, શેલાં, વગેરે અનેક તરેહનું જાડું અને ઝીણું સુતરાઉ કાપડ, તથા કિનખાબ, મશ્રુ, સાટિન, અને પીતાંબર, વગેરે અનેક તરેહનુ રેશમી કાપડ બહુ ઠેકાણે થાયછે. કાશ્મીરની શાલોએ હિંદુસ્તાનનું નામ જગમાં જાહેર કરી આપ્યું છે. લૂગડાં ઉપર અનેક તરેહની વેલ બુટ્ટીની ભાતો પાડવાની કળા પણ કીમતી છે. તાંબા, પિત્તળ, કલાઈ, વગેરે ધાતુનાં, તથા માટી અને પત્થરનાં તરેહ તરેહવાર ઘાટનાં વાસણો, અને શોભામાં સુંદર એવી પ્રતિમાઓ ઠામેઠામ બનાવી જાણેછે. કીમતી ધાતુ, જેવી કે સોનું, રૂપું, એ વગેરેના અલંકારો પણ ઉત્તમ રીતે બનાવી જાણેછે.

આટલું છતાં પણ પ્રાચીન કારીગરોને જેટલું માન આપવું ઘટેછે, તેટલું અર્વાચીન કારીગરોને માન આપવું ઘટતું નથી. કેમકે દિવસે દિવસે દુનિયા પુખ્ત થતી જાય છે; તેથી પ્રાચીન કાળના કારીગરો અને વિદ્વાનો કરતાં અર્વાચીન કાળના કારીગરો ને વિદ્વાનો વધારે પ્રવીણ હોવા જોઈએ. કારણ કે પ્રાચીન કારીગરોને કારીગીરી કરતાં

જે જે હરકતો નડેલી તે દૂર કરવાની યુક્તિઓ જેમ જેમ અનુભવ થતો ગયો તેમ તેમ કાઢતા ગયેલા. તે તે યુક્તિઓનો સમુદાય તે તે કામનું શાસ્ત્ર, એમ અનેક કામોનાં અનેક શાસ્ત્ર રચાયાં. તેવાં શાસ્ત્રોનો અભ્યાસ કરવાથી પ્રાચીન કારીગરો જેટલું તો જ્ઞાન તેમને નાનપણુથીજ પ્રાપ્ત થઈ ચૂક્યું; અને ત્યારપછીનો પોતાનો અનુભવ ઉમેરાતો ગયો. એમ પેઢી દર પેઢી ગણતાં ભારત ભૂમિના અર્વાચીન કારીગરો કારીગીરીમાં વૃદ્ધ હોવા જોઈએ; પણ તેમ કાંઈ દિશતું નથી.

હજારો વર્ષ પેહેલાં જે જે પક્ષિઓ જેવા જેવા માળા બાંધતાં હતાં, તેવા ને તેવા હાલ પણ બાંધે છે. લાચાર! તે બિચારાંને ફક્ત અંગજ્ઞાનનીજ પ્રેરણા છે; અને આપણ માણસજાતને તો પ્રભુએ પશુ પક્ષીઓ કરતાં એક ઉત્તમમાં ઉત્તમ તર્કશક્તિની બક્ષીસ આપેલી છે. માટે તેની સહાયતાએ મનુષ્યજાતે તો દિવસે દિવસે પોતાનાં કાર્યોમાં સુધારો કરતાં જવું જોઈએ. તેમાંનું કાંઈપણ આપણા ભારતવાસી કારીગરોએ કરેલું હોય, એમ દિશતું નથી. પ્રાચીન કારીગરો તો પ્રાચીન કાળમાં એવાં કામ કરી ગયલા છે કે તેઓ મરી ગયા છતાં, તેમને હાથે રચાયલાં મહા ભવ્ય દેવાલયો, મિનારા, પર્વતોની ખડકોમાં કરેલી કોતરણીઓ, વાવો, અને અનેક ઈમારતોનાં ડીપ ગયલાં ખંડેરો ડોકાં ઊંચાં કરી કરીને, તથા ચત્તાપાટ ભૂમિપર પડવાથી દડમાં દટાઈ ગયલાં પણ માંહેથી ડોકાં બહાર કાઢી કાઢીને ઠામ ઠામ પૂર્વજોની કારીગીરીની સાક્ષી આપેછે, કે આ ભારત ભૂમિમાં ભિન્ન ભિન્ન સૂક્ષ્મ કારીગીરીનાં કામ કરનારા પુરૂષો નિપુણ હતા. ઈલોરાના પાહાડમાંથી કોતરી કાઢેલાં દેહેરાં જોઈને સાનંદાશ્ચર્ય પામી પ્રાચીન કારીગરોનાં કોણ વખાણ નહિ કરે? સર્વ કોઈ કરશેજ.

કરોડો મનને મોહિત કરી નાખે એવો માલ આવા બહોળા દેશને પૂરો પાડતાં છતાં પણ, પ્રાચીન કાળમાં પરદેશી લોકોને જથાબંધ પહોંચાડતા હતા. ઈ. સ. ના સોળમા સૈકડા સૂધી પશ્ચિમ ભણીના દેશો ભારત ભૂમિનો માલ હોંસે હોંસે ખરીદ કરતા હતા, ને બીજા વેપારીઓને આપી તેમાંથી નફો પણ મેળવતા. એમ અનેક જણના હાથમાં જતાં પણ તે માલ છેવટના ખરીદનારને સોંઘો પડ-

તો. ત્યારે પ્રથમના ખરીદનારને કેટલો બધો સોંઘો પડતો હશે? અને આ ઉપરથી હિંદના પ્રાચીન કારીગરની કેવી ચતુરાઇ ભરેલી અને ઝડપવાળી કારીગીરી હશે?

એક વખત એવો હતો કે પશ્ચિમ ભણીના ઘણા દેશોના લોકો ભરતખંડની સાથે જાતો જાત વેપાર કરવાને માટે ઉગમણું પ્રયાણ કરવા લાગ્યા. તેમાં એક બીજાની સ્પર્ધાને લીધે નવા નવા દેશો અને બેટોની શોધો થઈ. અમેરિકાનું પેહેલ વેહેલું દર્શન જૂની દુનિયાના લોકોને હિંદના માલે કરાવ્યું ! જુઓ, એ ભારત ભૂમિના માલની કેવી બલીહારી!!

વળી જરા આગળ વિચાર કરીએ તો ઇતર દેશના સિકંદર, મહમદ, શાહાબુદ્દીન, નાદીર, તૈમૂર, જંઘીસખાન, વગેરે બળિષ્ઠ બાદશાહો, અને એ વિના બીજા સેનાપતિઓએ એક પછી એક ભારત ભૂમિ ઉપર વાઘની પેઠે તળપો મારીછે. એ પણ ભારત ભૂમિમાં થતી પેદાશ અને ભરેલી લક્ષ્મીની મોહની હતી.

આવો વિશાળ મોટા મનવાળો મંગળાકાર ત્રિકોણ મૂર્ત્તિ ભરતખંડ, તે પશ્ચિમના દેશોને અસલ વાપરવાને અનેક તરેહની ચીજો આપતો; અને તેમને વિધવિધનાં વસ્ત્રો આપી તેમનાં તન ઢાંકતો હતો. તેજ પોતાનાં બાળ બચ્ચાંનાં તન ઢાંકવા પ્રથમના ભિક્ષુક દેશો સમર્થ થયલા જોઇ, તથા બચ્ચાંનાં બચ્ચાં પારકે રમકડે રમતાં જોઇને, શું પોતાના મનમાં દિલગીર નહિ થતો હોય? તેમનાં ફાટયાં ટૂટયાં વસ્ત્ર સાંધવાને દોરા ને સોયો પણ પારકો દેશ પૂરાં પાડે તે જોઇ શું ભરતખંડના હૃદયમાં કલેશ નહિ થતો હોય? એની આંખોમાંથી તો અખંડ અશ્રુ ધારાઓ વહેછે!

અર્વાચીન કારીગરોનું જૂજ વર્ણન.

ગીતિછંદ.

આળસ ઈર્ષા તજીને, સ્પર્ધા રાખી ઉત્કંઠા ધરજો;
નવીન કળાઓ નીરખી, તે કરવાના ઉપાય આદરજો. ૧
સમયાનુકૂળ વરતી, હવે ઉંઘ તજી જાગૃતિમાં આવો;
લાખ કળા પરદેશી સંપી; અધિકા થવા હોંસ લાવો. ૨

હાલના કારીગરો અસલથી કારીગીરીનાં જે કામો થતાં આવેછે,

તે કરી જાણેછે. હજુ એમને પશ્ચિમના સુધારાનો વાયુ વાયો નથી. સાધારણ ઈમારતોનાં કામ, અને ઘંટી, ઘાણી, ચરખો, પીંજણ, શાળ, કોલું, રેંટ, ઘંટ, વહાણ, ખેતિનાં સાદાં ઓજારો, વગેરે સાદા દેશી સંચા સઘળા બનાવી જાણેછે. પણ સેંકડે બે ત્રણ કારીગર પણ પોતાની સ્વસત્તાના મિસ્ત્રીપણાથી મોટા મેહેલો કે પુલનાં કામ બનાવી શકે એવા હશે? કારીગીરીના કામના સંબંધમાં એમણે તો એવી સ્પર્ધા રાખવી જોઈએ કે એક જણે એક નમૂનાની ચીજ બનાવીને બહાર પાડી તો બીજાએ તેની સ્પર્ધા કરી, તેથી ચઢતી પંક્તિની ચીજ બનાવવી જોઈએ. એવી નિર્દોષ સ્પર્ધા રાખવાને બદલે માંહે માંહે એવી અદેખાઈ રાખેછે કે સાર્વજનિક ફાયદાકારક કાંઈ હુન્નર કે કળા તેમની પાસે હોય તો તે કોઈને બતાવતા નથી. પછી તેમનું એકાએક બેભાનિયતમાં મૃત્યું થાય તે વખતે તે સાથે લઈ ચાલ્યા જાયછે.

એકાદ સ્ક્રૂ કે દીવાસળીની પેટી લઈ કોઈ દેશી કારીગરને બતાવી આપણે કહીએ કે આ તમારાથી બનશે? તે વખતે તે તરતજ કહેશે કે "એ તો ચીન વિલાયતનો કામ; સંચાના માલ. એવા તો અમારાથી ના બને." એવી છેક "વાણીઆ મૂછ નીચી કહે તો કહે નીચી," એ કહેવત પ્રમાણે બોલવાને ને ચાલવાને જરા પણ લજવાતા નથી. "એવી ચીજ આપણાથી કેમ બનીશકે નહિ?" એવો ફાયદેમંદ જાત્યભિમાન રાખતા નથી. કદાપિ આપણા ઉશ્કેર્યાથી આપણે બનાવાવેલી પરદેશી ચીજ કોઈ શરમનો માર્યો કરવા જાય છે, તો તે ઘણો વખત કાઢ્યા છતાં પણ તેના જેવી સફાઈ આણી શકતો નથી. વિદ્યા અને કારીગીરીના કામમાં તો એક બીજાથી સરસ થવાનો જેટલો પ્રયત્ન બની શકે તેટલો તન મનથી કરવો જોઈએ. તેને બદલે તેઓ બાપદાદાથી ઊતરતો આવેલો સાદો ધંધો કરી ફૂરસદની વખતે નકામા તડાકા મારવામાં વખત ગુમાવે છે. પણ થોડી મહેનતે ઘણું કામ થાય એવા ઉપાયો યોજતા નથી.

કારીગર વર્ગમાંના કેટલાક શેહેરમાં વસતા સુખી હશે. પરંતુ ગામડાંમાં વસનારની હાલત તો છેક નબળી પડી ગયલીછે. પોતાનાં

ઘરાકોનાં ખેતિનાં સાદાં ઓજારો ઘડી જાણેછે. બીજાં ઉમદા કારીગીરીનાં કામ બનાવી શકે કે નહિ એ શક ભરેલું છે.

અર્વાચીન કારીગરોના હાથ એવા તો બાંગા બની ગયલા છે કે આ વિશાળ દેશમાં બનતું લાખો ખાંડી રૂ પોતાના દેશમાં પોતે પૂરેપૂરૂ કાંતી કે વણી શકતા નથી. તેથી તેને કાંતવા ને વણવા વિલાયત મોકલેછે. આ ઠૂંઠા કારીગરોને ખાવાના કોળીઆ પણ પરદેશી કારીગરો ભરાવેછે ત્યારેજ ભરેછે, નહિ તો ભૂખે મરેછે. એટલે કાનસ, ફરશી, કરવતનાં પાનાં, સોનું રૂપું ગાળવાની સુરમાની મૂસો, વગેરે અનેક ઓજારો પરદેશથી આવે છે. તેના વડે પોતાના રોટલા કમાયછે. પરદેશી માલ આવતો એકદમ બંધ પડે તો પ્રથમ તો કારીગરોજ ટાંટીઆ ઘસતા થઈ જાય. જુઓ, અર્વાચીન કારીગરોની બહાદુરી!

સોનું રૂપું ગાળવાની દેશી મૂસોના કરતાં વિલાયતી મૂસોનો ઈતબાર દેશી લોકો વધારે ધરાવેછે. એનું કારણ દેશી મૂસોની બનાવટમાં નબળાઈ છે. આતો ફકત એક દાખલા તરીકે લખુંછું. આવાં આવાં અનેક કામો વિલાયતી ઓજારોથી દેશી કારીગરો કરેછે.

હજુ દેશી કારીગરોમાંથી નવા હુન્નર બનાવવાની ઉત્કંઠા અને પરાક્રમનો દીવો ઓલાઈ ગયો નથી, પણ ઝાંખો થઈ ગયો છે! તેમનાં મનરૂપી કમળો છેક બીડાઈ ગયાં નથી, પણ સંકોચન પામવા માંડયાં છે! તેમના ચક્ષુની દૃષ્ટિ છેક ઢબ થઈ ગઈ નથી, પણ ટૂંકી થઈ છે! તેઓ પૂરેપૂરા આળસુ થઈ છેક બેભાનિયત હાલતમાં આવ્યા નથી, પણ તેમની પાછળ પરદેશી માલરૂપી રાજાના લશકરે નીશામાં ગરક થઈ જવાય એવાં કેફી બાણો છોડવા માડયાં છે! પરદેશી અનેક ચીજો આવતી થઈ છે, તેથી તે બનાવવાની દેશીકારીગરને જરૂર પડતી નથી. તેથી પરવશ થવાની ધાસ્તીમાં આવી પડયા છીએ. હવે પરદેશી માલ રૂપી શત્રુના સૈન્યે આપણને પકડી લેવાના પાશો બાંધવા માંડયા છે, માટે પકડાવાની તૈયારીમાં છીએ! તેથી જો તેના ચાંપતા ઉપાયો લેવામાં નહિ આવે, તો પરદેશી માલના મોહપાશમાં પડી ઘૂંચવાઈ જઈ પરાધીન થઈને, ચક્ષુશૂન્ય થઈ જઈશું; અને પછી આપણા પરાક્રમનો દીવો ગુલ થઇ જશે. તેથી

ભારતભૂમિમાં છેક અંધારૂં થઈને આપણે સામાસામી ટીચાઈ મરવાનો વખત આવશે!

જ્યારે સઘળા દેશોમાં કારીગીરીનો અંધકાર ચાલતો હતો, તે વખતે ભારતભૂમિમાં કારીગીરીનો સમયાનુસાર પૂર્ણ પ્રકાશિત સૂર્ય ઝળકારા મારી રહ્યો હતો. જ્યારે કેટલાક દેશોના નિરાશ્રમી નવસ્ત્રા લોકો સ્વાંગો રંગીને બેપગા પશુ પ્રમાણે વિચિત્ર ચેષ્ટા કરતા વનોમાં ફરતા હતા, તે વખતે ભારતવાસી પ્રજા પોતાને પહેરવાનાં વસ્ત્રાલંકારો રૂડી રીતે બનાવી જાણતી હતી. વળી રહેવાને નાના પ્રકારના આશ્રમો પણ રચી જાણતી હતી. એવી પ્રથમથીજ પ્રકાશ પામેલી પ્રજા હાલમાં કેટલાક પરદેશી હુન્નરકારોની સાથે સરખાવતાં ઝાંખી પડી જાય છે. તેનું કારણ શું હશે? એવો પ્રશ્ન વાંચનારના મનમાં આપો આપ ઉઠયો હશેજ. એમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી. એનાં કારણો હું આગળ બતાવું છું.

'પ્રભાતમાં પનઘટપર જઇને બગનીપેરે બેસું'. એ રાગ.

હુનર કળાનાં વિદેશી વાજાં વિધવિધ રાગે વાગે;
કરણે તો કરણાટ ફુંકાએ, તોય જરા નવ જાગે.
હુન્નરી હય હણહણતા આવી, પ્રવેશ પુરમાં કીધો,
કાચ કથીર પોલાદી પાળે ઘેરો દેશને દીધો.

પરદેશી પ્રતિપક્ષીઓને રાક્ષસી બળની મદદ મળી.

જાણે આપણે એક શત્રુના સૈન્ય સામા રણસંગ્રામમાં ઉતર્યા છીએ. ત્યાં સામા શત્રુઓ પોતાનાં હાથમાં વગર સુધારેલી કાષ્ટની અનઘડ જેષ્ટિકાઓ લઈ લઢવા ઊભા છે. તેમને હઠાવવાને આપણે લોઢાનાં બૂઠાં હથિયારો વાપરીએ, તેથી તેઓ નાશ ભાગ કરવા માંડે. પરંતુ જ્યારે બળિષ્ઠ દેવ શત્રુના સૈન્યની વહારે ચઢે, અને તેમને શૂરા રણવીરોની મદદ મળે; અને તેમની સહાયતાથી કુશળ થઈ તેઓ શૂરાવેશમાં આવી જાય, અને તેમજ ધાતુનાં ધારદાર ચળકતાં હથિયારો ચારે બાજુએ ફરતાં કરે, અને કેટલાક તો દૂરજ ઊભા રહી બાણ અને અગ્ન્યસ્ત્ર વગેરેનો છૂટો માર ચલાવવા લાગે; તે વખતે આપણે લોઢાનાં બૂઠાં તેનાં તે હથિયારો હાથમાં લઇ આગળ ધપીશું, તો

છેવટ આપણી હાર થશે કે જીત? જીતવાની આશા રાખનારને આપણે કેવો કહીશું? આનો જવાબ એક નાનું બાળક દેવાને શક્તિમાન થશે! છેવટ હાર, હાર ને હારજ સમજવી!! ત્યારે એજ રીતે પ્રાચીન કાળમાં જ્યારે ભરતખંડમાં વસતી પ્રજા સુધારાપર હતી, તે વખતે કેટલાક દેશોમાં હુન્નરનું અંધારૂં ચાલતું હતું. તેથી આપણા દેશનો માલ પરદેશ ખાતે ચઢતો, અને સર્વ જગાએ માન પામતો હતો. પરંતુ હવે તો તેમની ઉપર પ્રભુએ કૃપા કરી તેમને વરાળ, વારિ, અને વિદ્યુત વગેરે બલિષ્ઠ રાક્ષસોની મદદ આપીછે. તેથી તે રાક્ષસો તેમના મુલકમાં અનેક પ્રકારના હુન્નર અને કળાઓનાં કારખાંનાં ધમધોકાર ચલાવવા લાગ્યાછે. તેનો એવો તો અવાજ થયો જાય છે કે સઘળી જગાના બુદ્ધિબધીરોના કાન ફૂટેછે; પણ આપણા તીવ્ર શ્રવણ વાળા ભારતવાસી બંધુઓ એમાંનું કાંઈ સાંભળતા નથી, એ અતિ આશ્ચર્યની વાતછે! તેવાં કારખાનાંમાં બનતો માલ લઈ, તેમના રાક્ષસો દેશેદેશ ફરતા થયા છે. તે દેવતાઈ માલ, તોલે હલકો, તેજસ્વી, સુંદર, સફાઈ વાળો, સોંઘો, ને સફરો છે! તેથી તેને જોઈ સઘળી આલમના લોક ઝાંઝવાના જળમાં જંપલાવા લાગ્યા છે. ત્યાં આગળ આપણો અસલ કારીગીરીવાળો, સંગીન, સાદો, અને મૂલમાં મોંઘો માલ કેમ બરાબરી કરી શકે??

કારીગર વર્ગ પોતાના પુત્રોને પૂરૂં ભણાવતા નથી.

ગીતિછંદ.

ભાવ ન ભણવા કેરો, કેમ કરીને સ્વશાસ્ત્ર સમજાશે?
ગાડર સમ ગડગડશો, તેમાં આખર શ્રેયજ શું થાશે?
સુઝે ન અક્ષર એકે, પછી પુસ્તકો કૈ રીત પારખશો?
શ્રમ કરી સૃષ્ટિ મધ્યે અટણ કર્યાનો અંધને સારજ શો?

દરેક જણને જોયલી, સાંભળેલી, અને વિચારેલી વસ્તુનું આબેહૂબ અથવા જરા તેમાં રૂપાન્તર થઈને સ્વપ્ન આવેછે. પણ જે એક વખત પણ જોઈ નથી તેનું સ્વપ્નું આવતુંજ નથી. તેમજ જે માણસ અહોનિશ જે જોયા કરેછે, તેના વિષે વિચાર કરવાને તેને અતિ અઘરૂં છે એમ સંભવતું નથી. ત્યારે કારીગરોના છોકરા ઘણું કરીને

પોતપોતાની કારીગીરીના કારખાનામાં (દુકાને કે પેઢીએ) ઉછરી મોટા થાયછે, તેઓ પોતાના બાપદાદા કરતા આવેલા હુન્નર તો જોઈ જોઈને શીખી લે તેમાં કાંઈ નવાંઈ કરતા નથી. પણ તેમાં વધારો સુધારો કરવાના વિચારો તેમના મનમાં કાંઈ આવતા નથી; અને આવતા હશે તો તે પ્રમાણે કરવાને તેઓ હિમ્મત ચલાવતા નથી. કેમકે તેમનાં મન કૂવાના દેડકાં જેટલાં હોયછે. તેનું કારણ તેમનાં વાલી તેમને ભણાવતા નથી. તેથી તેઓ બિચારા દીઠે રસ્તે ચાલ્યા જાય છે. વિદ્યાભ્યાસ થયો હોય તો ફૂરસદની વખતે હુન્નરી પુસ્તકોનો અભ્યાસ કરી, પોતિકા જાણીતા હુન્નરમાં વધારો સુધારો કરે. પણ લાચાર! તેમનાં વાલી ધંધાની લાલ્ચને લીધે નાનપણથીજ પોતાનાં બચ્ચનોં ધંધારૂપી બોજા નીચે દાબી દેછે. પોતાના હુન્નર વિષે જે જે શાસ્ત્રો સંસ્કૃત કે બીજી ભાષામાં લખાએલાં છે તે તે શાસ્ત્રોનો અભ્યાસ તો તેમણે પ્રથમજ કરવો જોઈએ. તે તેઓ કરતા નથી. પણ દેખાદેખી કારીગીરીનાં સાદાં કામો કરેછે. તેથી એમ કહીએ તો ચાલે કે, ઘણા ખરાને તો પોતાનાજ શાસ્ત્રનું જ્ઞાન હોતું નથી, તો પછી અન્ય ભાષાના હુન્નરશાસ્ત્રનું જ્ઞાન ધરાવવાની તો આશાજ શી?

આવી રીતે અભણ રહેવાથી તેઓ છતી આંખે અંધ રહીને, વિદ્યા કળાના ઉત્સુક વિદ્વાનો જેવાકે મહીપતરામ રૂપરામ, કરસનદાસ મૂળજી, વગેરે હિંમતવાન નરોએ સંકટો સહીને પશ્ચિમ ભૂમિની મહા યાત્રા કરી આવીને જોયલી સવિસ્તર હકીકતો પોતાના પ્રવાસના પુસ્તકોમાં પ્રગટ કરીછે તેવી, અને એ વગેરે હુન્નરને લગતી બીજી હકીકતો તેઓ વાંચી ન શકે એવા નિર્ભાગ્યવાન્ રહેછે.

પરદેશ જતા નથી.

ગીતિછંદ.

કૂપ દેડકો જાણે, નથી મુજ સરખો સમુદ્ર તરનારો;
પયધિ પાસ પરવરશે, પછી ન થાશે હુંપદ ધરનારો.?
નવીન કળા પરદેશી નિકટ જઇને સ્વદૃષ્ટિથી નીરખો;
લખ્યું પુસ્તકે રહેશે, વાંચ્યો પાઠજ નથી અનુભવ સરખો !

'હિંદની બહારની મુસાફરી કરવામાં આભડછેટ, ખોળાવાડો,

અને વટલાવવાનું છે,' એમ સમજી પોતે જતા નથી; અને કદાપિ જો કોઇ વિરલો પુરૂષ જવા બહાર પડ્યો, તો તે પાછો આવ્યેથી તેનાપર અને તેના કુટુંબપર નાતના સર્વે જનો ઘૂરકતા કૂતરાની પેઠે જુએછે; અને તેમને પોતાના મંડળથી ભસીને દૂર કર્યા સિવાય રહેતા પણ નથી. ત્યારે શું, તમારા વડીલો અસલ પરદેશ જતા નહોતાકે? જો નહોતા જતા તો "જે જાય જાવે તે ફરી ન આવે, અને આવે તો પરીઆંનાં પરીઆં ચાવે એટલું લાવે." એ કહેવત ક્યાંથી આવેલી? વળી સિકંદરના વખતમાં હિંદમાંથી કેટલાક યોગીઓ તુર્કસ્તાન સુધી ગયેલા જણાયલા છે. વળી કેટલાક હોંસીલા મુસાફરો ઘણા દૂર દેશાવર જઇ પડેલા જણાયલા છે. વળી ત્યાંથી આગળ જઇએ. ત્યારે અગસ્ત્ય ૠષિ સમુદ્ર શી રીતે પી (સમુદ્રોમાં ઘણીવાર સફરો કરી તેથી ભોમીઆ થઇ ગયલા) ગયા હશે? દેવ અને દાનવોએ સમુદ્રનું મંથન કરીને પરદેશથી ચૌદ રત્નો આપણા દેશમાં આણેલા છે! તે પરદેશ ગયા સિવાય શી રીતે આણ્યાં હશે? એ સઘળાનો વિચાર કરતાં એમ જણાયછે કે, અસલ એવો વટલવાનો વેહેમ નહોતો.

વળી હાલમાં કેટલાંક શેહેરોના શેઠીઆઓ, તથા તેમના નોકરો, રંગૂન, ચીન, મોરિસ્યસ, ઇંગ્લાંડ, બુખારા, વગેરે ઠેકાણે જઇ ર્યા છે. પણ હજુ કેટલીક નાતોના વિચાર ફર્યા નથી. માટે હે પ્રભુ! તું હવે તેમના અજ્ઞાનરૂપી અંધારાને હાંકી મૂકવા જ્ઞાનરૂપી સૂર્યનો પ્રકાશ પાડ! અને ભારત ભૂમિના હુન્નરી હયો હવે હરેક દેશમાં હંકાતા થઇ જાય એવી મારી દીન વાણીથી કરેલી પ્રાર્થના સ્વીકાર.!

આપણા દેશી ભાઇઓમાંના ઘણા ખરા પોતપોતાના પંથાનુસાર પ્રતિમાઓના દર્શનને અર્થે કે પવિત્ર માનેલી સરિતાઓમાં સ્નાનને અર્થે ઉત્તરમાં હરદ્વાર ને કૈલાશનાથ, દક્ષિણમાં શ્વેતબિંદુ રામેશ્વર, પૂર્વમાં જગન્નાથ પુરી, અને પશ્ચિમમાં દ્વારકા, એટલે સુધી, અને એની અંદરના ભાગોમાં અટણ કરીને પાછા આવેલા જનો મારા જોવામાં આવેલા છે. તેઓને તેમની મુસાફરી વિષે મેં ઘણીએ વાર પરપૂછ કરીછે. તે ઉપરથી સિદ્ધ થાયછે કે ("જે હયામાં હોયછે તેજ

હોડે આવેછે." તેઓ ત્યાં જઇ કારીગીરી સંબંધી કાંઇપણ તજવીજ કરતા નથી. તેમજ બીજું કાંઇ પણ તપાસીને જોતા પણ નથી. તેઓ જણાવે છે કે "અમે ફલાણા દેવનાં દર્શન કર્યાં, ને ફલાણી નદીમાં નહાયા; ગોરને ફલાણું આપ્યું, પણ તે લેતો નહોતો તેથી અમારે તેને ફલાણું આપવું પડ્યું; ને ફલાણી જગાએ ફલાણું શ્રાદ્ધ કરીને નાતો જમાડી લહાણું કર્યું." એ વગેરે મતલબની વાતો કરેછે. પણ અમે ફલાણું શેહેર જોયું, ત્યાં ફલાણાતું રાજ્ય છે, અને ત્યાં રાજ્યનો બંદોબસ્ત સારો કે નઠારો છે. તે શેહેરમાં ફલાણી જાતની કારીગીરીની ચીજો બહુ વખાણવા લાયક થાયછે, અને તેને આવી રીતે બનાવેછે. વળી અમે ફલાણો ભાગ જોયો ત્યાં અમુક આ જાતની વનસ્પતિ ઉગેછે; ત્યાંના લોકોમાં આવી જાતની રીતભાત ને ધર્મ ચાલેછે; તેઓ સ્વભાવે આવી જાતના છે. એ વગેરે બાબતોનું ફાયદેમંદ વર્ણન તો તમે તેમની પાસેથી સાંભળવાની આશા રાખશો નહિ ત્યારે—

શ્લોક.

दशाटन पंडितमित्रता च, वारांगना राजसभाप्रवेशः ।
अनेकशास्त्राणि विलोकितानि, चातुर्य मूलानि हि पंच तानि ॥

ઉપરના વિચારો જોતાં દેશાટણ કર્યાનું ફળ જે ચાતુરી મેળવવી તે, ઉપર ઉપરથી જોઈને પાછા વળનારને શી રીતે મળે?

જેમ દેશી વિદ્વાનોમાં કાશીમાં ભણેલા સર્વોત્તમ ગણાય છે, તેમ આપણા દેશના કારીગરો તથા અમુક ધંધાના ઉમેદવારોમાં જે કળાવાન દેશોની જાત્રા કરીને આવ્યાછે, તેમની યોગ્યતા તેમના હરીફો જે વતનમાંજ રહીને શીખેલાછે તેમના કરતાં સરસ ગણાવી જોઈએ.

પરભાષાથી આંધળા, અને વેશજેથી વેહેમી વાતો સાંભળી સાંભળીને બહાવરા બની ગયલા કારીગરોને પરદેશ જવાને પગ ઉપડતો નથી, અને અત્રે ભણતા પણ નથી. કદાપિ કોઈ ભણેલા હશે તો તેઓ જોઈને કરે એવાં હુન્નરી કામને લગતાં જોઈએ તેવાં પુસ્તકો હજુ આપણી ભાષામાં બહાર પડેલાં નથી; અને પડેલાં હોય તોપણ એકલું વાંચ્યામાં અને તેનો અનુભવ લેવામાં ઘણો તફાવત

છે. માટે સ્વદૃષ્ટિએ હરકોઈ હુન્નરની કૃતિ નીરખી તેનો પાકો અનુભવ લેવા કારીગર વર્ગે હુન્નરી પ્રદેશમાં પ્રયાણ કરવું જોઈએજ ?

મનના વળણ પ્રમાણે કામ કરવા દેવાનો કેટલીક નાતોમાં અટકાવ છે.

કાવ્યછંદ.

વારિ વહનની સાથ વાયુ વિણ વ્હાણજ વ્હેશે,
હાથ હલેસાં વગર નગર ધાર્યું તે લેશે. ૧
મનનું વળણ જ્યાં વહે, રહે ધંધે તે વળગી,
સરશે ધાર્યો અર્થ, આપદા થાશે અળગી. ૨

સુધરેલા દેશોમાં એવો રિવાજ છે કે, જે સખસના મનનું વળણ જે ધંધા તરફ હોય તે ધંધો તે સુખેથી શીખે ને કરે. જાતિનો, વર્ગનો, કે કુળનો કાંઈ બાધ નડે નહિ. તેથી કોઈ વિદ્વાન પુરૂષને કે ઊછરતા તરૂણને લુહારી, સુતારી, કે બીજું હરકોઈ કામ શીખવાની મરજી થઈ, તો તેને કાંઈ બાધ નહિ નડવાથી નિર્વિઘ્ને તે હુન્નર શીખવાને તે તે કામમાં સામેલ થાય. હવે આવો માણસ તે કામ જલદી શીખે તેમાં શી નવાઈ ? અને તે હુન્નરમાંથી મન ગમતો કિસબ લડાવી કોઈ નવી શોધ કરે એમાં શું આશ્ચર્ય પામવાનું ? કારણકે "દરેક કામ મનની પ્રેરણા પ્રમાણે કરાય છે." તે પ્રમાણે તેના મનને ભાવતોજ અને મનના વળણ પ્રમાણેનો હુન્નર હાથ આવ્યો, તેથી તે હોંસે હોંસે ખરા ઉમંગથી કર્યા સિવાય રહે નહિ. એવો લાભકારી રિવાજ દરેક હુન્નરમાં ઉન્નતિ કરે એમાં શું આશ્ચર્ય ?

અહિં તો એવો રિવાજ છે કે પોતાના બાપદાદાનો ધંધો છોડી મરજી પ્રમાણેનો ધંધો કરી શકાય નહિ. કદાપિ કોઈ બ્રાહ્મણનો છોકરો પોતાના પુરાણી પિતાને કહે કે "મારી મરજીતો સુતારી કે લુહારી કામ શીખવાની છે," તો તે સાંભળતાંજ પ્રથમ દશ વીશ ગાળોનો ગડગડાટ થઈને, પાછળ પાંચ સાત ધોલ થપ્પડોનો વરસાદ વરસી રહેશે. તેથી તે બિચારો પેહેલેજ સપાટે પોતાના મનનો ભાવાર્થ મરતાં સૂધી મોંમાંથી કાઢશે નહિ; અને મનને નહિ ભાવતું પુરાણનું પોટલું બાંધી ગામે ગામ કથા માંડવાની યાચના કરતો ફરશે.

આવી રીતે ભાવ વિનાની ભૂંગળો ફૂંકીફૂંકીને જન્મારો પૂરો કરે, ત્યારે તમે કહો કે હુન્નરકળાની ઉન્નતિ શી રીતે થાય? હાલમાં કેટલીક નાતોવાળાના વિચાર આવી બાબતમાં જરા જરા સુધરતા ગયા છે, પણ હજુ જોઈએ તેવા નહિ.

ધર્મનું કેટલુંક અઘટિત બંધન છે.

હરિગીત છંદ.

સત ધર્મ કર્મ પવિત્ર, મિત્રજ, મન વિષે તું માંડજે;
અઘટિત ને અપકારી દેખી, દૂર ત્યાંથી દોડજે;
વળી ફકત કીધે સ્નાન દીધે દાન, નહિ પ્રાશ્ચિત જશે;
નીતિ ગ્રહી સ્તુતિ કર્યે પ્રસન્ન પ્રભુજી તો થશે.

આપણા લોકોમાં પરદેશ જઈ હુન્નર કળા શીખે એવા ઉમંગી પુરૂષો તો થોડાજ હશે; અને કદાપિ કોઈ ઉમંગી નીકળ્યો તો તેને નાણાં વગેરેની હજાર હજાર અગવડો આવી અડશે. તેવી અગવડો કદાપિ કોઈ દેશહિતેચ્છુ ટાળનાર મળ્યો તો ધર્મનું બંધન આગળ આવીને ઊભુંજ છે! નાતવાળા નાત બહાર મૂકવા ઊભા થઇ જાય, અને વટલવાના વેહેમી ભક્તોનું તો જોર માયજ નહિ. તે તો હજાર પ્રકારે દુ:ખ દેવામાં ફર્યા કરે; અને સઘળી તરફથી ભારે ટોળાં ભયંકર અવાજે "મારો મારો!"નો બુમાટ ઊડાડી મેલે. તેવી વખતે મગદૂર છે કે કાચા પોચાથી વહાણ ઉપર પગલું મૂકાય? આવું સઘળું દુ:ખ સહન કરીને જનારા જન થોડાજ નીકળે. ત્યારે પરદેશી હુન્નર કળા આપણા દેશમાં દાખલ શી રીતે થાય?

કોઇ ઊંચી પંક્તિનો હિંદુ જાણીને તો હાડકાને અડકેજ નહિ, અને અજાણે અડાયું તો તે અભડાયો એમ કહેવાય; અને તે જ્યાંસૂધી સખોળ સ્નાન કરે નહિ, ત્યાંસૂધી તેને કોઇ અડકે નહિ. આવી રીતે અડવાનોજ અટકાવ, ત્યારે પછી આપણા દેશમાં લાખો ખાંડી રવડતાં હાડકાંનો ઉપયોગ તો કરેજ શાના? પણ હે મારા ભારતવાસી બંધુઓ! આ મારા બોલવાની મશકરી નહિ કરતાં જરા આગળ સાંભળો! તમારા દેશમાં રવડતાં સઘળાં હાડકાં, શીંગડાં, ચામડાં, મોરનાં પીછાં, વગેરે અનેક આ-

ભડછેટ વાળા પદાર્થો ભેગા કરાવી પરદેશીઓ મફત જેવી કિંમતે પોતાના દેશમાં તાણી જઈ તેના ઉપર અનેક પ્રકારની કારીગીરી લગાવી રૂપ ફેરવીને તમારાં નાણાં હરી લઇ, ખાતર કે બીજા અનેક રૂપમાં તમનેજ પાછાં સોંપેછે. તે વખતે તમે તેને હોંસે હોંસે નાણાં ખરચીને લોછો, વાપરોછો, ઘરમાં ફેરવોછો, રસોડામાં લઈ જાઓછો, અને તેવડે તમે શાક વગેરે સમારોછો. તે વખતે તમે કેમ અભડાતા નથી ? ચપ્પુના હાથા, ડાબલીઓ, રમકડાં, ને બટન શેનાં બનતાં હશે? કચકડો એ શો પદાર્થ હશે? ના જાણતા હો તો હું કહું. એતો મહાસાગરના મોટા મગરની કરોડનું મોટું હાડકું છે. તમે જોઇ વિચારીને વાપરજો! એવા એવા પરદેશી જેટલા પદાર્થો આવેછે, તે તે સઘળામાં આપણા ધર્મ પ્રમાણે આભડછેટ છે. આવા ધર્મનિષિદ્ધ પદાર્થો ઘરમાં વાપરવાને અટકાવ નથી, હાથી દાંતના ચૂડા પહેરવામાં અટકાવ નથી; ચામડાના જોડા પહેર્યામાં અટકાવ નથી; ને પરદેશ જવામાં વટલવાનો ખોટો વેહેમ શાને ખાઓછો? ત્યાં કોઇ વટાળતું નથી. આવો ખોટો વેહેમ રાખીને, કરવાં જેવાં કામો કરવામાં ધર્મના અઘટિત બંધનમાં બંધાઇ રહેશો, ત્યારે તમારા દેશની હુન્નર કળામાં શો રીતે ઉન્નતિ થશે ?

અભિમાને ઉંધું વાળ્યું.

વસંતતિલકા છંદ.

જે હાલ હાલત હશે, સ્થિર તે ન જાણો;
સૌ છે ચલિત, ન ઉરે અભિમાન આણો;
આજેજ આર્યવ્રતના અથડાય રંકો;
વાગે યુરોપ ચીનનો દશ દીશ ડંકો.

ગાંગલો કરી એક દેવાદાર વાણીઓ હતો. તેને કોઇ પૈસાદારે મેહેણું માર્યું, તેથી તેના આત્માને વિષે અતિ ખેદ થયો. માટે તેણે એવો નિશ્ચય કર્યો કે 'હવે મારે ગમે તેમ કરી દેવું વાળી દેવું.' તેથી તે દરરોજ ખરેખરો ખંત રાખી અતિશ્રમ કરી પૈસા સંપાદન કરતો ગયો; અને કરકસર કરી સારી રકમ બચાવી, દેવામાં પૂરતો ગયો. એવી રીતે ઘણાં વરસો વહી ગયાં, તેથી તેના દેવાનો ખાડો પૂરાઈ

જવાથી તે ઋણમુક્ત થયો. પણ તેની આગ્રહી શ્રમ કરવાની ટેવ પડી ગઈ, તે મટી નહિ. ત્યારે તમે વાંચનાર કહો કે આખર તેની હાલત કેવી થશે? ગાંગલો મટી ગાંગાશાહ કહેવાશે! દેવાદાર મટીને પૈસાદાર કહેવાશે! શાથી કે ધન ઉપાર્જન કરવાનો લાયક શ્રમ અને કરૅકસર કરવાની ટેવ પડી ગઈ, તેથી તેનાથી આળસુ થઇ બેશી રહેવાશે નહિ: તેથી તે આખર તરવાનો.

હવે એક બીજો દાખલો સાંભળો. એક ધનપાળશાહ કરીને ધનવંત વાણીઓ હતો. તેનો બાપ અઢળક ધન વારસામાં આપી મરી ગયો. ભાઈ જરા લાડમાં ઊછરેલા તેથી કમાવાની દાનત તો મૂળથીજ કમી; અને બાપની દોલત નજરે જોઇ તેથી "આપણે કમાવાની મિથ્યા મેહેનત શીદ કરવી જોઈએ"? એમ બોલતાં જાય; અને નાત વરામાં અને સંઘ કાઢવામાં ને લહાણાં લહાવામાં નાણાંની છોળો ઉડાડતા જાય: ત્યારે તમે વાંચનાર કહો કે આખરે આ ભાઇની હાલત કેવી થશે? ધનપાળશાહ મટીને ધનીઓ, અને ધનાઢ્ય મટીને ભીખારી થશે; કેમકે આવકમાં આમળા જેવડું મીઠું, ને જાવકમાં ઝાઝના ઝાઝ ખાલી થાય ત્યારે આખરે શું નીકળે?

એજ રીતે પરદેશી અને આપણા દેશના હુન્નરકારોનું બનેલું છે: પરદેશી લોકો પ્રથમ હુન્નરમાં ઝાઝા જાણ નહોતા. તે લોકોએ આપણો માલ જોઇને તેના જેવો કરવાનો આગ્રહ પકડ્યો. તેથી તે આપણા માલની બરાબરી કરી શક્યા. ત્યાર પછી પણ આગ્રહ અને ખરી ખંત મૂકી દીધાં નહિ. કેમકે પછી તો તેમને તેમ કરવાની સ્વાભાવિક ટેવ પડી ગઈ. તેથી હુન્નર કળામાં આપણાથી આગળ વધી ગયા; અને આપણે તો જાણ્યું કે અસલના કોઠાર ભરેલાજ છે, તે ખાલી થવાના નથી. એમ ભરોંસે પડી રહી ચાલતા આવેલા હુન્નર પ્રમાણે કામ કરતા રહ્યા; પણ ખંત રાખી નવા શોધો ઉપર ચિત્ત લગાડ્યું નહિ. તેથી આપણો જૂની રીતથી બનતો માલ દિવસે દિવસે રાક્ષસી માયાથી બનતા ભભકાળા માલ આગળ ઝાંખો પડતો ગયો, અને આપણા માલનું ઘરાક ઘટ્યું. આપણે ના કહ્યા છતાં પણ આપણી ઉછરતી ઓલાદજ પરદેશી માલ થોડા દિવસ છાની રીતે, (બદાદા

પ્રથમ ખાતા નહોતા. હવે સૌ કોઇ ખાય છે.) અને હવે તો ઉઘાડે છોગે વાપરતી થઇ.

દિન પ્રતિદિન નાણાંની ખોટ પડતી ગઈ.

શાર્દૂલવિક્રીડિત છંદ

લોકોએ શણગાર નામ હરવી, પેર્યાં કરી પાયમાં,
રીસાવ્યાં મન તોયનિધિતનયા, કષ્ટી થયાં કાયમાં;
તેથી વાસ ક્યાંજ પશ્ચિમ દિશે લક્ષ્મીજીએ આ સમે;
જાઓ ડાંપણદાર સ્તુતિ કરિને, લાવો મનાવી તમે.

દુનિયાપર માણસની વસ્તિ થયા પછી કેટલેક કાળે ચાંદી અને સોનું નીકળતું થયું. તે હજુ સુધી નીકળ્યાંજ કરેછે; અને તેમાંથી જરાપણ કહોતું, સળતું, કે બગડતું નથી. જરા ઘસારો લાગેછે ખરો. પણ તેથી ઝાઝી ખોટ આવે નહિ. તેથી તેમાંથી ઓછું પણ થવું જોઈએ નહિ; પણ ઉલટો વધારો થવો જોઈએ. તેથી આજ તો એ ધાતુનો ઘરેણાંના રૂપમાં અથવા વાસણ કે નાણાંના રૂપમાં દુનિયા ઉપર વધારો થવો જોઈએ. હવે જ્યારે એ રીતે વધારોજ થાય, ત્યારે આપણા દેશમાં પણ એનો વધારો કેમ ના થાય? થવોજ જોઈએ. તેમ છતાં કોઈ એમ કહેશે કે વસ્તિ વધી તેથી વધારે વિસ્તારમાં વહેંચાતાં થોડાં જણાયછે; અને તેથી નાણાંની તંગી પડે છે. તેના ઉત્તરમાં હું એટલુંજ જણાવુંછું કે, આખી પૃથ્વી ઉપર સવા અબજને આશરે માણસની વસ્તિ છે. તેના બે તૃતીયાંશ તો ફક્ત ચીન અને હિંદુસ્તાનમાંજ છે, બાકીનો એક તૃતીયાંશ ભાગ બીજા સઘળા દેશો ને બેટોમાં છે. માટે તે દરેક દેશમાં વસ્તિ વહેંચાતાં થોડી થોડી આવશે. તેના પ્રમાણમાં ત્યાં નાણાંને મિલકત થોડી થોડી આવવી જોઈએ, તેમાંનું કાંઈ પણ જણાતું નથી, જુઓ, ઇંગ્લાંડ, ફ્રાન્સ, સ્વિતઝર્લાંડ, જર્મની, વગેરે નાનકડા દેશો છે. પણ તેમાં વસેલાં શેહેરો ઇંદ્રપુરીને હઠાવે એવાં વૈભવી, ને મહા ભવ્ય ભભકાવાળાં શોભી રહ્યાં છે! તેમની ઈમારતો ગગને ગર્જના કરી રહીઓ છે! તેમની પાસે નાણાંનો ભારે ભંડોળ છે! અને તેમની સિલકતો તો મોટી મોટી સંખ્યાએ ગણીએ ત્યારે ગણી શકાયછે! ત્યારે

આ ફળવંત વિશાળ દેશમાં નાંણાંની ધાડ શાથી પડી?

અત્રેના કારીગરો બિચારા મેલે લૂગડે ફરે; અને વધારેમાં વધારે પુંજી વાળા કારીગર એ હજારથી જાદે મૂડી વાળા મળે નહિ. તેનું ખરૂં કારણ એ છેકે, તેમની બનાવેલી કારીગીરીની ચીજો પરદેશથી આવતી મોહક ચીજો આગળ ઝાંખી પડી ગઈ. તેથી તેનો આપણા દેશમાં તેમજ બીજા દેશોમાં પણ ઉપાડ થયો નહિ. અને તેથી તે ઘર જમાઈ રહીઓ. તે કોહી, સળી, કે ભાંગીને ભૂકો થઈ ગઈ, તોપણ તેને કોઈએ સૂંધી નહિ. તેથી બીચારા કારીગરોએ પછીથી ખપ જેટલીજ બનાવવા માડી; અને પરદેશમાંથી આવતાં નાણાંની સેર ભરતખંડ રૂપી કૂવામાં આવતી બંધ પડી એટલુંજ નહિ, પણ ઉલટાં પરદેશી માલ ખરીદવામાં નાણાં તણાઈ જવા લાગ્યાં. તેથી ભરતખંડ રૂપી કૂવો ધીમે ધીમે ફીટીને વેગે ખાલી થવા લાગ્યો. હવે તો કૂવાતું તળિયું હાથ લાગવાની તૈયારીમાં છે. તેથી કારીગરોની તેમજ સઘળી વસ્તિની હાલત નાણાંને મિલકતની બાબતમાં નબળી પડી ગયલીછે. તેથી પોતાને બળે હુન્નર કળાનાં ટાંમો કારખાનાં કાઢે કે નાણાં ખરચી કળાવાન દેશોમાં જઈને હજારો હુન્નર દેશમાં દાખલ કરે, એવી આશા હાલમાં તો રહેતી નથી. પછી પ્રભુની શક્તિ જે પ્રેરણા કરે તે ખરી.

શોધો કરવાની સ્વાભાવિક હોંસ નથી.

ગીતિ છંદ.

શોધ કર્યાથી સર્વે સુખનાં સાધન જગમાંથી જડશે;
પ્રથમથી મૂક્યાં પ્રભુએ, પણ શોધ્યા વિણ હાથ નહિ ચઢશે. ૧
બહુ ઘોર્યા ઘરમાં રહી, જાગૃત થઈ સૌ હવે હોંસ લાવો;
ખરે ખરા ખંતી થૈ, શોધક જનમાં શૂરા તમે કા'વો. ૨

જે ચીજ આપણા જોવામાં આવે તેને આપણે બહુ ધ્યાન આપીને જોઈએ તો તેમાં વધારો સુધારો કરવાનું પ્રભુએ આપેલી તર્કશક્તિવડે આપણને સૂઝી આવે, અને તે પ્રમાણે પ્રયોગ કરી જોવાને આપણે આળસ કે મશકરીની ધારતી રાખીએ નહિ, તો તેથી આપણે પણ હુન્નરકળાની શોધો કરવાને શક્તિમાન થઇએ. એ રીતે

શોધો કરવાની હોંસ અને ઉલટ જ્યારે આપણામાં આવશે ત્યારે પ્રભુ સહાય થશે.

પ્રભુએ આ ચમત્કારી દુનિયામાં દરેક વસ્તુઓના જૂદા જૂદા ગુણો પ્રથમથીજ ગોઠવી મૂક્યા છે. તે તે ગુણોવડે માણસના સુખનાં સાધન વધારવામાં કેવી રીતે તેનો ઉપયોગ કરવો, તે આપણને ખબર નથી. પરંતુ રમતાં રમતાં કે કામ કરતાં અચાનક તે તે ગુણોનું ઓળખાણ આપણને પડતું જાય છે; તેમ તેમ તે ગુણોનો ઉપયોગ શોધકો કરતા જાય છે. એવો કોઇ પુરૂષ દુનિયામાં પેદા થયો નહિ હોય કે તેણે ખૂણામાંજ બેશી રહી હાથ પગ હલાવ્યા વગર ફક્ત પોતાના વિચારોથી કોઈ નવા હુન્નરની શોધ કરી કાઢી હોય? પોતે હમેશ કામ કરતો હોય તેમાં અજાણતાં કે જાણીને કાંઈ મેળવણી થાય કે કોઈ બે પદાર્થો અફળાય, ઘસાય, કે બીજો કોઈ બનાવ બને, તેમાંથી આપો આપ સ્વાભાવિક રીતે થયલો કાંઈક ચમત્કાર કોઈ સ્વાભાવિક શોધકના જોવામાં આવે; તો તે તેમાં જરા બુદ્ધિ કામે લગાડી, તે ચમત્કારનું સાધન લઇ, તેનો ઉપયોગ કરવા હજાર હજાર યુક્તિ લગાડી, તેની પાછળ ઘણા કે થોડા દિવસ મથીને તેને યંત્રનું રૂપ આપશે, કે નવો ઘાટ બનાવશે; ત્યારેજ માણસના સુખનાં સાધન વધારવાને તે ચમત્કાર ઉપયોગમાં આવશે. જ્યાં જ્યાં ને જે જે હુન્નરકળાની શોધો થયલી છે, તે તે સઘળી રમત કરતાં કરતાં જડેલી છે.

જે જે નવી શોધો થયલી છે, તેના શોધકો દુનિયામાં અચળ નામ પામી ગયા છે. તે સઘળા શોધકોને નાના છોકરાની પેઠે રમતો કરતાં અનઘડ લોકોએ દીઠા હશે, તે વખતે તેમની મશકરીઓ થઈ હશે. પરંતુ તેમની અત્યંત મેહેનતવડે નીપજેલાં તરેહ તરેહનાં યંત્રો વાપરી સુખ ભોગવતા થયા, ત્યારથી તેમનાં હજાર હજાર વખાણ કરે છે.

કોઈ કારીગરનો છોકરો પોતાનું કામ પડતું મૂકી તેના મનમાં ઊઠેલા તુરંગોથી, અથવા કોઇ યંત્ર જોયાથી તે વિષે કોઈ નવા શોધનો દેખીતો રમત જેવો પ્રયોગ કરતાં તેના વાલીના જોવામાં આવે, તો તેને ધમકાવી તે પ્રયોગ પડતો મૂકાવી પોતાના દીઠા રસ્તાનું કામ

કરવાને હૂકમ કરશે. આ જોતાં એમ માલમ પડેછે કે ચાલતું કામ ચૂકીને નવા શોધો કરવાની તેમને સ્વાભાવિક હોંસ નથી.

દેશમાં એક ભાષા ને એક લીપીની જરૂર છતાં તે નથી.

વસંતતિલકા છંદ.

ઓલેજ દેશ સઘળે ભિન ભિન્ન ભાષા,
તેથી બધે હુનર ના જલદી પ્રકાસ્યા;
ભાષાન્તરે ભલી કળા કદિ કોઇ આણે,
લીપી અનેક થકી તો જલદી ન જાણે.

આપણા વિશાળ દેશમાં પ્રાંત પ્રાંતની ભાષા ભિન્ન ભિન્ન છે. ગુજરાતી માણસ મુંબાઇ મૂકી આગળ ધપ્યો કે પ્રથમ તો મૂંગાની પેઠે અણસારે કામ કરે ત્યારેજ તેનું વળે. તેથી જૂદા જૂદા પ્રાંતોના લોકોને ઓળખાણ પીછાણ થોડુંજ રહેછે. તેથી એક બીજાને મિત્રતા થવી દુર્લભ; અને એક બીજાના હુન્નરો અદલ બદલ થવા પણ અશક્ય છે. કદાપિ કોઇ દુભાષીઆએ પરદેશી હુન્નર કળાના પુસ્તકનું ભાષાન્તર એક ભાષામાં કર્યું તો તેનો લાભ સઘળા પ્રાંતોને મળતો નથી. ભિન્ન ભિન્ન ભાષામાં ભિન્ન ભિન્ન ભાષાન્તરો થાય, ત્યારેજ સઘળા પ્રાંતોને લાભ મળે. હવે એવાં ભાષાન્તરો થતાં થતાંમાં ઘણો કાળ વીતી જાય; અને તેથી મોટું નુકશાન એ થાય કે, જે સેંકડાની હુન્નરી કળાનું ભાષાન્તર થયું હોય; તેમાં દેશી લોકો સહેજ સાજ વાકેફ થવા જાય, એટલામાં તો પરદેશી લોકો નવી કળાઓ અને નવા શોધો કરી આગળ વધી જાય; અને તેનું પરિણામ એ થાય કે આપણે તો પાછળના પાછળ તણાયા જઇએ. કેમકે નવા શોધોનો હુન્નરી નવીન માલ આપણા માલને ઝાંખોજ પાડતો રહે; અને તેથી તે મોહક માલની મોહ જાળમાંથી નીકળીને આપણો બનાવેલો માલ આપણાજ દેશી બંધુઓ ખરીદ કરેજ નહિ. જો સઘળા દેશની એકજ ભાષા ને એકજ લીપી હોત તો એકદમ ઝડપથી ફેલાવવા ધારેલો હુન્નર ફરી વળે. આ કારણ પણ આપણી હુન્નરકળા સુધારવામાં અડચણ કરતા છે.

प्रकरण २जुं.

परदेशथी आवती चीजो.

દોહરા.

આવે પચીશ પ્રકારથી પરદેશી જે વસ્ત,
વર્ગ પાડી વર્ણન કરૂં, સુણજો સાર સમસ્ત. ૧
અનેક વસ્તુ અવનિમાં, તે કેમ વર્ણી જાય?
સાર સાર લખવા થકી ગરૂવા ગ્રંથ ભરાય. ૨

૧ સૂતરાઉ કાપડ.

૨ ઊનનું કાપડ.

૩ શુદ્ધ રેશમ, કે રેશમ, શણ, કે ઊનનો મિશ્ર વણાટ.

૪ પોલાદનાં ઓજાર, હથીઆર, અને રમકડાં, વગેરે નાનો મોટો સામાન.

૫ લોઢાના સંચા, અને તેને લગતાં ઓજારો.

૬ ધાતુનાં પતરાં ને તાર.

૭ કલાઇ, સીસું, જર્મન સિલ્વર, અને પ્લાટિનમ, વગેરે જૂદી જૂદી કે મિશ્ર ધાતુઓના બનાવેલા અનેક ઘાટો તથા રમકડાં.

૮ સોનું અને ચાંદી; એ બંનેને શુદ્ધ કરીને તેના કરેલા પાસલા અથવા સિક્કા.

૯ કાષ્ટ અને ધાતુ મિશ્રિત અનેક તરેહનાં યંત્રો ને રમકડાં.

૧૦ બીજા ખનિજ પદાર્થો.

૧૧ માટીનાં વાસણ તથા રમકડાં, વગેરે.

૧૨ બિલોર કાચનો અનેક તરેહનો સામાન, તથા રમકડાં.

૧૩ તરેહ તરેહના કોરા કાગળો, તથા તેપર પાડેલી છબીઓ, અને રમકડાં વગેરે.

૧૪ મૃત પ્રાણીઓના શરીરના અવયવોના બનાવેલા જૂદા જૂદા ઘાટો તથા રમકડાં.

૧૫ તૈયાર કરેલાં ઔષધો.

૧૬ ચા, વગરે ખાસ પીવાના પદાર્થો.

૧૭ મેવો.
૧૮ ઘણી તરેહનાં તેલો, ચરબીઓ, તથા તેથી બનતા પદાર્થો.
૧૯ ઉદ્‌ભિજ અને જાનવરી ઔષધમાં વપરાતી ચીજો.
૨૦ ઘન અને પ્રવાહી નીશાદાર ઝેરી ચીજો.
૨૧ ઝાડના હારેલા રસો, અને તેના અનેક તરેહના બનાવેલા ઘાટો.
૨૨ અનેક ચીજો મિશ્ર કરી તેના બનાવેલા ઉપયોગી પદાર્થો.
૨૩ જૂદી જૂદી તરેહના રંગો.
૨૪ ફોડવાનો દારૂ, જૂદા જૂદા આકારમાં.
૨૫ જ્વલનશીલ પદાર્થો, અને તેમાંથી બનતી ચીજો.

૧. સૂતરાઉ કાપડ.

ચોપાઇ ત્રિતાળી.

વિધ વિધ વસ્ત્ર વિલાયતી આવે, નજર નીરખતાં હૈયું હસાવે;
દિન ચાર દેખાડી ચટકી, સટ્ટ દેઈને જાયે સટકી. ૧
નવી નવી નકલો નીપજાવી; આવી તે ના પુનરપિ આવી;
કેવું કામ કળાનું કીધું; વિત્ત સર્વસ્વ તાણી લીધું. ૨

આપણા દેશમાં સાદી શાળોથી અનેક તરેહનું જાડું ને ઝીણું કાપડ બનેછે. વળી કેટલેક ઠેકાણે વરાળ યંત્રોથી પણ વણાયછે. તે છતાં પણ પરદેશી કાપડ ઘણુંજ આવેછે. સેનો, જગન્નાથી, દુપટ્ટા, ધોતીઆં, જામદાની, ગાજ, વગેરે સાદાં, કોરવાળાં, અને કેટલાંક વિચિત્ર ભરત ભરેલાં કે જાળીદાર વણાટનાં અનેક તરેહનાં લૂગડાં, અને તરેહ તરેહની ભાતીગળ છીંટો, માધરપાટ, દોટી, વગેરે અનેક તરેહનાં વસ્ત્રો તાકાબંધ ત્રણ સાડાત્રણ કરોડનો માલ, અને ત્રીશ પાંતરીશ લાખનું ગોડીઊં સૂતર ઇંગ્લાંડ દેશમાંથી આવેછે. ફક્ત એકલા ઇંગ્લાંડમાંજ હિંદુસ્તાન જેવા ઘણા દેશોને લૂગડાં પૂરાં પાડે એવાં માતબર વરાળયંત્રથી ચાલતાં કારખાનાં ૩૦૦૦ ને આશરે છે. તેમાંથી આશરે દર વરસે ૯૦ કરોડ રૂપિયાની કિંમતનો માલ નીકળેછે.

માન્ચેસ્ટર શેહેર તો રાક્ષસી વરાળ યંત્રોથી ગાજી રહ્યુંછે! ત્યાં કાન પડ્યું સંભળાતું નથી. લાંકેશાયર અને યાર્કશાયર પ્રગણામાં એવાં કારખાનાં ઘણાં છે. કોરો, હાથ પગનાં મોજાં, કાનટોપીઓ,

રૂમાલ, વગેરે નોટિંગહામ અને મલીન્સમાં થાય છે. વળી ગ્લાસગોમાં પણ કાપડ વણવાનાં કારખાનાં છે.

આપણા દેશમાં સુતરાઉ કાપડ ઘણું કરીને ઇંગ્લાંડથી આવેછે; અને તે સઘળું કાપડ યંત્રોની મદદથી વણાય છે. ઇંગ્લાંડમાં રૂ બિલકુલ પાકતું નથી. અમેરિકામાંથી, અને આપણા દેશમાંથી હજારો ખાંડી ત્યાં જાય છે, તે કંતાઈ વણાઈને જૂદા જૂદા રૂપમાં પાછું આપણા દેશમાં આવેછે. આપણે આપણો રૂના રૂપમાં મોકલેલો માલ, આપણને પાછો આપતાં તેમને મેહેનતાણાના, નફાના, ને દલાલીના કરોડો રૂપિયા મળે છે. આટલું બધું નુકસાન ખમવાનું કારણ એ છે કે, આપણું રૂ આપણાથી કાંતી કે વણી શકાતું નથી.

૨ ઊનનું કાપડ.

ચોપાઇ ત્રિતાળી.

સેના શણ, ઉન વાળ સિપાઈ, હાંકી હુન્નર આવ્યો ધાઈ;
નાખી ધારણ ઘેરી લીધો; પેશી દેશમાં ડંકો દીધો. ૧
બહુ રંગી બનાતો આવી, દેશી વસ્ત્રની ડગલી સિધાવી;
ખરે ખરી લગાડી છે ખોટ, દેશી ડગલા મટી થયા કોટ. ૨

આપણા દેશમાં ઊનની પેદાશ થોડી છે. જેટલું ઊતરે છે તેની શાલો, કામળીઓ, ધુંમટીઓ, અને ઘોડાના સામાનની ડળીઓ વગેરે બનેછે. તે ઉપરાંત પરદેશથી બનાત, આલપાકા, પટુ, ભરત ભરવાની વિધ વિધ રંગની આંટીઓ, ફલાનલ, પરમાટો, બનૂસ, અને ગળેપટા, વગેરે અનેક ઊનનાં ને વાળનાં વસ્ત્રો આવે છે. ઊનની પેદાશ ઘણાખરા દેશોમાં થોડી ઘણી હોય છે. પણ એશિયા અને યૂરોપખંડના ઉત્તર ભાગમાં, અને આલ્પ્સ અને હિમાલય વગેરે બરફવાળા પર્વતોની ઉપર, અને તેની પાસે પાસે આવેલા પ્રદેશોમાં ઊનની પેદાશ અતિશે થાય છે. કેમકે ત્યાં ટાઢ ઘણી પડે છે, તેથી ત્યાંનાં ઘેટાંનું ઊન ઝીણું અને ઘણું ગુચ્છાદાર થાય છે. તેનાં જે વસ્ત્રો વણાયછે, તે ઘણાં શોભિતાં અને સફાઇદાર થાય છે.

ઇંગ્લાંડ દેશના લીડ્ઝ શેહેરમાં, અને જર્મનિ દેશમાં ઊન વણવાનાં માતબર કારખાનાં છે. આપણા દેશમાં ઊનનું કાપડ ઇંગ્લાં-

ડથી જથાબંધ આવેછે. ઇંગ્લાંડમાં ઊનનાં કારખાનાં આશરે બે અઢી હજાર છે. તેમાં દર વરસે પચીશ સત્તાવીશ કરોડનો માલ તૈયાર થાય છે. તેમાંથી આપણા મુંબાઈ ખાતે દશ લાખનો આવેછે. ગાલીચા ઇરાન દેશમાં બનેછે. વળી તેનાં ઇંગ્લાંડ દેશમાં પણ કારખાનાં છે; અને તે આપણા દેશમાં પણ આવેછે. જંગલી ગાયોનાં પૂંછડાની ચમ્મરો બનેછે તે, અને પટ્ટુ નામનું ઊનનું જાડું કપડું, એ બંને ટિબેટ દેશમાંથી આવેછે. આલપાકા નામનાં ઘેટાંનું ઊન અમેરિકા ખંડના દક્ષિણ ભાગમાં પિરૂ અને બોલિવીઆ દેશમાં થાય છે; અને તેના તરેહ તરેહના રંગના આલપાકા બનેછે. એ, અને એ વગેરે બીજાં ઊનનાં ને વાળનાં વસ્ત્રો રંગ બેરંગી ભભકાળાં બની આપણા દેશમાં ઊતરે છે.

૨ રેશમી અને શણનો વણાટ.

વસંતતિલકા છંદ.

હોયે પ્રસન્ન પ્રભુ જ્યાં, ધન ત્યાં તણાએ;
ને તેમ રેશમ વિલાયતમાં વણાએ;

પાકે તહાં સરસ ના બનતું જણાએ;
એ ના કૃપા પ્રભુ તણી કમતી ગણાયે ?

રેશમની મૂળ પેદાશ ચીન દેશની છે. પણ હાલતો ઘણા ખરા સાધારણ ગરમી વાળા દેશોમાં થવા લાગ્યુંછે. કેટલેક ઠેકાણે શેતુરના રોપા ઉછરેછે; કેટલેક ઠેકાણે ઉછરી પણ ચૂક્યાછે; અને કેટલેક ઠેકાણે એને ઉછેરવાને શ્રમ લેવાનું શરૂ થયુંછે. શેતુરનાં પાંદડાં ખાઈ રેશમના કીડા પોતાના શરીરમાંથી રેશમનો તાંતણો કાઢી તેની કોકડી બનાવેછે. ઇંગ્લાંડ જેવા ઠંડા દેશોમાં એવા જીવો ઊછરી શકતા નથી, તેથી ઠંડા દેશોમાં રેશમની પેદાશ થતી નથી. આપણા દેશમાં મોટાં મોટાં શેહેરોમાં ભાત ભાતનાં રેશમી વસ્ત્રો હસ્તકૌશલ્યથી બનાવેછે. અમદાવાદ, મુંબાઇ, કલકત્તા, વગેરે ઠેકાણે કોઈકજ જગાએ વરાળ યંત્રથી ચાલતું એકાદ કારખાનું હશે; પણ તે વણાનાં માતબર કારખાનાં આપણા દેશમાં જોઇએ તેવાં નથી.

ચીનમાંથી કાચું રેશમ, ને કેટલોક વણાટ આપણા દેશમાં તે-

મજ ઇંગ્લાંડમાં પણ જાયછે. ઇરાન દેશમાં પણ રેશમ સારૂં નીપજેછે. રેશમ વણવાનાં માતબર કારખાનાં ઇંગ્લાંડ, ફ્રાન્સ, ઇટાલી, જર્મનિ, અને ચીન દેશમાં છે. ફ્રાન્સ દેશના લૈયોન્સ શેહેરમાં જથાબંધ રેશમી વસ્ત્રો વણાયછે. ઇટાલી દેશમાં જે મખમલ બને છે એવી કોઇ જગાએ બનતી નથી. ઇંગ્લાંડમાં આશરે પાંચસેંથી સાતસેં કારખાનાં રેશમી કાપડ વણવાનાં છે. તેમાં આશરે પંદર સત્તર કરોડનો માલ તૈયાર થાય છે.

આપણા દેશમાં રેશમ બનેછે, પણ ઝાઝું નહિ. તેથી ચીનથી કાચું રેશમ લાવી આપણા લોકો મશ્રુ, સાટીન, કિનખાબ, ચુંદડી, પીતામ્બર, મુગટા, પટોળાં, કરઘેલનાં પોત, બંગાળું, પાટીઆંનું પોત, અને બાંટનું પોત વગેરે અનેક તરેહનું રંગ બેરંગી સ્ત્રીઓ અને પુરૂષોના પોશાકમાં વપરાતું રેશમી કાપડ હાથે ચાલતા સાદા સંચાથી તૈયાર કરેછે. તે છતાં પણ પરદેશથી લાખો રૂપિયાનો રેશમી માલ આપણાં દેશમાં ખપી જાયછે.

બંગાળામાંથી શણ વિલાયતમાં બહુ જાયછે. ત્યાં વણાઇને તે પાછું આપણા દેશમાં આવે છે. શણનાં કારખાનાં વિલાયતમાં પાંચસેંની ઉપર છે. તેમાં શણનું કાપડ એવું તો રંગ બેરંગી તૈયાર થાય છે કે તેને આપણા દેશમાં ઠગારા વેપારીઓ રેશમને નામે અજાણ્યા આદમીને ફૂટી મારે છે. તેની જલેહ પણ તેવીજ હોયછે. શણનો તાણો, અને ઊનનો, રેશમનો, કે વાળનો વાણો એવાં અનેક લૂગડાં રૂવાંટીદાર ચર્મના જેવા વિલાયતથી વણાઇ આપણા દેશમાં ઊતરેછે. તેના આપણા દેશના લોકો કોટ, પાટલુન, ને ડગલા કરી શીઆળામાં પહેરેછે. જેનાં પાકીટો બને છે, તે કંતરાણ પણ વિલાયતથી આવે છે. તેને કેટલાક લોક મુગટાને ઠેકાણે નવેણામાં પેહેરવાને રાખેછે.

૪ પોલાદનો (લોઢાનો) સામાન.

ચોપાઇ લિતાળી.

લોહ પાટ પોલાદની આવી, ખાણ ભારત કેરી ભૂલાવી;
આવ્યાં ચકચકતાં હથિયારો, નાની બંદુક તોપ તરવારો;

રાચ રહ્યાં વિદેશી વર્ષી; આરી, કાનસ, કાતર, ફરશી;
પતરે પાતળાં કીધેલ કાળાં, ત્રાકે ઊઘડે તેવાં તાળાં.

પરદેશથી આવતા પોલાદના સામાનનું વિગતથી વર્ણન કરીએ તો તેથી આ નાના નિબંધમાં જગાનું રોકાણ ઘણું થાય; માટે ઉપલક ઉપલક જણાવતાં નીચે પ્રમાણે આયાત થાયછે.

ઓજારમાં કાનસ, આરી, કરવત, ફરશી, કાતર, ચપ્પુ, અસ્ત્રા, સોયો, રેચી, ડાક્ટરનાં ઓજારની પેટીઓ, ચિત્રવિદ્યામાં વપરાતાં ઓજારની પેટીઓ, વગેરે અનેક ઓજારો; તથા તરવાર, પિસ્તોલ, બંદુક, તોપ, સંગીન, વગેરે હથિયારો; તથા પીસવા, પૂતળાં, ત્રિજોરિઓ, પેટીઓ, તાળાં, હોલ્ડરની જીભો, વગેરે બીજો સામાન; તથા રમકડાં ઇંગ્લાંડથી આવેછે. બર્મિંગહામ, શેફીલ્ડ, અને વુલ્વરહાંપ્ટન તો પોલાદના સામાનથી પરદેશોમાં પ્રખ્યાત થયાંછે. આપણા દેશમાં લોઢાનો જે જે સામાન આવેછે, તે ઉપરનું જો નામ વાંચીએ તો ઘણું કરીને 'બર્મિંગહામ' એજ નામ વાંચવામાં આવશે.

ઓજાર, હથિયાર, અને રમકડાં વગર ફક્ત લોઢાનીજ પાટો, ગોળ ગજ, પતરાં, ખીલા, સ્ક્રૂ, બડવા, ઇસ્ટાબડીઓ, આંકડા, ગુંથેલી જાળીઓ, વગેરે; તથા ઇમારતો અને ખેતિનાં ઓજારોમાં વપરાતું લોઢું કે પોલાદ ને ચમકલોહ થોકબંધ વિલાયતથી આવેછે. આવેલા લોઢાનાં દેશી કારીગરો સૂડી, અસ્ત્રા, છરીઓ, ખાંડણી, પરાઇ, કુહાડી, કોશ, કોદાળો, એરણ, હથોડી, સાણસી, છીણી, ચીપીઆ, સાંકળ, નકુચા, વગેરે અનેક દેશી લોકોના વાપરમાં આવતો સામાન, ઓજારો, અને હથિયારો બનાવેછે.

આપણા દેશમાં લોઢાની ખાણો ઘણેક ઠેકાણે છે; પરંતુ તેનો ઉપયોગ જોઈએ તેવો દેશી લોકોથી થઈ શકતો નથી. તેથી પરદેશી લોઢું, અને તેને અતિ તાપ આપી બરડ બનાવેલું લોઢું કે જેને પોલાદ કહેછે તે, અને તેનો તરેહ તરેહનો સામાન આપણા દેશમાં ઊતરે છે; અને તે આપણે ખરીદ પણ કરીએ છીએ. સ્વીડનના જેવું લોઢું કંઈ થતું નથી.

૯ પરદેશથી આવતા યંત્રો.

વસંતતિલકા.

યંત્રો વિદેશી અતિ તીવ્રજ વેગવાળાં;
દેશીજ કામ કરવે નહિ શીઘ્રતાળાં;
માટેજ સુજ્ઞ જનને શીખવા સિધાવો;
દોડો ! ફરી ન મળશે શુભ દાવ એવો.

આપણા દેશમાં ઘણા પ્રકારનાં યંત્રો આવેછે. (૧) વરાળથી ચાલનાર, (૨) વાયુ ને વારિ બળથી વેગિત, (૩) વાયુશોષક, (૪) વીજળીથી વેગ પામનાર, (૫) કમાનની પાટી ઊભળવાથી વેગ પામનાર, (૬) પ્રાણીના શરીર બળથી ચાલનાર, (૭) ચાંપ તથા પેચથી થતા કામવાળા, (૮) ઉચ્ચાલન વગેરેથી થતા કામના સંચા, (૯) પરચુરણ યંત્રો. **વરાળ યંત્ર**—અગ્નિરથ (આગગાડી)નાં, કપાસ લોઢવાનાં, કાંતવાનાં, કાપડ વણવાનાં, કાગળ બનાવવાનાં, દાણા દળવાનાં, અને છાપવા વગેરેનાં અનેક યંત્રોનાં બાયલરો, ચક્રો, ભૂંગળાં, નળીઓ, અને સંગીન સલેપાટ વગેરે દરેક સંચાને લગતાં, અને તેના સબંધમાં આવતાં સાધનો વિલાયતથી આવેછે; અને તે બનાવવાનાં કારખાનાં ઇંગ્લાંડ દેશમાં બર્મિંગહામ ને શેફીલ્ડ, અને સ્કાટલાંડમાં ગ્લાસગો, બેલજીઅમમાં લીએજ ને ઘેન્ટ, અને હોલાંડ ને જર્મનિ વગેરે દેશોમાં ધમધોકાર વરાળના જોરે ચાલી રહ્યાંછે. તેમાં લોઢું ગાળવાની કળાયુક્ત ઊંચી ભઠ્ઠીઓ જોવામાં આવે, તો તે જોઈ આપણને અત્યંત નવાઈ ઊપજે. એવડાં મોટાં મોટાં યંત્ર હાથના હથોડાથી ઘડાઈને તૈયાર થતાં નથી; પણ વરાળ યંત્રથી ભારે હથોડા તીવ્રતાથી ટીપે છે તેથી, અથવા મોટાં બીબાંમાં ગાળેલો રસ ઢારીને જોઈએ તેવા આકાર બનાવી લેછે. દરેક સંચો વરાળ યંત્રથી ચલાવવો હોય તો ચાલી શકેછે. પણ જૂજ કામ કરવામાં ખરચનો વધારો નહિ પડવા દેવા કેટલાક સંચા હાથથીજ ચાલે એવા બનાવેછે. **વાયુશોષક**—એ પંપ, બંબા, વગેરે અનેક આવેછે. તેની મદદથી કૂવામાંથી પાણી શોષી લઈ જેટલે ઊંચે ચઢાવવું હોય તેટલે ઊંચે ચઢાવી શકાય

છે. એ ઘણા ખરાં તો હાથથી ચલાવી શકાય છે. વળી રાતે વાયુનાં દીવા થાયછે તે કાઢવાંનું યંત્ર પણ આવેછે. **વિજળીવેગક**-ટેલિગ્રાફ, ટેલિફોન, વગેરે રસાયણી વીજળીથી ચાલતા અનેક સંચા, અને તેને લગતો સામાન વિલાયતથી આવેછે; કે જે વડે દૂરના દેશમાં સંજ્ઞિક અક્ષરો વડે પત્ર વહેવાર, ઘંટનાદ, અને સામા સામી બોલેલા બોલનું શ્રવણ કરાય છે. વળી રાત્રીએ અજવાળું આપવામાં વિદ્યુતયંત્ર વપરાય છે. **કમાની**-વખત બતાવનારાં વિધવિધ વોચો (ઘડીઆળો) પરદેશથી આવેછે; અને તે લંડન, લીએજ, અને જીનીવામાં અનેક આકારનાં વિધ વિધ ધાતુનાં કરોડો બનેછે. કોઈ ફક્ત કાંટાથી જૂદા જૂદા વખત બતાવનારાં બનાવેછે; કોઈ ઘંટ ઠોકી વખત બતાવનારાં બનાવે છે; કોઈ જગાડનારાં બનાવે છે; અને કોઈ માણસ અને બીજાં પ્રાણીનાં પુતળાં મૂકી તેની પાસે વિધ વિધ કામ કરાવી જોનારને આનંદ આપે, એવાં મહા સૂક્ષ્મ કારીગીરી વાળાં ઘડીઆળો બનાવેછે. એમાંનાં ઘણાં ખરાં કમાનની પાટી ઊભળવાથીજ ચાલેછે. **શરીરબળથીચાલનાર**-શીવવાનો સંચો, ભરત ભરવાનો સંચો, દહીં વલોવવાનો સંચો, બગી, ચારઠ, શેરડી પીલવાનું કોલું, પ્રેસ, વગેરે અનેક માણસના હાથથી અથવા બીજાં પ્રાણીના શરીરબળથી ચાલતા સંચાઓ આવેછે. **ચાંપ, ઉચ્ચાલન, અને પેચ વાળા**-તોળવાના સંચા, કાંટા, તરેહ તરેહના તાળાં, ચોપડી બાંધવાનો સંચો, રૂની પાકી ગાંસડી બાંધવાનો સંચો, વગેરે અનેક સંચા ચાંપના ને ફેરના આવેછે. **ઉચ્ચાલનના**-છાપવાનું પ્રેસ. **પરચુરણ યંત્રો**-ફોટોગ્રાફના (છબી પાડવાનો), છએ લેન્સવાળી દૂર્બિનો, બોલેલું લખી લેનાર સંચા, અને હોકા યંત્રો, અને વાજાંની પેટીઓ વગેરે યંત્રો પરદેશથી આવેછે. એ વગેરે ઘણાં ઘણાં કામ કરવાનાં અનેક યંત્રો આપણા દેશમાં પરદેશથી આવેછે. હોકા યંત્રનું મૂળ સ્થાનક ચીન છે.

પવન ચકકીઓ અને જળના પ્રવાહથી ફરતાં ચક્રોથી ચાલતા સંચાઓ સઘળા સુધરેલા દેશમાં ચાલેછે. તેને અનુસરતાં કેટલાંક યંત્રો આપણા દેશમાં પણ આવવા લાગ્યાં છે.

૯ પતરાં ને તાર.

ચોપાઇ ત્રિતાળી.

તાર જાણે સુદર્શન ચક્ર, વર્તુળાકાર તે વળ્યા વક્ર;
લોહ પતરાં અસિ સમ ઝળકે; ચમચા તાસક ચાંદી ચળકે. ૧
ઘાટ દેશને બહુ દમનારા; ડબા, દાબડી, પેટી, પટારા;
આવ્યો માલ ઊછળતે પૂર, દેશ તાણી કીધો ચકચૂર. ૨

તાંબાના, પિત્તળના, અને લોઢાના જાડા અને પાતળા તારોનાં ગૂંછળાં પરદેશથી આવે છે. સીતાર વગેરેને બાંધવા જોઈતા લોઢાના બારીક પાકા તાર વિલાયતથી આવેછે. તાંબું અને તાંબાનાં પતરાં પરદેશથી આપણા દેશમાં આવેછે; અને તેમાં જસત નાખીને પિત્તળ, અને કલાઈ નાંખીને કાંસું આપણા દેશના કારીગરો બનાવેછે. પછી તેનાં આપણા લોકો જળપાત્ર અને રાંધવાનાં વાસણો બનાવેછે.

કાંતી લોઢાનાં પતરાં કે જેના ઉપર કલાઇનો ઢોળ ચઢાવેલો હોય છે, તે પતરાં અને તેના બનાવેલા ડબા, પેટીઓ, દાબડીઓ, તાસકો, ચમચા, વગેરેના આકારમાં પણ આપણો દેશ ઊતરેછે. એ પતરાંની આપણા દેશી કારીગરો દાબડીઓ, ફાનસનાં ઘર, આરસીનાં ચોકઠાં, અને ભૂંગળાં વગેરે એરજીના સંયોગ વડે કલાઈથી રેવીને બનાવેછે. કાંતી લોઢાનાં પતરાં આપણા દેશમાં બિલકુલ થતાં નથી. એ પતરાંના સામાનનો એટલો બધો વાપર થઈ ગયો છે કે શેહેરોમાં અને ગામડાંમાં શેરીએ શેરીએ ને ઘેર ઘેર એની કરચો રવડતી જોવામાં આવેછે. એની બનાવેલી ચીજ જૂની થઈ એક વાર તૂટીગઇ કે તે પછી કાંઈ પણ કામમાં આવતી નથી. નવીજ લેવી પડેછે. આ ઉપરથી સહેજ સમજાયછે કે એ પતરાં બનાવનારી કુંપનીઓને કેટલો બધો નફો મળતો હશે? અને એવાં પતરાં જો આપણા દેશમાં બનતાં હોય તો દેશને કેટલો બધો લાભ થાય?

તાંબું આસ્ટ્રેલિયા, ઈંગ્લાંડ, અને ઇરાન દેશમાંથી સારૂં નીકળે છે. આપણા દેશમાં પણ નેપાળ, બલ્લારી, રજપૂતસંસ્થાન, ને દાર્જિલિંગની પાસે તાંબાની ખાણો છે. **જસત** જર્મની દેશમાંથી બહુ નીકળેછે.

કલાઇ, સીસું, પિત્તળ, જર્મન સિલ્વર, પ્લાટિનમ, વગેરે મિશ્ર કે જૂદી જૂદી ધાતુઓ, અને તેના અનેક ઘાટો.

લલિત છંદ.

હુનર હારીઓ આપણો અરે; દિલ વિષે હજૂ દેશી ના ડરે.
કથિર મોકલે, તે સુવર્ણ લૈ; કયમ રહ્યા પડી શત્રુ શર્ણું જૈ? ૧
જસત નીપજે દેશ જર્મની, અતિશ ઊતરે ઘાટ બૌ બની;
કસ કમી થઈ દેશ ડોલીઓ; કયમ સુતા તમે ઢાળી ઢોલીઓ?૨

ઇંગ્લાંડના જેટલી કલાઈ બીજા કોઈ દેશમાં નીકળતી નથી. ઇંગ્લાંડના કાર્નવાલ પ્રગણામાં એની માતબર ખાણો છે; અને જેમ આપણો દેશ અફીણ, ગળી, અને મજીઠવડે ટકકર ઝીલતો હતો, તેમ કલાઇ, પોલાદ, અને કાચના વેપારે ઇંગ્લાંડને પૃથ્વી ઉપર પ્રસિદ્ધ કર્યો છે. વિલાયતી ચમચા, પ્યાલા, નાનાં બાળકોને ફોડવાની પિસ્તોલો, પીસુડા, વગેરે કલાઈ ને સીસાની મેળવણીથી બનાવેલા અનેક ઘાટો વિલાયતથી આવે છે.

સીસાનાં ચોરસાં, મિશ્ર ધાતુનાં છાપવાનાં બીબાં, અને બંદુકની ગોળીઓ, છરા, જે સીસું અને સોમલ ખાર મેળવીને બનાવેલા હોય છે તે, અને એ વગેરે બીજા પદાર્થો વિલાયતથી આવે છે. **સીસું** ઇંગ્લાંડના ઉત્તર ભાગમાંથી, જર્મની, ગ્રીસ, અમેરિકા, ઈરાન, અને બલુચિસ્તાનની ખાણોમાંથી નીકળે છે. આપણા દેશમાં પણ નેપાળ અને લંકામાં એની ખાણો છે.

જર્મનસિલ્વર (કોપરબ્રાસ) નામની ધાતુએ હિંદુસ્તાનમાંના ગરીબ લોકોને ચાંદીનાં ઘરેણાં મૂકી એનાં ઘરેણાં પહેરતા કર્યા છે. ઘડીઆળના તરેહ તરેહની ગૂંથણીના અછોડા, ઘડીઆળની દાબડીઓ, જળપાત્રો, બટનો, અને તેનાં પતરાં ને તાર વિલાયતથી આપણા દેશમાં ઊતરે છે. તેનાં પછી આપણા દેશના કેટલાક લોકો દેશી ઘાટનાં પહેરવાનાં ઘરેણાં બનાવેછે. તેમાંનાં કેટલાંક એવાં પણ થાયછે કે ગરીબ બિચારા લોકોને ઠગારા લોકો રૂપાના નામથી આપી તેમનાં નાણાં ઠગી જાય છે. કેટલીક વખત સોની લોકોએ પણ એને જોઇ ભૂલ ખાધે,

લી છે. એ ધાતુ વધારે જસત અને થોડું તાંબું મેળવીને બનાવેલી હોયછે. એ ધાતુ જર્મની દેશમાં બનેછે. **પ્લાટિનમ** એ ધાતુ વરિષ્ઠ ગુરૂત્વમાં તેમજ તોલમાં પણ ઘણી ભારેમાં ભારે ધાતુ છે. તે થોડી ઘસાય છે તેથી તે ઝીણાં ઘડીઆળોમાં ચક્રોની ધરીઓ કરવામાં વપરાય છે. વળી કેટલાક રસાયણી સંચા બનાવવામાં એનો ઘણો ઉપયોગ થાય છે. એ ધાતુ દક્ષિણ અમેરિકામાં નીકળે છે. વળી **પિત્તળ** વગેરે બીજી ધાતુનાં વાજાં, સહીના ખડીઆ, દીવાના ખડીઆ, હોલ્ડરોની ભૂંગળીઓ, ઢાંકણીઓ, રમકડાં, વગેરે બહુ બહુ ચીજો વિલાયતથી આપણા દેશમાં આવે છે.

સોનું અને ચાંદીના પાસલા.

સવૈયા.

દક્ષ દેશને દૂરથી દેખી, પૂર્ણપણે હું પીછાણું;
ગણે ન ત્યાં કોઇ તામ્ર ચાંદીને, સ્વર્ણનું ચાલે નાણું;
દિન દિન દુર્બળ દેશ થયો આ, તેથી કાર વહેવાર ઘટયો;
પૌંડ ગિની પરદેશી આવી, દીધો મ્હોર ને દેશવટો.

ચાંદીની ઇંટો ચીન દેશમાંથી અને અમેરિકામાંથી આવેછે. સોનું આસ્ટ્રેલિયા, કાલિફોર્નિયા, કોલંબિયા, ટિબેટ, અને નાતાલમાંથી નીકળે છે. આ ઉપરથી એમ નહિ જાણવું કે આપણા દેશમાં નહિ નીકળતું હોય. આપણા દેશમાં પણ ઓઢીઆમાંથી, શંભલપુર પ્રાંતમાંથી, ચીનાબ અને પન્નાર નદીની રેતીમાંથી, નાગપુરની પૂર્વે, મહીસૂર, રજપૂત સંસ્થાન, બુંદેલખંડ, અને પંજાબમાંથી નીકળેછે. સોના રૂપાને શુદ્ધ કરી તે ઉપર શુદ્ધ કરનાર કુંપનીનો મોહોર સિક્કો પડેલો એવી પાટો વિલાયતથી આવેછે. વળી ગિની, પૌંડ, વગેરે સોનાના સિક્કા પણ ઇંગ્લાંડ અને બીજા દેશોમાંથી પણ આવે છે. સઘળા કરતાં સિક્કાવાળી પાટોનો શુદ્ધપણામાં આપણા દેશી લોકો વધારે ભરોસો રાખેછે; અને તેનો ભાવ પણ સઘળા કરતાં વધારે હોયછે.

હલકી ધાતુ ઉપર વીજળીની મદદથી સોના રૂપાના ઢોળ ચઢાવેલા એવા અનેક ઘાટો, રમકડાં, વાસણો પણ આપણા દેશમાં આવે છે; પણ લોઢાં ઉપર કલાઇના ઢોળવાળાં જેટલાં આવે છે એ-

ટલાં નહિ. સોના રૂપાના વરક પણ ઘણા આવેછે.

કાષ્ટ, ધાતુ, કાગળ, ને લૂગડાં, વગેરે મિશ્રિત ચીજોનાં યંત્રો અને રમકડાં.

તોટક છંદ.

દિન એક વિચાર કરી મનમાં, શૂર હુન્નરખાન તપ્યો તનમાં;
કરૂં હિંદજ જેર પ્રપંચ કરી, નવ થાય કદી સનમૂખ ફરી. ૧
કપટી સરદાર લઇ ચઢિયો, રૂપ ફેરવી હિંદ વિષે અડિયો;
અની પેપર, પેન, અને ખડિયો, છતરી, છરી, વાઘજ, લાકડિયો. ૨

શીવવાનો સંચો, નાનાં નાનાં મોંઢે વગાડવાનાં વાજાં, હાથથી ટકોરા મારીને વગાડવાનાં વાજાં, ફુટની દાબડીઓ, તાણીને વગાડવાનાં વાજાં, વાજાંની પેટીઓ, વસ્ત્ર ધોવાના સંચા, પેન્સિલો, ચપ્પુ, વગેરે અનેક વાપરવાનો સામાન, વાસણ, ને રમકડાં પરદેશથી આપણા દેશમાં આવેછે. જૂદી જૂદી દરેક ચીજો બનાવવાનાં ઇંગ્લાંડ અને જર્મનિ દેશમાં જૂદાં જૂદાં કારખાનાં છે.

નેતરની, મૂળીની, કે વેલાની રંગ બેરંગી તરેહ તરેહવાર લાકડીઓ, ધૂપીઆ છત્રીઓ, રોગાનવાળી છત્રીઓ ઇંગ્લાંડથી થોકે થોક આવેછે. આપણા દેશમાં છત્રીઓ બનાવવામાં આવેછે, અને તે વપરાય છે ખરી, પણ ઝાઝી નહિ. ઘરડાબુઢ્ઢા અને ગામડાંના કેટલાક સાદા લોકો તે ઓઢેછે; કારણ કે તે બેડોળ અને વજને ભારે હોયછે. તેથી વિલાયતી છત્રીઓ ઘણી વપરાય છે. પેહેલાં ચીનમાંથી વાંસની સળીઓ અને રોગાનવાળા કાગળની છત્રીઓ આવતી હતી. પણ હાલ વિલાયતી ભભકાળી છત્રીઓ આગળ તેનો કોઇએ ભાવ પૂછયો નહિ; તેથી હાલતો તે હરતાઇ ગઇછે; અને નીચથી તે ઉંચ પાસે વિલાયતી લોઢાના પાયાવાળા ડેહેરાં જેવા ડબલ હામેહામ દેખીએ છીએ.

લકડ સામાન બનાવનાર આપણા દેશના મોટાં મોટાં શેહેરોના કારીગરો છે; અને તે સારો બનાવી જાણેછે પણ ખરા. સૂખડની દાબડી વગેરે કામ મુંબાઇમાં સારૂં બનેછે; અને પુનામાં લાકડાંનાં ફળ આબેહૂબ બનાવેછે. તરેહ તરેહના છત્રપલંગ, ખાટલા, કોચ, ખુરશીઓ

ટેબલ, પારણાં, વગેરે આરામ લેવાનાં સાધનો સઘળે ઠેકાણે બનાવી જાણેછે. લાખની સાથે તરેહ તરેહના મિશ્ર કરેલા રંગો લાકડાની ઉપર સઘાડા નામના સાદા યંત્રથી ચઢાવીને અનેક તરેહનાં રમકડાં બનાવી જાણેછે. તે છતાં પણ પરદેશથી ક્રુટ વગેરે અનેક ચીજો ધાતુ મિશ્રીત વિલાયતથી આપણા દેશમાં આવેછે. તેમાં વાપરેલું લાકડું તો દેવદાર કે ઓક વગેરે હોયછે, પણ તેના ઉપર એવો તો રંગ ચઢાવેલો હોયછે કે તોલની તપાસ નહિ કરીએ તો તે હાથીદાંતનીજ છે, એમ આપણે જાણીએ.

બીજા ખનિજ પદાર્થો.

સોરઠા.

લાવે અનેક ખનિજ, વિદેશી વા'ણ ભરી ભરી;
છે ભર્યા ભૂમિ નિજ, પણ તે ન ખોળે ખપ કરી. ૧
ખામી એ છે ખચીત, લો ધ્યાનપર દેશી જનો;
વાળ્યું પરદેશ વિત્ત, દીશે વિકટ દિન આજનો. ૨

પ્લંબેગો, ક્લોરેટ પોટાસ, ગંધક, હીંગળોક, હરતાલ, પારો, ફટકડી, સૂરોખાર, બંગડીખાર, સિંધવ, મીઠું, ઓદાર પથરી, મનસીલ, અબરખ, કોયલા, ડામર, રાળ, નવસાર, ટંકણખાર, ખડીઓખાર, પાપડખાર (અથવા સંચોરો), ચાક, ખડી, રંગી, સોનામકે, રૂપામકે, શંખજીરૂ, હીરાદખણ, પાષાણભેદ, આરસપહાણ, મરડીઆ, ચૂનાના પત્થર, ગ્રાનેટ, સ્લેટપત્થર, અકીક, ઝવેર, વગેરે અનેક ખનિજ પદાર્થો આપણા દેશમાં વપરાયછે. તેમાંનાં કેટલાક આપણા દેશમાં નીકળેછે, અને કેટલાક પરદેશથી આવેછે.

કોયલા ઇંગ્લાંડમાં ન્યુકાસ્ટલની ખાણમાંથી, અને વેલ્સની દક્ષિણે નીકળેછે. આપણા દેશમાં પણ બર્દવાન જીલ્લામાં બનકુરા જીલ્લાના રાણીગંજ પાસે, પંજાબ, બુંદેલખંડ, નેપાળ, હૈદ્રાબાદ, વરાડ, મધ્ય પ્રાંત, અને છોટાનાગપુરના પહાડમાં પણ કોયલાની ખાણો છે. **સૂરોખાર** ટિબેટ દેશમાં, અને આપણા દેશમાં બંગાળા, પંજાબ, મહારાષ્ટ્ર, સિંધ, અયોધ્યા, લંકા, અને વાવ્યપ્રાંતમાં નીકળેછે. **સિંધવ** પોલાંજડ, ટિબેટ, બલુચિસ્તાનમાં નીકળેછે; અને આપણા દેશમાં પંજાબ

અને લંકામાં નીકળેછે. **સોમલ** નેપાળમાંથી આવેછે. **અબરખ** ઝાલાવાડના ડુંગરમાં અલપોદ્રા ગામની પાંસે નીકળેછે. **ફટકડી** ચીનમાં જુલુઆમાં નીકળેછે, અને આપણા દેશમાં પંજાબમાં નીકળેછે. **ગંધક** ઈટાલી, ઇંગ્લાંડ, ઇરાન, ને બલુચિસ્તામાં નીકળેછે. **પ્લંબેગો** ઇંગ્લાંડમાં અતિશે નીકળેછે. **પારો** હીંગળાની સાથે મળેલો કે એકલો આવેછે. તેની ખાણો આસ્ત્રિયામાં, અને ઈડરીઆ નામની જગામાંથી દર વરસે છસેં ટન નીકળેછે, તે સઘળે જાયછે. એ વગર જર્મનિ, સ્પેન, અને દક્ષિણ અમેરિકાના પિરૂમાં નીકળે છે. **હીંગળો** પણ એજ ખાણોમાંથી નીકળેછે. પારાના થરમામેટરો (હવામાપક યંત્ર) બનેછે. **ડામર** રૂશિયા અને અમેરિકાના બેટોમાંથી નીકળેછે.

એ સિવાય સઘળા ખનિજ પદાર્થો ઘણા ખરા દેશોની જમીનમાંથી નીકળેછે. ઉપરના ખનિજ પદાર્થોમાંના કેટલાક ઔષધોના કામમાં આવેછે, અને કેટલાક ધાતુ રેંવવાના ખપમાં, અને કેટલાક ખાવામાં અને ઇમારતી કામમાં, અને કેટલાક અલંકારમાં વાપરે છે. **અકીકનું** કામ ખંભાતમાં જેવું થાયછે, તેવું બીજી જગાએ ભાગ્યે બનતું હશે. **હીરા** આપણા દેશના જેવા બીજી જગોએ નીકળતા નથી. એની ખાણો આપણા દેશમાં ઓઢીઆ, નાગપુર, મદ્રાસ, ગોવળકોંડા, બુદેલખંડના ઝરણાપરણા, શંભલપુર, અને રજપૂત સંસ્થાનમાં છે. **મીઠું** દરિયાના પાણીનું સઘળે થાયછે, પણ કેટલેક ઠેકાણે જમીનમાંથી નીકળેછે. આપણા દેશમાં પંઞ્જાબ અને રજપૂત સંસ્થાનમાં નીકળેછે. હાલ સુધારેલું વરાગડું મીઠું મુંબાઇ ઇલાકાના અમદાવાદ જીલ્લામાં પાટડી પાસે ખારાઘોડામાં થાય છે.

ચીની વાસણ.

ચોપાઇ ત્રિતાળી.

આવ્યાં ચમચા ચલાણાં રકાબી, દેશી વાસણ દીધાં દાબી;
બહુ બહુ બરણી હિંદમાં આવી, દીધી દેશી ગાગર ગબડાવી. ૧
ધાયાં અનેક રમકડાંનાં ધાડાં, અશ્વ, વ્યાઘ્ર, ને શ્વાન બિલાડાં;
ટપ ટૂટે ખમે ન ટકોરો; નાંખી નાણું વ્હોરાય તે વો'રો. ૨

આજ સૂધી ચમચા, પ્યાલા, રકાબીઓ, બરણીઓ, ચલાણાં,

વગેરે ચકમકની માટીનાં વાસણો ચીનથી જથાબંધ આવતાં હતાં, અને હજુ પણ કેટલાંક આવેછે; પણ તે હુન્નરની હાલમાં તો યૂરોપ-ખંડના લોકો સારી વાકેફગારી ધરાવતા થયાછે. તેથી તેમનાં બનાવેલાં વાસણો આગળ ચીની વાસણો ઝાંખાં પડતાં થયાંછે. હાલમાં તો વિલાયતમાંથી તરેહ તરેહનાં વાસણો, પૂતળાં, જનાવરોના આકારો, લાકડીઓના હાથા, ફીડીઆં, અને જૂદી જૂદી જાતના રંગોથી અને સોનેરી ચિત્રોથી શોભતા એવા અનેક ઘાટો આપણાં દેશ ખાતે ઊતરી આવે છે. તેઓ ચકમકનો ચૂનો અને ગોરમટીને મેળવીને તેના ઘાટ બનાવે છે, અને તે પાક્યા પછી તેના ઉપર મીઠું અને સીસાની મેળવણી ચઢાવી ભઠ્ઠીમાં મૂકી તપાવતાં તે લીસાં અને ચળકતાં બનેછે. માટીના શોભીતાં વાસણો બનાવવાનો અને તે ઉપર ઢોળ ચઢાવવાનો કાંઇક કસબ ગુજરાતના ઉત્તર ભાગમાં આવેલા પાટણ શેહેર અને એ વગેરે બીજાં શેહેરોમાં છે. પાટણના ભોટવા ને હાથી વગેરેમાં કેટલીક ચમત્કારિક કારીગીરી જોવામાં આવેછે.

દરરોજ વપરાતાં માટીનાં વાસણો આપણા મુલકમાં નાનાં ગામડાંથી તે મોટાં મોટાં શેહેરો સુધીમાં બધે બનાવી જાણેછે. બરણીની જગાએ ગોળ ગાગરોને મીણ કે લાખ ચઢાવીને ચલાવેછે. પણ ચીની કે વિલાયતી બરણીના જેવું દેશી બરણીનું કામ સ્વચ્છ જોવામાં આવતું નથી. આવાં ચીની વાસણો બનાવવાનું શીખવાને માટે આપણા લોકોને અતિ અઘરૂં લાગે એમ નથી. કેમકે મૂળથી આપણા લોકો માટીનાં વાસણો સારાં ઘાટદાર બનાવી જાણેછે. તેમાં ફકત જૂજ ફેરફાર કરવો પડે એટલીજ મેહેનત છે. વળી એની બનાવટ વિષેની કેટલીક હકીકત તો બહાર પડી ચુકેલી છે.

કાચ.

'પ્રભાતમાં પનઘટપર જઈને, બગલી પેરે બેસું' એ રાગ.

નિર્મળ જળના જેવા કાચો આવે પરદેશોથી;
હાંડી ઝુમ્મર કરે ઝગારા, બન્યા ન તેવા કોથી. ૧
કાચ આપણે દેશ બનેછે, પણ તે ઝાંખા મેલા;
તેથી તે પરદેશી આગળ હજૂ ખાય હડસેલા. ૨

શીશી, શીશા, ગ્લાસ, હાંડીઓ, તકતા, આરસા, ઝુમ્મર, ચીમનીઓ, ગોળા, બટનો, બંગડીઓ, મોતી, કીડીઆં, દીવાનાં ફાનસ જેવા ગોળા, થરમામેટરની નળીઓ, ભૂંગળીઓ, પીચકારીઓ, લખોટીઓ, બચ્ચાંને ધાવવાની બાટલીઓ, વગેરે અનેક ફનિચરનો સામાન, રમકડાં, દર્પણો, ચશ્મા, વગેરે અનેક રૂપમાં પરદેશથી કાચ આપણા દેશમાં ઊતરેછે. કેટલાક કાચ તો રંગ બેરંગી હોયછે. કેટલાકની ઉપર ભલી ભલી ભાતનાં ચિત્ર ચીતરેલાં હોયછે. કેટલાક તો એવા પેહેલ પાડીને તૈયાર કરેલા હોયછે કે તે જોતાં તો હીરાના તેજને હઠાવે એવા હોય છે. એની બનાવટ ચકમકની રેતી, સોડાખાર (એટલે સુધારેલો સાજીખાર), અને સીસું એ ત્રણની મેળવણીનો રસ કર્યાથી થાય છે. કેટલાકમાં સોડાને ઠેકાણે પોટાસ વપરાય છે. એનાં કારખાનાં વિલાયતમાં ઘણાં છે. તેમાં કાચના રસને લાંબી ને સાંકડી ભૂંગળીઓથી ફૂંકી ફૂંકીને તેના તરેહ તરેહવારના આકારો બનાવેછે. કાચ ફૂંકવાના કામમાં પૂરી માહીતીવાળા કારીગરોની જરૂર પડે છે. એ કામ દેખાદેખી તુરત આવડે એવું નથી. માટે તે શીખવાને તેવાં કાચનાં કારખાનાંમાં જઈને અનુભવ કરવો જોઈએ.

આપણે અહિં ખેડાજીલ્લાના કપડવણજ કસ્બામાં, તથા કેટલેક બીજે ઠેકાણે પણ નાની શીશીઓ, ખાપો, કંકણ, અને બંગડીઓ વગેરે ઝાંખા કાચનાં બનેછે; પણ વિલાયતી બિલોર કાચની બરાબરી કોઇ પ્રકારે કરી શકે એવા થતા નથી. કાળા ને લીલા શીશા તો જાડી મેલી રેતી અને સાબુના મેલના બનાવેલા હોય છે. હજૂ રેતીને સુધારવાનો પાકો કસબ આપણા દેશમાં જોઈએ તેવી રીતે ફેલાયો નથી. જેમ આપણા દેશમાં દરેક ઘરોમાં વાપરવાને ને ઘરને શણગારવાને તાંબા પીતળનાં વાસણોનો જથો રાખવાની રીત છે, તેમ વિલાયતમાં કાચનાં અને ચીની વાસણોથી ઘર શણગારેલાં હોયછે. વિલાયતથી સાફ બિલોર જાડા કાચના આરસા સોનેરી ચોકઠામાં જડાઇને આવેછે, તે જોઈ આપણે ચકિત થઈ જઇએ. આપણા દેશના લોટીઆ વોહોરા વિલાયતથી આવેલી કાચની તકતીમાંથી હીરાકણીથી કાપી કાપીને દર્પણ, છબીના તકતા, ફાનસ, વગેરે બનાવે છે. વળી તેઓ મોટી

ઈમારતોની બારીમાં પણ રંગ બેરંગી કાચો જડી જાણેછે. પણ તે બનાવવાનો બરાબર કસબ તો વિલાયતની વખારોમાં પડેલો છે.

કાગળો.

રાગ ઉપરનો.

કાગળ કેરાં કર્મસ્થાનકો નગરે નગરે નીમો;
પરદેશોથી પુષ્કળ આવે રોજ રીમના રીમો. ૧
વળી પરદેશી રૂપે રૂડા ઘણા ઘાટ થઈ આવે;
રોગાને રંગેલા ચળકી, લેવાને લલચાવે. ૨

કાગળ આપણા દેશમાં અમદાવાદ, અંકલેશ્વર, પુના, અયોધ્યા, કાશ્મીર, વગેરે ઠેકાણે જથાબંધ, અને બીજે કેટલેક ઠેકાણે જૂજ બનેછે. તેઓ ચીંથરાંને કહોવડાવી, ધોઈ, ઉકાળીને, અને ખાંડીને માવા જેવું બનાવી પાણીની ટાંકલીમાં તે માવો મેળવી તેમાં તારનાં જાળીદાર ચોકઠાં પર બાઝેલા થરને ઘરની ભીંતોએ ચોઢીને સુકવેછે. પછી તેને ફટકડીનું પાણી પાઈ શંખ કે ઘૂંટા વડે ઘૂંટે છે. તેથી તે તૈયાર થાયછે. તેને દેશી કાગળો કહેછે. એ વિના વરાળ યંત્રથી ચાલતાં કાગળનાં કારખાનાં આપણા દેશનાં કેટલાંક શેહેરોમાં જૂજ જૂજ શરૂ થયાંછે. પણ તે તો બળતા દવમાં કાગળો કરવા જેવું છે. એથી કંઈ કાગળની તંગી ટળે એમ નથી કાગળની ઉત્પત્તિનું મૂળ સ્થાનતો ચીન દેશ છે; અને ત્યાંથી જથાબંધ કાગળો આજ સુધી આપણા દેશમાં આવતા હતા. હાલ પણ થોડા ઘણા આવેછે. ગુલાબી ખખડતા પાતળા કાગળો કે જે શેહેરોના શરાફો કાગળ કે હુંડી લખવામાં વાપરે છે, તે ચીનમાંથી આવેછે. એ વિના બીજી જાતના કાગળો પણ આવેછે. હાલતો ગ્રેટબ્રિટન ને ફ્રાન્સ દેશથી જૂદાં જૂદાં ઘટ પણ, સફાઈ, અને લંબાઈ પહોળાઈના, માપમાં તરેહ તરેહ વારના કાગળોનાં રીમનાં રીમ આવતાં થયાંછે. તે બનાવવાને (એક સંચો એક દિવસમાં ૭ ગાઉ પહોંચે એટલા કાગળ બનાવી શકે એવાં) સેંકડો કારખાનાં ગ્રેટબ્રિટનમાં વરાળ યંત્રની મદદથી ચાલી રહ્યાં છે.

જૂનાં લૂગડાં, રૂ, પરાળ, શણ, ટાટ, વગેરે અનેક ચીજોના હાલમાં કાગળો બનેછે. એ બનાવવાના એવાતો સંચા થયાછે કે ચીથરાં

ધોવાનું, ખાંડીને માવો કરવાનું, કાગળ બનાવવાનું, તેને દાબવાનું, અને ઊની પોલી લાટો ઉપર વીંટાળીને તેને સૂકવીને ફાકા કરવાનું, એ સઘળાં કામો સંયોજ કરેછે. સૂકા કાગળ તૈયાર થઈ એક ફાળકા ઉપર વીંટાયછે. એક ફાળકો ભરાયો કે ત્યાં આગળથી કાગળ લઈ તે ફાળકાને ઉઠાવી લઈ તેની જગાએ બીજો મૂકે છે. આ રીતે થયલા કાગળને સરેસના પાણીમાં બોળીને સૂકવી દેછે, તેથી લખવા જેવા બને છે.

બ્લાટિંગ પેપર એટલે સહી ચૂસનારા કાગળોને સરેસનું પાણી પાતા નથી. લાકડાં સાફ કરવાના કાકરવાળા કાગળો પણ આપણા દેશમાં આવેછે. એવા કાગળો બનાવવા હોય તો સાદા જાડા કાગળ ઉપર સરેસની લાઈ ચોપડીને તે કાગળને રેતી કે કાચની ભૂકીમાં દાબી દઈને તેને પછી સૂકાવા દેછે, તેથી તે કાકરવાળા બનેછે.

ચોપડીઓનાં પૂઠાં થાય એવા રંગ બેરંગી ચામડાં ને લૂગડાં જેવાં પણ ઇંગ્લાંડથી કાગળ આવેછે. છબી લગાવવાની નકસીદાર તકતીઓ પણ રંગ રોગાનથી એવી શોભિતી કરેલી હોયછે કે દૂરથી જોતાં કાચના તકતા જેવી દેખાયછે. વળી પંખા, મુખવટા, વગેરે અનેક ચીજો કાગળની આવેછે. વળી અમેરિકા જેવા પ્રકાશેલા દેશમાં કાગળની ઈટો, ગાડીઓનાં ચક્રો, વગેરે ચીજો બને છે; અને તે મજબૂતાઈ અને ટકાઉપણામાં સારી જણાવવામાં આવીછે.

सजीव जानवरो, अने तेमनाथी बनता पदार्थो, अने मृत जानवरोना अवयवो, अने तेना बनावेला घाटो.

દોહરા.

ઝીણાં જંતુ જળ વિષે કરે બેટ પરવાળ;
શું ન કરે જન સંપથી ? હુન્નર હાથ હજાર. ૧
આ સમયે સૌ સજ થઈ, કરો ગર્જના એક,
રવિ રશ્મિ સમ રાખવા, પરીઆં કેરો ટેક. ૨

ઘોડા ને ઊંટ અર્બસ્તાનમાં સારા નીપજે છે. મધ ને મીણ

આપણા દેશમાં થાય છે. રેશમ જૂજ આપણા દેશમાં થાય છે, અને ચીનથી પણ આવે છે. રૂંઆંવાળાં ચામડાં અફગાનિસ્તાનમાંથી આવે છે. હાથીદાંત લંકા, ને આફ્રિકા ખંડના દક્ષિણ ભાગમાંથી આપણે અહિં આવે છે; તેમજ ઇંગ્લાંડ વગેરે બીજા દેશોમાં પણ જાય છે. તેનાં રમકડાં અને સ્ત્રીઓને પેહેરવાના ચૂડા આપણા દેશમાં બને છે. તેની કિંમત પાંચથી તે સોસો રૂપિયા સુધી થાયછે. વળી તેનાં દાંતનાં ચાકાં વિલાયતથી બનીને આપણા દેશમાં આવે છે. હાડકાં, શીંગડાં, અને હાથીદાંતના ચપ્પુના હાથા, બટન, અને ડાબલીઓ વગેરે અનેક તરેહનાં રમકડાં આપણા દેશમાં યૂરોપ ખંડમાંથી આવે છે. કચકડાની ડાબલીઓ કે જેમાં આપણા લોકો છીંકણી કે અફીણ ભરે છે તે, અને બટનો વગેરે, અનેક ઘાટ આપણા દેશમાં આવે છે. ઊન અને વાળનાં વસ્ત્રો તથા બીજી વસ્તુઓ વિષે આગળ કહી ગયા છીએ, તેથી અત્રે જણાવવાની જરૂર નથી. કેટલીક જાતનાં જાનવરી તેલો, જેનું વર્ણન તેલોની હકીકતમાં જણાવવામાં આવ્યું છે, તે પણ અત્રે જણાવવાની જરૂર નથી. આપણા દેશમાં નીપજતા જાનવરી પદાર્થો પણ અનેક વપરાય છે. શંખ, સીપો, કોડીઓ, ચામડાં, મધ, મીણ, ગોરૂચંદન (ગાયના માથામાંથી એક જાતનો પીળચટો પદાર્થ નિકળે છે તે), અને ઓસડ વગેરેના કામમાં આવતાં બીજાં જનાવરો વગેરે વપરાય છે. પણ તેની નીપજ આપણા દેશમાં હોવાને લીધે તે લખવાની કાંઈ જરૂર નથી.

કેટલાંક જનાવરની તથા પક્ષીઓની હઘાર પણ દવામાં આવે છે. મોરોકો દેશથી ચામડાનાં પૂઠાં અવે છે. વિલાયતથી ચામડાની થેલીઓ, નાનાં મોટાં પાકિટો, લશકરી બૂટ અને વગાડવાની પડઘમો, વગેરે આવે છે. છીપનાં બટન, મોતી, ચપ્પુના હાથા, વગેરેના રૂપમાં આપણા દેશમાં અનેક જાતની ચીજો ઊતરેછે. વાદળી ઉત્તર સમુદ્રને કાંઠેથી જડેછે. તે ઝીણા જંતુઓ પોતાને રહેવાને માટે કરેછે. તેજ રીતે પરવાળાં જેનાં બને છે, તેના ખડકોને પણ પાસિફિક મહાસાગર વગેરે સમુદ્રોમાં જંતુઓ કરેછે. વ્હેલ નામે જળચર પ્રાણી ગ્રીન્લાંડમાં થાય છે તેના મોંમાં શીંગડાં જેવા દાંત થાય છે. તેના છત્રીઓના

પાયા થાય છે; પરંતુ તેવી છત્રીઓ હાલ કંઇ જણાતી નથી.

અમેરિકાના કેટલાક દેશોમાં માણસના શરીરના ચામડાના જોડા થવા લાગ્યા છે. વળી કેટલાએક તો માણસના શરીરના અવયવોનાં ટેબલ પણ બનાવે છે. તેવાં હજૂ સૂધી આપણા દેશમાં ઉતરતાં થયાં નથી; પણ આખરે ઉતરે એવો સંભવ છે.

ખરાં મોતી જેમાંથી નીકળે છે, એવી કાલુ માછલી આપણા દેશની દક્ષિણે મનારના અખાતમાં થાયછે. તે છતાં ઇરાની અખાતમાંથી નીકળતાં મોતી ઇરાનથી પણ આવે છે.

તૈયાર કરેલાં ઔષધો.

દોહરા.

વૈદ્યક પ્રગટી હિંદમાં, વિદેશ કીધો વાસ;
પરદેશી હાથે ચઢી, પામ્યું પુર્ણ પ્રકાશ. ૧
હાલ ન બહુ કરી વૈદ્યમાં વૈદ્યક જ્ઞાન વિશાળ,
જ્યાં ત્યાં ધાતુ ગોઠવે, રસ કસને હરતાળ. ૨

આપણા દેશમાં વૈદ્યોની ને હકીમોની ખોટ નથી. તેઓમાંના કેટલાક સારી દવાઓ બનાવી જાણેછે. કેટલીક વખત ડાક્ટરોએ થાકીને મૂકી દીધેલા દરદીઓને દેશી વૈદ્યોએ આરામ કરેલા જણાએલા છે. છતાં વાઢ કાપ કરવાના નસ્તરી કામમાં, પ્રથક્કરણ કરવામાં, સુધારેલા જમાનાને અનુસરતી દવા બનાવવામાં ને વાપરવામાં, અને ભેજાંના દરદોમાં એમની બરોબરી દેશી વૈદ્યો કરી શકે એમ નથી. મારા અનુભવથી લખવાને હિંમ્મત ધરૂંછું કે ભરૂચ જીલ્લાના એક નાના ગામમાં એક ભીલ જાતીની ડોશી રહેછે, તે ટાંકીનું દરદ એક ડઝન દિવસમાં જડ મૂળમાંથી કાઢી નાંખેછે. તે ફક્ત જંગલી મૂળીઆંનો ભૂકો ચલમમાં પાઇ ગુલાબી રંગનું મોંઢું આણે છે, અને બીજાં મૂળીઆંના ઉકાળાના કોગળા કરાવી રૂઝવી દે છે. પણ ત્યાર પછી આખી જીંદગીમાં ટાંકીનું ઝેર શરીરના કોઇ ભાગ ઉપર પણ દેખા દેવા પામતું નથી. આવા આવા અનેક આપણા દેશમાં અપ્રસિદ્ધ અકસીર દવા જાણનારા જંગલી લોકો પડેલા છે. પણ તે કોઇને બતાવતા નથી, તેથી તે અંધારામાં પડી રહી આખરે તેને લય થાયછે.

આપણા દેશના વૈદ્યો કવાથ, ચૂર્ણ, અર્ક, રસ, ગોળીઓ, તેલ, ઘૃત, મલમ, પાક, એ વગેરે સામુદાયિક નામોથી અનેક વિશેષ નામવાળી દવાઓ બનાવેછે. વળી અર્કો વગેરે સાદાં યંત્રોથી બનાવી જાણેછે. તેમ છતાં પણ દયાળુ ઇંગ્રેજ સરકારનું રાજ આપણા દેશમાં આવ્યા પછી સુધરેલી ઇંગ્રેજી ઢબ પ્રમાણે દવા કરવાને માટે ઠામ ઠામ દવાખાનાં ઊઘાડયાં છે; અને તેથી પીડાતા રોગીઓ હાલ રોગમુક્ત થવાથી તેમણે આપેલા અંતઃકરણ પૂર્વક આશીર્વાદ આપણી શાણી સરકાર લેછે. આવાં દવાખાનામાં અપાતી દવાઓમાંની કેટલીક દવાઓ જેવી કે ડિકાક્ષનો (ઊકાળા), કનફેક્ષનો (પાક), કંપાઉંડ (નીતરતું પાણી), સોલ્યુશન (પાણી), સિરપ (સરબત), અને ઇનફ્યુઝન (કાવો અથવા ઊકાળો), વગેરે (કેટલીક ચીજો ભેગી કરી) અનેક તરેહની દવાઓ અત્રેજ ડાકટરો પોતાને હાથે બનાવી લેછે. પણ કેટલીક દવાઓ જેવી કે, એકસ્ટ્રેકટસ (કસ), ઑઇલો (જુદી જુદી પ્રકારનાં તેલો), પોટાસ (ઘણી જાતના સુધારેલા ખારો), ટિંક્ચર (ઘણી જાતના અર્કો), ડાઇલ્યુટેડ (નરમ કરેલા તેજાબો), ઍસીડો (જલ્લદ તેજાબો), પિલ (જૂદા જૂદા પદાર્થોને એક રસ કરેલા એવાં ઔષધો), વિનિગર (ખાટા રસો), વાઇન (દારૂ), સલફેટ (ફુલ અથવા સત્વ), અને ગમપ્લાસ્ટર વગેરે અનેક જાતના મલમો તૈયાર થઇને આપણા દેશમાં ઇંગ્લાંડમાંથી આવે છે; અને કોઇ કોઇ જગાએ જૂજ જૂજ બનાવે પણ છે. એ દવાઓમાં વપરાતી ચીજોમાંનો ઘણો ખરો ભાગ આપણા દેશમાંજ નીપજેછે. પણ તેના અર્કો બનાવવાના અનુકૂળ યંત્રો અને તેને લગતું જોઇએ તેવું અને તેટલું ઉપયોગી જ્ઞાન આપણે ત્યાં નથી.

મુમીઆઇ (મુંબાઇ) નામની દવા ઈરાનથી આવેછે. તે બે રીતે બનેછે. એક તો ઈરાનમાં દારા બગરદના એક પહાડી ખોમાંથી નીકળેછે; અને બીજી તરેહની એવી રીતે બનાવેછે કે જુવાન જીવતા આદમીને મધની કોઠીમાં નાંખી દઇને તે કોઠીનું મોઢું બંધ કરી દઇને મૂકી છાંડેછે. તેથી તેમાં ૧૨૦ વરસે તેની મુમીઆઇ થઇ રહેછે. એ દવા પાયાથી અઘોર પડેલું આદમી બોલેછે; અને ચોપડયાથી ભાંગેલાં હાડ,

સંધાઇ જાયછે, એવું સંભળાયછે.

ચા અને બૂન.

ચા આપણા દેશમાં તો હિમાલય પર્વત ઉપર, કમાઉન, સીમલા, અને બંગાળા પ્રાંતમાં થાયછે; પણ તે આખા હિંદને પૂરી પડતી નથી. તેથી તે ચીનમાંથી બહુ આવેછે. ચીન દેશથી દર વરસે હજારો મણ ચા પરદેશ ખાતે ચઢેછે. જાપાન દેશમાં પણ એની નીપજ સારી છે. એનો છોડવો ત્રણ ચાર હાથ ઊંચો થાયછે. એનાં પાંદડાં દોઢ તસુ લાંબાં, સાંકડાં, અણીદાર, ને લીલા રંગનાં હોયછે. એને ધોળું ફૂલ આવેછે. કુમળાં પાંદડાંની લીલી ચા જે કરવામાં આવેછે. તેને પેકો ચા કહેછે; અને તે ઘણી મોંઘી મળેછે. દરેક દેશના લોકો જૂદી જૂદી તરેહથી ચા પીએછે. આપણા દેશમાં લોકો એલચી, મરી, તજ, અને ગળપણ વાળા ઊકળતા પાણીમાં ચા નાંખીને તે પાણી પીએછે.

ખરું કહીએ તો ચા પીવાનો રિવાજ ઠંડા દેશને લાયકનો છે. થોડાં વરસ ઉપર આપણા દેશમાં ગામડાંના લોકો એને ઓળખતા પણ નહોતા. જ્યારથી યૂરોપિયન લોકો આપણા દેશમાં આવતા થયા, ત્યારથી ચા પીવાનો રિવાજ નીકળેલો જણાયછે. હાલ તો દેખાદેખી શેહેરોમાં ને ગામડાંમાં પણ ચાદાનીઓનો ખડખડાટ થઇ રહ્યો છે. મીજલસ અને બેઠકોમાં ચાનાં પ્યાલાં, ચલાણાં, ગ્લાસ, બટેરા, અને પડીઆ ચાલતા થયાછે. કેટલાકને તો ચાને વ્યસન તરીકે વાપરવાની જરૂર જણાતી થઇછે. તેથી હવે સેંકડો મણ ચા ચીનથી આપણા દેશ ખાતે ઊતરવા લાગીછે. તેથી હવે અફીણી ચીનાઓ અફીણથી પડતી તંગીની સામે ટકી રહેવાને સમર્થ થયાછે.

બૂન આપણા દેશમાં બંગાળા, મદ્રાસ, બેલગામ, મહીસુર, લંકા, અને કુર્ગમાં નીપજેછે. વળી દક્ષિણ અમેરિકા, અર્બસ્તાન, અને જાવા વગેરે ઠેકાણે પણ થાયછે. પણ આપણા દેશમાં તો પરદેશ ખાતેથી લંકા અને અર્બસ્તાનમાંથી આવેછે. એનો છોડવો છ સાત હાથ ઊંચો થાય છે; તેના ઉપર જીંડવાં આવે છે; અને તે જીંડવમાંથી વાલથી જરા કદે મોટાં એવાં બીઆં નીકળેછે. તેને શેકી, ભૂકો ક-

ફી તે ભૂકાને પાણીમાં ઊકાળીને આપણા દેશના ઘણા ખરા મુસલમાન લોકો પીએ છે. એનો ખપ પણ ઠંડા દેશમાંજ હોવો જોઇએ. પણ પ્રથમ શોખને અર્થે અને હવે વ્યસન તરીકે પીવાનો કેટલાક લોકોએ રિવાજ પાડયો છે.

મેવા મીઠાઇ.

દોહરા.

હિંદ જનોને આ સમય કરવાને આખેટ,
દડબડ દોડી આવતી ટિકડી પીપરમેટ. ૧
સાકર કેરાં રમકડાં ઘણાં હિંદમાં થાય,
પણ તે નહિ પરદેશમાં માલ રૂપ થઇ જાય. ૨

કેળાં, ઝમરૂખ, રામફળ, દાઢમ, અનુરાં, નારંગી, પપનસ, કોઠાં, બોર, તરબુચ, સકરટેટી, ફણસ, લીંબુ, જાંબુ, સેતૂર, કરમદાં, દ્રાક્ષ, વગેરે મેવા મીઠાઇના પદાર્થો ઠામ ઠામ પ્રાચીન કાળથીજ થયાં કરેછે. કેટલાંક વગડાંમાં કોઈના વાવ્યા વગર સ્વાભાવિક રીતે આપો આપ કેળો, અનુરીઓ, વગેરે અનેક વૃક્ષો ઊગી નીકળે છે; અને કેટલાંક દેશી અને પરદેશી ઘટાદાર ગુફાવાળાં વૃક્ષો મોટા મોટા બાગો અને વાડીઓમાં વિવિધ રંગી ફળોના ભારથી લચી રહેલાં ઠામે ઠામ જોવામાં આવેછે. ફકત આપણા દેશના આમ્રફળનીજ બરાબરી કરી શકે એવાં ફળો પરદેશોમાં થોડાંજ થતાં હશે. જો પકવ આમ્રફળ અને રાયણ ફળ ખજૂર ખારેકની પેઠે ઘણો વખત ટકતાં હોત તો આપણા દેશમાં પાકતી કેરીઓ અને રાયણોનો આખી પૃથ્વી ઊપર ભારે વેપાર ચાલતા

જૂદા જૂદા દેશની હવા આપણા વિશાળ દેશના જૂદા જૂદા ભાગમાં મળી આવે છે, તેથી અનેક પ્રકારના મેવા અને મીઠાઈના પદાર્થો થાયછે. એમ છતાં દ્રાક્ષ, બદામ, અખોડ, અંજીર, ખજૂર, ખારેક, જરદેઆલુ, સૂકાં છોડાંનાં બેદાના, દાડમ, પસ્તાં, ચારોળી, ખાંડ, શાકર, કેટલાંક વિલાયતી ફળો, ખાંડની ચાસણીની રંગ બેરંગી ઈલમેટના અર્ક મિશ્રિત ટિકડીઓ ને ગોળીઓ, વગેરે અનેક પદાર્થો પરદેશથી આવે છે. દાડમ, પસ્તાં, ચારોળી, અંજીર, અખોડ, બદામ,

વગેરે અફ્ગાનિસ્તાનમાંથી આવેછે. દ્રાક્ષના વેલા અફ્ગાનિસ્તાન, સ્પેન, ઈટાલી, ફ્રાન્સ, પોર્ટુગાલ, વગેરે દેશોમાં અત્યંત થાયછે. તેનો દારૂ પણ બનાવેછે. અખોડ સ્વિતઝલાંડમાં પણ પુષ્કળ થાયછે. શાકર ચીનમાં સારી બનેછે, અને તે આપણા દેશમાં ઘણી આવે છે. બાંધાની શાકર બંગાળા વગેરે પ્રાંતોમાં બનેછે. ખાંડ, આપણા દેશમાં બંગાળા, મદ્રાસ, ભાવલપુર, મહીસૂર, વાવ્યપ્રાંત, અયોધ્યાપ્રાંત એ વગેરે પ્રાંતોમાં બને છે; અને મોરિસ્યસ વગેરે પરદેશથી પણ આવે છે. ખાંડની ટિકડીઓ વિલાયતથી આવે છે. ખજૂર ખારેક અર્બસ્તાનના મસ્કત બંદરથી આપણા દેશમાં આવેછે. અર્બસ્તાન જેવું અને જેટલું ખજૂર બીજા કોઈ દેશોમાં થતુ નથી. આફ્રિકામાં પણ એની નીપજ સારી છે. આપણા દેશમાં પણ દક્ષિણ ભાગમાં થાયછે. આપણા દેશમાં બરફી, પેંડા, પતાસાં, રમકડાં, જલેબી, મરકી, સુતરફેણી, વગેરે અનેક ચીજો ખાંડ, શાકર, અને ઘઉં ચણા વગેરેના મેદાની મેળવણીથી મીઠાઇની ચીજો બનાવેછે. પણ પીપરમેટની ટિકડીઓની પેઠે તે પરદેશ ચઢતી નથી. **ખાંડ**-ગોળ અને ખાંડ ઘણા છોડવાના રસમાંથી કે ઘણાં ફળોના રસમાંથી બનેછે, પણ શેરડીના રસ જેટલી બીજામાંથી બનતી નથી. આપણા દેશનાં બંગાળા ને મદ્રાસ ઇલાકામાં સૌથી સરસ ખાંડ થાયછે. છતાં મોરિસ્યસ ને ચીનથી ખાંડ અત્રે બહુ આવેછે, અને લોક વાપરેછે પણ બહુ. યૂરોપ ખંડના લોકો ઘણા વરસ ઉપર ખાંડને ઓળખતા પણ નહોતા. હાલ તો આસ્ત્રિયા, રૂશિયા, પ્રુશિયા, અને બેલજીયમના બીટ રૂટમાંથી ખાંડ તૈયાર કરવાનાં સેંકડો કારખાનાં નીકળી ચૂક્યાં છે, તેથી આપણી કે ચીની ખાંડનો ત્યાં કોઇ ભાવ પૂછતું નથી. **ખાંડ બનાવવાની રીત**—શેરડીના રસમાંનો મેલ કાપવાને માટે તેમાં ચૂનાનું પાણી છાંટતા જાયછે, અને ઊકાળતા જાયછે. એથી તેમાંનો સઘળો મેલ ઉપર તરી આવે છે, તે કાઢી નાંખેછે. એમ છ સાત વખત ગાળતા જાયછે ને ઊકાળતા જાય છે, તેથી તે રસ જાડો લાહી જેવો થાય છે. પછી તેને એક ઝીણાં ઝીણાં કાણાવાળા પીપમાં ભરી તે ઉપર ઇંડાંની સફેતી અને બળદનું લોહી છાંટે છે, તેથી તે સફેત થાયછે.

તેલો, ચરબીઓ, અને તેથી બનતા પદાર્થો.

ઝૂલણા છંદ.

હાલ પરદેશીઓ ધાતુ યંત્રો થકી અનેક તેલો શકેછેજ તાણી;
આપણા દેશમાં તેલને કાજતો સાજમાં આજ છે કાષ્ટ ઘાણી.
કાડિલવર ઑઈલ ને આદિ ઔષધ પૂછે, ફરી ઘર ઘર તમે કેમ પીશો?
મીણબત્તી મલમ તેલ ફૂલેલને રંગી રોગાન ને વારનીશો.

આપણા દેશમાં તેમજ અન્ય દેશમાં પણ ત્રણ પ્રકારનાં તેલ વાપરવામાં આવે છે. એક તો **વનસ્પતિ તેલ**, બીજું **ખનિજ તેલ**, અને ત્રીજું **જાનવરી તેલ**.

વનસ્પતિ તેલ—દરેક વનસ્પતિનાં બીયાં પીલવાથી થોડું કે ઘણું તેલ નીકળે છે ખરૂં, પણ જે બીયાંમાંથી ઝાઝું તેલ નીકળે છે, એવા આપણા દેશમાં થતા દાણા તલ, સરસવ, ખસખસ, રાઇ, કાબરી (કસુંબીનાં બી), વગેરે અનેક છે; અને બીયાંમાં દીવેલી, નેપાળાની દીવેલી, કોપરૂં, કણુજાં, ડોળી (મહુડાનાં બી), મગફળી, બદામ, રાયણબી, અને લીંબોળીનાં બી, વગેરે અનેક થાયછે. એ બીયાંને ઘાણી નામે લાકડાના સાદા યંત્રમાં પશુની મદદથી પીલીને તેનાં તેલ કાઢેછે; અને ઇંગ્લાંડ અને અમેરિકા વગેરે પ્રદેશોમાંથી આલિવ, ઇસપરમ, રેપસીદ, અખરોટ, ઑઇલ ઑવ ક્યુબેબ્સ (ચીનીકબાલાનું તેલ), ઑઇલ ઑવ ક્લોવઝ (લવિંગનું તેલ), ઑઈલ ઑવ કેરેવે (વરીઆળીનું તેલ), ઑઈલ ઑવ કોરીઍંડર (ધાણાનું તેલ), ઑઈલ ઑવ થ્રીઓબ્રોમા (કોકમનું તેલ), ઑઈલ ઑવ ડીલ (સુવાનું તેલ), ઑઈલ ઑવ મસટર્ડ (રાઈનું તેલ), ઑઈલ ઑવ રોઝમેરી (ગુલાબનું તેલ), ઑઈલ ઑવ સીનેમોન (તજનું તેલ), ટરપેંટાઈન, વગેરે તેલો સંચામાં પીલાઈને ને કેટલાંક ઝાડોના રસનાં ભઠ્ઠીમાં યંત્રથી પકવીને વરાળરૂપે કાઢેલાં એવાં અનેક તેલો આપણા દેશ ખાતે ઔષધના કામને માટે આવેછે.

અત્તર પણ અનેક અનેક જાતોનાં ફુલોમાંથી જૂદું પાડેલું તેલ છે. તે કાઢવાની રીત એવી છે કે-ખુશબોદાર વનસ્પતિનાં ફૂલ, પાંખડી, છાલ, કે મૂળ એક તોલો હોય તો તેને બે તોલા પાણીમાં

નાંખીને તે પાણીને ગરમી આપીને ઉકાળતાં તેમાંથી વરાળ નીકળે (તે વરાળને ઉડી જવા દઇએ તો તે વરાળની સાથે ભેળાઇને એક જાતનું તેલ ઉડી જાય છે. પણ) તે વરાળને બંધીઆર વાસણથી એક નળી બીજા વાસણમાં ઉતારીને તે વાસણ ઠંડા પાણીમાં મૂકેલું હોય, તો તે વાસણમાં આવતી વરાળ ટાઢી પડી તેનું પાણી થઇ જાયછે. તે પાણીને બીજા પહોળા વાસણમાં રેડીને તેના મોં ઉપર મલમલ જેવું લૂગડું બાંધી આખી રાત ખુલ્લી હવામાં ઠંડું પડવા દે તો સવારે તે વરાળના પાણી ઉપર અત્તરનો એક પાતળો થર બાઝશે. તે એક ઝીણા પીછાથી બીજા વાસણમાં ઉતારી લઇ શીશી ભરવી. એ જે ભરી લીધું એજ અત્તર જાણવું; અને તેની તળે જે પાણી પડ્યું રહે તેને તે જાતનાં જળ કહેવાં. જેમકે ગુલાબનું હોય તો ગુલાબજળ, લવંડર વૉટર, પેપરમેંટ વૉટર, ઇત્યાદિ નામો અપાય છે. એમાં વાસણ કે નળી ફાડીને વરાળ બહાર નીકળી જાય નહિ તેની તજવીજ રાખવી; અને તળે તાપ ધીમો રાખવો.

ગુલાબનું એક તોલો અત્તર બનાવવું હોય, તો ૨૦૦૦૦ વીશ હજાર ગુલાબનાં ફૂલ જોઇએ છે. તેથી ચોખ્ખું અત્તરતો ઘણુંજ મોંઘું મળવું જોઇએ. પણ સોંઘું મળવાનું કારણ તો એ છે કે ચોખા અત્તરમાં હલકી જાતનાં સુગંધીદાર તેલો એટલે સુખડનું, સાલીડનું તેલ ભેળીને વેપારીઓ વેચેછે.

ગુલાબ વગેરે કેટલાંક ફૂલોની ઉપર બતાવ્યા પ્રમાણે વરાળ કરી તેમાંથી અર્ક ઉતારવા જતાં તેમાંથી ખુશબોદાર તેલ ઘણુંજ ઓછું ઉતરેછે. તેથી તે ગાળવાને બદલે સુખડના તથા સાલીડના તે-લમાં તે ફુલોને પલાળી મૂકી તે દાબીને કે ગરમી લગાડીને ખુશ-બોદાર તેલ છૂટું પાડેછે.

આવાં અત્તરો આપણા દેશમાં દિલ્હી, લખનોર, ગાજીપોર, વ-ગેરે શેહેરોમાં બનેછે; અને ગુલાબનું અત્તર ઇરાન દેશમાં ઉમદા બનેછે.

ટરપેંટાઇન તેલનું જૂજ વર્ણન કરવાથી માલમ પડશે કે એ તેલ આપણા દેશમાં કેટલાં બધાં કામોમાં વપરાય છે! એ તેલનો આપણા દેશમાં બહુ ખપ છે. એ તેલ ફર તથા પાઇન નામના ઝા-

ડોના રસનું થાયછે. એ ઝાડોમાંથી ઝરપેલા રસને બંધીઆર તાંબાના યંત્રમાં નાંખીને, તે ભઠ્ઠીમાં મૂકી એક નળી વાટે વરાળ રૂપે તેનો અર્ક કાઢેછે, તેનું નામ ટરપેંટાઇન તેલ કહેવાયછે; અને અર્ક નીકળી રહ્યા પછી યંત્રમાં બાકી જે તળે પીળો અર્ધ પારદર્શક ઘન પદાર્થ પડયો રહેછે, તેને રાજન (આપણા લોકો જેને પીળી બેરજી કહેછે) કહેછે. એનાં ઝાડ ઉત્તર અમેરિકા, રૂશિયા, અને સ્વીડનમાં પુષ્કળ થાયછે. રાજન, ચંદ્રુસ, મુરદારસીંગ, અને ટરપેંટાઇન, અને અળસી-નું તેલ, વગેરે ચીજો મિશ્ર કરી, તેને સાધારણ તાપ આપી ઉકાળી-ને છત્રીઓ અને લાકડીઓને લગાડવાનાં **રેગાન** બનાવેછે. એ તેલ જ-લદી ઊડી જાયછે, તેથી લાકડાં વગેરેને રંગ આપવામાં રંગમાં ટર-પેંટાઇન ભેળી રંગાયછે. વળી બારીઓના કાચ ચોઢવાને માટે "લાં-બી" (ચૉકના લોટમાં ટરપેંટાઇન ભેળી કરેલો ઢીલો લોંદો) કરવામાં તથા ઔષધના કામમાં પણ વપરાયછે. એ તેલ વેહેલું સળગી ઊઠે છે, માટે તેની સંભાળ રાખવી.

ઉપરનાં વનસ્પતિ તેલોમાંનાં જે જે મીઠાં છે, તે બધાં ખાધાના કામમાં આવેછે; અને બાકીનાં બધાં દીવે બાળવાના કામમાં વપરાય છે. તેમાંનાં ઘણાંતો ઔષધીના ઉપયોગમાં આવેછે. વળી કેટલાંક સંચાનાં ચક્રોમાં ઊંજવામાં પણ વપરાય છે.

ખનિજ તેલ નફ્તેલ, કેરોસીન (ઘાસલેટના નામથી પ્ર-સિદ્ધ છે) વગેરે થાયછે. નફ્ તેલના કૂવા ઇરાન ને બલુચિસ્તાનમાં છે. કેટલીક જગાનાં ઝરણના પાણી ઉપરથી તરતું પણ મળી આવે છે. એનો ઉપયોગ બાળવામાં અને ઔષધોમાં થાયછે.

જાનવરી તેલ—લગભગ સઘળાં પ્રાણીના શરીરનો કેટલોક ભાગ તેલ અથવા ચરબીથી બનેલોછે. પણ વિશેષ કરીને માછલાં, મગર, અને વ્હેલ નામે જળચર પ્રાણીના શરીરમાંથી જથાબંધ ચર-બી નીકળેછે. એવાં વ્હેલ ઉત્તર સમુદ્રમાં, આટલાંટિક માહાસાગ-રમાં, અને ગ્રીન્લાંડની પાસે ઘણાં થાયછે. તેના માથામાંથી તથા આખા શરીરમાં થઇને હજાર બારસેં મણનો ચરબીનો બોજો મ-ળી આવેછે.

કૉડ્લિવર ઑઇલ ઇંગ્લાંડ અને બેલજીયમમાંથી આવેછે, અને અમેરિકામાં પણ અતિશે બને છે. કોડલિવર ઑઇલનો આપણા દેશ ખાતે બહુ ઊતાર થવા લાગ્યોછે. માટે તે વિષે જરા નીચે જણાવીશું તો નિરર્થક નહિ ગણાય. "કૉડલિવર ઑઇલ" (કૉડ માછલીના કલેજાનું તેલ) અને કાલુ માછલી ન્યુફૌંડલાંડ બેટ અને યૂરોપના ઉત્તરના ભાગોમાં પુષ્કળ મળી આવેછે. એ માછલીઓનાં કલેજાં (કાળજાં)ને સાફ ધોઇને ગરમ પાણીમાં ઊકાળેછે, તેથી તે કલેજાંમાંનું તેલ છૂટું પડીને તે પાણી ઉપર તરી આવે છે. તેને ગાળી કાઢી તેના સો ભાગમાં ઓલીક એસીડ ગાડિન ૭૮ ભાગ, માર્ગારિક ઍસીડ ૧૧ાા ભાગ, ગ્લિસરીન ૧૦ા ભાગ, બ્યુહેરિક ઍસીડ ૭ ભાગ, એસેટિક ઍસીડ ૪ ભાગ, બાઇલ ૩૨ ભાગ, આઇઓડિન ૩૭ ભાગ, કલોરિન અને બ્રોમિન ૧૪૮ ભાગ, ફૉસફરસ ૨૧ ભાગ, ફૉસ્ફરિક ઍસીડ ૪ ભાગ, ગંધકનો તેજાબ, ચૂનો, અને મેગ્નેશિયા, એટલી ચીજો જૂદા જૂદા તોલમાં મેળવી તેના શીશા ભરી આપણા દેશમાં મોકલેછે. તેને આપણા લોકો ક્ષય વગેરેના રોગમાં પીવામાં વાપરેછે. એ ધોળું, પીળું, અને ભૂરૂં, એ વગેરે બનાવટ પ્રમાણે જૂદા જૂદા રંગનું થાયછે. એ તેલ કાઢવાનાં કારખાનાં ઇંગ્લાંડ ને બેલજીયમમાં બહુ છે.

ઉપરનાં કેટલાંક તેલો ખાવામાં, દીવે બાળવામાં, કેટલાંક સંચા ઊંજવાના કામમાં, કેટલાંક મલમ બનાવવામાં, કેટલાંક રોગાન બનાવવાના કામમાં, કેટલાંક સાબુ બનાવવાના કામમાં, અને કેટલાંક મીણબત્તી બનાવવાના કામમાં આવેછે. આપણા દેશના ચમાર લોકો ભેંશ, બળદ, વગેરે જનાવરોના શરીરમાંથી ચરબી કાઢી તેવડે દીવા બાળે છે; અને પરદેશથી અનેક પ્રકારનાં વાર્નિશોના ડબા અત્રે આવવા લાગ્યાછે. ઉપર બતાવેલી ચીજો શી રીતે બનાવે છે તેનું જૂજ વર્ણન આગળ આવશે.

ઘન અને પ્રવાહી, નીશાદાર ઝેરી ચીજો.

ગીતિ છંદ.

કૈફ કરે જન જે કો, બુદ્ધિ તેની નહિ નિર્મળ રે'શે;

ગુમાવી દેશે ગ્રંથ સૌ, વ્યાધિ નિરંતર નિશ્ચય તે સહેશે. ૧
જેમાં કેફ વસેછે, તેમાં ઝેર ન્યૂનાધિક છે સૌમાં;
તે કારણથી ફાંસુ, નિશાદાર ચીજ નહિ મૂકો મોંમાં. ૨

આપણા દેશમાં પ્રવાહી પદાર્થમાં મહુડાંનો દારૂ બનેછે. પણ ફ્રાન્સ, સ્પેન, પોર્તુગાલ, અને ઇરાન દેશમાં દ્રાક્ષનો દારૂ થાયછે; અને તે આપણા દેશમાં પણ આવેછે. ખજૂર, વગેરે અનેક ગળી ચીજોનો દારૂ બનેછે, અને તે બ્રાંડી, પોર્ટવાઇન, સ્પિરિટ ઑફ વાઇન, ચમ્પેન, શેરીવાઇન, એવાં અનેક નામોથી ઓળખાયછે. બીર દારૂ જવના લોટનો યૂરોપખંડમાં બનાવેછે; અને તે સઘળા યૂરોપિયનો પીએ છે; અને તે આપણે ત્યાંપણ આવે છે. બ્રાંડી ફ્રાન્સમાંથી આવે છે. તાડી, સરકો, વગેરે પણ વપરાયછે, અને એની છત તો આપણા દેશમાં ઘણી છે.

ઝેર ચાર પ્રકારનાં છે; ધાતુને લગતાં, વનસ્પતિનાં, જાનવરી, હવાનાં. રસાયણિક પ્રયોગથી ધાતુઓનાં અનેક ઝેરો બનેછે. **ઘનપદાર્થનાં**—તંબાકુ, ભાંગ, ગાંજો, અફીણ, વછનાગ, ધંતૂરો, સોમલ, રસકપૂર, ઝેરી કચોલાં, એટલી ચીજો તો પીધા ખાધામાં વપરાયછે. એમાંની ઘણી ખરી આપણા દેશમાં થાયછે. સોમલ નેપાળમાંથી આવેછે. ગાંજો આપણા દેશમાં ઘણો થાયછે, અને અર્બસ્તાન, ઇરાન, યૂરોપ, આફ્રિકા, અને અમેરિકામાં પણ થાયછે. ગાંજાનાં પાંદડાંને ભાંગ કહે છે, તે આપણા દેશમાં થાયછે; અને ધંતૂરો અત્રે તેમજ અમેરિકા ખંડમાં પણ નીપજે છે.

સાપનો ઝેરી દાંત, વીંછીનો ડંખ, બામણી તથા ગરોળીની લબ, કાંચીડાનાં હાડકાં, એ વગેરે ઝેરી પદાર્થો છે. આપણા દેશના જાદુગર લોકો પોતાના શત્રુઓને મૂઠ મારી મારી નાંખેછે. એ કાંઈ મંત્ર કે જાદુ નથી; પણ એ ત્રણ જાતનાં ઝેર છે. એ ઝેર એવી જાતનાં છે કે એક ઘઉંભાર જેટલું ગમે તે ચીજ સાથે ભેળીને ખવાડ્યાથી તુરત મોત નીપજતું નથી; પણ તે ઉપર થોડે કે ઘણે દિવસે કોઇ અમુક ચીજ ખાધામાં આવે છે, ત્યારે તે ઝેરની અસર તેના શરીરને થવા માંડેછે. તે વખતે સૂંક, છાતીએ બળતરા, લોહીનું મોંઢે

કે ઝાડે પડવું, એ વગેરે દરદનો ઉપાડ થાયછે. એ વિના બીજી જાતની નિશાનીઓ પણ જણાયછે. પછી તેનું થોડા દિવસમાં કે માસમાં મોત થાયછે. ઉપરની ઝેરી દવાના વાળની ચીજો પણ તે જાદુગર લોકો જાણેછે, તેથી કેટલાક મારેલી મુઠ વાળેછે પણ ખરા. આવી ભયંકર ઝેરી ચીજોનાં નામ અને તેની બનાવટની રીત અત્રે લખવા નાદુરસ્ત ધારી પડી મૂકી છે.

'બેલાડો' નામનું ઝેરી ઝાડ કાસ્મીરમાં થાય છે. ખુરાસાની અજમો સિયામથી આવેછે; અને "ક્લોરોફૉર્મ" નામે પરદેશી દવા અતિ નિશાદાર છે, અને તેને બનાવવાની ચીજો વિલાયતથી આવે છે. તેનાં નામ તે રેકટીફાઇડ સ્પિરિટ, કલોરિનેટેડ ઑવ લાઇમ, સેલેકડ જાતનો ચૂનો, એસિડ સલફ્યુરિક, અને ઉકળતું પાણી. એટલી ચીજો મેળીને તાપ લગાડવાથી તે બનેછે. તે સૂંઘવામાં આવતાં માણસ બેભાન અવસ્થામાં આવી જાયછે.

'મીથીલ' નામની વસ્તુની સાથે સોમલ ધાતુ મેળવીને કાકોડિલ નામની એક જણસ રસાયણીઓ બનાવેછે, કે જેને ખુલ્લી હવામાં મૂકી હોય તો તે પોતાની મેળે સળગી ઉઠેછે; તથા એમાંથી એવી ઝેરી ધૂણી નીકળે છે કે, તેને દમમાં લેવામાં આવે તો તે દમ લેનાર તુરત મરણ પામેછે. વળી 'ટીલીઉરીઅમ' નામની ધાતુ પણ અતિ ઝેરી થાય છે.

"લાફિંગગ્યાસ," એટલે હસાવનારી હવા બનેછે, તે એવી રીતે કે પાંચ આઠ ઔંસ નાઇટ્રેટ ઑફ આમોનીઆ એ નામનું એક જાતનું મીઠું થાયછે, તે એક ગોળ દડા જેવી શીશીમાં ભરીને તેને એક કાચનો નળીવાળો બૂચ મારવો. પછી તે શીશી તળે (કોયલો શીશીને અડકે નહિં એવી રીતે સળગાવીને) તાપ દેવો. પછી બૂચવાળી નળીનો છેડો ગૅસૉમિટર નામના હવા એકઠી કરવાના સંચામાં મૂકવો. તાપ લાગ્યાથી દડાજેવી શીશીમાંથી હવા પેદા થઇ બૂચની નળી વાટે થઇ ગૅસૉમિટરમાં હવા ભરાશે. હવા ભરાયા પછી તાપ કાઢી નાખવો. પછી પેલી હવા જો ખૂબ દમમાં લઇએ તો તરતજ હવા લેનાર નાચવા, કુદવા, અને હસવા માંડશે.

उद्भिज अने जानवरी (खावामां, औषधमां, अने सुगंध माटे) वपराती चीजो.

દોહરા.

ભિન ભિન ગુણગ્રાહક તરૂ, જંગલ ઝાઝાં જાય;
ઉદ્‌ભિજ ઉદ્‌ભવ અતિ કર્યા આ અવનીની માંય. ૧
ભરત ખંડમાંથી જડો, ભરીઆ જે ભંડાર;
તાણ પિછોડો પ્રભુ હવે, ઓઢયો જે અંધાર. ૨

આપણા દેશમાં ઔષધમાં વપરાતી ચીજો અનેક છે. તેથી તેનું સવિસ્તર વર્ણન થઈ શકે એવું નથી. પણ જૂજ વર્ણન કરવું અવશ્યતું ધારી વપરાતી ચીજોના નીચે પ્રમાણે ચાર વર્ગ પાડયાછે. **વનસ્પતિ વર્ગ**- આ વર્ગમાં મૂળ અથવા કંદ, છાલ, લાકડું, પાન, ફૂલ, અને ફળ, એટલાંનો સમાવેશ થાયછે. **મૂળ અથવા કંદ**-વજ, કપૂરકાચલી, નાગરમોથ, વીરભાણુના વાળા, નસોત્તર, ગંઠોડા, ડુંગળી, લશણ, અળવી, સૂંઠ, હળદર, સાલમ, વછનાગ, વખમો, કંપીલો, મોથ, વગેરે. **છાલ**-તજ, જાવંત્રી (જાયફળની છાલ), ભીંડી, શણ, કડુ, લોધર, વગેરે અનેક ઝાડોની છાલ વપરાયછે. **લાકડું**-ચિત્રક, રતાંજળી, સૂખડ, ભારંગ, દારૂહળદર, દેવદાર, જેઠીમધ, આસન, કરીઆતુ, ગળો, વગેરે અનેક લાકડાં વપરાયછે. **પાન**-નાગરવેલ, તમાલપત્ર, વગેરે અનેક વેલા, છોડવા, અને ઝાડોનાં પાન વપરાયછે. **ફૂલ**-લવિંગ, દગડ ફૂલ, ધાવડીનાં ફૂલ, કેસર, કસુંબી, ચંપો, મોગરો, ગુલાબ, વગેરે અનેક ફૂલો ઔષધ ને સુગંધને માટે વપરાયછે. **શીંગો, ફળ, કે દાણા**-સોપારી, નાળીએર, જાયફળ, હરડાં, બેડાં, આમળાં, કમળકાકડી, માયાં, મરી, પીપર, ઝેરકચોલાં, પિત્તપાપડા, ગરમાળાની શીંગ, ઇંદ્રજવ, મૂસળી, ગોખરૂ, એખરો, બીજ, તરેહ તરેહનાં કઠોળ, અનાજ, શાક, વગેરે અનેક. ઉપરની સઘળી ચીજો ઘણું કરીને આપણા દેશમાંજ થાય છે. કેટલીક લંકા અને મસાલાના બેટમાંથી આવેછે. પરદેશી આવતી ચીજોમાં સારસાપરિલાનાં મૂળ, વગેરે અનેક છે. સુગંધીદાર ચીજોમાં કોલનવૉટર, લવંડરવૉટર, પામેટમ (માથે ઘાલવાનું), ટ્રાક ઑઇલ, એ વગેરે વિલાયતથી આવેછે.

જાનવરી ચીજો. આપણા દેશના કેટલાક લોકો જનાવરને પણ ખાવામાં અને ઔષધમાં લેછે; જેવાં કે ઘેટાં, બકરાં, ભેંસો, ગાયો, અને હરણ ઇત્યાદિ પશુ; અને કૂકડા, બતક, મોર, તીતર, વગેરે અનેક પક્ષીઓ અને માછલાં ખાધામાં લેછે; અને દવામાં નપુંસકને પુરૂષપણામાં લાવવાને 'સાંઢા' નામના કાંચીડા જેવા જનાવરને વાપરેછે. રતાંધળાને માટે ઢાડવા નામના માછલાનું કલેજું લેછે. સ્ત્રીઓને સુવારોગ થયો હોય તો એક જાતના પક્ષીને બાફીને તેનું પાણી પાયછે, અને તેનું માંસ ખવાડે પણ છે. મુઝારાવાળાને દશ મૂળી એટલે દરિયામાં થતા કરચલાને ઘસીને પાયછે. મબારખીવાળાં છોકરાંને ગોળની સાથે ઉડતી માખોને પકડીને ખવાડેછે. ગોરૂચંદન ગાયના માથામાંથી નકળે છે, તેને વરાધ ઉપર પાયછે. એ સિવાય પરદેશથી આવતા જાનવરોના અવયવો પણ ઔષધમાં વપરાયછે. "કેથેરિડિઝ" નામની માખોનો ભૂકો ઈટાલી દેશમાંથી આવેછે, તે પેશાબ લાવવાની દવામાં વપરાયછે. **'કસ્તૂરી' મૃગના** ડુંટામાંથી નીપજેછે, તે ટિબેટમાંથી આવેછે. **' અંબર '** જે મગરના પેટમાં થાયછે, તે પ્રુશિયામાંથી આવેછે. 'પ્યુરિફાઈડ ઑક્સ બાઈલ' એટલે બળદના કલેજાંનું પિત્ત યૂરોપમાંથી આવેછે.

ઝાડના રસ અને ગૂંદરો.

સવૈયાછંદ.

રસ ગૂંદર ને સત્ત્વ છાલનાં વિધવિધ ઉતરે બનીં પરદેશ;
જુઓ ગટાપરકા, કુઈનાઇન, રબ્બર, હિંગ, કપૂર, સરેશ;
એ સૌ ચીજતણો ખપ છે તો ઉછેરી વૃદ્ધિ કરો નિજ દેશ,
નહિ તો તેને બદલે બીજી ચઢાવજો કરીં બહુ ચીજ એશ.

રબ્બર, ગટાપરકા, કુઇનાઇન, કપૂર, હીંગ, ગૂગળ, લોબાન, ઓળ, એળજો, બાવળનો ગૂંદર, કડીઓ ગૂંદર, સાબુ ચોખા, અફીણ, સરેશ, અને લાખ, મુરદાશીંગ, વગેરે અનેક ચીજો વનસ્પતિના રસની કે ગૂંદરની વપરાયછે. **હીંગ** અફગાનિસ્તાનમાં બહુ થાયછે, અને ત્યાંથી આપણા દેશમાં આવે છે. **'સાબુચોખા'** મહીસૂર અને ત્રાવણકોરમાં થાયછે. **'ગટાપરકા'**—સિંગાપોર, બોર્નિયો, મલાયા,

અને તેની પાસેના બેટોમાં એનાં ઝાડ બહુ છે. એ ઝાડનાં દૂધ તાડીની મીસાલે ઝરપેછે, ત્યાંથી લાવી ઊકાળીને વાપરેછે. તેના જે જે જાતના ઘાટ બનાવવા ધારો તે તે જાતના આકારો બની શકેછે. **'કુઇનાઇન'**-એ સિંકો નામના ઝાડની છાલોમાંથી મળેછે, અને તોડો અમેરિકામાં પુષ્કળ થાયછે. એના છોડવા આપણા દેશમાં નીલગિરિ પર્વત ઉપર ઊછેરવા માડ્યા છે. 'કપૂર' પણ એક જાતના ઝાડનો રસ છે. એનાં ઝાડો ચીન, જાપાનમાં છે; અને આપણા દેશમાં પણ કોઇ કોઇ જગાએ જોવામાં આવેછે. **'લોબાન'** અર્બસ્તાનમાંથી આવેછે. **સરેશ** રૂશિયામાંથી આવેછે. **રબ્બર** કોલમ્બિયા, ઝઇકવાડોર, વગેરે દેશોમાં થાયછે, ત્યાંથી યૂરોપમાં કાચું રબ્બર જાયછે. ત્યાં ફૂંકા, પેન્સિલનું લખેલું ભૂંસવાની ટિકડીઓ, હવા ભરેલા બેસવાના ચાકળા, ડગલા, જોડા, પટ્ટા, મોજાં, વગરે અનેક ચીજો યૂરોપયનો બનાવેછે. તેમાંની કેટલીક આપણા દેશમાં પણ આવેછે. એનાં ઝાડ આપણા દેશમાં જલદી ઊછરેછે. બંગાળામાં રબ્બર થાયછે, તેનાં કાચાં ચોસલાં વિલાયત જાયછે. ત્યાં તે કેળવાઇને તેની અતિ ઉપયોગી ચીજો બનેછે. પણ આપણા લોકોને એનું કાંઇ કરવાનું સૂઝતું નથી.

ઘણી જાતના ગુંદરો આપણા દેશમાં થાયછે. તેમાંના કેટલાક ખાવામાં, કેટલાક ઔષધમાં અને કેટલાક સુગંધને માટે બાળવામાં આવેછે. લાખનાં રમકડાં, અને લાખીઆં, બંગડીઓ, વગેરે બનેછે, અને તે આપણા દેશમાંજ વપરાયછે.

અનેક ચીજો મિશ્ર કરી તેના બનાવેલા પદાર્થો.

દોહરા.

ભિન ભિન ગુણમય વસ્તુઓ મિશ્ર કરી જન જોય,
અવર ગુણ ઉત્પન્ન થઇ લાભજનક તે હોય. ૧
ગંધક, પોચા કોયલા, સાથે સૂરોખાર,
જ્વાળા ઊડે ઝડપથી, જ્યાં અડકે અંગાર. ૨

સાબુ, હીરાકશી, મોરથુથુ, કાથો, સંચળ, મીણબત્તી, મલમ, સવાગી, રસકપૂર, અગરબત્તી, કંકુ, અબીલ, ગુલાલ, દીકામાળી, સ્યાહી, વગેરે અનેક ચીજો વપરાયછે. તેનું જો વર્ણન કરવા બેશીએ

તો તેનો પાર આવે નહિ. માટે દાખલા તરીકે એકાદ બે ચીજોનું વર્ણન કરવા દુરસ્ત ધાર્યુંછે.

સાબુ જે લૂગડાં ધોવામાં વપરાયછે તે, ખેડા જીલ્લાના કપડવંણજ કસ્બામાં, તથા એ વિના ઘણી જગાએ આપણા દેશમાં બને છે. શરીરે લગાવવાનો સાબુ વિલાયતથી તરેહ તરેહ રંગોનો સુગંધીદાર આવેછે. તેમાં કારબોનેટ ઑફ સોડા (સુધારેલો પાપડખાર), કળીચૂનો, તેલ, ચરબી, અને સુગંધીદાર તેલ, એટલી ચીજો આવેછે. **હીરાકશી** લોઢામાંથી બનેછે. **મોરથુથુ** તાંબામાંથી પકવીને બનાવે છે, તેમાં ત્રાંબુ અને ગંધકનું મિશ્રણ થાયછે. **કાથો** ખેરના લાકડાના ગર્ભને ભઠ્ઠીમાં પકવીને બનાવેછે. **સંચળ** મીઠામાંથી બનેછે. **મીણબત્તી** ચરબી, મીણ, અને દોરો એ ત્રણ ચીજોથી બનાવેછે, અને તે વિલાયતથી આપણા દેશમાં આવેછે. **મલમ** મીણ, તેલ, ચરબી, અને બીજા જોઇતા પદાર્થો મિશ્ર કરવાથી બનેછે. કેટલાક મલમો આપણા દેશમાં થાયછે; અને કેટલાક મલમો વિલાયતથી બનીને પણ આવેછે. 'ગમપ્લાસ્ટર' નામનો રૂઝવવાનો પરદેશી મલમ આપણા આખા દેશમાં પરતો થયોછે. **રસકપૂર** પારામાંથી બનેછે. **અગરબત્તી** ભાંગ, વીરભાણુના વાળા, પાનની જડ, તજ, તગર, સૂખડ, દગડ ફૂલ, ધવલા, ગુલાબકળી, નખલો, લોબાન, ગૂગળ, શિલાજીત, કસ્તૂરી, મેદાલાકડી, કોયલો, ગોળ, અને વાંસની સળી, એટલાની બને છે. **કંકુપાપડીઓ** ખારો, સવાગી, અને લીંબુનો રસ, એ ત્રણેના ઘણા પટ હળદરના ગાંગડાને આપવાથી બનેછે. **ગુલાલ** ચોખાના લોટને પાપડખારના પાણીએ બાંધી ગોળા કરી સૂકવી પતંગના લાકડાના ઊકાળાના ઘણા પટ આપી છાંયડે સૂકવી ખાંડીને બનાવેછે. **અબીલ** વીરભાણુના વાળા, કપૂર કાચલી, ધણીલો, નખલો, સૂખડ, નાગરમોથ, કેશર, કસ્તૂરી, જાયફળ, જાવંત્રી, અને એલચી બારીક વાટી ગુલાબજળનો પટ દેવાથી બનેછે. **દીકામાળી** એક જાતના ઝાડનાં ડાંખળાંને ગૂંદર વડે બાંધીને બનાવેછે. **રૂસનાઇ કાળી** હરડાં, બેડાં, હીરાકશી, ગૂંદર, મેશ, બોળ, વગેરે ચીજો ભેગી ખાંડી પાણીમાં ઊકાળ્યાથી બનેછે.

ઉપરના પદાર્થો તો સહેજ ઈસારા તરીકે લખ્યાછે. એ વિના

અનેક પદાર્થો કેટલીક ચીજો એકઠી કરવાથી બનેછે. તેમાંના કેટલાક આપણા દેશમાં બનેછે, અને કેટલાક પરદેશથી આવેછે.

જૂદી જૂદી તરેહના રંગો.

ભુજંગી.

અહીં રંગ રૂડા બને ભિન્નભાતી,
તથાપિંજ આવે જુઓ ઝાઝી જાતી;
લીલી લાલ પીળી ભુકી બૌ ભમેછે;
જુઓ દેશીના દીલને તે દમેછે.

મજીઠ, કીરમજ, પિસ્તાનાં ફૂલ, સોરંગી, લાખ, કસુંબી, પતંગ, કેસુડી, કેશર, સિંદૂર, જંગાલ, ગળી, હીંગળોક, ચોળ હળદર, હીરાદખણ, મેશ, હરતાલ, ચિત્રવિદ્યામાં વપરાતા (ત્રણ મૂળ રંગમાંથી બીજા મિશ્રિત બનાવેલા અનેક) રંગની ટિકડીઓ, તથા રંગની ભૂકીઓ આપણા દેશમાં વપરાયછે.

કેટલાક રંગ લાકડાને ઊકાળ્યાથી બનેછે; જેવા કે મજીઠ, સોરંગી, પતંગ, ઈત્યાદિ. એ સઘળા આપણા દેશમાં નીપજેછે. કેટલાક લાખમાંથી નીકળેછે; જેવાકે પીપળાની લાખ, હીરાદખ્ખણ, ઇત્યાદિ. કેટલાક ફૂલોને ઊના પાણીમાં ઊકાળ્યાથી કે ઓગાળ્યાથી નીકળેછે; જેવા કે કસુંબી, કેસુડાં, કેશર, ઇત્યાદિ. કેટલાક રંગો જીંડવામાંથી કે પાનના રસોમાંથી નીકળેછે; જેવા કે ગળી, ઇત્યાદિ. કેટલાક ધાતુના કાટના બનેછે; જેવા કે સિંદૂર (સીસાનોકાટ), જંગાલ (ત્રાંબાનોકાટ). કેટલાક ભોંયમાંથી પણ નીકળેછે; જેવા કે હીંગળોક (પકવેલો), હરતાલ, (પકવેલો), ઇત્યાદિ. કેટલાક રંગો અમુક ચીજો મિશ્ર કરવાથી બનેછે; જેવા કે રૂશનાઇ, પોથી. પોથીની બનાવટ એવી રીતની છે કે લાખનો રંગ, લોધર, રૂ, ટંકણખાર, એ સઘળી ચીજોનાં મિશ્રણમાં રૂનાં પોલવાં બોળવાથી બનેછે.

ઉપરના સઘળા રંગો આપણા દેશમાં બનેછે; અને આપણા લોકો પાઘડી ઉપર જૂદી જૂદી તરેહના રંગ નાખવામાં અસલથી વાકેફગાર છે. પણ ચિત્ર વિદ્યામાં વપરાતા અનેક રંગની ટિકડીઓની પેટીઓ તથા બીજા રસાયણ શાસ્ત્રની મદદથી કીધેલા જૂદા જૂદા પ્રકારના રંગની ભૂકીઓ જથાબંધ નાની મોટી પેટીઓ ભરાઇને

વિલાયતથી આપણા દેશખાતે ઊતરતી થઇછે. તેની બનાવટ હજૂ સુધી આપણા લોકના જાણવામાં આવી નથી. હાલ તો પાઘડી ઉપર કસુંબીનો રંગ નંખાવા જતાં હરામખોર રંગારા વિલાયતી રંગ ચઢાવી આપેછે. તેની તરત જોતાં તો પરીક્ષા થતી નથી.

ફોડવાનો દારુ જૂદા જૂદા આકારમાં.

ચોપાઇ લિતાળી.

પૂર્વે અત્ર થતાં જ્યાં યુદ્ધ, ન્હોતાં અગ્નિ તણાં આયુધ;
તે સમે શર, સાંગ, ને ફરશી, ધનુર્વિદ્યાવડે રહેતાં વરસી.
આ સમય ભારત થયો બળીઓ, યુદ્ધ સાધનમાં તે તો ભળીઓ;
દૂર રહી દુશમનને હઠાવે, ગડગડાટથી ગગન ગજાવે.

ફોડવાનો દારૂ બનાવવાની કળા અસલથી ચીનમાંથી નીકળી છે. દારૂની બનાવટ આપણા દેશમાં પણ હાલ તો સઘળે ઠેકાણે જાણે છે; અને તે પ્રમાણે બનાવેછે પણ ખરા. ખરસાણી જેવા હલકા લાકડાના કોયલા, શોધેલો સૂરોખાર, અને ગંધક એ ત્રણની મેળવણીથી બનેછે. એ વગેરે ફોડવાની દારૂની ચીજો કરવામાં બીજી કેટલીએક ચીજો, જેવી કે સૂરમો, લોઢાની રજ, વગેરેની પણ જરૂર પડેછે. કેટલાક બપોરીઆ વગેરે કરવામાં તો એ વગર બીજી કેટલીએક ચીજોની જરૂર પડેછે; જેવી કે ચાક, હરતાલ, ગળી, મોરથુથુ, કાજળ, ચૂનો એટલી તો દેશી ચીજો, અને પરદેશી ચીજોમાં નાઇટ્રેટ ઑફ સ્ટ્રાનિશિયા, ક્લોરેટ પોટાશ, ડ્રાઇડ સોડા, નાઇટ્રેટ ઑફ બારાઇટા, સલફેટ ઑફ આર્સેનિક, બોરાસિક એસિડ, રીલગાર, કારબોનેટ ઑફ કોપર, ડાયર ક્લોરેડ ઑફ કાલશિયમ, ઈત્યાદી વપરાયછે.

કેટલીક જગાએ આતશબાજીનો તેમજ બંદૂકનો દારૂ બનેછે ખરો. પણ તે બંદૂકનો દારૂ વિલાયતી દારૂની બરાબરી કરી શકતો નથી. ઘણા વરસોથી આપણા દેશમાં ચીન દેશથી ટેટા, ટેટીઓની પેટીઓ, જથાબંધ આવેછે; અને તે ભારતવાસી લોક દિવાળી, દશરા, વગેરે તેહેવારના દિવસોમાં ઉડાડી દઇ લાખો રૂપિયાનું દર વરસે નુકસાન કરે છે.

વિલાયતી દારૂકામ આગળ આપણું દારૂકામ ટકી શકે એવું નથી. આપણા લોકો દેશી દારૂનાં શીંગોડાં, ફૂલકણીઓ, વાંદરા,

કોઠીઓ, ભૂંગળાં, જલેબીઓ, હવાઇઓ, બપોરીઆ બનાવેછે. પણ બપોરીઆ ને ગોળાના વિલાયતી રંગ બેરંગી તારામાં જેટલું તેજ હોયછે, તેટલું આપણા દેશી દારૂમાં હોતું નથી. વળી એ લોકો પારાનો એવો તો દારૂ બનાવેછે કે તેને જો જરાક ફટકો વાગે તો તે મોટા ભડાકા સાથે ઉડી જાયછે. તેની સાથે ઘણાં માણસોનો ઘાણ કાઢી નાખેછે. તેની બનાવટ નાઇટ્રિક ઍસીડ, પારો, સ્પિરિટ ઑફ વાઇન, એ ત્રણના મિશ્રણને ધીમે તાપે પકવી ટાઢું પાડી વરસાદના પાણીએ ધુએ છે, એટલે તૈયાર થાયછે.

ગંધક ને ક્લૉરેટ પોટાશની મેળવણીનો દારૂ પણ ફટકાથી ભડાકાસાથે ઉડી જાયછે. એ વગેરે અનેક દારૂ કામ યુરોપિયન લોકોની બનાવટનાં છે.

જ્વાળાગ્રાહી પદાર્થો ને તેથી બનતા ઘાટો.

શાર્દૂલવિક્રીડિત છંદ.

આવે અત્ર અનેક ફૉસફ્રસો જે છેજ જ્વાળાગ્રહી;
જો રાખો જરિ તાપમાં જળ વિના, જ્વાળા ઉડેછે સહી.
થાશે ખાંડજ અર્કથીજ ભડકો, ક્લોરેટ તેમાં હશે;
સાથે ગંધક મેળવી ઘસરકો દેતાં ભડાકો થશે.

ફૉસફ્રસ અને ક્લોરેટ પોટાશ તેની સાથે અમલસારો ગંધક મેળવી ઘર્ષણ આપવાથી ભડાકો થાયછે. ક્લોરેટ પોટાશની સાથે ખાંડ મેળવી ગંધક કે (પંચખારનો) સૂરાખારનો તેજાબ અડકાડવાથી ભડકો થાયછે. રસાયણિક વીજળી, ગંધકનો તેજાબ (સલફ્યુરિક એસીડ), સોડીઅમનો કકડો, અને આપણું પીવાનું પાણી મિશ્ર થયાથી સળગે છે. પોટાશીઅમ ને પાણી, ફુલમેનેટિંગ પાઉડર ઑફ મર્ક્યુરી (પારાનો દારૂ), ઇત્યાદિ અનેક જ્વાળાગ્રહી પદાર્થો છે.

ફૉસફ્રસની બનાવટ વિષે આપણા દેશના ઘણાખરા લોક જાણતા નહિ હોય, તોપણ તે અસલથી કેટલાક આપણા દેશી લોકોના જાણ્યામાં હતી. કેટલાક યોગી, સાધુ, અને ફકીર લોકો આગીઆ બેતાળ નામે દેવની સાધના બતાવી ઘાસ વગેરે પોચી ચીજો અગ્નિ વગર સળગાવી દેતા હતા. તેમાં એ ફૉસ્ફરસ જેવી ચીજ વાપરતા હતા. પણ હાલ તો સઘળા લોક ફૉસફ્રસના ગુણથી ને નામથી વાકેફ

થયાછે, માટે હવે એવા ઢોંગીઓના ઢોંગ અજવાળામાં આવ્યાછે. આપણા દેશ કરતાં પણ વધારે પાખંડીઓ યૂરોપખંડના અસલના ધર્માચાર્યો હતા. અગ્નિ વગેરેના ચમત્કાર દેખાડી પોતાના સેવકોને વશ રાખતા હતા.

ફૉસફરસની બનાવટ–ફટકડી, સાકર, ઘઊંનો મેંદો, એ ત્રણ ચીજોનું મિશ્રણ ભઠ્ઠીમાં પકવવાથી થાયછે. કેટલેક ઠેકાણે મૂત્રમાંથી બનાવેછે. વળી છીપનો ચૂનો, તથા ગંધકનાં ફૂલનું પણ બનેછે. હાલ તો ફૉસફરસ વિલાયતથી આવેછે; અને તે દવા વગેરેમાં બહુ વપરાયછે.

ફૉસફરસની દીવાસળીઓ યૂરોપના ઘણાખરા દેશોમાં બનેછે; પણ એનું મૂળસ્થાન નોર્વે છે. અને તેની બહુરૂપી પેટીઓ ભારત ભૂમિના દરેક શેહેરના ને ગામડાના લોકો ઘરડાથી તે નાના બાળક સૂધી વાપરતા થયાછે. તેથી દીવાસળી રૂપે નાણાંની નીક પરદેશ ખાતે વહેતી થઈછે. આજ સૂધી આપણા દેશના લોક બે લાકડાં ઘસીને કે ચકમકની પથરી સાથે પોલાદ અફાળીને દેવતા પાડતા હતા.

દીવાસળીની બનાવટ—દેવદારની સળીઓનો એક છેડો ગંધકમાં બોળીને પછી તે સળીઓને ક્લૉરેટ પોટાશ, સૂરમો, હીંગળોક, ફૉસફરસ, સાકર, ગંધક, બાવળનો ગૂંદર, અને પાણી એટલી ચીજોના મિશ્રણમાં બોળે છે. પછી તેને સૂકવીને પેટીઓમાં ભરી દેછે.

હાલના યૂરોપિયન રસાયણીઓ કેટલાંક અમુક ચીજોનાં મિશ્રણથી અનેક જ્વાળાગ્રહી પ્રયોગોમાંથી થતા ચમત્કારી પદાર્થો બનાવી જાણેછે. તે જો આપણા જોવામાં આવે તો આપણને ઘણી નવાઇ લાગે. કેટલાક તો એવા થાયછે કે તે આપો આપ બળતી વખતે તેમાંથી જે ધૂણી નીકળેછે તે જો આપણા દમમાં આવે, તો આપણું ત્યાંને ત્યાંજ મૃત્યુ થઇ જાય! એવા પદાર્થોની મદદ લઇ, જાણનારા કળાવાન લોકોની સામા આપણે થવા ધારીએ, તો આપણા જાણવાની અવલ આપણો ઘાણ વળી જાય.

વળી પારાના દારૂનો કંઇ યુક્તિથી ઉપયોગ કરી છૂટો માર મારવાનાં શસ્ત્રો કરીને પછી તે શસ્ત્રો વાપરે, તો સાદાં શસ્ત્રો સજીને ઊભેલાં માણસોની જગાએ જોત જોતામાં વીજળીને વેગે ભસ્મની ઢગલીઓ થાય એમાં શી નવાઇ?

પ્રકરણ ૩ જું.

પરદેશી માલ આપણા દેશમાં બને કે નહિ?

ઇંદ્રવિજય છંદ.

શું ન કરે જન સંપ થકી? વન ફેડો કરે મન મોહક પુરી;
શું ન કરે જન સંપ થકી? ખણી પ્હાડ કરે જળ ખાડ જરૂરી.
શું ન કરે જન સંપ થકી? જળ સ્થાનકમાં સ્થળ બેશ બનાવે;
શું ન કરે જન સંપ થકી? અવની તળનું જળ બ્હારજ લાવે.

આપણે ત્યાં જે પરદેશી માલ આવેછે તેના બે વર્ગ પાડી શકાયછે. એક તો **સ્વાભાવિક**, અને તેના પેટામાં વનસ્પતિ, જાનવરી, અને ખનિજ; અને બીજો હસ્તકૌશલ્યવાળો. સ્વાભાવિક, એટલે જેના ઉપર મનુષ્યની કારીગીરી થયલી નથી; અને હસ્તકૌશલ્યવાળો માલ એટલે મનુષ્યે સ્વાભાવિક માલને પોતાના જ્ઞાન વડે તેમાં કંઇ મિશ્રણ કરીને કે તેનાપર અનેક પ્રકારની કારીગીરી લગાડીને તેમાં કાંઇ રૂપાન્તર કરેલું, એવો માલ.

હવે સ્વાભાવિક માલ પણ અનેક પ્રકારનો પરદેશથી આપણા દેશમાં આવેછે. એવો માલ આપણા દેશમાં ઉત્પન્ન કરવાને આપણે જો ધારીએ તો તે બની શકવાને અશક્ય જેવું નથી. કેમકે યૂરોપ, એશિયા, અને અમેરિકાના ઉત્તરભાગની હવાની રેષાને, આપણા દેશનો ઉત્તર ભાગ જે હિમાલય પર્વત, તેના ઢાળની હવાની રેષા લાગુ પડશે; અને મધ્યની ને દક્ષિણની હવારેષાઓને પણ ભરતખંડના ઘણાખરા ભાગની હવા મળતી આવશે. ત્યારે ત્યાંનાં ઝાડ, છોડ, અને વેલા વગેરે જે વનસ્પતિ આપણને દરરોજ દવા વગેરેમાં કામ લાગેછે, તે આપણા દેશમાં ઊછેરવાને બને એવું છે.

કેટલાક અદેખા પરદેશી લોકો બીઆં વગેરે જે માલ આપણા દેશ તરફ મોકલેછે તે બાફીને કે શેકીને મોકલેછે, તેથી આપણા લોકો તે બીઆં વાવવાની મહેનત કરવામાં ઘણી વખત નિષ્ફળ થયા છે. મરી અને એલચી ઘણી વખત મેં પણ વાવી જોયાં છે, તે એકે વખત ઊગ્યાં નથી. તેને માટે તો એક ઈલાજ બની શકે

એવો છે. કૃષિકળા ઉત્તેજક કમિટીઓ પોતાના માણસો મોકલી જ્યાં જે માલ બનેછે, ત્યાંથી કાચો માલ ખરીદાવી જેમ ખેડા ખેતીવાડી કમિટી દાણા ને કઠોળ વગેરેનાં ચોખ્ખાં અને પોષાએલાં બી વેચવાની દુકાનો કાઢેછે, તેમ દરેક શેહેરોમાં પરદેશી ઊગે એવાં બીઆં વેચવાની દુકાનો કઢાવે; અને દરેક ગામડાના કૃષિકર લોકોને ઝાહેર થાય એવી રીતે તે વાવવાને અને ઊછેરવાને સમજુતી આપવાનો કંઇ બંદોબસ્ત કરે, તો ઘણે દરજ્જે આપણી ધારેલી મતલબ પાર પડે.

અર્બસ્તાનમાંથી જે આપણા દેશમાં મસ્કતી ખજૂર આવેછે, તે સઘળી જાતનાં ખજૂરોમાં સર્વોત્તમ છે. તેનાં ઉમદા બી એકઠાં કરાવી તેનાં ઝાડ આપણા દેશમાં ઠામ ઠામ ઊછેરી વધારો કરે, તો તેથી આપણા દેશને બે તરેહથી લાભ પ્રાપ્ત થાય એવું છે. એક તો ખજૂરની કિંમતનાં નાણાં પરદેશ જતાં અટકે, અને બીજું કોઇ વખત દુકાળના સમયમાં એ ખજૂરીઓ આપણું પોષણ કરવામાં મોટી મદદગાર થઇ પડે. એજ રીતે કુઇનાઇન, ચાહા, રબ્બર, કપૂર, શેતર, વગેરે અનેક જાતનાં ઉપયોગી ઝાડો, અને એ વગેરે ઔષધિમાં વપરાતા છોડ, વેલા, અને કંદ આપણા દેશમાં ઊછેરવામાં આવે, તો ઘણી તરેહનો દેશને લાભ થાય. વળી એજ રીતે દેશમાં થતી વનસ્પતિની પણ સંભાળ લઇ તેમાં સુધારો કરવામાં આવે, તો દેશની ઉન્નતિ થાય. જ્યાં સૂધી દેશની ખેતિમાં સુધારો વધારો થયો નથી, ત્યાંસૂધી દેશની કળા ચઢે એમ નથી.

"કેડમાં છોકરૂં ને સારા શેહેરમાં શોધે," એવી આદત આપણા ભારતવાસી બંધુઓને પડી ગયલી છે. કેમકે આપણા વિસ્તીર્ણ દેશની ભૂમિમાં ઠામ ઠામ જંગલો આવી રહ્યાં છે તેમાં અનેક પ્રકારના જૂદા જૂદા ગુણોવાળી વનસ્પતિ સગમગાટ કરી રહી છે; તેમાં અનેક પ્રકારનાં જનાવરો દોડાદોડ કરી રહેલાં છે. સાગ, સીશમ, સૂખડ, અને મળીઆગર વગેરેનાં ઝાડ વહેતા વાયુમાં ઝપાટા મારી રહેલાં છે. પણ બહેરાને કથા શા કામની ? અંધાને આરશીથી શો લાભ ? પાંગળાને ઊંચા આંબાની શાખો પેટની ભૂખ શી રીતે મ-

ટાડે ? સીધું સામાન તૈયાર, પણ કોઈ જાણ રસોઈઓ મળે નહિં, ત્યારે જમણમાં સ્વાદિષ્ટતા ક્યાંથી આવશે ? એજ રીતે આપણને બનેલું છે. ઔષધમાં વપરાતી અનેક ચીજો પરદેશથી આવેછે, તેવી ખાસીયતોવાળી વનસ્પતિ આપણા દેશમાંજ મળી આવે એમ છે; પણ તેને ખોળીને તેના ગુણની સરખામણી કરનાર કોઈ મળી આવતો નથી.

કર્ત્તાએ ભરતખંડરૂપી મેહેલ સઘળા સરંજામથી ભરેલો છે. પણ તેમાંથી ખપમાં આવતી ચીજો શોધી કાઢતા નથી; અને ખપ પડેછે, ત્યારે ઘરમાં નહિ ખોળતાં પારકે ઘેરથી મંગાવીને વાપરેછે. એથી ભરતખંડનું ખોજ ઘટતું ગયું છે, અને આળસુઓના લિસ્ટમાં નોંધાવાને ખાલી લીટી તે ખોળેછે. માટે એકે સંપે આપણે ઊભા થઈ પોત પોતાની બુદ્ધિનું બળ અજમાવી ખૂણે પડી રહેલી વનસ્પતિની ખોળ કરી તેની અજમાયશ કાઢી, તેને ઉપયોગમાં આણતાં શીખવું જોઈએ. એજ રીતે આપણા દેશમાં ખનિજોની પણ ખોટ નથી; પણ તેને શોધીને કાઢનારની ખોટ છે.

હવે હસ્તકૌશલ્યવાળો આપણા દેશમાં આવતો પરદેશી માલ શું આપણે ના બનાવી શકીએ? ધારીએ તો બનાવી શકીએજ. આપણા વડીલોએ ગ્રહોની ગતિનાં માપ શોધી કાઢ્યાંછે; સમુદ્રમાં પાળો બાંધી ધારેલા કર્મમાં સફળ થયાછે; મહાસમુદ્રમાં અટણ કરી ચૌદ રત્નોની શોધ કરીછે; ભિન્ન ભિન્ન રોગનાં અકસીર ઔષધો શોધીને તેની નોંધ કરી ગયલાછે, જે હજૂ પણ યૂરોપ જેવા સુધરેલા ખંડમાં પણ પ્રમાણ દાખલ ગણાયછે. ચરક નામે મહા વિદ્વાને રચેલું વૈદ્યકશાસ્ત્ર ઘણા દેશોમાં માન પામ્યુંછે. શિલ્પ કળાએ પણ સર્વોત્કૃષ્ટતા પામવાને પાછી પાની કરી નથી. આવા આપણા અસલના વડીલો વિદ્યા, બુદ્ધિ, અને કળાકૌશલ્યમાં બળવાન હતા. તેના પુત્રો જે આપણે, તે ધૃતિ અને ઐક્ય રાખીશું, તો આપણે આ ધારેલી ધારણામાં શું સફળ નહિ થઇએ ? થઇશુંજ.

હિમ્મત, હોંસ, ખંત, અને ઐક્ય પકડી વિદ્યાદેવીનું સ્મરણ કરનાર વિદ્યાભક્ત કાળા માથાનો માનવી શું નથી કરી શકતો ? તેના ભક્તો નીચે રહી તારાનાં અંતર તથા મહત્વ, અને ગતિનાં

માપ કાઢેછે; પૃથ્વીના પૃષ્ટપર ઊભો રહી અંદરની વાતો કરેછે; પાતાળમાં પેશી ગયલું જળ બહાર લાવી તેનો પણ ઉપયોગ કરેછે; સિંહ જેવાં હિંસક બળિષ્ટ પ્રાણીને પણ વશ કરેછે; ભયંકર. ભૂમિમાં ભવ્ય ભુવનો બાંધી મનોહર નગરો સ્થાપેછે; સમુદ્રને ખસેડી પોતાને રહેવાનાં રહેઠાણ કરેછે; પહાડોમાં રસ્તા કાઢી શકેછે; અવનીથી આકાશ ચઢી વિમાનનાં સુખ માણેછે; મેઘરાજાની ચપળ સ્ત્રી વીજળીને પકડી તેનાથી હજારો મૈલની ખબર ક્ષણમાં મેળવે છે; ગરીબ ગાયોના પુત્રોની તપી ગયલી ખાંધેથી ઝૂંસરી ઉપાડી જળદેવની પુત્રી વરાળદેવીની ખાંધે મૂકી તેને કાયર કરેછે; વાયુ અને વારિ પાસે આંધળી ડોશીનું કામ જે દળવાનું, તે કરાવેછે; તો પછી પરદેશી માલના જેવોજ માલ આપણે કેમ ના બનાવી શકીએ ? આપણી નિરંતર નમ્ર પ્રાર્થના સાંભળી, શું તે દયાળુ દેવી બુદ્ધિરૂપી બક્ષીસની દાતા નહિ થાય ? થશેજ. તો પછી તેના પ્રતાપ વડે આપણે શું નહિ કરી શકીએ ?

મનહરછંદ.

અકલની આગળ શરીરબળથી શું થાય,
અકલ વિદ્યુત કને કાસદું કરાવેછે.
વાયુ, વરાળ, ને વારિ કરે ભારી ભારી કામ,
ભાનુની કને તો ભલાં ચિત્ર ચીતરાવેછે.
નભમાંના તારા જે છે દૂર વસનારા તેને,
જોવા ચક્ષુ તારા નામ દૂર્બીન ધરાવેછે.
તું ગતિ અગમી અમી આપ નમી લાગું પાય,
મ્હાદેવી મને તો ભલી ભક્તિ તારી ભાવેછે.

હસ્તકૌશલ્યવાળો પરદેશી માલ આપણા દેશમાં તૈયાર કરવાને કઇ કઇ બાબતોની તજવીજ પ્રથમ કરવી જોઇએ?

હરેક જાતનો સામાન બનાવવામાં ખનિજ, વનસ્પતિ, ઘાટ ઘડનાર, બુદ્ધિમાન કારીગર, અને મજૂર, એટલાની પ્રથમ જરૂર પડશે. વળી દેશમાં સ્વસ્થતા અને રાજ તરફની છૂટ, એ વાતો અનુકૂળ હોય તો પરદેશી માલની બરાબરી કરવામાં પાછા પડી શકાય ન-

હિ એ વિષે જરા આપણે નીચે પ્રમાણે તપાસીએ

હિંદમાં જોઇતા ખનિજ જડે એવું છે કે નહિ ?

ભરતખંડની ભૂમિમાં દરેક જાતની ધાતુઓ, કોયલા, અને પત્થરો; જોઈએ તેટલા ભરેલાછે. યંત્ર અને બીજો સરસામાન બનાવવા ધારીએ, તો તેમાં ઘણું કરીને કોયલા અને લોઢાનો ખપ જાદે પડશે. તે આપણા દેશમાં છે કે નહિ? તેની પ્રથમજ તપાસણી કરવી એ જરૂરની વાત છે. પ્રથમ કોયલા વિષે તપાસ ચલાવીએ.

ભરતખંડમાં જૂદે જૂદે પાંચ ઠેકાણે કોયલાની ખાણો છે, એવી શોધ થયલી છે. એ કોયલાની નીચે ઘણું કરીને ચૂનાના પત્થરનું પડ આવેલું છે. બંગાળા તથા આસામ આગળના કોયલા કરતાં નર્મદાને કાંઠે આવેલા વધારે સરસ ગણાયછે.

નર્મદા કાંઠે હોસંગાબાદ નામની જગા છે, તેની આસપાસ પાલ્લામઉ સૂધી ૪૦૦ મેલ, તથા ત્યાંથી બીજા અઢીસેં મેલ ઉપર બર્દવાન શેહેરછે ત્યાંસૂધી, અને બર્દવાનથી રાજમહાલ સૂધી દોઢસો માઇલ, અને એ વગેરે બીજી જગાએ પણ કોયલાના કોઠાર ભૂમિમાં ભરાઇ રહેલા છે. ગંગા ને હૂગલીને કિનારે કોયલાની ખાણો ખોદાવા લાગી છે. એ કોયલા સાથે લોઢાની ખાણો પણ ભેળાયલી છે. બર્દવાનની ખાણ કલકત્તાથી ૯૦ મેલ આવેલી છે. પાલામઉ મૂકીને સિંગરોલી નામની જગા ઉપર જઇએ, તો ત્યાંપણ મળી આવે છે. વળી સિંગરોલી તથા જબલપોરની વચ્ચે તપાસીએ, તો કોયલાની ખાણ મળી આવે, એવું ભૂસ્તરવેત્તાનું મત છે.

મુંબાઇથી સાડા ત્રણસેં મેલ છેટે નર્મદા આગળ ત્રણ ચાર જગાએ કોયલાની ખાણો જડેલી છે. વળી કલકત્તાની પૂર્વે બ્રહ્મદેશ તરફ કેટલીક ખાણો માલુમ પડીછે. પણ તેને હજૂ કોઇ ઉપયોગમાં આણતું નથી. એ કોયલાની ખાણો બાબતનો ભૂસ્તરવિદ્યાના પ્રોફેસર એનેસ્ટેડે બહાર પાડેલો નાનો કોઠો આ જગાએ મૂકીશું, તો નિરર્થક નહિ ગણાય.

નંબર.	પ્રાંત.	પ્રગણું.	કોયલાના પડની જાડાઇના ફુટ.
૧	બંગાળા	બર્દવાન	૭ થી ૯
		અદજી નદી	૬ થી ૧૩ાા
		રાજમહાલ	જણાઈ નથી
૨	આસામનો હેઠલો ભાગ	કરીબારી	,, ,,
૩	સીલહેલ	આસેની ટેકરી	,, ,,
		ચેરાપંજી	૨ થી ૨૮
૪	આસામનો ઉપલો ભાગ	નામ સોગ	૬
૫	બહાર	જેપોર	૨ થી ૯
		પાલામઉ	૬
૬	મધ્ય પ્રાંતો	રામગઢ	૩
		રાણપોર	ઘણું જાડું
		સરગુંજા	કેટલાએક વાર
		સિંગરોલી	પાતળું પડ
		સોહાજપુર	ખબર નથી
૭	નર્મદા નદીની ખીણ	ગરાડવાડા	૪૦
		શાહાપુર	૨ થી ૬
		જબલપુર	ખબર નથી
		મરગ	૬
૮	તીનાસરીમ	સમરી	પાતળું પડ
		ચેદુબા	,, ,,
૯	કચ્છ પ્રાંત	કચ્છ	,, ,,

પ્રવીણ ભૂસ્તરવેત્તાઓને બોલાવીને તેમની પાસે ચોકસાઇથી તપાસ કરાવી હોય, તો આપણા ભરતખંડમાં તરેહ તરેહ જાતનાં ઉપયોગી ખનિજોની ખાણો મળી આવશે.

લોઢાની ખાણો—ભાગલપુર જીલ્લામાં રાજમહાલ ગામ પાસેના ડુંગરમાં, પંજાબ, મદ્રાસ, ઓઢીઆ, મહાબળેશ્વર, મધ્ય પ્રાંતમાં ચંદા અને નાગપુરની પાસે, હિમાલયમાં, અને છોટા નાગપુરના પહાડોમાંથી લોઢું નીકળેછે. પણ અત્રે લોઢાને ચોખ્ખું કરવાનાં પૂરતાં સાધનો નહિ હોવાથી વિલાયતી લોઢાથી મોઘું પડેછે. તેને માટે કાંઇ બંદોબસ્ત થાય તો એ લોઢાનો સુખેથી ઉપયોગ કરતા થઇએ.

પત્થર—ચૂનાના પત્થર, ચકમક, સ્લેટ, પત્થર, ગ્રાનેટ, આરસ, અકીક, હીરા વગેરે શણગારના, અને એ વગેરે બીજા ઇમારતી કા-

મના પથરો, ઠામ ઠામ નીકળેછે. માટે તેની પણ આપણા દેશમાં ખોટ નથી. આરસ પહાણ નાગપુર, જબ્બલપુર, અને મારવાડ વગેરે ઘણે ઠેકાણેથી નીકળેછે.

બીજી તમામ ધાતુઓ અને ઉપધાતુઓ પ્રભુએ આપણા દેશમાં ભરેલી છે. પરંતુ આપણા દેશના લોકોને ભૂસ્તરવિદ્યાનું જ્ઞાન બહુ થોડું છે, તેથી તેની તપાસ કરનાર પુરૂષો મળી આવતા નથી. પરદેશીઓની તપાસથી સહેજસાજ માહીતી મળેછે, પણ તે ધૂળ ઉપર લીંપણ જેવી મળેછે. જે પુસ્તકમાં જોઇશું, ત્યાં ભૂસ્તરવેત્તા યૂરોપિયનનું નામ જોવામાં આવશે. ત્યારે શું, દેશી હોંસીલો ભુસ્તરવેત્તા નહિ પાક્યો હોય ? પાક્યો તો હશે, પણ દેશાટનનું દુઃખ માથે લઇ કોણ માથાફોડ કરે ? હે પ્રભુ ! હવે અમારા સામું જો ! અને એવા ખૂણે પડી રહેલા પુરૂષોના અંતઃકરણમાં ઉત્સાહનો અંકુર ઊગાડ !!

હિંદમાં થતી વનસ્પતિનો ઉપયોગ કેવી રીતે કરવો ?

દોહરા.

આખી આ ઇલા વિષે ભારતનો ભૂરિ ભાગ
ખીલ્યો ભાર અરાઢથી ઇંદ્ર પ્રમદ સમ બાગ. ૧
ઇંધન થાયે અતિ ઘણાં, સીશમ, સાલર, સાગ;
સામગ્રી સૌ સંચની, જડશે જાગો જાગ. ૨

આપણા દેશમાં વનસ્પતિની ખોટ નથી. ઔષધમાં વપરાતાં અનેક કાષ્ટો, ફૂલો, ફળો, છાલો, રસો, ગૂંદરો, વગેરે અનેક પદાર્થો નીપજેછે. પરદેશી વપરાતી વનસ્પતિ આપણા દેશમાંથીજ સંપાદન કરવા ધારીએ, તો તે પણ બની શકે એવું છે; કેમકે પ્રભુએ સઘળી વાતની સગવડતા આપણા દેશમાં મૂકેલીછે. આપણે એક દાખલો લઇએ. જાણે કે સિંકો નામનું ઝાડ (કે જેની છાલમાંથી કુઇનાઇન કાઢવામાં આવેછે તે,) આપણા દેશમાં થતું નથી. તેને આપણે ત્યાં ઊછેરવા ધારીએ, તો સુખેથી ઊછરી શકે એવી આપણી જમીન ફળ પ છે. તેમ છતાં એવાં ઝાડ આપણા દેશમાં જો ઊછેરવાને બની શકે એવું ના હોય, તો આપણા દેશમાં સિંકોને મળતી ખાસીયત-

વાળાં ઝાડોની કાંઇ ખોટ નથી. તે જો આપણા દેશના વૈદ્યો, અને ડાક્ટરો પહાડી અને નદીનાં બંને તીરોની ફળદ્રુપતાવાળી જમીનોમાં સુધરેલી રીત પ્રમાણે તપાસ ચલાવી, મળેલી ઔષધિના પ્રયોગ કરી જુએ, તો હું ખાત્રીથી કહુંછું કે તેઓને ચમત્કારી ઔષધિઓ હાથ લાગ્યા વિના રહે નહિ. પાવાગઢ પાસેના ધાણુકા લોકો જંગલોમાંથી એવી તો જડીઓ લાવેછે કે, તે જડીને ઘસીને વીંછીએ ડંખેલી જગાએ લગાવતાં તરતજ આરામ થઈ જાયછે. આપણે કાર્બોનિક ઍસિડ, સલફ્યુરિક ઍસિડ, વગેરે અનેક ઔષધો ચોપડી ચોપડીને થાકીએછીએ, તોપણ ચોવીશ કલાક લગણ વીંછીની વેદના મટતી નથી. એટલી બાતતો ઔષધિ વિષે કરી. હવે યંત્રોનાં સંબંધમાં વપરાતાં લાકડાંને માટે વાત કરીએ.

હિમાલય ઉપર દેવદાર, ફર્ન, વાંસ, વગેરે પોચાં અને હલકાં લાકડાં પુષ્કળ ઉત્પન્ન થાયછે. વિંધ્યાચળ, પશ્ચિમ ઘાટ, અરવલ્લી, અને પૂર્વ ઘાટ વગેરે પર્વતો, અને બીજા નાના નાના પહાડો ને જંગલોમાં સાગ, તણુછ, સાદડ, હળદરવો, ખેર, સીશમ, સૂખડ, મળીઆગર, સાલ, વગેરે ઇમારતી વૃક્ષો થાયછે. તેમાં સાગ અને સીશમ ઉપર જેવી કારીગીરી કરવા ધારો, તેવી કરી શકાશે. કેમકે એ લાકડું સારૂં, સફાઈદાર, સંગીન, ને ટકાઉ હોયછે. બાળવાના કામમાં અને એ વિના બીજાં જે જે કામમાં વાપરવા જોઇએ, તો તેપણ તૈયાર ભરેલાં છે. બાવળના લાકડાની આપણા દેશ ખાતે ખોટ નથી. કાળી જમીનમાં વગર વાવે બાવળની ઝાડીઓ થઈ ગયલી ઠામ ઠામ જોવામાં આવેછે. એ વિના લીમડો, આંબો, મહૂડો, આમલી, વગેરે અનેક તરેહનાં ઝાડો ગોરાડુ જમીનમાં થાયછે.

વળી રાયણનું ઝાડ એવું તો સંગીન, ચીકણું, કઠણ, અને ગુરૂત્વમાં ભારે થાયછે કે બીજાં કોઇ પણ ઝાડ એના એ વિશેષ ગુણને મળતાં આવતાં નથી. એને ગુજરાતી પત્થર કહેછે. એના વહેરેલા ફાચરા પત્થરની છાટની મીશાલે તોલે અને દેખાવે હોયછે. એનાં ડાળાંને છોલી સાફ કરી તેની લાકડીઓ બનાવી, તેના ઉપર જો રોગાન ચઢાવ્યો હોય, તો વિલાયતી લાકડીઓને કોઇ સૂંઘે નહિ, એમાં

બીલકુલ સંદેહ નથી. તોલમાં એથી હલકી બનાવવી હોય તો વડની વડવાઇઓ (સાટોડીઓ) અથવા બીજા વેલા વાપરવા; અને તેની પણ ખોટ નથી. જો સુશોભિત હાથા બનાવવા હોય, તો તાંબાનાં જેવાં જોઈએ તેવાં ખોળાં કરી, તેના ઉપર તરેહ તરેહ રંગની બંગડીઓને વાટી ગુંદરના પાણીમાં કાલવીને, તેથી વેલ વગેરે અનેક ચિત્રો કાઢવાં; પછી તે ખોળાંને દેવતામાં મૂકીને તપાવવું. તેથી તે ખોળાં ઉપર તરેહ તરેહના રંગની બિલોર જેવી ચળકતી વેલબુટ્ટીઓ પડશે, અને ખોળાં બેનમૂન બનશે. પ્રતિમાને આંખની જગાએ ચોઢવાનાં નેત્રો અને વૈષ્ણવોને કોટે ઘાલવાનાં સોનાનાં પગલાં જેણે જોયાં હશે, તેને એનો ખ્યાલ આવશે.

એ સિવાય શીંગડાંના હાથા કરવા ધારશો તો તે પણ બની શકે એવું છે. શીંગડાંને વાળીને સીધાં કરવાને તેને ઘણી ખાટી છાસમાં કે જલદ સરકામાં પલાળી મૂકવાં જોઇએ. પછી તેનો જેવો આકાર કરવો હોય તેવો કરી શકાશે. શીંગડાંના હાથાને રેતડા વતી ઘસી તેના ઉપર મેશ (કાજળ) અને તેલ ચોપડીને, અથવા હરડાં, બેડાં, અને હીરાકશી, તથા તેલ ચોળીને ઓપવા; એટલે ચળકતા અને લીસા હાથા થશે.

કારીગરોની સુસ્તાઇ કેવી રીતે ઉડાડી દેવી.

દોહરા.

શું થઈ બેઠા સુસ્ત સૌ, કર્મ કરો આ કાળ;
દેશ દબાયો દુઃખમાં; કેમ ન લો સંભાળ ? ૧
મિલકતનાં મૂળ ડગમગ્યાં, નાખોછો નિઃશ્વાસ,
તનુજ તમારાં તરફડે, દામ ન દીસે પાસ. ૨

અત્રેના કારીગરો એવા કાંઈ સુસ્ત નથી કે તે છેક બેશી રહેતા હોય. શીખેલા ધંધા તો તેઓ કર્યાજ કરેછે; પણ નવું કરવાની હિંમત ચાલતી નથી. કડીઆ અને સલાટો હોંશીઆર મિસ્ત્રીના તાબામાં રહી કામ કરેછે, તો તેઓ પત્થરના મેહેલો, પૂલો, વગેરે ચણવા કે કોતરવાને પોતાને સોંપેલાં કામોમાં, તેઓ પોતાની ખબરદારી બતાવેછે. આમોદ, દયાદરા, વગેરે કેટલીક જગાએ ચપ્પુ, કા-

તર, અને અસ્ત્રા વગેરે અનેક ઓજારો એવાં તો બનાવેછે કે તે તે જાતની વિલાયતી ચીજોની જે કિંમત પડેછે, તેના ચોથા ભાગની કિંમતે આપણને મળેછે. તેમ છતાં સફાઈમાં અને પાણીમાં પણ ઊતરતાં નથી. હાથા પણ તેવાજ બનાવી જાણેછે. એવા કારીગરોને જોઇતી મદદ આપવામાં આવે, તો આપણે ત્યાં તેથી પણ સરસ માલ જથાબંધ બનતો થાય; અને તેથી કરી પરદેશી માલ આપોઆપ બંધ પડે.

વળી કેટલાક લુહારો હાલ રેલવેનાં, ને લોઢવા, કાંતવા, અને વણવાનાં વરાળ યંત્રથી ચાલતાં કારખાનાંમાં દાખલ થયલાછે. તેઓ યૂરોપિયન એંજીનિયરના બતાવ્યા પ્રમાણે યંત્રોનાં લુહારી કામ કરે છે, તેમાં સારી ખબડદારી બતાવે છે; અને કેટલાક તો એવા માહીતગાર થઈ ગયા છે કે તેઓ યૂરોપિયન એંજીનિયરની મદદ વગર પણ કામ ચલાવી શકેછે. એવા દેશી લોકોને નોકર રાખી તેઓની મદદથી દેશી કારીગીરીમાં સુધારો કરવાને આપણાથી બની શકે એવું છે.

આપણા દેશના સુતારો પણ કસબમાં ઊતરે એવા નથી. પણ "પીરસેલી થાળી પડતી મૂકી કાચું સીધું મગાવી રસોઇ કરવાની કડાકૂટ કોણ કરે?" એજ મીશાલે કારીગર વર્ગને થયલું છે. આખા દેશમાં કારીગર વર્ગ તો વસવાયાંના નામથી પ્રસિદ્ધ થઇ પડ્યો છે. કારીગીરી તો ખરી, પણ કરાવે કોણ? સઘળી ચીજો તૈયાર થઈ પરદેશથી આવવા લાગી, તેથી બજારમાંથી જોઈતી ચીજ તરત ખરીદ કરી લેવાની પડી મૂકી, કારીગરને ત્યાં કરાવવા જાય કોણ? ધર્મની ટેકવાળા પારકી રસોઈ સોંઘી મળતી હોય, તોપણ તે ખાતા નથી; ને બમણી કિંમત ખરચીને પણ પોતાને હાથે કરીને ખાયછે. એવા તો થોડાક પુરૂષ મળી આવે; પણ પરદેશી ચીજ નહિ ખરીદવાની ટેકવાળા દેશી ભકતો મળવા મુશ્કેલ! આ જગાએ આપણા દેશી કારીગરોનો દોષ પણ છે. તે એ કે—આપણે કરવા નાખેલી ચીજ આપણા ટાંટીઆની તંગ નસો ઢીલી થાય, અને જોડાનાં બે તળાં રસ્તામાં રવડતાં થાય, અને આપણું ધારેલું કામ ધૂળ મળે, ત્યારેજ તે કરવા નાખેલી ચીજનાં દર્શન આપણે કરીએ! તેથી કાયર થઈ દેશની દાઝવાળાનાં મન પણ પરદેશી તૈયાર મળતી ચીજોનાં બ-

જાર તરફ તણાય. માટે એવો એક રસ્તો કાઢવામાં આવે કે દરેક વપરાતી ચીજો કારીગરોને કામે લગાડી જથાબંધ તૈયાર કરાવી બજારમાં ફરતી કરવામાં આવે, તો આપણી બનાવેલી ચીજો આપણા લોકો ખરીદ કરતા થશે.

આપણે પરદેશના કારીગરોને કહેવા જતા નથી કે તમે ફલાણી અમુક જાતની ચીજો બનાવીને અમારા તરફ મોકલજો. પણ તેઓને ખબર થાય છે કે અમુક દેશમાં અમુક જાતની ચીજોનો વધારે ખપ છે. તેવી ચીજો, અથવા પોતાને ફાવતી ચીજો તૈયાર કરી નમૂના દાખલ આપણા દેશ તરપ મોકલેછે. તે ચીજો આપણા બજારોમાં લટકતી દેખી આપણા દેશી બંધુઓ દુકાનદારને પુછેછે, કે આ ચીજ શા કામમાં આવે? ત્યારે તે વખતે વેચનારો દુકાનદાર કહે છે કે આતો દીવો મૂકવાની, ભરત ભરવાની, કે અમુક ફલાણા ઉપયોગની છે. તે ઉપયોગી ને ભભકાવાળી સુંદર સફાઈદાર ચીજ જોઈને આપણું મન લલચાયછે. તેથી તે આપણે ખરીદ કરીને આપણા મકાનમાં શોભાને અર્થે કે બીજા વાપરમાં તે ચીજ ગોઠવીએ છીએ. દુનિયાનો રિવાજ છે કે, "ઘેટાંની હાર ગડગડ." કોઈ એક જણના શરીર ઉપર કે મકાનમાં કોઈ નવીન ચીજ જોઈ કે બીજો તેના જેવી શોભા દેખાડવાને તે ચીજ ખરીદવાને આતુર બની જશે. એ રીતે દેખાદેખી ભારે ખરીદી ચાલશે; અને તેથી જે ચીજો જેણે પરદેશથી નમૂના દાખલ મોકલી છે, તેને તે ચીજો બનાવવાનું ભારે કારખાનું કાઢવાની હોંસ વધશે. એજ નિયમને અનુસરીને આપણા કારીગરો વર્તે, તો પરદેશી ચીજો આવતી અટકે અને દેશી કારીગરોની કળા ચઢતી થાય.

નોકર અને મજૂરની છત શી રીતે વધારવી.

ચોપાઇ ત્રિતાળી.

ધરી ઘણા તો વેષ વિરાગી, ભરે પેટ પોતાનું માગી;
હાડ ભાંગીને કામ ન કરવું; પર મહેનત પર પેટજ ભરવું.
કોઇ મુંડ મૂંડાવી બેઠા; કોઇ ખાખીના ઝુંડમાં પેઠા;
આપ્યા અવયવ ઇશ્વર બાપે, વાપરે ન તે ભરાય પાપે.

કારખાનાંમાં મજૂર લોકોનો ઘણો ખપ પડેછે. તેની છતપણ આપણા દેશ ખાતે ઓછી નથી. આ દેશની વસ્તિનો ઘણો ભાગ એવી તો ગરીબ અવસ્થામાં આવી ગયોછે, કે તેમનામાંના કેટલાકને ખેડવાની જમીન મળતી નથી, તેમજ વેપાર રોજગાર કરવાને અકકલ અને નાણાંની પણ ભારે ખોટ છે. તેથી બિચારા ગરીબ લોકો કૃષિકર લોકોને ત્યાં ચાકર રહેછે. તેમને દરમાસે સવા રૂપિયો મૂસારો મળેછે, એટલામાં તેમનાં બાલબચ્ચાંનું પોષણપણ પૂરૂં થતું નથી. આવા લોકોને કારખાનાંમાં મજૂરી કરવા બોલાવો; તો તેઓ હોંસે હોંસે થોડા પગારથી પણ દાખલ થવાને આવશે. એવા લોકોથી કામ લઇ જે જે ચીજો બનાવશો, તે તે સઘળી સોંઘી પડશે. ઇંગ્લાંડ જેવા દેશોમાં એક સાત આઠ વરસનું છોકરૂંજ દરરોજ ઓછામાં ઓછો એક શિલિંગ કમાઇ લાવેછે. તેના પ્રમાણમાં ત્યાંના મોટા મજૂરોને પણ મેહેનતાણાની સારી રકમ મળતી હશે, તેમાં શી નવાઇ? અહિં તો બશેર બાવટે આખો દિવસ કામ કરે, એવા મજૂરોની ખોટ નથી. તેઓને ઉદ્યમે લગાડવામાં આવે, તો તે બિચારાઓની હાલત સુધરતી જાય, અને તેની સાથે દેશી કારીગીરીની પણ ચઢતી થાય.

કેટલીક કોમના લોકો ભૂખે મરવા છતાં પણ ઉદ્યમ કરતા નથી. તેઓને સમજુતી આપવામાં આવે છે; પણ તે સઘળું ધૂળ ઉપર લીપણ થઇ જાયછે. રજપૂત લોકોનાં અસલ રાજ્ય હોવાથી એ કોમના લોકો એવા તો વ્યસની, આળસુ, અને મોટાઇવાળા થઇ ગયા છે કે તેઓ ભૂખ વગેરે ઘણી તરેહની ઇજાઓ શોષીને પણ મૂછે ભાતનો દાણો વળગાડી બહાર નીકળેછે; પણ અભિમાન છોડી ઉદ્યમે લાગતા નથી. ઘણાં શેહેરોમાં આબરૂદાર મુસલમાનની ઘરડી સ્ત્રીઓ છાની રીતે ભીખ માગતી મારા જોવામાં આવી છે.

કેટલાક તો પારકાની મજૂરી પરજ પેટ ભરનાર લોકો તડીમાર રોજી ચાલતી હોય, તોપણ તેમાં સામેલ થઇ મજૂરી કરવા જવાની બિલકૂલ બાધાજ લઇને બેઠાછે. ભીખ એજ તેમનો તાજો રોજગાર તેઓ ગણેછે. જેમ કારીગર સવારને પહોર ઊઠી પોતાની પેઢીએ કે પારકાનું કામ કરવા જાયછે, તેમ એવા ભિક્ષુક લોકો સવાર

થઇ કે માગવાની ઝોળી ઝાલી ચાલ્યાજ છે! આવી કોમમાં રાવળીઆ, ગૃહસ્થાશ્રમી ફકીર, કેટલાક બ્રાહ્મણ, ગૃહસ્થાશ્રમી ગોસાંઇ, વગેરે નાતો છે. આવા મજબૂત બાંધાના લોકોને દુનિયા ભીખ આપતી બંધ થાય, અથવા કાંઈ યુક્તિથી તેમને ઉદ્યમમાંથી થતી કમાણીનો સ્વાદ ચખાડવામાં આવે, તો તેઓનાં મન ધીમે ધીમે ઉદ્યમ તરફ વળે, અને તેથી તેઓ આખરે ભીખ માગવી પડતી મૂકે.

આવી રીતે સઘળા લોકોનાં મન ઉદ્યમી થઇ જશે, ત્યારે કારખાનાંમાં નોકર અને મજૂરો સોંઘા મળશે એટલુંજ નહિ, પણ તેઓ નવા નવા ઉદ્યમ અને હુન્નરો આપો આપ શોધી કાઢશે.

વળી વડીલોપાર્જીત મિલકત સઘળા ભાઇઓ વચ્ચે વહેંચ્યાથી, તે મિલકત ખાઇને પડી રહેવાની ટેવ ઊછરતા તરૂણોને પડી છે; પણ તેમ નહિ વહેંચાતાં ઇંગ્લાંડની પેઠે મોટા છોકરાને સઘળી મિલકતનો વારસ બનાવવો, અને બાકીના દીકરાઓ પોતાને મન ગમતા ઉદ્યમે વળગી પોતાને માટે જોઇતી મિલકત સંપાદન કરે. ફકત તેમને ભણાવવાનું જોખમ મોટા ભાઇને શીર રાખવામાં આવે, તો તેઓનાં મન આપોઆપ નવા નવા હુન્નરોને શોધવા લાગશે.

દેશી હુન્નરમાં વધારો સુધારો કરવા જેવો અનુકૂળ વખત છે કે નહિ?

ચોપાઇ ત્રિતાળી.

આ છે કાળ અનુકૂળ એવો, લેવા લાભ બને તે લેવો;
રાજ રાણીતણું છે રૂપાળું, દેવી જેવી દિસે છે દયાળુ.
ન ધપે કોઇ લૂંટી લેવા, મહમદ, તૈમુર, નાદિર જેવા;
ફરી જોગ જડશે નહિ આવો; પરદેશી હુન્નરને હઠાવો.

અગાઉ દેશી અને પરદેશી લૂટારૂનાં ધાડાં વારે વારે આપણા દેશમાં ઠામ ઠામ પડી ભારે અનર્થ કરતાં હતાં. તેથી તે વખતે સઘળા શાહુકાર લોકો ઠરીને બેશી શકતા નહિ; તો પછી હુન્નરી કામનાં કારખાનાં ચલાવવા કોનું મન આગળ ધપે? તે વખતથીજ પૈસો દાટવાનો આપણા લોકોમાં રિવાજ પડ્યો છે. જ્યારે ઘરડાં આદમી એવા ત્રાસજનક વખતની વાતો કરેછે, ત્યારે આપણાં રો-

માંચ ખડાં થયા સિવાય રહેતાં નથી. વળી પરદેશી રાજાઓની સ્વારીઓ આપણા દેશને ખેદાન મેદાન કરી નાખતી હતી, અને દેશી રાજાઓની માંહેની લઢાઇઓનું દુઃખ પણ આપણી ભારતવાસી પ્રજાને થોડું સોસવું પડતું નહોતું. એવા અવ્યવસ્થિત વખતમાં પણ આપણા વડીલોએ આપણા દેશમાં હુન્નરરૂપી સૂર્યને ઊગાડી, એનો પ્રકાશ અન્ય દેશોમાં પાડયો હતો.

હાલમાં તો આપણા ઉપર કૈસરેહિંદ (હિંદના સિંહ)નું તાજ દિલ્લીના તખ્ત ઉપર તગારા મારી રહ્યુંછે. બકરી જેવા નિર્બળ આદમીનું પણ કોઈ નામ લઇ શકતું નથી. નાણાંની થેલીઓ લઇ રાંડી શંડ ડોશીઓ એક ગામથી બીજે ગામ વિના ધાસ્તીએ ફરતી થઇ ગઇ છે. દરેક જણને પોતપોતાની મરજી પ્રમાણે ઉદ્યમ આદરવાને રાજ તરફથી કોઇપણ તરેહનો બાધ નડતો નથી. દેશમાં લડાઇ ટંટાનો પણ વખત નથી કે જેથી આપણો માલ લૂંટાવાની આપણને દેહેશત રહે; તો પછી હાલનો વખત દેશી કારીગરોમાં સુધારો વધારો કરવાને કેવો અનુકૂળ છે?

ચીન દેશમાં સુધારો વધારો કરનારને કેટલુંક રાજ્ય તરફથી થતું દુઃખ ખમવું પડેછે. એવું દુઃખ આપણા ઉપર નથી. ગમે એવા ઉપયોગી નવા નવા ધાટો બનાવો, નવા હુન્નરો શીખો, અને અનેક કારીગીરીનાં કામો કરો, તેમાં તમારો કોઇપણ હાથ ઝાલવા આવનાર નથી. માટે આપણા પૂર્વજોનું નામ રાખવાનો વખત નજીક આવ્યોછે એમ જાણી, આપણે એકાગ્રચિત્તે તનમનથી એવા તો હુન્નરકળાને વળગી પડો કે આપણા માલ આગળ પરદેશી માલ ઝાંખો પડી જાય, અને આપણા દેશી ભાઇઓ પરદેશી માલને એક દિવસ પરોણો પણ રાખે નહિ; અને તે આવ્યો તેવો પાછો ચાલ્યો જાય અથવા ધૂળને છઠ્ઠે ભાગે આપણા દેશમાં વેચાઈ જાય, ત્યારે આપણું આવા અનુકૂળ વખતમાં જીવ્યું સાર્થક ગણાશે. જ્યાંસુધી આપણા હાથની કારીગીરીથી બનેલા માલના કોથળા પરદેશનાં બંદરોમાં ખડખડતા નથી, ત્યાંસૂધી આપણા અંતરની અને બહારની ઉદાસી ઓછી થવાની નથી, અને ત્યાં સૂધી ભરતખંડને વળગેલો બ્રહ્મરાક્ષસ ક્ષય પણ

મટવાનો નથી.

ધારો કે ઉપર પ્રમાણેના સર્વ સાધનો સંપાદન કરી પરદેશી માલને મળતોજ માલ બનાવી શક્યા; પણ આપણા દેશી બંધુઓ આપણે બનાવેલા માલનો ઉપયોગ કરશે કે નહિં, તેના વિષે વિચાર કરવાનો રહ્યો. તેના ઉત્તરમાં જણાવુંછું કે અત્રે બનતા માલનો સુખેથી સઘળા લોકો ઉપયોગ કરશે. સબબ તેનાં કારણો હું આગળ બતાવુંછું.

आपणा देशमां बनतो माल आपणा उपयोगमां आवे तेने माटे केवा उपायो लेवा जोइये ?

પરદેશી ચીજો પડી મૂકી આપણે અહિં બનાવેલી ચીજો લોકો ખરીદ કરે, તેને માટે તેની બનાવટ કરવામાં આપણે ત્રણ વાતની ગોઠવણ રાખવી પડશે. પ્રથમ તો લોકોના વાપરમાં આવતી ચીજો આપણે બનાવવી જોઇએ; બીજું, ઘાટે, રૂપે, સફાઇએ, અને તોલે વિલાયતી ચીજોની સાથે ભળી જાય એવી હોવી જોઈએ; અને ત્રીજું પરદેશી ચીજોની હાલમાં જે કિંમત પડેછે, તેનાથી ઓછી કિંમતે પડવી જોઇએ, અને એમ તુરત વખત ન બને એવું હોય, તો તેને મળતીજ કિંમતે તો પડવી જોઈએ. એ ત્રણ વાતનો વિચાર કરીને તેજ પ્રમાણે માલ બનાવવો શરૂ કરીશું, તો એ કામમાં આખર આપણે ફતેહ પામ્યા સિવાય રહેવાના નથી. હવે એ ત્રણ વાતો બની શકે એવી છે કે નહિ, તેના વિષે વિચાર કરીએ. પેહેલી બાબત વિષે તો ઝાઝો વિચાર કરવાની જરૂર નથી; કેમકે વાપરવામાં આવતી ચીજોથી આપણે અજાણ્યા નથી. તેમ છતાં બજારમાં વેચાતી પરદેશી ચીજોનું કક્કાવારી લિસ્ટ પ્રથમ તૈયાર કરીને તે પ્રમાણે બનાવવાનું શીરૂ કરવું.

माल सुंदर सफाइवाळो जोइये.

બીજી બાબત વિષે જો આપણે ધ્યાન આપીએ નહિ, તો આપણે બનાવેલા માલનો ઉપાડ આપણા ધારવા પ્રમાણે થશે નહિ; કેમકે "રૂપાળું જોઇ સબ કોઇ મોહે." ભાત ભાતની છીંટો તથા ભરત ભરેલાં ભાતભાતનાં જાળીદાર જાળના જેવાં કપડાં, અને આરશી જેવી ચળકતી, ખડખડતી, રંગબેરંગી સાટિનો જોયાથી સઘળાનાં મ-

નને તેનું મોહાકર્ષણ થાયછે, તેથી તે ખરીદવાને સૌ કોઇ ચાહેછે.

જ્યારે સઘળી દુનિયાનો સમૂહ લઇ તેને મૂર્તિમાન ગણીએ, તો તેનો સ્વભાવ એક નાના બાળકના સ્વભાવને મળતો આવેછે. જેમ છોકરૂં જન્મ્યા પછી દેખા દેખી બોલેછે, ચાલેછે, અને આગળ જતાં પાસે રહેનાર વાલીની એકે એક નકલ કરેછે, તેમજ દુનિયા પણ કરેછે. જેમ છોકરાંને સમજુતી આપતાં છતાં પણ તે માનતું નથી, ને દેખાદેખી ચાલવાના વલણપર તણાઇ જાયછે, તેમ બાળક બુદ્ધીવાળી દુનિયા પણ વિદ્વાનોનાં ભાષણ સાંભળતી નથી; અને સાંભળે, તોપણ એક કાને સાંભળીને તે બીજે કાને કાઢી નાખી ગાડરીઆ પ્રવાહમાં વહ્યાં કરેછે. તેથી આપણે પરદેશી માલ ખરીદવાથી દેશને થતાં નુકસાન વિષે સમજાવીશું, તો તે હવામાં ઉડી જશે એટલુંજ નહિ, પણ તે આપણું ફળદાયક કહેણ નહિ માનતાં તેનું મન રૂપાળું દેખાવાના વળણપર વળી જઇને તે પરદેશી ચીજો વાપરતાં અટકશે નહિ. ત્યારે હવે જેમ બાળકે લીધેલી અહિતકારક ચીજ આપણે છોડાવી દેવી હોય, ત્યારે આપણે તેને મળતીજ બીજી ચીજ તેના મોં આગળ ધરીને તેના હાથમાં પકડેલી ચીજ પડતી મૂકાવીએ છીએ, તેમ દુનિયાના હાથમાંથી પરદેશી ચીજો પડતી મૂકાવવાને આપણે પરદેશી ચીજોના જેવીજ ચીજો બનાવીને દુનિયાના મોં આગળ ધરવી જોઇએ. તેથી તે આપણી બનાવેલી ચીજોજ ખરીદ કરશે; અને તેથી કરી પરદેશી ચીજો આપણા દેશમાં ઉતરતી બંધ થશે.

ધારો કે ઘણા ખપવાળી એકજ ચીજ આપણા દેશમાં બનતી થઇ, તો તેના સંબંધમાં આવતી અનેક ચીજો બનાવનારની રોજી પણ ઉઘડશે; અને રોજી ઉઘડશે, તો તેથી તેઓ તાજા પણ થશે; અને જ્યારે કારીગરો તાજા થશે, ત્યારે તેની સાથે વેપારમાં પણ તેજી આવશે; અને જ્યારે વેપારમાં તેજી આવશે, ત્યારે દેશની દોલતમાં વધારો થતાં નાણાંની પણ છૂટ રહેશે; અને તેથી આપણા ભરતખંડની પ્રજાને સઘળા દિવસો દિવાળીના જેવા દેખાશે.

હવે એક બાબતનો વિચાર કરવાનો એ રહ્યો કે, પરદેશી ચીજો જેવીજ આપણે બનાવી શકીશું ? હા. કેમ નહિ બનાવી શકીએ ?

માણસ ધારે તો પહાડ તોડી સમુદ્રમાં નાખી દે, તો નકલ કરવી તેમાં તે શું? કેટલીક ચીજોમાં સફાઇ લાવવાને માટે યંત્રની જરૂર પડશે, તે આપણે વાપરતા થઇશું, તો તેથી આપણો ધારેલો અર્થ પાર પડશે. વળી આપણા લોક નકલ કરવામાં હઠે એવું હું ધારતો નથી. કારીગર લોકોને બનાવટની સમજણ પાડવામાં આવશે, તો તેઓ શીખવેલી વાત ઝડપી લેશે એવી આશા છે. માટે જો આપણે આગ્રહ રાખી વળગ્યા રહીશું, તો છેવટે એવાજ ધારો આપણા દેશમાં બનશે.

परदेशी मालथी देशी माल सोंघो पडे, एम करवुं जोइए.

આપણે બનાવેલો માલ સોંઘો પડે નહિ તો તેથી આપણને શી હરકત નડે? તેના ઉત્તરમાં જણાવું છું કે, દુનિયામાં થોડાક જણ વધારે દામ ખરચી સંગીન વસ્તુ શોધીને તેનેજ વાપરે એવા હશે. સૌ કોઇને સોંઘો માલ લેવા તરફનું વળણ હોયછે. કોઇ એક ચીજ કરતાં તેના જેવી બીજી મોંઘી કે સોંઘી વેચાયછે, તેનું નીચે બતાવેલાં ત્રણ કારણોમાંનું એક કારણ છે.

(૧) તે ચીજ તોલમાં ભારે કે હલકી હોયછે; (૨) તે ચીજ બનાવતાં તેમાં વપરાતો સામાન મોંઘી કે સોંઘી કિંમતનો પડેલો હોય છે; (૩) ઘણે દૂર દેશાવરથી આવતાં ઘણા વેપારીઓનો નફો અને ખરાજત ચઢતાં મૂલે મોંઘી પડેછે. હવે જ્યારે તોલમાં ભારે હોય, ત્યારે તો તેની કિંમત વધે, તેમાં કાંઇ બાધ લેવા જેવું નથી; તોપણ "થોડું રાંધ ને મને ધરાવ", એ કહેવત પ્રમાણે થોડી કિમ્મત આપી જ્યાં ત્યાં નામનીજ જણસ કોઇ ગરીબ આદમીને રાખવી હોય, તેને તો એ તોલમાં ભારે જણસ પણ મોંઘી પડેજ. આવી જાતના ગરીબ આદમી દુનિયામાં ઘણા છે કે જેઓને દર માસે દોઢ કે બે રૂપિયાના મુસારામાં પોતાનો કુટુંબ કબીલા સાથે ગુજારો કરવો પડે છે. તેઓ સોંઘો માલ શોધતા ફરેછે. ગજીયું, જોટા, ખાદી, બાસ્તો, અને દેશી વણાટનાં ધોતીઆં વિલાયતી માલથી ઘણાં ટકાઉ અને ભારે છે એમ સૌ કોઇ જાણેછે, તોપણ લોક વિલાયતી માલ લેવા દોડેછે. કારણ કે-દેશી ગજીયું કે જોટા એક રૂપિયાનો બાર હાથને

આશરે મળેછે, તેથી બે આદમીનાં અંગ ઢંકાય છે; અને તેટલાજ પૈસાની ઝીણા કુમાશની દોટી એટલીજ કિંમતમાં સત્તર અરાઢ હાથ આવે છે, તેથી ત્રણ જણનાં તન ઢંકાયછે. એવી રીતે ગરીબ લોકો ટકાઉપણા તરફ ન જોતાં તરત સમયે એક તન વધારે ઢંકાયું, તે તરફ વધારે જુએ છે. એ એમની કમ સમજને લીધે હશે ? ના. તંગીના કારણથી તેઓ પાછળના સુખની દરકાર નહિ કરતાં તરતનું સુખ જુએછે. માટે આપણે જેમ બને તેમ માલ સોંઘો પડે તેમ કરવું જોઇએ.

આપણે એક દાખલો લઇએ કે, જાણે દીવાસળીની પેટીઓ નાર્વે જેવા દૂર દેશોમાંથી આપણા દેશમાં આવેછે, તેથી તેની કિંમત જાદે પડવી જોઇએ. તેને બદલે એક પૈસાની બે લેખે સોંઘી ને સપરી આપણા દેશમાં મારી મારી ફરે છે. તેથી તેને ગરીબથી તે તવંગર સુધી હરકોઇ બહોળે હાથે વાપરેછે. એની કિંમત જો જ્યાદે હોત, તો તેના ખરીદનાર થોડાજ મળી આવત.

જે ચીજ બનાવવામાં મોઘો મશાલો વપરાયો હોય, તો તે પણ મોંઘી પડે. માટે તેમાં મિશ્ર કરવાની ચીજો પણ જેમ બને તેમ સોંઘા મૂલથી મેળવી શકાય તેમ કરવું જોઇએ. તેવી ચીજો જો આપણા દેશમાંથીજ મળી આવે, તો તેમ બની શકે પણ ખરૂં.

પરદેશથી આવતા માલના જેવોજ જો આપણે આપણા દેશમાં માલ બનાવીએ, તો તે પરદેશી માલના કરતાં સોંઘો પડવો જોઇએ. કેમકે પરદેશી માલ ઘણા વેપારીઓને હાથે ચઢતો ચઢતો આવે, તેથી તે દરેકનો નફો મૂળ કિમ્મત ઉપર ચઢતો જાય. વળી જ્યાંથી તે નીકળે ત્યાં તેનું નૂર, ભાડું, અને ઊંચકામણી વહેવરામણીની રકમ પણ તેના ઉપર ચઢે; તેથી તે અત્રે આવતાં મોઘો પડે. પણ તે લોકો જે યુક્તિથી બનાવતા હોય તેજ યુક્તિથી, અથવા તેથી સવળતાવાળી રીતે, જો આપણે બનાવી શકીએ, તો તેમના માલથી આપણો માલ સોંઘો પડે.

આપણા દેશમાં બનતો માલ આપણને સોંઘો પડે, તેની યુક્તિઓ એ છે કે, થોડી મહેનતે અને થોડા વખતમાં ઘણું કામ થાય, એવી ત્વરાવાળાં સાધનો વડે માલ બનાવીએ, તથા તેમાં વપરાતી

ચીજો આપણા દેશમાંથીજ સંપાદન કરી શકીએ, ત્યારેજ એમ બને. હવે થોડી મહેનતે અને થોડા વખતમાં વધારે કામ થાય, તેને માટે બે તરેહની યુક્તિઓ કામે લગાડવી પડશે. એક તો કામની વહેંચણી અને બીજી યંત્રની મદદ. એ વિષે આગળ લખીશું.

कामनी वहेंचण करवी जोइए.

જે ચીજ હસ્તકૌશલ્યથી બનેલી આપણે જોઈએ છીએ તેના વિષે બારીકીથી તપાસ કરીએ, તો આપણને માલમ પડશે કે તે બનાવવામાં જૂદાં જૂદાં ઘણાં કામ કરવાની જરૂર પડેછે. આપણા દેશમાં ઘાટ ઘડવાની બાબતમાં ઘણું કરીને એવી રીત છે કે, કોઈ એક જાતની ચીજ બનાવનારો તેજ ચીજપર ગમે તેટલી જાતની કારીગીરી કરવી પડે, તે સઘળી કારીગીરી તે એકલોજ કર્યાં કરશે. જાણે તે બાબત આપણે એક દાખલો લઇએ; સ્ત્રીઓને પગે ઘાલવાનાં કલ્લાં કરાવવાને માટે આપણે એક સોનીને ત્યાં અમુક તોલા ચાંદી નાખી. હવે એ ચાંદી ઉપર સોનીને કેટલી જાતની કારીગીરી કરવી પડશે, તેનો આપણે વિચાર કરીએ. પેહેલી–એ ચાંદીને તપાવીને પ્રવાહી બનાવી તેને એક રેચીમાં રેડી તેનો પાસલો પાડશે; બીજી–પાસલાને જરા ટીપી સરખો કરશે; ત્રીજી-પાસલાનું ગુરૂત્વ મધ્ય બિંદુ શોધીકાઢી તેના બે સરખા ભાગ છીણી વડે કાપીને જૂદા કરશે; ચોથી-તે પાસલાને તપાવશે; પાંચમી-તેને ટીપી ટીપીને પતરાં કરશે, પણ ટીપતાં ટીપતાં વારે વારે તપાવવું પડેછે, માટે વચમાં વચમાં તે પતરાં તપાવતાં જવાં પડશે; છટ્ટી–જે પ્રમાણે કલ્લાંનો ગાળો ને જાડાઇ રાખવી હોય તે પ્રમાણે તે પતરાં લાંબાં ને પ્હોળાં રાખી વધારાની કોરો કાપી નાંખશે; સાતમી–તેનાં ભૂંગળાં બનાવશે; આઠમી–તેના સાંધા ઝાળશે; નવમી-તેમાં કલાઇ ભરશે; દશમી-તેને ગોળ વાળશે; અગિયારમી–જેવી ભાત પાડવાની હશે, તે પ્રમાણે તેનાપર ચિત્રો આંકી જશે; બારમી-તે ભૂંગળાંમાંથી કલાઈ કાઢી નાખશે; તેરમી-તેમાં ફરીને પાછી કલાઇ ભરશે. એ રીતે તેનાપર ચિત્ર ઉપાડવાને માટે બે ચાર વખત કલાઈ ભરશે; અને પાછી તેમાંથી કાઢી નાંખશે. એ રીતે ઉપલક ઉપલક ગ-

ણુતાં સોળ સત્તર પ્રકારની કારીગીરી તો કલ્લાંનાં ખોખાં તૈયાર થતાં સૂધીમાં થઈ ગઇ. હવે તેના ચેકડા અને નાકાં બનાવવાં, તેને રેંવવાં, ખોખાં બેસતાં કરવાં, ખીલી પસીઆરાં તૈયાર કરવાં, તેને બેસારવાં, કાણાં પાડવા, તેને ઓપવાં, એ વગેરે એનાપર કરવી પડતી નાની મોટી કારીગીરી ગણવા ધારીએ, તો તેની ગણતરી સેંકડાએ થાયછે.

આવી રીતે બધી જાતની ચીજો બનાવવામાં તેપર કરવી પડતી બધી કારીગીરી ઘણું કરીને એક કે બે જણ બેઠા બેઠા ધીમાશથી કરેછે, તેથી તેઓને એકજ દાગીનો તૈયાર કરતાં વધારે વખત વહી જાયછે. આવી રીતે તેમાં રોજ વધારે જાય, તેથી તેની કિંમતમાં વધારો થાયજ; અને કિંમતમાં જ્યારે વધારો થયો, ત્યારે તે સોંઘી મળવાની શી આશા રાખીએ ? એનું કારણ એટલુંજ છે કે એકજ જણ સોઇ, સુતાર, સાળવી, સોની, લુહાર, અને દુકાનદારનો ધંધો શીખવા ધારે તો તેમાંની એકપણ વિદ્યામાં તે પૂરેપૂરો માહીતગાર થાય નહિ, સઘળી અધૂરીજ રહે. તેમજ જો એકજ આદમી બધું કામ કરવા માડે તો તે ગૂંચવાઇ પડ્યા વિના રહે નહિ. કેમકે જેમ એક માણસ એક ધંધામાં પૂરેપૂરી રીતે જાણીતો થાયછે, તેમ ઘણામાં થઇ શકતો નથી. વળી એક કામ પડ્યું મૂકીને બીજું કરે તેમાંએ કેટલોક વખત જાય. માટે વિલાયતમાં દરેક કારખાનામાં કામ કરવાની એવી રીત છે કે, અમુક કોઇ એક જાતની ચીજ બનાવવાને જૂદાં જૂદાં માણસ કામે લાગેછે; અને તે સૌ જૂદું જૂદું કામ કરેછે.

ઇશ્વરે સૃષ્ટિમાંના સઘળા પદાર્થોમાં એક એક વિશેષ ગુણ મૂકેલોછે. સૂંઠ, મરચાં, મરી, પીપર, ગંઠોડા, અને લવિંગ એ સઘળી તીખી વસ્તુઓ છે; અને કેળું, અનુરૂં, પાકી કેરી, ગોળ, શાકર, વગેરે અનેક ગળપણ વાળી ચીજો છે. પણ દરેકમાં વિશેષ ગુણ જૂદા જૂદા રહેલા છે. નિશાળમાં ભણતા છોકરાને જો બારીકીથી તપાસીએ, તો સાફ જણાશે કે, અમુક છોકરો અમુક વિષયમાંજ સર્વથી શ્રેષ્ઠતા ધરાવનારો હોયછે. કોઇક ગણિતમાં સારો હોય, તો ભૂગોળ ઇતિહાસમાં સાધારણ કે છેક નબળો હોયછે. કોઈ માણસ અતિ દીર્ઘદૃષ્ટિથી તર્ક કરી, થવાનાં પરિણામથી સચેત રહેછે. કોઇ વાચાળ બુદ્ધિ

થી તરત સામાને બોલતો બધ કર્યામાં હોશિયાર ગણાયછે, અને કોઇ સારી યાદદાસ્તવાળો હોયછે. આવો કુદરતી નિયમ જોતાં એમ સમજાયછે કે દરેક જણને એક બીજાનો ખપ પડે, અને તેથી તેઓ સઘળા સંપ સંપીને રહે.

એ ગુણને મળતા રહી જેનામાં જે ગુણ છે, તે ગુણને અનુસરતું જૂદુ જૂદું એકેક કામ જૂદા જૂદા આદમીને સોંપી, એક જાતની ચીજો જથાબંધ બનાવવામાં આવે, તો તે ચીજો સોંઘી પડશે. વળી દરેક જૂદું જૂદું કામ કરનારા એકજ કારીગીરીમાં વિશેષ કુશળતા ધરાવનારા માણસ ન મળી આવે; તોપણ ગમે તે માણસને પણ એકજ કામ સોંપવામાં આવશે, તો તેઓના હાથ થોડા દિવસમાં કેળવાઇને કોઇ એક વિશેષ કારીગીરી કરવામાં એવી તો ઝડપ પકડશે કે તેઓને કામ કરતાં જોઇ આપણું હૈયું સાનંદાશ્ચર્ય સાથે અતિ હર્ષ પામ્યા સિવાય રહેશે નહિ.

આપણા દેશમાં જૂજ એવી પણ પેઢીઓ છે કે, જ્યાં કેટલીક રીતે વહેંચીને કામ કરવાનો ચાલ છે. એવી પેઢીઓના કારીગરો સારી રીતે ખાતા પીતા મારા જોવામાં આવેલા છે. ત્યાં કામનો ઉપાડ પણ સારો થાયછે. પણ ઘણે ખરે ઠેકાણે એ રિવાજ બિલકૂલ જોવામાં આવતો નથી. વિલાયતમાં એવો રીવાજ છે કે એક જણ બનાવવાની ચીજપર એક જાતની કારીગીરી કરીને, તે ચીજપર બીજી જાતની કારીગીરી થવા તેને બીજા તરફ ફેંકે છે, અને બીજો ત્રીજા તરફ ફેંકે છે. એ રીતે જેટલી કારીગીરી કરવાની હોય, તેટલી વખત તેટલા કારીગરને હાથે તે ચીજ ચઢેછે. આવી રીતે કામ ચક્રાકાર કૃતિથી કરવાથી કારીગરોના હાથ એવા તો વેગમાં આવી જાયછે કે, તેઓ થોડા વખતમાં આપણને નવાઈ ઉપજાવે એવું ઘણું કામ કરી શકેછે.

અપણે ટાંકણીના કારખાનાનોજ એક દાખલો લઈએ. તેમાં બાર જણ કામે વળગીને દરરોજ પચાશ હજાર ટાંકણીઓ બનાવી શકેછે. એ હિસાબે દરેક જણ દરરોજ ચાર હજારથી જાદે ટાંકણીઓ બનાવેછે, એમ જણાયું. પણ જો દરેક જણ જૂદો જૂદો, જૂદા જૂદા

સંચા લઇને બધાંએ કામ પોતેજ કરે, તો મુશ્કેલીથી પચાશ ટાંકણીઓ દરરોજ દરેક જણ બનાવી શકશે. ક્યાં ચાર હજાર, ને ક્યાં પચાશ! આટલો બધો તફાવત કોણે પાડ્યો? એક જણને હાથે એકજ જાતનું કામ કરવાના મહાવરાના પ્રયોગથી પ્રગટ થતા વીજળી જેવા વેગે!! માટે જ્યાં સૂધી એકજ કારખાનામાં કોઇ એકજ જાતની ચીજ જથાબંધ બને, એવાં અનેક કારખાનાં આપણા દેશમાં ઊઘડશે નહિ, ત્યાંસૂધી પરદેશી ચીજો સાથે હરીફાઇ કરી શકવાને, કે આપણા દેશમાં બનતો માલ સોંઘો પાડવાને આપણે સમર્થ થઇશું નહિ.

સુધરેલા યંત્રોની મદદ લેવી જોઇએ.

ઇંદ્રવિજય છંદ.

સીત હરી તવ ધીર ધરી રણવીરજ રામ દળે ચઢી આવ્યો;
લૈ પટક્યા ગ્રહી રાક્ષસ 'ખે', હનમંત કપિંબળવંત કહાવ્યો.
કાળ ઘણો નભમાં રવડ્યા; હમણાં પ્રતિપક્ષી તણો પખ ફાવ્યો;
પૂર્વ તણું હૃદયે ધરી વેરજ સંચ રૂપે થઈ હિંદ હઠાવ્યો.

પ્રથમ માણસોને જ્યારે વિદ્યા કળાની માહીતી થોડી હતી, તે વખતે તેઓ જે જે કામ કરતા તે સઘળાં પોતાને હાથે કરતા. કપાસમાંથી કપાસીઆ હાથ વતી ફોલી કાઢતા, દાણાને બે પત્થરની મદદથી ખાંડીને બાફી ખાતા, વગેરે જે જે કામ કરવાં પડતાં તે તે સઘળાં અનઘડ ઓજારની મદદથી હાથે કરતા હતા. આવી રીતે ઘણો વખત ગાળીને કંટાળો ઉપજાવે એવી અસહ્ય મહેનત કરીને જૂજ કામ કરી શકતા. હજૂ પણ દ્વિજોનાં ઉપવીતો એ જૂના જમાનાની રીતની સ્મૃતિ આપેછે. (બ્રાહ્મણોને પહેરવાનાં સૂત્રનાં જનોઈ હાથે કાંતેલાં હોય તે પવિત્ર ગણાયછે.)

આવા કંટાળામાંથી મુક્ત થવાય અને થોડી મહેનતે ઘણું કામ કરી શકાય, એવી યુક્તિઓ જ્ઞાની પુરૂષોએ શોધવા માડી. તેમણે ધીમે ધીમે દાણા દળવાની ઘંટી, કપાસ લોઢવાનો ચરખો, પીંજવાની પીંજણ, કાંતવાના રેંટીઆ, વણવાની શાળ, તેલ કાઢવાને ઘાણી, પાણી કાઢવાને રેંટ, ગાડાં, ગાડીઓ, કોલું, હળ, એવાં અનેક સાદાં યંત્રો બનાવીને તે હાથથી ચલાવવા માડ્યાં. તેથી પ્રથમના કરતાં કાંઇક

માણસના સુખમાં વધારો થયો. ત્યારપછી તે યંત્રો ચલાવવામાં જનાવરની મદદ લેવા લાગ્યા, ત્યારે એથી પણ વધારે સુખનાં સાધન સંપાદન કરી શક્યા. એટલે સુધી ભારતવાસી પ્રજાનો સુધારો આવીને અટકી પડ્યો. આવી રીતે જે વખતે આપણા વડીલો યંત્રોની મદદથી કામ કરતા થયા હતા, તે વખતે કેટલાક દેશોની પ્રજા તો નાગીજ ફરતી હતી. પરંતુ તેમના પર પ્રભૂની કૃપા દૃષ્ટિ થઇ, તેથી તેઓએ આપણાં લાકડાં, પત્થર, અને લોઢાનાં સાદાં યંત્રનું જ્ઞાન સંપાદન કર્યું એટલુંજ નહિ, પણ તેમાં તેમણે ભારે સુધારો વધારો કરી નાખ્યો. પ્રથમ જનાવરની મદદથી, અને પછી પાણી અને વાયુની મદદથી યંત્રો ચલાવવા લાગ્યા; પછી વરાળને વીજળીની રાક્ષસી મદદથી યંત્રો ચાલતાં થયાં. તેથી તેમનાં યંત્રો પણ લાકડાં ને પથરાને ઠેકાણે લોઢાનાં બનતાં ગયાં, અને તેમાં પણ સૂક્ષ્મ કારીગીરીઓ ગોઠવાતી ગઇ. તેથી તેમનાં યંત્રો કદે રાક્ષસી, પણ ગુણે અરબી ઘોડાની પેઠે એવાંતો અસીલ થયાં કે નાનાં છોકરાંના પણ હુકમમાં રહી કામ કરવા લાગ્યાં. તેઓની મદદથી હાલ મનુષ્યના સુખનાં સાધનો તોલે હલકાં, રૂપે ને સફાઇએ સરસ, અને કિંમતે સોંઘાં તેઓ બનાવવા લાગ્યા; અને આપણે તો પકડેલો મોરચો મૂકીને આગળ ધપ્યાજ નહિ. તેથી તેમના માલની બરાબરી આપણે કરી શક્યા નહિ; અને આખરે આપણે હરીફાઇમાં હઠી જઇ નાહિમ્મત થઇ બેઠા. એ રીતે આપણી પડતીનું પરિણામ આવ્યું.

આપણા દેશની ઉપર પ્રમાણે હુન્નરકળાની પડતી થઈ. આપણે નિર્માલ્ય થઈ ગયા. હુન્નરી દેશોની હારમાં આપણા ભરતખંડની ખુરશી છેલ્લી ગઈ. ત્યારે હવે શું, સુધરેલા લોકોની આગળ શિરમિંદા પડી જઈ આપણે નીચું ઘાલી રહી અંગુષ્ઠાગ્રે ભૂમિ ખોતર્યા કરવી? ના, પરાક્રમ કરી તેઓની હારમાં ઊભા રહેવું. શી રીતે ઊભા રહીશું? ઘોડો દોડાવતા સવારને કેવળ આપણા પગનાજ બળથી આપણે શી રીતે પકડીશું? હથિયારવાળાની સામા ઊભા રહી કેવળ આપણા હાથનાજ બળથી કેમ કરીને જય પામીશું? એ સઘળી વાતો બનવી અશક્ય છે. તો સૂક્ષ્મ કારીગીરીવાળા સંચાની મદદથી બનતા માલની

સાથે આપણે એકલા હાથની મદદથી કે આપણા સાદા સંચાથી બનાવેલો માલ બરાબરી શી રીતે કરી શકશે ?

સુધરેલા સંચાની મદદથી કેવાં કેવાં કામ થાય છે, તે તો સૌ કોઈ હાલમાં જાણી ગયલું છે. ફક્ત હાથે કે આપણા સાદા સંચાની મદદથીજ બનાવેલી ચીજો કરતાં સુધરેલા સંચાની મદદથી બનતી ચીજ સફાઈદાર થાયછે. એની મદદથી કારીગરને શરીરની મહેનત થોડી કરવી પડે છે. ઘણાં માણસથી પણ ન બની શકે એવાં કામ ફક્ત એક કે બેજ આદમી સુધરેલા સંચાની મદદથી બનાવી શકે છે. જુઓ, છાપવાનું પ્રેસ ! એક નાનું છોકરૂં જરા પ્રેસનો હાથો દાબે કે છાપવાના ગોઠવેલા અક્ષરના ચોકઠાપર કળશીનો બોજો આવી પડેછે. આગબોટોમાંથી માલની ગાંસડીઓ ઉતારવા ચઢાવવાનું યંત્ર થાય છે, જેને સાધારણ લોક ઊંટીઓ કહેછે, તેને જરા દાબવાથી ખાંડી ખાંડીની ગાંસડી આંકડામાં ભેરવીને આગબોટમાંથી ઉપાડીને કાંઠા ઉપર ફેંકી દેછે. ખાડીઓમાંનો કાદવ ખોદી કાઢવાને માટે એવાજ યંત્રો રાખેલાં છે. એ તો શું, પણ એથી પણ અદ્‌ભૂત કાર્યો કરવાને રાક્ષસી બળને હઠાવે એવાં બળવાળાં યંત્રો બહાર પડી ચૂક્યાં છે.

હુન્નરી દેશોમાં હરેક જાતનાં કામ ઘણું કરી ફક્ત હાથથી થતાં નથી. સઘળાં સંચાની મદદથીજ થાય છે. તેથી જેમ બીબાંમાં રસ રેડવાથી એકજ નમૂનાનાં અનેક નંગ બનેછે, તેમ સંચાની મદદથી બનતો માલ એકજ જાતનો હોય, તો તે બધો એકજ ઘાટનો બનેછે હાથના વેગ કરતાં યંત્રશાસ્ત્રના કાયદા પ્રમાણે સંચામાં ચક્રો ગોઠવવાથી તેની ગતિનો વેગ અતિ ઉગ્ર હોયછે. તેથી થોડા વખતમાં ઘણું કામ થઇ શકેછે. આપણા દેશી લૂગડાં વણવાની શાળ પાસે જઇ કાન ધરશો તો "છરર ખટ્ટક, છરર ખટ્ટક" એજ શબ્દ સાંભળશો; અને ત્યાં એક કે બેજ આદમી કામ કરતા જોશો. પણ વરાળ યંત્રથી ચાલતા નવા જમાનાના સુધારાવાળા સંચા તરફ જતાં પા ગાઉ દૂરથીજ "ખુર-ખુર-ખુર-ખુર, ખટ્ટક-ખટ્ટક-ખટ્ટક" એવો ભયંકર નાદ સાંભળશો, ત્યાં આગળ બીજી વાત કાન પડી સંભળાશે નહિ

અને હજારો લોકો તડામાર કામે વળગેલા જોશો. ત્યારે આપણી શાળોથી બનતા મૂઠીભર માલની વરાળ યંત્રથી બનતા માલના ઓધના ઓધ આગળ શી ગુંજાશ છે? કંઇ નહિ. કીડીનું તોલ કુંજરના બરાબર થાય નહિ, તેમ આપણા સાદા સંચાથી વણાતો માલ સુધરેલા સંચાની મદદથી બનતા માલની બરાબરી કરી શકનાર નથી. માટે આપણે પણ સુધરેલા સંચાનો ઉપયોગ કરતા થવું જોઇએ; જેથી આપણી મુરાદ બર આવે.

વાપરમાં આવતા સંચા બનાવવાની માહીતી મેળવવી જોઇએ.

આપણાથી બની શકે ત્યાં સૂધી સઘળાં કામો આપણે જ્યારે સુધરેલા સંચાની મદદથી કરતા થઈશું, તે વખતે સઘળી જાતના સંચાનો આપણા દેશ ખાતે ભારે ખપ જાગશે. તેવા સંચાઓ જો આપણે બનાવવાને પ્રવીણ થઇશું નહિ, તો હાલમાં સઘળી જાતના સંચા વિલાયતથી આપણા દેશમાં આવેછે અને તેથી એક ભારે રકમનો આંકડો પરદેશ ખાતે ઉધરી જાયછે, તેના કરતાંપણ તે વખતે જ્યાદે રકમ પરદેશ ખાતે વહેતી થશે; અને આખર આપણી જે હાલત છે, તેમાં કાંઇ સુધારો થાય એમ સંભવતું નથી. કોઇ કહેશે કે એ વ્યાપારથી દેશની દોલત ઘટશે નહિ, કેમકે આપણા દેશમાંથી નાણાં જશે તેના બદલામાં પરદેશથી સંચારૂપ મિલકત આવશે. તેના ઉત્તરમાં જણાવું છું કે જ્યાં સૂધી યાંત્રિક કામમાં આપણે કુશળ થઇશું નહિ, ત્યાં સૂધી કદી પણ આપણો તરવા વારો આવશે નહી. આખર દોલત ને નાણાં બન્ને પરદેશ જશે, તેને માટે એક દાખલો આપી જણાવું છું કે, આપણા દેશમાં જાણે કોઇ ઘડિયાળની બનાવટમાં બિલકૂલ વાકેફગાર નથી. તેવામાં આપણે એક ભારે રકમનું નાજૂક ઘડિયાળ ખરીદ્યું. તેના ચક્રોની લાટો ઘસાઇ જવાથી અથવા બીજા કાંઇ કારણથી તે ચાલતું બંધ પડ્યું. તેને સુધારનાર સઘળે તપાસ કરાવતાં કોઈ મળી આવ્યો નહિ. ત્યારે તે ઘડિયાળને ચૂનાળવાની જગાએ વાપરવું કે એને એક જગાએ મૂકી છાંડી તેના નિત્ય દર્શન કર્યા કરવાં કે કરવું શું? એમાં રોકેલી રકમ નકામી ગઇ,

અને ટાઇમ જોતાં અટક્યા ! છેવટ થાકીને એના વેચનાર પાસે લઇ જઇશું, તો નિરૂપાય થયલા જોઇ, "નાખી દે કે મને આપ," એ કહેવત પ્રમાણે આપણી પાસે તે જૂજ કિંમતે માગશે. માગ્યા પ્રમાણે આપી નવું લાવીએ, તો માલની જોડે બીજી કાંઈક રકમ વધારાની આપવી પડે, અને તેથી દેશની દોલત ઓછી થાય, તેની સાથે દેશમાં નાણાની પણ તાણ પડે. આવી રીતે જોઇતા દરેક સંચાનું સમજવું.

વળી બીજું નુકસાન એ છે કે, જેમ પરાયા હાથ વડે વાગતી મૃદંગની તાળમાં આવી જઇ વાજીત્ર વગાડનાર બની જનાર, ભાડે આણેલી પારકી બુદ્ધિએ બુદ્ધિમાન દેખાનાર, પારકે પૈસે પૈસાદાર બની જઇ વેપારી થનાર, અને પારકે ઓજારે કારીગીરી કરનાર, તે ચીજો જ્યારે અધર વચ અટકી પડેછે, ત્યારે તેનાપર આધાર રાખનાર પણ અટકી પડેછે; તેવી હાલત આપણી થાય. કેમકે પરદેશીઓ દગા ભરેલાં યંત્રો આપણા દેશ ખાતે મોકલે કે, જેથી તે થોડા દિવસ ચાલી ઉપર બતાવ્યા પ્રમાણે નકામાં થાય, કે પછી કાંઈક કારણથી તેઓનાં યંત્ર આપણા દેશ ખાતે ઊતરતાં અટકે, તે વખતે આપણા પાંગળા કારીગરો માખો મારતા થઇ જાય, કે ધમધોકાર કારખાનાં ચલાવી શકે ? ના, ધીમે ધીમે યંત્રનાં ખોખાં બની કાટે ખવાઇ જાય, અને આવતાં નવાં યંત્રની વાટ તકાવી તકાવી જોયાથી કારીગરોનાં ડોકાં દુખે, તેની સાથે નેત્રતંતુનું બળ ઘટી જાય, અને છેવટ "મેલ કરવત મોચીના મોચી", એ કહેવત પ્રમાણે સાદાં દેશી યંત્રો વાપરવાં પડે !

ઉપરની સઘળી હકીકત જોતાં પરદેશી યંત્રો બનાવવા અને તે ચલાવવાં સંબંધી આપણેજ પૂરી માહીતી મેળવ્યા સિવાય, ફક્ત આપણા દેશમાં આવતાં પરદેશી યંત્રોના જાણ પુરૂષોને આપણી નોકરીમાં રાખી ચલાવીશું, તો નાણાંની નીક પરદેશ વળતાં છતાં છેવટ સુધી આપણે આંધળાજ રહીશું. એમ કરતાં આપણા દેશને આખરે લાભ ન મળતાં હાનીજ પહોંચવાની. માટે આપણે યંત્રશાસ્ત્રમાં જાણ થઇ, તે પ્રમાણે આપણા કામમાં આવતા સંચા આપણેજ બનાવતા થવું જોઇએ.

જૂદી જૂદી ચીજો બનાવનારાં જૂદાં જૂદાં ઘણાં કારખાનાં જોઇએ.

અમુક કારખાનામાં અમુકજ જાતની ચીજ બને એવાં જૂદાં જૂદાં અનેક કારખાનાં ઊઘડે, તો એક કારખાનામાં બનતી ચીજ બીજા કારખાનામાં બનતી ચીજને ઉત્તેજન આપશે. જેમકે આપણને તપાસતાં એમ માલમ પડ્યું કે કાંતી લોઢાના ડબા, પેટીઓ, દાબડા, દાબડીઓ, ફાનસ, વગેરે ચીજોનો દેશમાં અતિશે ખપ છે; માટે તે બનાવવાનું કારખાનું ઊઘાડ્યું હોય તો સારૂં. તે ઉપરથી આપણે તે બનાવવાનું કારખાનું ઊઘાડીએ, તો તેમાં જે જે ચીજોની જરૂર પડવાની તે તે સઘળી પ્રથમ સંપાદન કરવાની આપણને અગત્ય પડશે. (૧) તેમાં વાપરવાનાં ઓજાર, (૨) મદદ લેવાના સંચા, (૩) કાંતી લોઢાનાં પતરાં, (૪) કાચના તકતા, એટલી ચીજો તો પ્રથમજ જોઈશે; તેને પેદા કરીશું, ત્યાર પછી આપણી ધારણા પ્રમાણેનું કામ શરૂ થશે. હવે એ સઘળી ચીજો આપણાજ કારખાનામાં બનાવવા ધારીએ, તો બની શકવાને અશક્ય જેવું નથી. પરંતુ તેમ થવાને માટે માતબર કારખાનાંની જરૂર પડે. વળી તેમાં રોકવાની મૂડીને માટે પણ ભારે રકમનો જમાવ કરવો જોઈએ. આવડાં મોટાં કારખાનાં ઘણાં થોડાંજ નીકળી શકે. તેથી ધારેલો લાભ થાય નહિ, માટે દરેક અમુક એકેકી જાતની ચીજ બનાવનાર અનેક કારખાનાં ઊઘડે, અને તેમાં જૂદી જૂદી અનેક જાતની ચીજો જથાબંધ થવા લાગે, તો આપણી ધારેલી ધારણા પાર પડે.

એક જાતનાં કારખાનાં ફક્ત લોઢાને ખાણમાંથી ખોદી કાઢી, તેને સાફ કરી ગાળીને અમુક આકારમાં ફક્ત લોઢુંજ તૈયાર કરે. બીજી જાતનાં કારખાનાં તે સાદા લોઢાનું ગજવેલ બનાવી કાણાંવાળું, ઘડેલું, કે ગાળેલું પોલાદજ બનાવી તૈયાર કરે. ત્રીજી જાતનાં કારખાનાં લોઢાનાં ઓજાર, હથિયાર, પતરાં, તાર, કે યંત્રોજ તૈયાર કરે. ચોથી જાતનાં કારખાનાં તે પતરાંને કલાઇ ચઢાવીને તૈયાર કરે. પાંચમી જાતનાં કારખાનાં એ પતરાંના તરેહ તરેહના ઘાટો બનાવે. એમ વહેંચાઇને જૂદાં જૂદાં કારખાનાં જૂદાં જૂદાં કામ કરે, તો તરેહ તરેહની ચીજો ત-

યાર થવાને વાર લાગે નહિ, અને એવાં કારખાનાંમાં ઝાઝી મૂડીપણ રોકવી પડે નહિ. કેમકે અમુક કારખાનામાં બનતી ચીજો બનાવવામાં વપરાતી ચીજો બીજાં કારખાનાંમાંથી તૈયાર મળે, ત્યાંથી ખરીદ કરીને તેનાપર ફક્ત ધારેલી નવી કારીગીરીજ કરવાની રહી તેજ તે કારખાનું કરે.

ટાંકણીઓ બનાવનાર કારખાનાંને અમુક જાતની જાડાઈના પિત્તળના તારની જરૂર પડેછે. એવી જાતના તારો તેજ કારખાનું બનાવે, તેના કરતાં અનેક જાતની જાડાઇના જૂદા જૂદા તારો બનાવનાર બીજાં કારખાનાં હોયઅને ત્યાંથી તે ખરીદ કરે, તો તેમને પોતાનું કામ કરતાં ઝાઝીવાર લાગે નહિ.

દરેકનામાં બુદ્ધિ જૂદી જૂદી હોયછે. માટે દરેક કારખાનું તેના નિયંતાની બુદ્ધિ પ્રમાણે ભિન્ન ભિન્ન કામ કરવાનાં ઓજારો, યંત્રો, અને હથિયારો ભિન્ન ભિન્ન સગવડતાવાળાં બનાવતું જશે. તેમાંથી જેને જે જાતની સગવડતાવાળું ઓજાર, યંત્ર, કે હથિયાર જોઈતું હશે, તે તે સઘળું તેઓ આપણા દેશમાંથી સંપાદન કરી શકશે. તેથી હાલ જે પરદેશી ઓજાર, યંત્ર, કે હથિયાર વગેરે મગાવવાની જરૂર પડેછે તે ધીમે ધીમે ઓછી થતી જશે.

પ્રકરણ ૪ થું.

પરદેશી માલ આપણા દેશમાં બનાવવાને એકદમ શરુઆત થઇ આગળ ધમધોકાર ચાલે તેને માટે કેવા ઉપાયો યોજવા જોઇએ?

પરદેશમાં જે જે હુન્નરી કામ થાયછે, તે તે આપણા દેશમાં કરવાને માટે આપણે ધારીએ, તો તે બની શકે એવું છે, એવું આપણે ત્રીજા પ્રકરણમાં સિદ્ધ કરી ગયા. હવે તે અત્રે બનવાને શરૂ થાય તેને માટે કયા કયા ઉપાયો હાલમાં લેવા જોઈએ, તે વિષે વિચાર કરીએ.

"એક હાથે તાળી પડી શકતી નથી." ટાંકણી બનાવવા જેવું એક નાનું કામ કરવામાં પણ એક આદમીની બુદ્ધિ જોઈએ તેવું કામ કરી શકતી નથી; તો પછી મહાભારત કામમાં એક હાથે તાળી ક્યાંથી પડે? આપણા દેશની સઘળી વસ્તિના ચાર વર્ગ પાડવા ધારીએ, તો પડી શકે એવા છે. (૧) સાધારણ વસ્તિના લોક, (૨) વિદ્વાનવર્ગ, (૩) ધનાઢ્યવર્ગ, (૪) રાજ્યવર્ગ. એ ચારે વર્ગની જો આ કામમાં જોઈતી મદદ ન મળી આવે, તો આખર આપણે ધારેલી ધારણામાં સફળ થઈએ નહિ.

માટે હે ચારે વર્ગના ભારતવાસી આર્ય જનો! હાલમાં આપણા બંધુઓ સાથે આપણે દુર્બળ અવસ્થામાં આવી પડેલા છીએ. હુન્નરી સુધરેલા દેશોમાં આપણી ગણના નીચી પાયરી પર થઇ ગઈ છે. આપણી હાલત હુન્નરી દેશના મજૂરો કરતાં પણ છેક નબળી થઇ ગયલી છે. માટે આપણે સઘળા ઐક્ય રાખી એકે મતે આગળ પડીશું, તો પરદેશ નીપજતી ચીજો બનાવવાનું પૂર્ણ જ્ઞાન આપણે સંપાદન કરીશું. આ કામમાં ફક્ત અમુક વર્ગનીજ જરૂર છે, એમ નથી. આ ભારતભૂમિમાં સાંપ્રત કાળમાં જેઓએ મનુષ્ય દેહ ધરેલો છે, જેને અંગજ્ઞાન ને તર્કશક્તિની પ્રભુની ઉત્તમ બક્ષીસ મળેલી છે, તે તે સઘળાની પોતાના જ્ઞાનાનુસાર આવા રૂડા કામમાં મદદ આપવાની ફરજ છે. પરંતુ જે જે વર્ગને જે જે કામ કરવાનાં છે, તે તે નીચે પ્રમાણે હવે પછીનાં પ્રકરણોમાં જૂજ જૂજ વિસ્તારથી વર્ણવ્યાં છે તે વાંચ્યેથી માલમ પડશે.

રૈયતની ફરજો.

ચોપાઇ ત્રિતાળી.

સર્વે સ્થલે સુધારો સ્થાપો, કેટલાક કુચાલો કાપો;
અંદર અંદર કલેશ શું માડો? સુખસંપ તણું કેમજ છાંડો?
એકે હસ્ત પડે નહિ તાળી; થાઓ એક, કુસંપને બાળી;
આવ્યો દેશને દુખનો વારો; દામ કામ ગયા રોજગારો.

હવે રૈયતમાંના હરેક જણે પોતાની ફરજ બજાવવાને માટે નીચે પ્રમાણેની સાત વાતોનો વિચાર કરવાનો છે. (૧) તેણે પોતાની પ્રજાને સમાયાનુકૂળ વિદ્યા ભણાવવી જોઇએ; (૨) વિદ્યા હુન્નર સંબંધી ભાષણો તથા પ્રયોગો વિદ્વાન પુરૂષો કરતા હોય, ત્યાં સાંભળવાને અને જોવાને જવું જોઇએ; (૩) સાંભળેલાં ભાષણો, તથા જોયલા પ્રયોગ વિષે, તથા દેશની દરિદ્રતા નાશ કરવા સંબંધી, નાતમાં, મેળામાં, મીજલશમાં, અને જ્યાં એ માણસનો જમાવ થાય ત્યાં ત્યાં, ઉપયોગી હુન્નરી જ્ઞાનનો ફેલાવો થાય, એવી ચર્ચા કરતા રહેવું જોઈએ; (૪) હુન્નર કળા ઉત્તેજક સભા પોત પોતાના ગામમાં ઠરાવવી જોઇએ; (૫) નાની સભાઓએ નજીકના કસ્બાની મોટી સભામાં સામેલ થવું જોઇએ; (૬) પરદેશી માલ લેતા અટકવું જોઇએ; (૭) નવા શોધકોની બૂજ કરવી જોઇએ.

સમયાનુકૂળ વિદ્યાની સાથે હુન્નરી જ્ઞાન સંપાદન કરવું.

ચોપાઇ ત્રિતાળી.

વરતી વખત ન જે કોઈ ચાલે, મરે ભૂખે, દુઃખે, કે ભાલે;
સવળું મૂકીને અવળો ધાયે, તેને કેવી રીતે સુખ થાયે.
ધરી દુરાગ્રહ મામ ન મૂકે, અંતે તે દેવાળુંજ ફૂંકે;
કૂળ નાતનો જે જૂઠ ટેક, તે મૂકી વરતો કરી વિવેક.

કેટલાક અનઘડ અભણ લોકો પોતે અંધાપાનું દુઃખ વેઠતાં છતાં, પોતાની ઉછરતી પ્રજાને વિદ્યા શીખવવાની દરકાર રાખતા નથી. નિશાળના મંદિર તરફ જતાં જેમ અભડાતા હોય, એમ વેગળાને વેગળા રહેછે. વળી તેઓ ખુલ્લી રીતે તો નહિ, પણ મનમાં તો વિદ્યા ભણનારનો ધિક્કાર રાખેછે. એ એમની કમ અક્કલને લીધે કે શિ-

યાળ ભાઇની પેઠે "ખાટી દ્રાખ તે કોણ ખાય ?" એમ અણચાલે અદેખાઇ આવવાથી હોય, તે તો પ્રભુ જાણે. કોઈ વિદ્યાગુરૂ તેઓને તેમની પ્રજાને ભણવા સંબંધી સમજુતી આપેછે, ત્યારે તે વખત તેઓ સઘળું સાંભળી રહી છેવટ તે એમ બોલેછે કે, "ભણી ભણીને શા કિત્તા લેવાછે ?" "ભણેલા બહુએ રખડેછે." "ભણીને એવા હાડબંધા થાયછે કે પછી ઘર, દુકાન, કે ખેતીના કામમાં તેનાં હાડકાં નમતાં નથી; તેમને ફકત છેલ છટાક થઇને ફરતાં, સું-સાં બોલતાં, અને પરદેશી પહેરવેશ પહેરતાંજ આવડેછે; તેથી અમે અમારાં છોકરાંને ભણાવીને શું કરીએ ?" વળી કેટલાક સ્વતનસ્વાર્થી એમ બોલેછે કે, "અમે ઘરડાં થઇને મરી જઈએ, ત્યાં સૂધી અમારા માથાનો બોજો તો એમણે ઉતાર્યો નહિ, ત્યારે એમને પાળી પોષીને મોટા કર્યા તેનો લાભ અમને શો મળ્યો ? અમને જંપવારો તો મળે નહિ. માટે અમારે તો અમારાં છોકરાંને કાંઇ ભણાવવા નથી. અમારૂં ખેતીનું કે દુકાનનું કામ શીખશે તો ન્યાલ થયા ! એથી અમારે બે ઘડી જંપીને બેસવાનું તો મળશે !"

આ બોલવું એમનું છેક નાપાયાદાર છે. એવા વિચારના પુરૂષોને હું નીચે પ્રમાણે પ્રશ્ન પૂછુંછું કે, કેટલીક દુષ્ટ સ્વભાવની સ્ત્રીઓ વ્યભિચાર કરેછે, તેમને જોઈ બધી સ્ત્રીઓ વ્યભિચારિણી છે, એમ સમજી કોઇ પુરૂષે પરણવાથી પરેજ રહેવું ? નૌકાનાયક ખારવાના વડીલો ખારા સમુદ્રમાં બૂડી મુએલા, તેથી તેમના વંશજોએ ટંડેલ થવા તાકવું નહિ? એવાં અનેક કાર્યોમાંથી અનેક જણને નુકસાન થતાં આવ્યાંછે, માટે તે તે કામો કરનારના વંશજોએ તેતે કામો બંધ પાડી દઈ ટૂંટીઆં વાળીને બેશી રહેવું ? ના. ત્યારે શું કરવું ? તેના ઉત્તરમાં જણાવુંછું કે એક ઝાડને અનેક ફળ આવે છે, તેમાંનાં બધાં ફળો ઝાડપર પાકીને શાખો થવા પામતાં નથી. કેટલાંક ફળો સ્વાદિષ્ટતા આવતા પેહેલાંએ ખરી પડી, નીરસ સૂકી કોકડીઓ થઇ ઝાડની તળે રવડેછે. તે જોઈને તે ઝાડના અતિ સ્વાદિષ્ટતાવાળાં પકવ ફળ મેળવવા શું કોઈ પ્રયત્ન નહિ કરે? કરશેજ. ત્યારે કેટલાક બાળલગ્નના ભૂંડા રિવાજથી ફસાઈ પડેલા તરૂણોના સંસાર વહેવારની હુ-

રકતથી, અને કેટલાક પોતાના માબાપની મૂરખાઈને લીધે, વિદ્યા ભણવી અધૂરી મૂકી છેલ છટાક થઈ જ્યાં ત્યાં નોકરીઓ ઢૂંઢતા ફરે, તેમાં તેમના વાલી સિવાય કોનો વાંક કાઢીએ ? એમાં સઘળો દોષ તમારોજ છે. એ દોષથી તમે મુકત થવાને ચહાતા હો, તો મારૂં કહેવું ધ્યાનમાં લઈને તમારી પ્રજાને તમે પ્રથમ સ્વભાષા, પછી રાજ્યભાષા, પછી હુન્નરી દેશની ભાષા શીખવીને વેપાર અને કળા કૌશલ્યને લગતું જ્ઞાન મેળવાવો.

આકડા વાવીને તેમાંથી કલમી કેરીનો સ્વાદ પામવાની ઈચ્છા રાખશો તે કેમ કરીને બનશે ? પોતાને કામ કરવું ન પડે ને નીરાંતે બેશી રહેવા મળે, એટલા માટે પોતાના તનનો સ્વાર્થ સાધી, પોતાનાં બાળકો જેને આગળ સંસારસાગર ઓળંગવામાં શી શી વિટંબણાઓ વેઠવાની છે તેનું બિલકુલ જ્ઞાન નથી, એવા અબુધ અબળ બાળકનો સ્વાર્થ નહિ સાધતાં, તેમને જીવતાં લગી અંધાપાના દુઃખમાં નાખી મેલવાનો મનમાં ભૂંડો વિચાર રાખો, એ તમને ઘટતું નથી. આવા વિચારથી જે પ્રજાને તમે આંધળી રાખીછે, તેના તરફથી આખર તમે ધારેલું સુખ તમને મળવાનું નથી એટલુંજ નહિ, પણ અંતે તમે પ્રભુના પૂરા કોપને પાત્ર થવાના એમાં સંશય નથી. કેમકે એક હલકામાં હલકું પતંગિયું પ્રાણી છે, તેપણ પોતાનાં ઇંડાંમાંથી થતી પ્રજાનું (પોતાની એળ રૂપે થતી પ્રજાનું) ભવિષ્યનું સુખ વિચારી જેને જેવો ખોરાક રૂચતો આવે, એવાં વનસ્પતિનાં પાંદડાં ખોળી કાઢી, તે ઉપર જઇને પોતાનાં ઇંડાં મૂકેછે; તો આવાં જ્ઞાનવાન મનુષ્ય પ્રાણી પોતાની પ્રજા જે હાલ અજ્ઞાન અવસ્થામાં છે, તેમના ભવિષ્યના સુખનાં સાધન સંપડાવવાને કોઈ પ્રકારનો પ્રયત્ન કરવાની પોતાની ફરજ ન સમજે, તેના પર પ્રભુનો કોપ કેમ ન થાય ? માટે તમારાં બાળકોને ભણતર રૂપી આંખો અને હુન્નર રૂપી હાથ આપીને કળાકૌશલ્યમાં પ્રવીણ કરો, કે તેથી તમે તમારાં બાળકોના અંતઃકરણ પૂર્વક આશીર્વાદ મેળવીને, તથા પ્રભુની પ્રસન્નતાને પાત્ર થઈને, મુઆ પછી અખંડ સુખનો અધિકાર પામશો, એવું મારૂં બોધવચન છે.

વેપારીઓને સૂચના.

કેટલાક વેપારોમાં હાલ કસ નહિ હોવાથી, દુર્બળ થઈ ગયલા દુકાનદારો ચીંથરે હાલ બની જવા છતાં પણ પોતાની દુકાનો ઊઘાડી રાખી, ફાટી આંખે આમ તેમ જોતા આખો દિવસ બેશી રહે છે. તેઓના મેળમાં જો આપણે વકરાનો આંકડો જોઈએ, તો દશ રૂપિયાની ઉપર તો ક્વચિતજ હોયછે. તેમાંથી તેમને મળેલા નફાનો હિસાબ કાઢવા બેશીએ, તો રૂપિયે આના પ્રમાણે વધારેમાં વધારે દશ આના મળે. તેમાંથી પારકાં નાણાં કાઢી વેપાર કરેલો, તેથી તેની વ્યાજ ખાધ ને દુકાનનું ભાડું કાઢતાં, આખરે વિલાયતના મજૂર જેટલી પણ ઉપજ થાય નહિ. તે છતાં વેપાર પડચો મૂકી બીજો ઉદ્યમ ઉઠાવતા નથી. તેઓ આગલો પાછલો વિચાર નહિ કરતાં આંખે અંધારી બાંધી તેમના બાપદાદાના ચૂંથાઈને ચીંથરાં થઇ ગયલા ધંધાને તાણ્યા કરેછે; પણ તેમને બીજું કાંઈ કામ સૂઝતું નથી. જો હાલનો તાજો ઉદ્યમ તેઓ ખોળે, તો હજારો તરેહનો વિલાયતી માલ આપણા દેશમાં ઊતરેછે, તેમાંની જે ચીજોનો આપણા દેશમાં બહુ ખપ ગણાતો હોય, તેમાંથી પોતાના કાબુમાં શમાય એવી હરકોઈ ચીજ બનાવવાને પ્રયત્ન કરે, તો તેમની રોજી કેવી ચાલે? માટે સઘળા વેપારી વર્ગને સૂચવુંછું કે જેના વેપારમાં કસ ન રહ્યો હોય, તે ઉદ્યમ પડચો મૂકી બીજા કસવાળા ઉદ્યમો ઉઠાવો. તમારા એકલાથી કામ ન બને તો તમારા સોબતીઓને સામેલ કરી કુંપનીઓ બંધાઇ નવા નવા ઉદ્યમોનો ઉઠાવ કરો.

તમારી બુજરગીને લીધે તમારાથી હુન્નરશાળાઓમાં દાખલ થઈ નવા હુન્નરોનું જ્ઞાન સંપાદન થઈ શકતું ન હોય, તો ખેર; પણ તમારી ઊછરતી પ્રજાને તમે સમયાનુકૂળ એટલે વર્તમાન કાળને અનુસરતી વિદ્યા શીખવો. હાલ પોતાની સ્વભાષા શીખ્યા પછી તેની મદદથી જે જે દેશો હુન્નરમાં આગળ પડેલા છે, તે તે દેશની ભાષાઓનું જ્ઞાન મેળવાવો, તમારા પુત્રોને તમે હાલ કષ્ટ વેઠીને પણ હુન્નરની પાઠશાળાઓમાં દાખલ કરો, કે તેથી તમને આખરે પણ ખરચેલાં નાણાંથી બમણાં કરતાં પણ વધારે મળશે.

ખેડૂતોને સૂચના.

ખેડૂતો! તમે બૂમ મારોછો કે, "જમીનમાંથી કસ ચોરાઇગયા, અને હવે અનુકૂળ વરસાદ વરસતા નથી. તેથી કમ પાકને લીધે અમારાં ગાત્રો ગળાઈ ગયાંછે." તેના ખુલાસામાં હું તમને સૂચવું છું કે, ચાલતા વહાણને આખી વાટ સહાયક પવનજ મળ્યાં કરેતો હશે? ના. કેટલીક વખત વહાણને જે તરફ ગતિ કરવાની છે, તેની સામેનો પવન પણ ફૂંકાયા કરેછે. તે વખત શું, વહાણવટીઓ પોતાનાં વહાણોને તેવી જગાએ લાંગરી બેશી રહેતા હશે? ના, એમ કાંઇ કરતા નથી. હલ્લેસાં વગેરેની મદદ લઈને અતિ કષ્ટે પણ ધારેલે બંદરે પહોંચી જાયછે. તેમ તમે પણ નેહેરો ખોદીને, કૂવા ખોદીને, વગેરે અનેક ઉપાયોથી કમ વરસાદે પણ ખેતીનો પાક ઊતરે એમ કરો. એ તમારાથી બની શકે એવું છે. વળી જમીનના કસ સંબંધીને માટે સૂચવુંછું કે–હાલમાં ખેડૂતવર્ગમાં પણ જે સારામાં સારો ખેતીકાર ગણાતો હશે તે પણ એમ સમજેછે કે, " ખેતરમાં ઊંડું ખોદાણ કરવું, છાણનું અનેક હોઇ ગયલા છોડવાનું ખાતર નાખવું, અને પછી જોઇ તો વરસાદ વરસે, તો બહોળો પાક થાય." પણ એમ સમજતા નથી કે, અમુક ખેતરમાં અમુક જાતનું તત્વ ઓછું થઈ ગયુંછે, માટે અસલ પ્રમાણે પાક ઊતરતો નથી. તેને માટે ફલાણી જાતનું ખાતર નાખ્યું હોય, તો તેમાંથી ગયલો કસ પાછો આવે. સૂકારો કેમ દૂર થાય? એ વગેરે અનેક પ્રકારની માહીતી મેળવવાને માટે કૃષિશાસ્ત્ર શીખવું જોઇએ. જ્યાં સુધી ખેતીવાડી સંબંધી શાસ્ત્રોક્ત વિદ્યા ભણ્યા નથી, ત્યાં સુધી તમારી ખેતીમાં સુધારો થવાનો નથી. માટે હે જમીનવાળા લોકો! તમારે તો તમારા પુત્રોને ખેતીવાડીની પાઠશાળામાં દાખલ કરાવવા જોઇએ. ખેતીનું કામ છેક અભણ અને અનઘડ આદમીથી પણ સારી રીતે થઇ શકેછે, એવો જે તમારો અભિપ્રાય છે તે તદન ખોટો છે. એ વિચારથીજ તમારી ખરાબી થઈછે.

તમે એમ કહેવા માગતા હશો કે, "અમારા ખેડૂત વડીલો ક્યારે ભણેલા હતા? તેઓ ભણેલા નહોતા, તોપણ તેઓના વખતમાં મન માન્યો પાક ઊતરતો હતો. તેનું કેમ?" તેના ઉત્તરમાં જણાવુંછું

કે તે વખતમાં દુનિયાપર વસ્તિ હાલના જેટલી નહોતી. તેથી ખોરાકમાં આજના જેટલો ઉપાડ થતો નહોતો. એ વગેરે બીજાં ઘણાં કારણોથી એક રૂપિયાનું ચાર મણ અનાજ મળતું હતું; તોપણ લેનાર ગ્રાહક ઝટ મળતો નહોતો; અને હાલતો વસ્તિ વધી પડેલી છે, માટે અનાજનો ખપ જ્યાદે છે. વળી એકની એકજ જમીનમાં હજારો વરસથી ખેતી થતી આવેછે; તેથી તે જમીનમાંથી કેટલાંક તત્વો નાશ પામી જવાથી વરસે વરસે પાક કમી ઉતરવા લાગ્યોછે. માટે હાલ તો કૃષિશાસ્ત્ર શીખ્યા વિના, ચાલતી આવેલી રીત પ્રમાણે ખેતી કર્યા કરી લાભની આશા રાખવી, એ હાલની જમીનની હાલત જોતાં બને એમ નથી. માટે તમારા પુત્રોને ભણાવો કે તેથી તમારાં દુઃખ ઓછાં થાય.

વળી વગર જમીને ખેડુ બનેલા કૃષિકરો ! તમારી પાસે તમારા ઘરની એક ચાસપણ જમીન નહિ છતાં, નાહક તણાઈ મરી ખેતી કર્યામાં સામેલ રહોછો. તેથી વરસ આખરે તમને ખાવાના દાણા નહિ મળતાં, દેવામાં ડૂબી જઈ જમીનદારના દાસ બની જાઓ છો, તે તમને સૂઝતું નથી ? એવો નિષ્ફળિત ધંધો પડચો મૂકો, અને ફળદાયક ધંધો પકડો ! તમારા પુત્રોને હરકોઈ એક જાતનો હુન્નર હાથ કરાવો કે તેમાંથી તમારૂં કુટુંબ થોડી મુદતમાં તરશે. શરમની સાથે ખેતીને શાને વળગી રહ્યાછો ? હાલ તો બાપદાદાનો અસલી નિષ્ફળિત ધંધો પકડીને બેશી રહેનારનું ફૂળ વધનાર નથી. જેની ગાંઠે ગ્રથ હશે, તેના હરકોઈ સંગી થતા આવશે; માટે જો તમારી ભિખારી અવસ્થા મટાડવી હોય, તો તમારા પુત્રોને વિદ્યા હુન્નરમાં કાબેલ કરો? જેમ ઊગતો અરૂણ અંધકારને હાંકતો આવેછે, તેમ તમારા પુત્રો વિદ્યા હુન્નર શીખીને પાઠશાળામાંથી આવતાંજ તમારાં દારિદ્ર્યને હાંકી મૂકશે.

કારીગરોને સૂચના.

કારીગરો, તમારે પણ તમારા પુત્રોને ભણાવ્યા સિવાય છૂટકો નથી. વિદ્યાનું દ્વાર ઊઘાડચા વગર તમારા પુત્રોના અંતઃકરણમાં દેશી અને પરદેશી હુન્નરોનું જ્ઞાન, કેમ કરીને પેશશે ? તમારા કસબ કરતાં તમારા પુત્રોનો કસબ વખાણાતો કરવો હોય, તો તમારા પુત્રો

ને હુન્નરી દેશોમાં હુન્નર શીખવાને મોકલો. એમ ન બની શકે એવું હોય, તો આપણા દેશની હુન્નરની પાઠશાળાઓમાં દાખલ થાય એટલી વિદ્યાનું જ્ઞાન સંપાદન કરાવી, તેઓને સારી વગવાળી પાઠશાળામાં દાખલ કરાવો, કે જેથી તમારો ઝાંખો પડી ગયલો કસબ પાછો તેજીપર આવે.

पुस्तको अने वर्तमान पत्रो वांचवानो शोख राखो.

દોહરા.

ધુલરમાંનો જીવડો ગણે ધુલર બ્રહ્માંડ,
અન્ય વિચાર ન ઊપજે, દેખે તેજ પ્રચંડ. ૧
જે નહિ વાંચે પુસ્તકો, અધિક હશે અંજાણ;
જન મંડળમાં જન્મીને, લેશ ન લેશે લ્હાણ. ૨

હરકોઈ કામ ગુરૂની પ્રત્યક્ષ સહાયતા વગર સારી રીતે શીખી શકાતું નથી, એ વાત તો સત્ય છે. પરંતુ ગુરૂ હાજર નહિ છતાં, કેટલીક અગવડતા વેઠીને પણ કોઈ રીતે હરકોઈ જાતનું જ્ઞાન સંપાદન કરવાને બની શકે કે નહિ? તેના ઉત્તરમાં જણાવુંછું કે, તે કામ કરવાની ક્રિયા સંબંધી ગુરૂએ લખી રાખેલાં પુસ્તક પાછળ મૂકી ગયા હોય, તે પુસ્તકને આધારે ગુરૂની ગેરહાજરીમાં લેવા ધારેલા જ્ઞાનનો સાંજ્ઞિક ઊંડા ભેદ વગરનો ઘણો ખરો ભાગ સંપાદન કરવાને બની શકે એવું છે. માટે નવરાશની વખતે હરેક જાતનાં હુન્નરી પુસ્તકો, માસિક ચોપાનીઆં, અને વર્તમાનપત્રો વાંચવાનો સઘળાએ શોખ રાખવો જોઈએ. વાચનનો શોખ રાખનારને જે જે જાતનું જ્ઞાન સંપાદન કરવાની ઈચ્છા હશે, તેમાંનું થોડું ઘણું પણ તે ગુરૂ વિના મેળવી શકશે. હુન્નરી પુસ્તકોનો અભ્યાસ કરવાથી કારીગર વર્ગ તો શિક્ષક સિવાય હુન્નરી કામ બજાવી શકવાને શક્તિમાન થશે. સબબ પુસ્તકમાં લખ્યા પ્રમાણે એક બે વખત તેની અજમાયશ કાઢી જોતાં, કામ કરતી વખત જે જે હરકતો આડે આવતી હશે, તે તે હરકતો અનુભવથી દૂર કરતો જશે. વળી તેમાં પોતાનું જ્ઞાન ઊમેરતો જશે. એમ એક બે વખત તપાસ કરી જોવાથી આખર પુસ્તકરૂપી ગુરૂની સહાયતાથી તે કામ સારી રીતે બજાવી શકાશે,

એમાં સંશય નથી.

હાલમાં તો ઘણાં ખરાં શેહેરોમાં લાઇબ્રરીઓ સ્થપાઇ ચૂકીછે; અને તેમાં ઘણાં વર્તમાનપત્રો તથા માસિક ચોપાનીઆં આવેછે. વળી ભિન્ન ભિન્ન વિષયવાર અનેક પુસ્તકો હમેશને માટે કાયમ રાખવામાં આવેછે. તેમાં વરસ દિવસે અમુક રકમ આપી મેમ્બરના લિસ્ટમાં પોતાનું નામ દાખલ કરાવી દરેક સુજ્ઞ જનોએ વાંચવા જવાનો શોખ રાખવો જોઈએ. જેઓનાથી મેમ્બરમાં દાખલ થઈ શકાય એવું ન હોય, પણ જેઓ વાંચવાનો શોખ રાખતા હશે, તેઓને પણ પોતાની મુરાદ હાંસલ કરવાને બની શકે એવું છે; સબબ ઘણી ખરી લાઈબ્રરીઓમાં અઠવાડીઆનો અમુક એક દિવસ સાર્વજનિક વાંચનારનો નીમેલો હોયછે, તેથી તે દિવસે પુસ્તકશાળામાં જઈ વર્તમાન પત્ર વગેરે વાંચી વાકેફ થવું જોઇએ. જેઓને વાંચવાનો શોખ નથી, તેઓ પોતાના ધંધા સિવાય સઘળી બાબતોમાં અજાણ અને વેહેમી રહેછે. તેમના સાંભળવામાં કોઇ અસંભવિત ગપ આવે, તે પણ પોતે સાચી માની પોતાના જેવા બીજા આંધળા દોસ્તોની આગળ તે હાંકવા મંડી જાયછે. એવી ગપ તમારે મોઢેથી કોઇ જાણ પુરૂષ સાંભળે, તો તેના મનમાં તમારા જ્ઞાનવિષે કેવો હલકો વિચાર આવતો હશે, તે વિષે તમેજ વિચાર કરી જુઓ! સ્થાનિક કે દરબારી વર્તમાન હકીકતો તેમના જાણવામાં આવતી નથી, તો પછી અન્ય દેશોમાં જે જે નવી નવી શોધો થયલી હોય તેનું, તથા નવા નવા સંચાઓથી થતા કામ સંબંધી જાણવા જેવી હકીકતોના અવાજ તેમની શ્રવણેંદ્રિ પર પડવા ક્યાંથીજ પામે?

વિલાયતમાં હરકોઇ શખ્સ વર્તમાન હકીકતથી વાકેફ રહેછે. ત્યાં વર્તમાન હકીકતથી અણવાકેફ રહેવું, તે ઘણું શરમ ભરેલું ગણાય છે. કોઈ ગૃહસ્થને નવા જૂના ખબર ન હોય, ને જો તેને મેળા મીજલશમાં જવું પડે, તો તેને માથું કપાવા જવા જેવું લાગેછે. આપણા દેશી બંધુઓમાં એ રિવાજ ઝાઝો જોવામાં આવતો નથી. તમામ ગામડાંના લોકો જ્યારે જ્યારે ભેગા થાયછે, ત્યારે ત્યારે એક બીજાને પૂછેછે કે, ઓણ સાલ તમારે ખેતી કેવી પાકી? અમારે તો ઓણ

સાલ બરાબર ખેતીનો તાલ બેઠો નહિ; એક વરસાદની ભૂખ રહી. સરકારનો હપતો ચાલ્યો કે? ફલાણા ભાઈના બળદ બહુ સારા છે, ફલાણી સાલ પછી ખેતીનો તાલ આવતોજ નથી, વગેરે નિરર્થક વાતો કર્યા કરેછે. પણ આપણી ખેતીના સંબંધમાં આટલી જાતની હરકતો નડેછે; તે દૂર થવા આપણે સરકારમાં દાદને પહોંચવું જોઇએ; આપણાં ખેતિનાં ઓજારોમાં અમુક જાતનો સુધારો વધારો કર્યો હોય, તો ફલાણી જાતનો ફાયદો થાય; ફલાણાદેશમાં વાવવાનાં બી સૂધારવાના અને તરેહ તરેહનાં ખાતરો બનાવવાના ફલાણા ફલાણા ઉપાયો કરવામાં આવે છે; વગેરે ખેતિને લગતી જરૂરની વાતો વર્તમાન પત્રો ઉપરથી કે પુસ્તકો ઉપરથી કરી જાણતા નથી. કારીગરો અને વેપારીઓ પણ પોતાની નિરર્થક કૂથલી સિવાય પોતાના કાર્યોમાં સુધારો થાય, એવી લાભ જનક વાતો કરી જાણતા નથી. આવું અંધારૂં તેઓને ભણવાનો અને વાંચવાનો શોખ નહિ હોવાથી ચાલેછે.

ભાષણો સાંભળવા જવું.

દોહરા.

વિદ્વજ્જન જે જે વદે, શ્રવણ કરો સૌ જંન;
એજ ઉપાયો આદરી, વિદારજો વિઘંન. ૧
થાય પ્રયોગો નવ નવા, લો અનુભવમાં એહ;
પછી પરદેશી વસ્તુની નકલ કરો ધરિ સ્નેહ. ૨

અનેક વિષયો ઉપર થતાં ભાષણો શ્રવણ કરવાથી, ને નવીન હુન્નર કળા સંબંધી પ્રયોગો જોવાથી, વિદ્વાનોને તેમજ અભણ અને ભણેલા કારીગરોને એક સરખી રીતે લાભ મળેછે; કેમકે એથી વિદ્વાનોનાં ટાઢાં પડી ગયલા મન ઉશ્કેરાયછે, અને કારીગરોનાં મીચાઇ ગયલાં ચક્ષુઓ ઊઘડે છે. દરેક માણસ સઘળા વિષયોમાં પ્રવીણ હોય એવું બનવું દુર્લભ છે. અમુક વિદ્વાન અમુક વિષયમાં પૂર્ણ કુશળતા ધરાવનારો હોયછે. તેથી પોત પોતાને સાધ્ય થયલા વિષયોના ખુલાસા પોતાની કુશળતા ભરેલી રીતથી દરેક વિદ્વાન ભાષણ રૂપે આલમની આગળ મૂકેછે, તેથી વિદ્વાનોને એક બીજાના જ્ઞાનનો અદલો બદલો કરવાની જોગવાઈ મળેછે. તેથી પોતાને

અજાણુ વિષયોમાં પણ કેટલીક રીતે જાણુ થઈ પોતાની વિદ્વત્તામાં વધારો કરેછે; અને કારીગરો જો એવી મીટિંગોમાં સામેલ થાય, તો તેમને પણ અત્યંત લાભ થાયછે. તે એ કે અનેક જાતના દેશી અને પરદેશી હુન્નરોને લગતા પ્રયોગો વિદ્વાનો કરી બતાવે, તે જો કારીગરો સ્વદૃષ્ટિથી નીરખે, તો તેથી તેમને તે તે જાતનાં કામ કરતાં પોતાનો માલ બગડવાની દહેશત રહેતી નથી એટલુંજ નહિ, પણ જો એવા પ્રયોગ ધ્યાનમાં રાખી કોઈ કામ શરૂ કરતાં હસ્તક્રિયામાં અજાણી હરકતો આડે આવતી નજરે જોવાથી સાવધ બનેછે. તેથી ગુરૂ પાસે શીખ્યા વગર પ્રયોગ જોઇને અભણ કારીગરો પોતાની પેઢીએ તે તે જાતના માલ બનાવવાને ધારે, તો તે સારી રીતે ફતેહમંદીથી કરી શકે એમાં શક જેવું નથી.

આપણા લોકમાં ભાષણો સાંભળવા જવાનો ઘણા જણોને બિલકૂલ શોખ નથી. કદાપિ કોઇ પુસ્તકશાળામાં કે બીજી ઝાહેર જગામાં કોઇ કોઈ વખત વિદ્વાનો અનેક વિષયો ઉપર ભાષણો આપેછે, તે વખતે “ઇન, મીન, ને સાડે તીન,” કેળવણી ખાતાના નોકરો સિવાય બીજા કોઈ ભાગ્યેજ સાંભળવા આવતા હશે! કદાપિ કોઈ વિદ્યાના વ્યસની ગૃહસ્થો આવતા હશે, તો તેઓની સંખ્યા આંગળીના ટેરવા પરજ ગણી શકાય એટલીજ હોયછે. તેમાં કારીગર વર્ગ તો ભાષણો સાંભળવા કે રસાયણિક પ્રયોગ જોવાને બિલકૂલ આવતોજ નથી. તેઓ તો ફક્ત એમ સમજેછે કે “એ તો ઈસ્કોલીઆના કામનાંજ ભાષણ થાયછે; તેમાં આપણે શું સાંભળવાનું કે જોવાનું છે?” આવા તેમના વિચારો તદ્દન ખોટા છે.

સુધરેલા દેશોમાં કોઇ જગાએ ભાષણો થવાની વાત સંભળાય છે, તે વખતે મોટા મહોત્સવના મેળાની પેઠે લોકો ભાષણો સાંભળવા ભેળા થાયછે. વળી કદાપિ કોઇ મહા નામાંકિત વિદ્વાન ભાષણ આપવાનો છે એમ સાંભળેછે, ત્યારે તો નદીના પૂરની પેઠે સઘળી વસ્તિના લોકો ઊભરાઈ ઊઠેછે. તેથી ભાષણ સ્થાનની બેઠક છેક મેદાનમાં કરવી પડેછે; અને ત્યાં પણ બંદોબસ્ત રાખવાને પોલીસને પણ બહુ અઘરૂં થઈ પડેછે. જુઓ સુધરેલી પ્રજાનો ભાષણ ઉપર

પ્રેમ ! તેથી તેઓ આપણાથી સર્વ વાતે ચઢીઆતા થઈ પડ્યાછે. એમના હુન્નરો આપણને હેરક પમાડેછે; એમની કળા આપણને જાદુઇ લાગેછે; એમનાં કામ તરફ આપણે ફીકાં મોઢાં કરી જોઇ રહીએ છીએ ! ધિક્કાર છે આપણા જીવતરને! કે આપણે તેમની બરાબરી કરી શકતા નથી. માટે આપણે પણ હવે આપણા પરિ-યોનું પાણી રાખવા સઘળાએ ઝાહેર સભામાં સામેલ થઇ ભાષણો શ્રવણ કરીને તથા હુન્નરી પ્રયોગો જોઇને, તડામાર ઉધમ આરંભી તેઓની હારમાં આવવાનો શ્રમ શરૂ કરવો જોઈએ. જૂઓ, પરદેશી લોકો પ્રથમ એકમત થઇ કેવી કુંપનીઓ બાંધી, આપણા દેશ ખાતે ઊતર્યા હતા ? એજ રીતે આપણે સઘળાએ હાલમાં એક મત થવું જોઈએ.

સાંભળેલાં ભાષણો, અને જોયલા પ્રયોગો વિષે પ્રસંગો-પાત્ત ચર્ચા કરવી.

હરિગીત છંદ.

જહાં મળે જન મંડળી, ત્યાં હુનરની ચર્ચા ચહો;
નિજ દેશની ઉન્નતિ થવા, ઉપાય જાણો તે કહો.
નિષ્કામની કુથલી કરી નિજ કાળ વ્યર્થ ગુમાવવો,
છે અધિક ઉત્તમ એ થકી વાતે હુનર ચર્ચાવવો.

ભાષણો સાંભળવા જનારની સંખ્યા આખી આલમની વસ્તિ-ના પ્રમાણમાં છેક નહિ જેવી ગણાશે. ત્યારે આટલા મૂઠીભરજ આદમીના પ્રયત્નથી હાલમાં ધારેલું મહાભારત કામ એકદમ બની શકશે નહિ. તેથી ઉપર મથાળે બતાવેલો ઈલાજ લેવાની પણ જરૂર જણાયછે. માટે ભાષણ શ્રુત દરેક આદમીએ મીજલશમાં, મેળાવ-ડામાં, નાતમાં, અને વિવાહ કે મૃત્યુની ક્રિયામાં, એ રીતે જ્યાં ત્યાં, અને જ્યારે ત્યારે, થોડાએક આદમીઓનો જમાવ દીઠો, કે તેમણે સાંભળેલાં ભાષણ વિષે ચર્ચા ચલાવવી જોઈએ; જેથી શેરીએ શેરીએ, ઘેરેઘેર, અને માણસે માણસોને, મીટિંગમાં થયેલાં ભાષ-ણોની ખબર થશે, અને તેમને પોતાનાપર પડેલી આફત દૂર કરવા-ના ઇલાજોની ખબર પડતી જશે; અને તેથી કરી ધીમે ધીમે પો-તાના હુન્નરમાં સુધારો કરવા તરફ તેઓનાં મન વળશે.

ઉપરનો ઇલાજ લેવાથી બીજી તરેહનો પણ લાભ થવાની આશા રહેછે. તે એ કે, દુનિયામાં દેખાદેખી ચાલવાનો અને ઘણા માણસોની સમક્ષ જૂજ અપમાનની અસર ભારે લાગવાનો સાધારણ નિયમ છે, તેથી આવી રીતે ભાષણ તથા પ્રયોગો વિષેની નવીન ચર્ચા ઘણાઓને મોઢેથી ભાષણોમાં નહિ જનાર સાંભળશે; અને પોતે તો તે સંબંધી અણજાણ હોવાથી તે સંબંધી સામી ચર્ચામાં એક બે શબ્દ પણ બોલી શકશે નહિ, તેથી તેઓને શરમ લાગતી જશે. એનો આખર પરિણામ એ થવાનો કે, તેઓ પણ એવી વાતોથી જાણીતા રહેવાને પ્રયત્ન કરશે: સબબ ભાષણો સાંભળવા જવાની ઈચ્છા તેઓના મનમાં ઉત્પન્ન થતી જશે.

પરદેશી માલના જેવોજ માલ અત્રે બનાવવાની હોંશ રાખનાર કેટલાક જણ ભારતભૂમિમાં ખૂણે પડી રહેલાછે. પણ તેના ઉપાય શી રીતે અને કઈ યુક્તિએ લેવા તેમાં, તથા તે ચીજો કરવાની ક્રિયાથી તે અણજાણ છે. તેથી તે બિચારાઓને અત્રે કોઇ રસ્તો બતાવનાર નહિ મળી આવવાથી મનમાં ને મનમાં મૂઝાઇને એક બે વાર પ્રયોગમાં હારી જઈ તેઓ હેઠે બેઠાછે. તેમને પણ ઉપરનો ઉપાય લાભ જનક થઇ પડશે; એટલે તેમને આવાં કારીગીરી ઉત્તેજક ભાષણો અને પ્રયોગો વિષેની ખબર થતાંજ પાછાં તેઓનાં હારી ગયલાં મન ઉસ્કેરાશે, અને તેથી તેઓ આળસ મરડીને ઉભા થઈજશે.

વળી આપણા દેશમાં કેટલાક જણને કોઇ અમુક ચીજ બનાવતાં કરવાં પડતાં અનેક ચીજોનાં મિશ્રણની, અથવા અમુક ચીજ બનાવવાની રીતની ખબર હોયછે; પણ તેઓ અદેખાઇને લીધે મરતાં સુધી બીજા કોઇને બતાવતા નથી. તેવાઓ આવા પ્રયોગની કૃતિ સંબંધી ખુલ્લો ણુમાટ બહાર સાંભળશે, ત્યારે તે પણ મીજલશ મેળાવડામાં એક બીજા સામી વાત કરતી વખતે પોતાનું વધારે જાણપણું છે, એમ જણાવવાને પ્રયોગમાં પરદેશી ચીજ નહિ વાપરતાં, પોતાને જાણીતી દેશી ચીજ વાપરવાનું બતાવી ગર્વ માનશે. એમાંથી આપણને એ લાભ થવાનો કે, હરેક પરદેશી માલના જેવો માલ અત્રે બનાવવામાં જે જે પરદેશી ચીજો મંગાવવી પડે, તેને

બદલે કેટલાંક કામોમાં દેશી ચીજોજ વાપરવાની આપણને ખબર મળશે. આ કહેવું મારૂં છેક ખોટુંછે, એમ નથી. કેમકે જે ફોસફરસ પરદેશથી આવેછે, એને મળતું ફોસફરસ અસલથી આપણા દેશના યોગીઓ અને અભણ ફકીર લોકો બનાવી જાણેછે. તેની બનાવટમાં જે જે ચીજો વપરાતી હશે, તે સઘળી આપણા દેશની નીપજની હશે; કેમકે તેઓ કાંઈ પરદેશથી લાવીને બનાવતા નથી. પરદેશી ફોસફરસની આવક તો થોડાં વરસથી થવા લાગીછે, અને આગીઓ એતાળનું સાધનતો અસલથી આપણા દેશમાં ચાલ્યું આવેછે. એજ રીતે ઘણી ચીજોની બનાવટનું જ્ઞાન સાંભળેલાં ભાષણોની ચર્ચા કરવાથી મળશે.

પરદેશી માલ લેતાં અટકવું જોઇએ.

ગીતિ છંદ.

પ્રથમ શર્કરા સાથે દૂધ ઊજળું દેખી હરખાશો;
પણ વિષમય પય પરખી, પછી તે પીવા તમે શું લલચાશો? ૧
વિષધર વેષ ધરીને થયો જેટિકા, પણ જો તે સ્હાશો;
ભોળપણે જો ભૂલ્યા, તમે પૂરા પાછળથી પસ્તાશો. ૨

દેહને દમનાર દુઃખને દૂર કરવાને માટે ઔષધની આરાધના કરતાં, આપણે કેટલીક ચીજોની પરેજી પાળવી પડેછે; તેમ દેશને દમનાર દુઃખને દૂર કરવા પરદેશી માલ વાપરવાની પરેજી પાળવી પડવાની. જ્યાં સુધી વિના પરેજી ઔષધ ખાઈએ, ત્યાંસુધી કાંઇ શરીરને સારી અસર થતી નથી; તેમ પરદેશી માલની પરેજી પાળ્યા વગર ભરતખંડને વળગેલો બ્રહ્મરાક્ષસ ક્ષયરોગ મટવાનો નથી. એમ કહેવાનું કારણ એ છે કે, પરદેશી માલમાં તો ખનિજ, જાનવરી, ઉદ્ભિજ, અને અનેક ચીજના મિશ્રરૂપ હસ્તકૃત વસ્તુઓ આવેછે. તેમાંથી પરદેશમાં થતી કુદરતી પેદાશ માલ રૂપે આપણા દેશમાં ઊતરે તેની હરકત નથી; પણ હસ્તકૃત ચીજો પરદેશી નહિ વાપરતાં, દેશી વાપરવાનું 'પણ' લેવું જોઇએ. આપણા દેશનું બંગાળામાંથી શણ અને રબ્બર, અને માળવામાંથી અફીણ, અને બીજા જૂદા જૂદા ભાગપરથી મજીઠ અને રૂ, વગેરે પરદેશ ચઢેછે. એની જે આપણા દેશને ઉપજ થાયછે, તેના કરતાં ચાર ઘણી ઉપજ, અત્રેથી

લઇ ગયલા માલનું રૂપાન્તર કરી, તેના તરેહ તરેહના હસ્તકૃત ઘાટ ઊભા કરી, તે આપણા તરફ મોકલી આપણી પાસેથી હસાવી ફૂદાવી તથા ખુશ કરીને તાણી લેછે. એજ રીતે આપણે ત્યાં પરદેશી માલ આવતો હોય તો તે બેલાશક લેવો; પણ તેના અનેક ઘાટો ઊભા કરી તેનાં નાણાં પરદેશીઓ પાસેથી વસૂલ કરી લેવાં. જ્યાં સૂધી એ રીતે બનશે નહિ, ત્યાંસૂધી ભરતખંડને થયલા રોગને બીજા બીજા ઉપાયોથી થંભાવી શકીશું ખરા; પણ છેક જડમૂળથી કાઢી નાખવાને શક્તિમાન થઇશું નહિ.

આપણા પેહેલીવારના પ્રયત્નથી કદાપિ પરદેશી માલની આબેહૂબ છબી મેળવી નહિ શકતાં, સહેજસાજ ખામી રહેલી એવો માલ બને; તોપણ પરદેશી માલ ખરીદ નહિ કરતાં તેજ દેશી માલ ખરીદ કરવો, એવો આપણે દૃઢ નિશ્ચય રાખવો જોઇએ. પેહેલી વાર સાસરે આવેલી વહુનું રાંધેલું નીરસ ભોજન ખાવાનું બંધ નહિ કરતાં તેની પાસેજ જો કરાવ્યાં કરીશું, તો આખર તેજ વહુ ઉમદા સ્વાદિષ્ઠ ભોજનો શીઘ્રતાથી કરવાને શક્તિમાન થશે. એજ રીતે દેશી કારીગીરીનું સમજવું.

હસ્તકૌશલ્યથી બનાવેલો પરદેશી માલ ખરીદ કરવોજ નહિ, એવા દેશની દાઝ રાખનારા વિરલા પુરૂષો તો થોડાજ મળી આવશે. પણ હે રૂપના યારીઓ! તમે જરા ઊંડા ઊતરી વિચાર કરો કે, સોમલ મિશ્ર શાકરની મેળવણીવાળું ઊકાળેલું ઊજળું દૂધ જાહેર થયા છતાં, સ્વાદે મીઠું જણાય તો તે પીવાને શું, તમારા હાથ દૂધના ભરેલા પ્યાલા તરફ લંબાશે? બેશક ના. ત્યારે શું, ચળકાટ મારતી પરદેશી ચીજો, જે છુપી રીતે આપણા રૂધિર માંસની ભક્ષક છે, અને જેણે આજ સૂધી ઊંદરની પેઠે ફોલી ખાઈને, તથા આપણાં પુષ્ટ શરીરોનાં શોણિત શોષીને આપણાં શરીરોને ફક્ત હાડપિંજર બનાવી મૂક્યાં છે, તેનાથી શું, તમે દૂર નહિ રહો? ત્યારે શું, તમારા દેહમાંથી જીવ ઊડી જશે, ત્યારેજ તેનાથી વિખુટા પડવાનો વિચાર તમે રાખ્યો છે કે શું?

સઘળાએ પરદેશી માલ લેવાનું બંધ પાડી, પરદેશી માલની મદદથી પોતાની રોજીને માટે કરવાં પડતાં કામ અકટાવી દેઈ, ટૂંટીઆં વાળી બેશી રહેવું, એમ હું કહેતો નથી; પણ આપણા ખપમાં આ-

વતી પરદેશી ચીજોના જેવીજ આપણા દેશમાં બનવા માટે, એવા અનેક પ્રયત્નોથી પ્રયાસ કરવાને સર્વે જનોએ આગેવાની કરવી જોઇએ, એટલુંજ મારૂં કહેવું છે. તરત વખત પરદેશી માલ લેવો પડે અથવા તેની નકલ કરવામાં અસલની જરૂર પડે, તો તેટલોજ માલ ખરીદ કરવો; પણ નકામી શોભાને અર્થે પરસેવો ઊતારી પેદા કરેલું ધન ઓળે ને છોળે ઊડાવી દેવાને જરા વાર અટકાય તો સારૂં. એમ કહેવાનો સબબ એ છે કે પછી તો તમારા ખરા અંતઃકરણના પ્રયત્નથી સઘળો જોઇતો સરંજામ તમારા ઘરમાંજ નીપજશે. તેથી તે તમે બહોળે હાથે વાપરશો, તો તેની ઝાઝી હરકત નથી; કેમકે તેની કિંમતનાં નાણાં તમારી પાસેથી જઈને તમારા ઘરનાં બીજાં માણસો પાસેજ રહેવાનાં છે, અને તમને તે કોઇ દિવસ પણ કામ લાગશે. પણ પરદેશ દરિયાપાર તણાઇ ગયલાં નાણાંનાં દર્શન તો દુર્લભ થઇ પડશે. માટે તરત વખત તમારા દુરાગ્રહી ચિત્તના વલણથી પરદેશી માલ લેતાં પૂરેપૂરી રીતે અટકી ન શકાય, તો અતિ અગત્યતા ધરાવનાર પરદેશી માલ થોડો વખત ખરીદો; પણ જેમ બને તેમ તાકીદથી આપણા દેશમાં પરદેશી માલના જેવો માલ બનતો થાય, તેને માટે જેમ આપણી આંખમાં પડેલા ખૂંચતા રજકણને કાઢવાની જેવી આપણા મનને ખટક રહેછે, એવી ખટક આપણા મનમાં રાખવી જોઈએ, એટલુંજ ઉપરના મથાળાનું હાર્દ છે એમ સમજવું.

નવી શોધોના કરનારની કદર બૂજવી.

ગીતિ છંદ.

દેશ હિતેચ્છું જન જે, દેશી તણું દુખ શિરપર તે લેછે;
સ્વદેશીને સુખ થાવા પોતાના સુખ તણો ભોગ દેછે. ૧
મોજ શોખ નવ માણી, કરી કડાકુટ વિચાર બહુ ઊંડે,
કદર બૂજીછે તેનું, માન વધારો પ્રકાર બહુ રૂડે. ૨

આ જગત્માં એવો એક નિયમ જણાય છે કે, નાનાથી તે મોટા સૂધી, ગરીબથી તે તવંગર સૂધી, અને અભણથી તે મોટા વિદ્વાન સૂધી, સઘળા જનોને એવી હોંસ હોયછે, કે પોતાનું નામ ચિરકાળ સૂધી દુનિયાના જનસમૂહમાં મશહૂર રહે. માટે જેની

જેવી અક્કલ પહોંચે છે, તે પ્રમાણે તેઓ પોતાનું નામ જગત્‌માં ઝાહેર રાખવાને કોઇ ઉઘાડી રીતે, ને કોઇ છાની રીતે, હરકોઇ રીતથી તેમનાથી બની શકે એટલો પ્રયાસ કરેછે. આ વાત સઘળા જનો કબૂલ કરશે નહિ; પણ તેના કેટલાક દાખલા હું આપુંછું, તે ઉપરથી જે સત્ય હશે તે સિદ્ધ થશે.

કેટલાક છોકરા ધર્મશાળાની ભીંતે, દેહેરાંની ભીંતે, તથા ઘુંમટની અંદર અને ઉપર, ખડીથી કે કોઈ કોયલાથી પોતાનું નામ લખતા ફરેછે. કેટલાક જાત્રાએ ગયલા પુરૂષો પણ તીર્થની જગોમાં આવેલી ઇમારતોપર પોતાના નામ લખતા ફરેછે. કેટલાક પૈસાદાર લોકો કૂવા, વાવો, ધર્મશાળાઓ, દેવાલય, દવાખાનાં, નિશાળો, તળાવ, કે નદીના આરા, વગેરે અનેક ધર્માલયો ચણાવેછે; અને તે તૈયાર થઇ રહ્યા પછી એક જગાએ ગોખલો કરી તેમાં તે આલય ચણાવનારનાં નામ ઠામ સઘળું લખેલું એવો એક શિલાલેખ કે તામ્રપટ ચોઢેછે. કેટલાક નદી તળાવના આરા ચણાવીને, કે મહાદેવ બેસાડીને, કે નગર વસાવીને, પછી તેનાં નામ પોતાના નામ ઉપરથી પાડે કે પડાવેછે; જેમકે દાદા હરીની વાવ, પ્રેમચંદ રાયચંદની ટ્રેનિંગ કોલેજ, રૂપેશ્વર, સોમેશ્વર, ભીમનાથ, વગેરે અનેક દેવાલયો, જોધપુર, અમદાવાદ, રામપુર, સુરત, ઉદેપુર, વગેરે અનેક નગરોનાં નામ, બનાવનાર, બેસાડનાર, કે વસાવનારના નામપરથી પડેલાં કે પાડેલાંછે.

થોડું ભણેલા જુવાનીઆપણ પોતાનું નામ રાખવા ગ્રંથકારનું ડોળ રાખી નાની નાની ચીંથરીઆ પોથીઓ રચી, તેને બનાવનાર તરીકે ગણી પોતાનું નામ બહાર પાડવા મથે છે. કેટલીક વિદ્વત્તા ધરાવનારા પુરૂષો પણ પોતાના ગ્રંથોનું નામ પોતા નામપરથી રાખેછે; જેમકે નર્મકોશ, યુક્લિડ, લીલાવતી, ભડલીવાક્ય, યાજ્ઞવલ્ક્ય વગેરે સ્મૃતિઓ, ભોજકથા, વગેરે અનેક.

આ રિવાજ આપણા દેશમાંજ છે, એમ નથી. બધા દેશોમાં એવોજ અથવા એને મળતો રિવાજ જોવામાં આવેછે. જેમકે ફોર્ટ સેંટ જ્યોર્જ, ફોર્ટ સેંટ ડેવીડ, ફોર્ટ વિલિયમ, દુપ્લિઆબાદ, સેંટ પીટર્સબર્ગ, સિકંદરાબાદ, કોન્સ્ટાંટિનોપલ, કોલંબીઆ, વગેરે અનેક શેહેરો

ને કિલ્લાનાં નામ પરદેશી લોકોએ પોતાનાં નામ પરથી કે મોટાઓનાં નામ રાખવાને રાખેલાં હોયછે.

આ ઉપરથી પરોપકાર બુદ્ધિવાળા પુરૂષો પોતે જે દેશને ગુણ કરેછે, તેના બદલામાં તેઓ પોતાના મનમાં પોતાનું નામ કાયમ રાખવાને કે દેશમાં પોતાના નામની વાહવાહ કહેવડાવવાને ધારતા હોય, એવું કહેવડાવવા હું માગતો નથી. તેઓ=તો પોતાના સૂખડ જેવા સ્વભાવથી મહામહા કષ્ટો સહીને પણ દેશને ગુણ કરેછે. તેઓ કંઇ પોતાની મહેનતના બદલામાં પોતાનું નામ કાયમ રાખવાને માગતા કે ચહાતા નથી; પણ તેઓનાં અંતઃકરણ પરોપકારી પુરૂષોનાં નામ કાયમ રહેલાં જોઈને તથા તેઓનાં નામને માન મળતું જોઈને ખુશી થાયછે. આ ઉપરથી જોતાં તો કેટલાક માનના ભૂખ્યા હોયછે, અને કેટલાક માનના ભૂખ્યા હોતા નથી; પરંતુ એકંદર સઘળાના અંતઃકરણને પોતાનું નામ કાયમ રહેલું જોઇને તથા પોતાના નામને માન મળતું જોઇને ખુશી થવાનું વલણ છે, એવો ભાવાર્થ જણાયછે. માટે જેઓએ અસહ્ય કષ્ટ સહીને નવા નવા શોધો કીધેલા હોય, તથા દેશની દાઝ જાણી હોય, તથા પોતાની જીંદગીના સુખનો ભોગ આપી દેશની પ્રજાને અતિ ઉપકારો કરી સુખી કરી હોય, એવા થઇ ગયલા શોધકોને તથા ઉપકારી પુરૂષોનાં નામ કાયમ રાખવાને, તથા તેઓના નામને માન આપવાને, કોઇએ ચૂકવું નહિ જોઇએ. એવી રીતે જ્યારે આપણે એવા ઉપકારી પુરૂષોની કદર બૂજતા થઈશું, ત્યારે આપણા દેશમાં એવા પુરૂષોની સંખ્યામાં વધારો કરવામાં આવા એક કુદરતી ઉપાયથી શક્તિમાન થઇશું, એમાં સંશય નથી. કેમકે આવો આપણો વિવેક જોઇ એવા પુરૂષોની હોંશ વધશે, અને તેથી તેઓના અંતઃકરણને આવા ધાર્મિક કામો કરવાનું જોખમ માથે લેવાનું આકર્ષણ થશે.

જુઓ સ્વદેશ હિતેચ્છુ વિલિયમ ટેલ! જેણે પોતાના દેશનું ભલું કરવાને પોતાનો જીવ જોખમમાં નાખ્યો. એવા ઉપકારી પુરૂષની કદર બૂજી સ્વિસ પ્રજા આજપણ એનું નામ યાદ કરી એના નામને, તથા એણે જે જે જગાએ સંકષ્ટ સહીને દેશને ઉપકાર કરેલા, તે તે જગાને બહુ માનથી જુએછે, ને યાદ કરેછે.

આપણા દેશમાં જેમ જેમ જૂદા જૂદા દેવની પ્રતિમાઓ બનાવી ઠામે ઠામ બેસાડી તેની પૂજા કરીએ છીએ; તેમ ઇંગ્લાંડ દેશનાં શેહેરોમાં પ્રખ્યાત પુરૂષોનાં પૂતળાં ઘણા ખરા સર્યામ રસ્તા પર બેસારે છે. તેઓની તેઓ આપણી પેઠે પૂજા કરતા નથી; પણ ત્યાં થઈને જતા આવતા તે પૂતળાંને જોઈ તેના નામને લાયકનું માન આપેછે. જે પુરૂષની બુદ્ધિથી તથા શોધથી માંચેસ્ટરની મોટાઈ વધી છે, તેનું પૂતળું માંચેસ્ટરના બજાર વચ્ચે સર્યામ માર્ગમાં મોટી ઇમારત ઉઠાવી તેમાં બેસાડેલુંછે; જેનું નામ 'જેમ્સ વોટ'છે, અને જેણે વરાળયંત્રની શોધ કરી હતી. એવાં અનેક પૂતળાં ઘણાં શેહેરોમાં દેશ પર ઉપકાર કરનાર પુરૂષોનાં જોવામાં આવે છે.

આવી રીતે ઉપકારી પુરૂષોનું નામ કાયમ રહેલું તથા તેના નામને લાયકનું માન મળતું જોઇ, નવી શોધોના કરનારને સંકટ સહીને પણ આગળ પડવાનું મન થશે. માટે દેશને ઉપકાર કરનારને ઉઘાડી રીતે માન આપવાનું તથા તેની કદર બૂજવાનું આપણે જ્યારે શરૂ કરીશું, ત્યારેજ આપણા દેશમાં એકદમ તો નહિ, પણ ધીમે ધીમે એવા શોધકો બહાર પડવા માડશે.

દેશી કારીગીરી ઉત્તેજક નાની ગ્રામ્ય સભાઓ સ્થાપવી.

સઘળા સુજ્ઞ જનોએ પોતે પોતાના ગામમાં એકેક દેશી કારીગીરી ઉત્તેજક સભા ઠરાવવી જોઈએ. એ સભામાં ગામમાં જેનો ભાર વકકર સારો હોય, તેવા પુરૂષો જો એ કામમાં સામેલ હશે, તો એવી નાનકડી સભાઓ પણ દેશી હુન્નરમાં વધારો સુધારો કરવામાં મોટી મદદગાર થઇપડશે.

કોઈ પણ કામ હોંશ કે ત્રાસ સિવાય બનતું નથી; પણ હરેક કામમાં ત્રાસ કરતાં હોંશનો ઉપયોગ અત્યુત્તમ ગણાયછે. તો પછી આવા મહાભારત કામમાં તો હોંશનોજ ઉપયોગ થવો જોઇએ. હવે આ કામમાં કોને હોંશ ઉત્પન્ન થાય, તો આપણી ઉમેદ ફળીભૂત થાય? હાલમાં તો કારીગર વર્ગને કામ કરતાં હોંશ વધે એવા ઉપાય આદરવા જોઈએ. એને માટે આપણે શો ઉપાય લેવો જોઇએ? ગ્રામ્ય કળા ઉત્તેજક સભાના ફંડમાંથી આપણા નિત્ય વાપરમાં આવતી પરદેશ ચીજોની સરળ રીતે નકલ કરી બતાવનારને તથા તેવી ચીજો

અત્રેજ બનાવી જથાબંધ બહાર પાડનારને લાયક ઈનામ આપવાને ઠરાવવું જોઇએ. એવાં ઇનામની જાહેરખબરો વરસમાં બે ત્રણ હપતે બહાર પાડવી જોઇએ. એક ગામની મીટિંગે એક જાતની ચીજ બનાવવાને ઝાહેર ખબર બહાર પાડી હોય, તો બીજા ગામ વાળાઓએ બીજીજ ચીજો બનાવવાની ઝાહેરખબર કાઢવી જોઇએ. આથી અનેક ચીજો ઘણા થોડા વખતમાં અત્રે બનતી થશે.

નાનાં ગામડાં પણ હાથીના પગ કહેવાયછે. એક નાનું ગામડું હોય; પણ ત્યાંના સઘળા લોક એકમતે જો કોઇનું ભલું કરવા તાકે, તો તેને એક દિવસમાં ભાગ્યશાળી બનાવી દે. પાંચસેં ઘરની વસ્તિનું ગામ જો ઘર દીઠ વરસ દિવસે ફક્ત પાંચપાંચજ રૂપિયા ઊઘરાવી ગ્રામ્ય સભાનું ફંડ ઊભું કરે, તો લોકોને ઝાઝું નહિ જણાતાં, અઢી હજાર રૂપિયાની રકમ એકઠી થાય. એ રીતે આગળ ચાલતું રાખતાં, દર વરસે અઢી હજારનો વધારો થયા કરે. કદાપિ કોઈ કહેશે કે ઘર દીઠ પાંચ પાંચ રૂપિયાનો બોજો તો ઘણો થઇ પડે. એના ઉત્તરમાં જણાવુંછું કે વરસમાં બબે વખત ભવાયા રમાડોછો, તેમાં કાંઇ આપતા હશો? એક બે વખત નટ કે મલ રમાડોછો, તેઓને કાંઇ આપવું પડતું હશે? શરીરે મજબૂત બાંધાનાં માણસો જેઓ પોતાના શાસ્ત્રમાં બતાવેલી પોતાની ફરજો નહિ બજાવતાં છતાં, માગવાનો ધંધો લઇ બેઠેલા બ્રાહ્મણો, ભરથરીઓ, શ્રવણ, ભાટ, ભાંડ, ગોસાંઇ, ફકીર, વેરાગી, વગેરે અનેક વિના કારણ શરીરે પુષ્ટ પણ આળસુ લોકો તમારાં ગામડાંઓમાં માગતા ફરેછે, તેઓને આપવામાં જતાં અનાજ વગેરેનો જો હિસાબ કાઢવા બેશીએ, તો હુન્નર ઉત્તેજક સભાના ફંડમાં આપવા ઠરાવેલી રકમ કરતાં ભારે રકમ થઈ પડવા જશે.

આવાં નિરર્થક નાણાં ઊડાવી દેવા કરતાં, દેશના સઘળા જનો સુખી થાય એવાં પુણ્યના કામમાં જો નાણાં ખરચાશે, તો તમને મહા ફળદાયક પુણ્યની પ્રાપ્તિ થશે. તમે જો નાહક માગી ખાનારાઓને આપવાનું બંધ કરશો, તો તેથી તમને મફતનું માગી ખાનાર લોકોના આત્મા, તથા બીજા સઘળા નિરૂદ્યમી લોકો, એવો તો આશીર્વાદ દેશે કે તમારૂં કલ્યાણ થઇ જશે. કારણકે ઊમરે ઊમરે રવડીને લો-

કોના હોંકારા તૂંકારા ખમવાનું તેઓનું દુઃખ મટી જશે સબબ બીજે લાયક ધંધે વળગશે એટલુંજ નહિ, પણ તે અંતે દેશમાં દોલત વધારવામાં મદદ લાગશે. તેથી દેશની દોલતમાં વધારો થઇ સઘળી ભારતવાસી પ્રજા સુખી થશે. આ આશીર્વાદ શું થોડો ફળશે?

એમ પાંચ પાંચ રૂપિયા ભરવાનું હાલમાં બની શકે એવું નજ હોય, તો દરેક ગામડામાં ગામાત રૂપિયાની સારી રકમો ગામાત મોદીને ત્યાં પડેલી હોયછે. તેમાંથી લઈ પ્રથમ ગ્રામ્ય સભાનું ફંડ ઊભું કરવું જોઇએ. ફંડમાં ગામાત દંડ, તથા કોઇએ પુણ્યમાં વાપરવા કાઢેલી રકમો જમે કરાવતા જવું જોઈએ, જેથી ધીમે ધીમે ફંડમાં વધારો થતો જશે.

આ સભા સ્થાપવાનું અને તેના ફંડમાં રકમ ભરવાનું પુણ્ય કાંઇ ઓછું છે એમ સમજવું નહિ. કેમકે દેશની દુર્બળતા દૂર કરવાને આ પુણ્યશાળી ઉપાય યોજાશે. માટે દરેક આદમીએ પોતાનું તથા પોતાની પ્રજાનું ભલું તાકી ગ્રામ્ય કળા ઉત્તેજક સભામાં શક્તિ અનુસાર દર વરસે રકમ ભરતા રહેવું.

આવી નાની મીટિંગોના ફંડોમાંથી પોતપોતાના ગામનો કોઇ ઉમેદવાર નવી શોધ કરે તેને, તથા કોઇ હુન્નરી પાઠશાળામાં શીખવા જાય તો તેવાઓને, ઇનામના રૂપમાં કે સ્કોલર્શિપના રૂપમાં મદદ કરવી જોઇએ. વળી મોટા શેહેરોની જનરલ મીટિંગોને પણ નાની મીટિંગોએ નાણાં વગેરેની જોઇતી મદદ આપી તેની જોડે સંબંધ રાખવો જોઇએ.

નાની નાની ગ્રામ્ય સભાઓએ પાસેના શેહેરની જનરલ મીટિંગ જોડે મળી જવું જોઇએ.

દરેક નાની નાની સભાઓએ કસ્બાની મોટી જનરલ મીટિંગ જોડે મળી જઈને તેને જોઇતી મદદ આપવી જોઈએ, જેથી શેહેરની જનરલ મીટિંગ ભારે કામ માથે લેવાને શક્તિમાન થાય. વળી કેટલીક તરેહની ફળદાયક સમજુતીઓ પણ જનરલ મીટિંગ તરફથી ગ્રામ્ય સભાઓને કરવામાં આવે, અને તેઓપણ માન્ય રાખે, તો તેથી કરી સઘળી વસ્તિ એકે મતે આગળ પડવાને શક્તિમાન થાય, એમાં શક જેવું નથી. મોટા મોટા અગત્યના યંત્રો બનાવી બહાર

પાડવાને મોટા ઇનામો આપવાની જરૂર પડે, તથા સંગ્રહસ્થાનો ઊઘાડવામાં પણ ઇનામો આપવાને, તથા એ વગેરે બીજાં કામોમાં નાણાંની ભારે રકમ ખરચવાની જરૂર પડે, તે પૂરાં પાડવાને એકલી જનરલ મીટિંગ શક્તિ ધરાવે એમ સંભવતું નથી. સબબ જનરલ મીટિંગમાં થોડા શાહુકારો, વિદ્વાનો, અને સરકારી નોકરો ઘણું કરી દાખલ થવાના. તેમના જીવ તો ઉદાર ખરા; પણ વિદ્વાન અને નોકરોની પાસે ઘણું કરી નાણાંની છત થોડી હોયછે, અને શાહુકારોમાં હજૂ થોડાજ જણ આવા પરોપકારી કામમાં ઉદાર બુદ્ધિના જણાયા છે. તેથી વરસમાં બે ત્રણ વખત નાની ગ્રામ્ય સભાઓના તરફથી જૂજ જૂજ નાણાંની મદદ આપવામાં આવે, તો જનરલ મીટિંગ મોટી મૂડી વાળી થઇ પડે; અને તેથી તે દેશી કારીગીરીને અચ્છી રીતે આશરો આપી શકે.

જેમ સૂર્ય સાગરનું જળ શોષીને પછી વર્ષાદ રૂપે તે જગત્માં વરસાવેછે, તેમ જનરલ મીટિંગનો પરાક્રમ રૂપી સૂર્ય નાની સભાઓની મદદ લઇને, પછી તે સુખરૂપી વર્ષાદ આખા દેશમાં વરસાવશે. તેનો લાભ શેહેરથી તે ગામડાં લગણ, નાનાથી તે મોટા લગણ, અને ગરીબથી તે તવંગર લગણ, સૌ જનોને સરખો મળશે. એટલે પરદેશી માલ આપણા દેશમાં નીપજશે; અને એથી દેશમાં દોલત વધશે, નાણાંની છૂટ થશે, અને તવંગરના વેપાર, કારીગરોને રોજી, અને ગરીબ લોકોની મજૂરી ધમધોકાર ચાલશે.

વળી એક ધર્મનાં ધામ ગામે ગામ બંધાયલાં હોય, તો તે ધર્મના સાધુઓને બોધ કરવાને બહાર નીકળતાં “ક્યાં ઉતારો કરીશું” તેની ચિન્તા રહેતી નથી; તેમજ ગ્રામ્ય સભાઓ જનરલ મીટિંગ સાથે જોડાયલી હોય, તો જનરલ મીટિંગમાંથી હોંસીલા બોધકોને બહાર નીકળી બોધ કરવા જવામાં હરકત પડે નહિ; કેમકે દરેક ગ્રામ્ય સભાનો આશરો લઈ દરેક ગામડાંમાં બોધ કે ભાષણ કરતાં સુલભ પડે. આ વગેરે અનેક લાભોનો વિચાર લઈ ગ્રામ્ય સભાઓએ મોટા શેહેરની જનરલ મીટિંગ જોડે જોડાવું જોઇએ.

प्रकरण ५ मुं.

विद्वानोनी फरजो.

"સાંભળજો સજ્જન નરનારી, હિત શિખામણ સારીજી" એ રાગ.

વિદ્વજ્જની મોહક વાણી નવરસમય કહેવાયેજી;
વીરરસ વાણી સુણાવે રણમાં, શીરવિના ધડ ધાયે–વિદ્વજ્જનથીજી. ૧
વ્યભિચારી ને બહુ બહુ પાપી, તેને મતિ શુભ આપીજી;
રૂંવે રૂંવે તો રહ્યું જ્ઞાન વ્યાપી, થઇને બેઠા પ્રભુજાપી–વિદ્વજ્જનથીજી. ૨
જોગી જે જંગલમાં જઈને, ગુહ્ય ગુફામાં બેઠાજી;
રસ શૃંગાર સુણાવ્યો તમે તો માયા મોહમાં પેઠા–વિદ્વજ્જનથીજી. ૩
પાપી તે પુણ્યશાળી થઇને, ભક્તિ કીધી ભરપૂરજી;
પ્રલય પાપ થયાં સહુ તેનાં, જેને લાગી ગઇ ઊર–વિદ્વજ્જનથીજી. ૪

રણસંગ્રામમાં શૂર સિપાઇઓની ટોળીઓ પણ જેમ નામના પણ નાયક વિના નિરાધાર બની શત્રુની સામે લઢી શકતી નથી, જેમ મહાસાગરમાં વહાણ ખેડવાને ઘણા ખારવાથી પણ અનુભવી નાવિક વિના બનતું નથી; તેમજ સંસારસાગરમાં વિદ્વાન નાવિકો વિના સાધારણ પ્રજાજનોના પ્રયત્નોથી કંઈ પણ વળે તેમ નથી. આ સંસારમાં અસલથી જે જે સુખનાં સાધન એક પછી એક ઉત્પન્ન થતાં આવ્યાંછે, તે તે સઘળાં વિદ્વાનોની વાણીનોજ પ્રસાદ સમજવો. વિદ્વાનોના જ્ઞાનના બળનો જો વિચાર કરવા બેશીએ, તો તેનો પાર પામીએ નહિ. સૃષ્ટિમાં ગુરૂત્વાકર્ષણ, વિદ્યુતાકર્ષણ, લોહચુંબકાકર્ષણ, કેશાકર્ષણ, સ્નેહાકર્ષણ, વગેરે આકર્ષણો બહારના પદાર્થોને પોતાના તરફ ખેંચવાને શક્તિ ધરાવેછે; પણ વિદ્વાનોની વાણીમાં રહેલું મોહાકર્ષણ તો વિરૂદ્ધ પક્ષના મનમાં વસી રહેલા વિચારોને વિખેરી નાખી પોતાના વિચારો તેમના મનમાં ઊતારી દઇ તેઓનાં મન પોતાને અનુસરતાં બનાવી દેછે. તેથી નાસ્તિક વિદ્વાનોના આસ્તિક પ્રસંગી નાસ્તિક બન્યાછે, અને આસ્તિક વિદ્વાનોના નાસ્તિક પ્રસંગી આસ્તિક બન્યાછે. આવા બહુ બળવાળા પુરૂષો આગેવાન થાય, તો શું ન બની શકે! ધારે તે બની શકે.

વિદ્વાનો પોતાની વાણી વડે અસુરને શૂરા બનાવી રણસંગ્રામમાં

આગળ ધકાવી ચાલતી કતલમાં ઝોકાવી દઇ, જયના જરીઆની ઝુંડા ફરૂકાવેછે. વિદ્વાન પોતાની વાણીવડે પતિતને પાવન કરી તેને સ્વર્ગનું સુખ દેખાડેછે. વિદ્વાન પોતાની વાણીવડે સંસારનાં સૂત્રો બાંધી સૌને સીધે સેરડે પ્રવર્તાવે છે. વિદ્વાનની વાણીવડે વિષયાસક્ત પુરૂષો પણ સાધુપણાને પામ્યાછે. વિદ્વાનની વાણીવડે યોગીઓ તપશ્ચર્યા તજી સંસારના મોહમાં ફસાઈ પડયાછે. વિદ્વાનની સુબોધક વાણીને ઉલ્લંઘન કરનાર કોઈ વાતે સુખી થતો નથી. માટે જ્યાંસૂધી આવા વિદ્વાનો આગળ પડવાતું મનપર લેતા નથી, ત્યાંસૂધી પ્રજાના શૂરા જનોનો સમૂહ નાયક વિનાનું આંધળુ લશકર છે, એમ નિઃસંશય સમજવું.

માટે હે વિદ્વજ્જનો! આ કામ કરવાનો બોજો પ્રથમ તમારેજ માથે આવી પડયોછે. તમારી સૂચના વગર પ્રથમ કોઇને સૂઝે તેમ નથી. તમે અસલથીજ દુનિયાના જનો ઉપર ઉપકાર કરતા આવેલા છો, અને દુનિયામાં મોટા મોટા ફેરફારો તમારીજ વાણી વડે થયલા છે. માટે આ વખતે પણ પોતાના સ્વદેશી બંધુઓનાં દુઃખ ટાળવા તમારેજ આગેવાની કરવાની છે. દુનિયાની સઘળી પ્રજા બાળ રૂપે ગણાયછે, અને તમે તો તેમના વૃદ્ધ વડીલરૂપે તેમને સીધે રસ્તે દોરીજનાર છો. માટે હાલમાં તમારા દેશની રાંકડી રતાંધળી પ્રજા ઊંડી અંધારી ખીણોમાં અણજાણે ઊતરી પડીછે, તેમાં તેને રસ્તો નહિ જડવાથી આમતેમ ભટકેછે, અને કેટલીક થાકી જઈ વિરામ લઈ બેશી રહેછે; માટે તેમને અંધારી ખીણમાંથી બહાર કાઢવા, હે દેખતા નરો! તમે આગળ થઇ જાઓ.

તમારે કરવાનાં કામ મારી અલ્પ બુદ્ધિ પ્રમાણે નીચે જણાવુંછું;

(૧) તમે સઘળી પ્રજામાં હુન્નરને લગતા પ્રયોગો સાથે ભાષણ કરી પ્રદર્શિત હુન્નરી જ્ઞાન ફેલાવો, (૨) વર્તમાનપત્રોદ્વારાએ દેશમાં જ્ઞાન ફેલાવો, (૩) હુન્નરી પરદેશી પુસ્તકોનાં દેશી ભાષામાં ભાષાંતરો કરો, (૪) મોટી મૂડીવાળી વજનદાર સભાઓ સ્થાપો, (૫) પ્રદર્શનો ઊઘાડો.

विद्वानोए भाषणो अने प्रयोगो करवा.

"હરેક જણના હારી ગયલા મનને ટચકારે પાણી ચઢેછે," "ગા-

કે જોડેલા થાકી ગયલા બળદો ટચકારે ઢોળ ચડી જાયછે," એજ-રીતે આપણા ભારતવાસી કારીગરોનાં હારી ગયલાં મન વિદ્વાનની વાણીચાતુર્યમય ઉશ્કેરણીથી ભારે બોજો લઇ કૌશલ્યપર્વતનો ઢાળ ચઢી જઇ સુખશિખરની ભેટ લેવાને પાછાં હઠશે નહિ. માટે દેશમાં હુન્નરી જ્ઞાન ફેલાવવાને, હુન્નર વિદ્યા સબંધી વિદ્વાનોએ જાહેર જગામાં દેશી ભાષામાં સારી છટાદાર રીતે ઉત્તમ ભાષણો આપવાં જોઈએ. ઉત્તમ ભાષણો કયારે કહેવાય કે જેમ કોઇ ચંદ્રકાન્તા મુગ્ધા સ્ત્રી પ્રાધાન્ય હોય, એવી મહા કવિઓની રચેલી વાર્તાઓ સાંભળી તરતના મંદ પડી ગયલા પુરૂષો જેમ પુરૂષપણાને પામેછે, તેમ જ્યારે શ્રોતાઓનાં મન તે ભાષણોને સાંભળતાંને વાર પીગળી જઈ, દેશી કારીગીરીને સુધારવા વધારવા તનથી અને મનથી આતુર બની જઇ, તે કરી દેવાની તાલાવેલીમાં આવી જાય, ત્યારે કેટલાક એવા તો શૂરાવેશમાં આવી જાય કે તેજ વખત તેઓનાં મન અને પછાથી તેમનાં તનપણ કળાવાન દેશોની જાત્રાએ નીકળી પડે! વળી કોઇ ભાષણોની અસર એવી થઈ જાય અને ભાષણો સાંભળનારાઓના હડામાં એવો તો ઊત્સાહ ઊછળે કે તેઓના ઉત્સાહાવેશમાં તેઓના હાથથી પરદેશી ચીજોના દેશીકૃત નમૂના બનીને પ્રદર્શનોમાં શોભા ને માન પામી, એક પછી એક બહાર પડતા થઇ જાય! સારાંશ કે ઉત્સાહાવેશી ઉમેદવારોની વૃદ્ધિ થતી રહે!

આવી રીતે કરેલાં એકલાં ભાષણોથી ફક્ત શત્રુના દેશથી અને તેમના લડાયક ગુણ અને રિવાજથી અણભોમીઆ પણ શૂરા સિપાઇઓનું લશ્કર તૈયાર થઇ શકશે ખરૂં; પણ તમે જાણોછો કે આવા સિપાઇઓથી ફતેહની આશા કેવી રહે? શત્રુના અણજાણ પ્રદેશમાં પ્રવેશ કરવાને ભોમીઆની કેટલીક બધી જરૂર પડેછે? ખરેખર આપણું શૂરૂં સૈન્ય પ્રતિપક્ષીના ગુણ રિવાજથી વાકેફ થવુંજ જોઈએ. ત્યારે તેમને જાણીતા કરવાને આપણે શું ઉપાય લેવા જોઈએ? જ્યાં સૂધી હુન્નરી કામને લગતા પ્રયોગો કરી બતાવી પ્રદર્શિત જ્ઞાન દેશી કારીગરોને અપાતું નથી, ત્યાંસૂધી જેમ થુંકે પુડા કરીએ, તેમ એકલા ભાષણથી થશે.

વળી પ્રયોગો પણ એવી રીતે થવા જોઈએ કે, જેમ કોઈ સું-

દર કાન્તિવાળી શ્વેતવર્ણું મૃગલોચના માશુકે પોતાના આશકપર ફેંકેલું કટાક્ષ બાણ આશકના હૃદયકોટને તોડી અંદર પેશી જઈ, વારે વારે તે વખતનો ચિતાર તેના વિચારચક્ષુ આગળ લાવી મૂકેછે, તેમ કરી બતાવેલા પ્રયોગની યાદી જ્યારે કારીગરો ચિરકાળસુધી ભૂલે નહિ, અને તે પ્રયોગોની અજમાયશ તેમનાથી કાઢયા વગર રહેવાય નહિ, ત્યારેજ કરી બતાવેલા પ્રયોગો ફળીભૂત થયા એમ જાણવું.

આવીરીતનાં ભાષણો ને પ્રયોગો એકજ જગાએ થવાં જોઇએ એટલુંજ નહિ, પણ દરેક ભાષણ અને પ્રયોગો કરી બતાવવાનો દિવસ અને વખત અગાઉથી નીમી, તે દિવસ અને વખતથી સૌ પ્રજાના જનો જાણીતા થાય, એવી રીતે ઠામે ઠામ જાહેરખબરો ચોઢવી જોઇએ. પ્રથમ કેટલોક વખત સર્વામ માર્ગોપર, અને મેળા મીજલશોમાં ભાષણો આપવાં પડશે; કેમકે આપણા દેશમાં હજૂ ભાષણો સાંભળવાનો શોખ નથી. માટે પ્રથમ થોડો વખત તો લોકોમાં ભાષણો સાંભળવા જવાનો શોખ ઉત્પન્ન કરતાં જશે. પછી તો તેઓ જેમ જેમ લાભ દેખતા જશે, તેમ તેમ પોતાની નીમેલી જગાએ સાંભળવા આવતા જશે. વળી કેટલીક વખત પોતાના પ્રગણાંના ગામોમાં ફરીને પણ ભાષણો અને પ્રયોગો કરી બતાવવાને વિદ્વાનોમાંના હોંશીલા ભાષણકારો બહાર પડશે, તેમ તેમ દેશમાં એકજ રાગે હુન્નરી ગીતડાં ગવાતાં જશે?

આવાં ખરાં ભાષણો અને પ્રયોગો કરી બતાવવા એ કાંઇ જેવી તેવી વાત નથી. એતો હિમાલયના બરફ વાળા ચઢતા ઢાળને રસ્તે ચાલી કૈલાસનાથનાં દર્શન કરવા કરતાં પણ અધિક કઠિણ છે; કેમકે પેહેલા નંબરના ભાષણકાર વિદ્વાનને પ્રથમ હુન્નરી પ્રદેશની ભાષા જાણવી જોઇએ એટલુંજ નહિ, પણ હુન્નરી દેશોની જાત્રા કરી ત્યાંની હુન્નરી પાઠશાળાઓમાં શીખીને હુન્નરી કારખાનામાં ચાલતી રીતિઓ અને કૃતિઓ જાતે નીરખવી જોઈએ. જેનાથી એટલું બધું બની શક્યું ન હોય, તો તેવા બીજા નંબરના ભાષણકાર હુન્નરી વિદ્વાને તેને લગતાં પુસ્તકોનો પણ અભ્યાસ કરેલો હોવો જોઇએ. તેમાં લખ્યા પ્રમાણે અગાઉથી પ્રયોગોની અજમાયશો કાઢી જોઈ, તેઓએ ભાષણો તથા પ્રયોગો કરતાં પેહેલાં સાવધ બની રહેવું જોઇએ. આવું વિકટ કામ

ખરા વિદ્વાનો વગર કોણ બનાવી શકે એવુંછે? આવાં વિકટ કામ બીજાથી બનતાં હોય, તો વિદ્વાનોના નામને કોણ નમશે? વિકટ રસ્તે નબળાથી જઇ શકાતું હોય, તો અનાદિથી વિદ્વાનોનાં કાયમ નામ રેહેતાં આવ્યાંછે તે કેમ રહેશે? જેમ કાષ્ટની તરવાર કાંઇ શત્રુનું સૈન્ય હઠાવે નહિ, તેમ ખરા વિદ્વાનો વગર આવું મહાભારત કામ કોઇ બીજાથી ઊઠાવી લેવાય તેમ નથી. માટે હે વિદ્વજ્જનો!! અતિ કષ્ટો સહીને પણ જે જે મંત્રો તમે સાધી રાખેલાછે, તથા હવે પછી જે જે સાધવા પડે, તે તે મંત્રો ભણીને તમારી વિદ્યાવડે પવિત્ર કરેલું પાણી જ્યાંસુધી તમે વળગાડ વાળા ભરતખંડને છાંટશો નહિ, ત્યાં સૂધી ભરતખંડને વળગેલો બ્રહ્મરાક્ષસ આ સચોટ મંત્રો વગર નીકળનાર નથી.

ઉપર બતાવેલુંછે એવા જ્ઞાન વિનાના પ્રાણીઆરાના મુનશીઓ તો સાંભળીને કે દેશી ભાષામાં લખાયલાં પુસ્તકો વાંચી વાંચીને ભાષણકાર બની ગયલા ઘણા મળી આવશે; પણ તેમના ભાષણોમાં ઘણું કરીને ઝાઝો ભલીવાર ભાગ્યેજ હશે. પણ તેમને ત્રીજા નંબરમાં નાખીશું, તો તેમનાથી પણ કેટલીક તરેહનો લાભ મળવાની આશા છે. એક નાના પણ તમરાનો અવાજ બીજી વાત કાને પડવા દેતો નથી, પણ તેજ અવાજ પોતાની તરફ દરેકનું ચિત ખેંચેછે, એ રીતે વિદ્વાનનું એક જગ્યાએ થયલું ભાષણ સાંભળીને ધ્યાનમાં રાખી, આવા ત્રીજા નંબરના ઉત્સાહી ભાષણકારો બીજી જગ્યાએ જઈ ભાષણો આપશે, તો પણ ઘણોજ ફાયદો થશે.

કોઇ કોઇ વખત જનરલ મીટિંગોનાં ફંડોમાંથી ઇનામો આપી ઇનામી ભાષણોની તથા પ્રયોગોની ઉમેદવારોમાં સ્પર્ધા કરાવશો, તો તેથી ઉમેદવારોની હોંશમાં વૃદ્ધિ થઈ, ધીમે ધીમે તેઓમાંથી જોઇએ તેવા ભાષણો અને પ્રયોગો કરી બતાવનાર નીકળતા જશે. મતલબ કે શીખાઉ ઉમેદવારોની હોંશને એવી રીતે ઊછેરવામાં આવશે, તો બેશક ઉત્તમ ભાષણકારોમાં વધારો થશે એમાં સંશય નથી.

वर्तमानपत्रो द्वाराए देशमां ज्ञान फेलावो.

ઝૂલણા છંદ.

વિદ્વજજન વિદ્વત્તા જ્ઞાન હથિયાર લો, યુદ્ધ કરવા ચઢો આજવારી;

પૂર્ણ પ્રખ્યાત જે પત્રના અધિપતિ, લો તમે સૈન્યની સરદારી.
કલમ બરછી લઈ, તોપ આનન તણી, દારૂ રૂશનાઈ, ને શબ્દ ગોળા;
પત્ર પિસ્તોલમાં વર્ણ ગોળી ભરી, ફોડી કરો દૂર દુશ્મન ટોળાં.

પ્રાચીનકાળમાં ધનુર્વિદ્યા ધનુર્ધારી મનુષ્યોનું ધારેલું કામ કરી શકતી હતી, તેથી તે વખતના મનુષ્યો મંત્ર વડે બાણ મારી જમીનમાંથી પાણી કાઢતા હતા, પોતાના થાકેલા શૂરા જોદ્ધાઓને બાણપર બેસાડી ધારેલી જગાએ મોકલી શકતા હતા, દૂર ઊભેલા શત્રુઓને નાગપાશ મંત્ર ભણી બાણવડે પોતાની પાસે બાંધી આણતા હતા, એ વગેરે મંત્રવડે મૂકેલાં બાણ અનેક કામો બજાવી શકતાં હતાં. એવીજ રીતે સાંપ્રત કાળમાંનાં મનુષ્યોની પાસે ન્યુસપેપર નામની આવેલી પરદેશી પિસ્તોલ ધડાકે ધારેલું કામ બજાવી શકવાને સમર્થ છે. માટે દેશમાં હુન્નરી જ્ઞાન ફેલાવવાને વિદ્વાનોની પાસે બીજું સાધન વર્તમાનપત્ર છે. એની મદદથી પણ એક સારૂં કામ બજાવી શકાય એમ છે.

સારાં વર્તમાનપત્રોમાં અનેક જાતના વિષયોનો સમાસ કરવામાં આવેલો હોયછે. પણ કેટલાંક ચીંથરીયાં પત્રોમાં નિરર્થક કૂટણાં કરેલાં હોયછે, કે જે પેહેલીજ વખત વાંચતાંજ કાંઈ ફાયદો આપે એવાં હોતાં નથી, તો પછી તેનો સંગ્રહ કરી રાખવાથી પાછળ શું ફાયદો આપે ? એવાં ચીંથરાં તો આવ્યાં કે તરતજ ઊઘડી પહોળાં થયાં ન થયાં કે બજારમાં ગાંધીઓને ઘેર જઈ પડેછે. આ જગાએ એ બાબતપર વિવેચન કરવાની ઝાઝી જરૂર નથી; પણ એટલું તો આ જગાએ કહેવું અવસ્યનું છે કે દરેક સારી પેપરપિસ્તોલમાં પરદેશી હુન્નર રૂપી બારૂત અને કળા રૂપી ગોળીઓ ભરીને ભલી રીતે ભડાકો કરવામાં આવે, તો ધારેલું નિશાન તોડી પાડવાને વાર લાગે એમ નથી. મતલબ કે હુન્નર કળા સંબંધી લખાણ પેપરો મારફતે દર અઠવાડીએ બહાર પડતું રહે, તો એથીપણ આપણે પરદેશી માલ આપણા દેશમાં બનાવતા થઈએ.

કેટલાકની એવી પણ તકરાર હશે કે વર્તમાન પત્રોનો અર્થ તો ચાલતી વખતમાં બનેલા બનાવની હકીકતનો કાગળ, એવો થાય

છે, તેમાં શું તમે વિદ્યા હુન્નર સંબંધી લખવા માગો છો? તેના ઉત્તરમાં જણાવું છું કે પેપરનાં બધાં પૃષ્ઠોમાં નહિ, પણ તેનાં બે કે પછી એકજ પૃષ્ઠપર ચાલતા વખતમાં પરદેશોમાં પ્રખ્યાતિમાં આવેલી હુન્નરકળા સંબંધી શોધોની હકીકત મેળવી, **કળા કૌશલ્ય પ્રકાશના** શીરનામા નીચે લખાય તો બેહેતર છે. બીજા બીજા વિષયો ભરીને તમારા પેપરનું પેટ તંગ કરોછો, તેથી તેના જેટલા ગ્રાહક હાલ હશે, તે કરતાં પણ જો તમે તમારા પેપરમાં કળા કૌશલ્યના લખાણોને બેસવાની જગા આપશો, તો તમારા પેપરના બમણા ગ્રાહક થવાને બને તેમ છે; કારણ કે હાલ કેટલાક વેપારીઓ, કેટલાક કારીગરો અને બધા ખેડુતો તમારા પેપર તરફ જોતા પણ નથી; કેમકે તેમને ભાવતાં ભોજન મળ્યા વગર તેઓ તમારી પીરસેલી થાળીને શું કરે? જ્યારે ભાણામાં ભાવતું ભોજન પીરસાશે, ત્યારે આપો આપ તેમના હાથ પીરસેલી થાળી તરફ લંબાશે. મતલબ કે તેમના કામનું લખાણ તમારા પેપરમાં દાખલ થતું દેખશે, ત્યારે તેઓ તમારા પેપરના ગ્રાહકો થવાને ચૂકવાના નથી. માટે તમારા તરફથી કળાવાન દેશોમાં એજંટો (આડતીઆ) રાખી તેમની મારફત વિદ્યાકળા સંબંધી થતા નવા નવા સુધારા સવિસ્તર હકીકત સાથે લખાવી મંગાવવા જોઇએ, અને તેના દેશી ભાષામાં તરજુમા કરી તમારા પેપરોમાં મૂકી તમારે બધા દેશમાં ફેલાવવા જોઇએ.

વળી બીજો એક ઉપાય બતાવુંછું તે એ કે હરેક અણજાણ હુન્નરની રીતિ કૃતિ બરાબર લખી મોકલનારને અમુક રકમનું ઇનામ આપવામાં આવશે, એવી જાહેરખબરો કાઢીને હુન્નરની રીતિ કૃતિનાં લખાણો મેળવવાં જોઇએ; પણ લખી મોકલેલી રીતિ કૃતિ પ્રમાણે પ્રયોગ કરી જોતાં સિદ્ધ જણાયા પછી ઇનામો આપવાં જોઈએ. સિદ્ધ થયલો હુન્નર તમારા પેપરમાં દાખલ કરવો જોઈએ, ને સઘળે ફેલાતો કરી દેવો જોઇએ.

આ રીતે વર્ત્તવા જતાં, ખરી વિદ્વત્તા વાપર્યા વગર બને તેમ નથી. વળી તેની સાથે નાણાંની પણ ખરી જોગવાઇ જોઈએ. વિદ્વાનો માટે તો હું પ્રથમથીજ કહી ગયો છું કે હે વિદ્વજ્જનો! તમારે

આગળ પડી યા હોમ કર્યા સિવાય છૂટકો નથી. માટે તમારી પરોપકારી બુદ્ધિવડે તમે આ કામની આગેવાની કરશોજ, એવી ખલકને ખાતરજમા છે; અને નાણાંને માટે તો જણાવું છું કે તમારી મેહેનતનો બદલો માલીક મેળવ્યા સિવાય રહેવાનો નથી. સબબ આ રસ્તો પકડવાથી તમારા પેપરનો ખરચ નીભે એટલા ગ્રાહકોનો વધારો થયા સિવાય રહેવાનો નથી.

हुन्नरी पुस्तकोनां देशी भाषामां भाषांतरो करो.

દેશી અને પરદેશી હુન્નરકળા સંબંધી લખાયલાં પુસ્તકો દરેક ચતુરચક્ષુ જનોએ જોવાં જોઇએ ? તેમાં વિશેષ કરીને દરેક વર્ગે હુન્નરી પુસ્તકોનો અને ખેડુતવર્ગે કૃષિવિદ્યા સંબંધી લખાયલાં પુસ્તકોનો તો પાકી રીતે અભ્યાસ રાખવો, એ એમની પેહેલી ફરજ છે. એમ નક્કી માનવું કે, જે જે માણસ પોતાના ઉપયોગમાં આવતી વિદ્યાનો શાસ્ત્રીય રીતે પાકો અભ્યાસ કર્યા વિના ધંધે ધાયલા છે, તે તે પોતાના ધંધામાં પૂરી માહીતગારી ધરાવનારા છે, એ માનવું બીલકુલ લાયક નથી. વૈદ્યકશાસ્ત્ર ભણ્યા વિનાના ઊંટવૈદો અનેકના જીવ લેનારા નીવડયાછે. માટે દરેક ધંધાધારીએ પોતાનો ધંધો શરૂ કરતાં પેહેલાં, તે ધંધાના સારા અનુભવી વિદ્વાન શિક્ષકની પાસે શીખીને પાવરધા બનવું જોઇએ, એ રીત તો ઉત્તમ પ્રકારની છે; પણ જેઓથી તેમ બની શકયું નથી, અને હવે પછી બનતું પણ નથી, પરંતુ જેણે તે જાતનો ધંધો કરવો ધાર્યોછે–મતલબ કે તેના મનનું વલણ અમુક ધંધા તરફ વળ્યુંછે, તો તેવા પુરૂષોએ કોની મદદ લેવી જોઈએ ? તેઓ જો હુન્નરી પુસ્તકોની ભાષાના જાણ હશે, તો તેઓ તેવાં પુસ્તકોની મદદથી પોતાની હોંશને લીધે બીજા નંબરના કારીગર બનશે. હવે તે બંને નંબરમાંના એક પણ નંબરમાં આવી શકે એવી જેનામાં શક્તિ નથી, અને હવે પછી એવી શક્તિ લાવવાનો ઉપાય પણ જેઓને હાથ રહ્યો નથી, એવા અમુક જાતની કારીગીરી કરવામાં ઉત્કંઠા રાખનાર નિરૂપાયી પણ ઉત્સાહી પુરૂષોની મનકામના સિદ્ધ થાય એવો ઉપાય હશે કે નહિ ? હા, છે. પણ તે આપણા સ્વદેશી વિદ્વાનોના હાથમાં રહેલોછે

વાર્ત્તાઓ, નાટકો, વગેરે ભિન્ન ભિન્ન વિષયોથી ભરેલાં અનેક પરભાષાનાં પુસ્તકોના તરજુમા કરવાનું કામ હાલમાં તમે ચલાવોછો; પણ જે પુસ્તકોથી આપણા ભરતખંડનો ઉદય થવાનો સંભવછે, તેવાં પરભાષામાં લખાયલાં હુન્નરી પુસ્તકોના તરજુમા થઈ આપણી ભાષામાં ઉતરેલા તેવાં પુસ્તકો જણાતાં નથી, એ વાત ખરેખરા ખેદને ઉપજાવનારી છે. કોઇ કોઇ જગાએ નાનાં નાનાં હુન્નરી એક બે પુસ્તકો દેશી ભાષામાં મુદ્રાંકિત જોવામાં આવેછે; પણ તે જોઇએ તેટલાં મોટાં, અને જોઇએ તેવી રીતિ કૃતિની સવિસ્તર હકીકત સાથે લખાયલાં નથી. તેથી તે આપણને જોઈએ તેવો લાભ આપી શકે એમ નથી.

કોઇ વાચનનો શોખી પુરૂષ આંખનાં બેતાળાંને દરદે પોતાની પાસે અનેક મુદ્રાંકિત પડેલાં પુસ્તકો છતી આંખે વાંચી શકતો નથી; તેમ હરેક જાતનાં હુન્નરી પુસ્તકોની ભાષાથી અણજાણ પુરૂષ તે પુસ્તકો વાંચી વાકેફ થઇ શકતો નથી. જેમ બેતાળાંવાળા ને અર્ધ અંધોને વિદ્વાનોએ જૂદા જૂદા લેન્સવાળા કાચોના ચશ્મા આપી દેખતા કર્યાછે; તેમ પરભાષાથી અણજાણ અર્ધ અંધને હુન્નરી પુસ્તકોના તરજુમા રૂપી ચશ્મા બનાવી આપી દેખતા કરવા જોઇએ. તેથી તેમને મિલકત ને માન બેઉએ મળશે. મતલબ તમે કરેલાં ભાષાન્તરિક પુસ્તકોની સાથે જોડેલું તમારૂં નામ કાયમ રહી, તે પુસ્તકોની ચાલતી ઉપજ તમને મળવાથી તમારૂં ખીસું તર રહેશે.

માટે પ્રથમ આપણા દેશના જૂદા જૂદા ભાગોપર ચાલતી હુન્નર કળાઓમાંથી જે જે હુન્નર કળાઓ અતિ અગત્યતા ધરાવનારી છે, તે તે સઘળીનું શોધન કરીને તથા કરાવીને તથા તેનો સંગ્રહ કરીને, પછી તેવાં સંગ્રહીત હુન્નરી પુસ્તકો તમારે બહાર પાડવાં જોઇએ. હરેક હુન્નર બતાવવાની રીતિ કૃતિની હકીકત લખતાં અગત્યનો ભાગ પડી રહે નહિ તેની સરત રાખવી, તેમજ તેમાં ગુરૂ ભાગ પણ રાખવો નહિ. ગુરૂ ભાગ રાખવો એ કામ દગાખોરનું છે, પરમાર્થનું નથી. ઘણાં પુસ્તકો એવો ગુરૂ ભાગ રાખી લખેલાં બહાર પડેલાંછે. તેવાં પુસ્તકોના ખરીદનારનાં નાણાં નકામાં જઈને તેમને તે પુસ્તક-

થી કંઇ લાભ થયલો નથી. જેમણે તે પુસ્તકના લખાણ પ્રમાણે પ્રયોગો કરી જોયા હશે, તેમને તો ખાત્રી થઇ ચૂકી હશે. આવાં પુસ્તકોના બહાર પાડનારાઓ એક જાતના ઠગ ગણાયછે. માટે જે જે હુન્નરી પુસ્તકો રચાતાં જાય, તે તે સઘળાં સારી સંભાળથી રચાવાં જોઇએ.

પછી પરદેશી ભાષામાં લખાયલા હુન્નરી ગ્રંથોના તરજુમા દેશી ભાષામાં બહુ સંભાળથી કરવા જોઈએ. ભાષાંતર કરતી વખતે પરભાષાના શબ્દો ઊતારી લેવા જોઈએ નહિ, પણ તેનું સઘળાને સરળતાથી સમજાય એમ દેશી ભાષામાં વિશેષ હકીકતથી લખાણ થવું જોઇએ. જ્યારે કોઇ ચારચક્ષુ કારીગર તે પુસ્તક વાંચી સમજીને હરકોઇ ચીજ બનાવી શકે, ત્યારેજ કરેલા તરજુમાનો શ્રમ સાર્થક થયો એમ સમજવું. આવાં અતિ અગત્યનાં હુન્નરી પુસ્તકો જે ભૂતકાળમાં રચાયલાંછે, અને વર્ત્તમાન કાળમાં રચાયછે, અને ભવિષ્ય કાળમાં જે રચાય, તેના તરજુમારૂપે પુસ્તકો આપણા દેશમાં તીવ્રતાથી તાણી લેવાશે, ત્યારે તેમની બરાબરી કરવાને આપણે સમર્થ થઇશું.

આવી રીતે પરદેશી હુન્નરી પુસ્તકોના તરજુમાનું કામ તમે તડામાર ચલાવશો, તેથી તમારે પ્રથમ જેટલો શ્રમ લેવો પડયો હશે, તેમાંનો થોડો ઘણો ધીમે ધીમે કમી થતો જશે. કેમકે પછી તો તમે આપેલાં ભાષાંતરિક પુસ્તકો વાંચી વાંચીને ચારચક્ષુ કારીગરો પોતાનું કામ ચાલતું કરશે એટલુંજ નહિ, પણ પોતાના અભણ અર્ધ અંધ હુન્નરી ભાઇઓને પણ મોઢેથી બતાવી બતાવી તેમને પણ જાણીતા કરશે. માટે હે વિદ્વજ્જનો! તમે પરદેશી હુન્નરી પુસ્તકોના દેશી ભાષામાં તરજુમા કરી આપી, ભારે ઉપકાર કરી, ભારતવાસી પ્રજાને તમારી આભારી બનાવો, અને તેના ઉમળકા ભરેલા આશીર્વાદો તમે અંગીકાર કરો.

मोटी मूडीवाळी वजनदार सभाओ स्थापो.

આપણા દેશમાં વપરાતો પરદેશી માલ અત્રે બનાવવાના ઉપાયો મેં જે જે બતાવ્યાછે, તે તે સઘળા અમલમાં આણવાનો આધાર આ મોટી વજનદાર મંડળી ઉપર રહેલોછે. જેમ ફળ ફૂલવાળી શોભીતી એક ઝાડની અનેક ડાળીઓનો ફેલાવ એકજ થડ કે મૂળ-

ના જોર ઉપર આધાર રાખેછે, તેમજ આ ફળદાયક સુધારાનું શુભ પરિણામ દેખવાનો આધાર નવી સ્થપાતી દેશી હુન્નર કળા ઉત્તેજક જનરલ કમિટીના સામર્થ્ય પર રહેવાનો-તાત્પર્ય કે સઘળા ઉપાયો આ કમિટીરૂપી થડમાંથી નીકળવાનાછે.

કોઇપણ કામ કરવાને સઘળાઓની મરજી પૂર્ણ રીતે હોય, તો પણ તે કામ શીરૂ કરવાનો પ્રથમ કોઇપણ એક જણ આગેવાન થઇ બહાર પડે નહિ, તો સઘળાની હોંશ, ઉત્સાહ, અને મરજી મનમાં ને મનમાં ઘણો કાળ ઘોળાયાં કરે અને ધારેલા કામનો આરંભ થાય નહિ, એ વાત સિદ્ધ સમજવી. માટે હરેક પરમાર્થું શુભ કામની આગેવાની કરનારને આખું કામ કર્યા જેટલું પુણ્ય પ્રાપ્ત થાયછે. માટે કોઇપણ વિદ્વાન ગૃહસ્થ કે સરકારી મુખ્ય અમલદારે આ કમિટી સ્થાપવાની આગેવાની કરવી જોઇએ. તેમાં વિશેષે કરીને મુખ્ય અમલદાર આ કમિટીરૂપી ઝાડ રોપશે, તો ઘણું કરીને વિદ્વત્તારૂપી નિર્મળ જળ અને અમલ રૂપી તેજ મળી થોડા વખતમાં તે વૃક્ષ વધીને સારૂં ગુફાદાર બનશે. માટે તેવા સજ્જનોએ આ કામની શીરૂઆત કરવા આગેવાની કરી પોતાનું નામ અચળ રાખવું જોઇએ. તેમ બને એવું ન હોય, તેવી જગાએ કોઇ વિદ્વાને આગેવાન થઇ, એક મોટી સભા ભરી, સર્વની સમક્ષ આ શુભ કામ શરૂ કરવા વિચારો જણાવી, સર્વ સભાની સંમતિથી કોઇ વજનદાર વિદ્વાન અમલદારના પ્રમુખપણાથી એક જનરલ કમિટી સ્થાપવી જોઇએ.

હુન્નર ઉત્તેજક જનરલ કમિટીએ પ્રથમ કામ એ કરવું કે, પોતાની પાસે પાસેનાં સઘળા ગામોના પટેલ તલાટીઓને આમંત્રણ કરી, નીમેલે દિવસે જનરલ કમિટીમાં બેસવા બોલાવીને તેમને બોધ આપી, તેમની પાસે પોત પોતાના ગામોમાં એકેક દેશી કારીગીરી ઉત્તેજક ગ્રામ્ય સભાના નામથી નાની સભાઓ સ્થપાવવી જોઈએ. તેઓને જનરલ કમિટી વખતે તથા પ્રદર્શન વખતે આમંત્રણો કરી નોતરવા જોઇએ. એ રીતે સઘળી જગાએ સભાઓનો સાથે ઉપાડ થવો જોઈએ. પછી, બીજું કામ એ કરવું કે, અત્રે વપરાતી પરદેશી ચીજોની શરીરપર, ઘરમાં, કે બજારોમાં તપાસ કરી કરીને, ક-

કક્કાવારી કે જાતવાર યાદી કરવી જોઇએ. પછી તે યાદીમાંથી જે આપણા વાપરમાં અહોનિશ અતિશે આવેછે, તેમાંની તરત વખતમાં બની શકે, તેવી ચીજો બનાવી લાવી જનરલ કમિટીમાં કે પ્રદર્શનો-માં રજૂ કરવાને માટે ઈનામી જાહેરખબરો કાઢવી જોઇએ. પછી ઊઘરાણાં વગેરેથી પૈસાનો ભંડોળ જમાવવો જોઇએ.

ઇનામો આપવામાં, તથા પ્રદર્શનો ઊઘાડવામાં, ભારે રકમોની જરૂર પડતી જશે, તેને માટે કમિટીની ત્રિજોરી તર હોવી જોઇએ. તે તો આપણે ઊઘરાણાં કરી પ્રથમ જમાવીશું; પણ જેમ વહેતી સેર વગરની ટાંકલીનું પાણી ઊલેચાતાં પળે પળે ખાલી થતું જાયછે, તે-મજ નાણાની વહેતી સેર વગર કમિટીની ત્રિજોરી તર નહિ રહેતાં ધીમે ધીમે ખાલી થઈ જઈ, તે મહાભારત કામ માથે લેવાને નિર્બ-ળ થઈ જશે. તેથી આખરે આપણી બધી મેહેનત ફોગટ જઇ, છે-વટે "મેલ કરવત મોચીના મોચી", એ કહેવત પ્રમાણે, હતી તેની તે હાલતમાં આવી પડીએ, અને તેથી કરી અધરતાલ લબળવું પડે. માટે તેનો બંદોબસ્ત પાકો રાખવાને થોડાએક ઉપાય હું સૂચવું છું, તેમાંનો એક તો એ કે સભાસદોના તરફથી કમિટીના ફંડમાં કંઈક ર-કમ ઝરણના રૂપમાં થતી રહેલી જોઇએ. પછી ગ્રામ્ય સભાઓ ત-રફથી પણ મદદ મેળવતા રહેવું. વળી કમિટીએ ઇનામી જાહેરખ-બરોમાં એવો એક પ્રતિબંધ રાખવો કે ઈનામ લઇ પરદેશી ચીજો-ની નકલ કરી લાવનાર અમુક મુદતસૂધી અને અમુક ભાવથી પો-તાની બનાવેલી ચીજો જથાબંધ જોઈએ તેટલી ફક્ત કમિટીનેજ આ-પવા બંધાયલો રહે. તેથી કરીને કમિટી તે તે ચીજો ઠરાવેલી મુદત સૂધી કારીગર પાસેથી ખરીદ કરીને તેના ઉપર અમુક નફો ચઢાવીને પોતાના નોકરો પાસે વેચાવે કે વેપારીઓને આપી, એમાંથી જેટલો નફો મળે તે પોતે લઇ પોતાનો ભંડોળ વધારવાને સમર્થ થાય. આ-વી રીતે હથીયાર સજી સાવધ બની તૈયાર થઈ રહીને પછી પ્રદ-ર્શનો ઊઘાડવાનો પ્રયાસ શીરૂ કરવો જોઇએ,

પ્રદર્શનો ઊઘાડો!

સ્પર્ધાને લીધે હરેક જાતના કર્મકારોની ચઢતી થયલી જણા-

પછે. સ્પર્ધા વડે એક બીજાથી અધિક થવાને સૌ કોઇ પ્રયત્ન કરે-છે. માટે દેશી કારીગરોમાં સ્પર્ધા જેવો ફળદાયક ગુણ આણવાને કમિટીએ પ્રદર્શનો ઊઘાડવાં જોઈએ. જે જે જાતનો સામાન તથા યંત્રોના દેશીકૃત નમૂનાનું પ્રદર્શન કરવાનું હોય, તે તે નમૂના બનાવી મંગાવવાને, જેને માટે જેવી શરતો કરવી ઘટે એવી શરતોની મર્યાદામાં રહીને બનાવી લાવવાની ઇનામી જાહેરખબરો પ્રથમથી બહાર પાડવી જોઇએ એટલુંજ નહિ, પણ જે જે જાતનો સામાન બનાવતાં જેટલો વખત લાગવો જોઇએ, તેની લાયક અટકળ બાંધી તેટલી મુદતની અવલ કારીગરોને જાહેર થાય એવી પેરવી રાખવી જોઈએ; જેથી એક જાતની માગેલી ચીજ બનાવી લાવનારા અનેક ઉમેદવારો ઉભા થશે. તેમાંથી સારામાં સારા વગવાળી ચીજ પસંદ કરવાને કમિટીને સુલભ પડશે. કેમકે એકજ જાતની તમામ ચીજો સાથે ગોઠવવાથી દરેક ચીજના ગુણ દોષ પડછાથી માલમ પડી જશે. વળી બીજો એક ફાયદો એ થશે કે, જે જે ચીજો બીજી તે તે જાતની ચીજોથી ઊતરતી જણાશે, તે ચીજોના બનાવનારાઓને પોતાની ચૂક પોતાની નજરે પડવાથી એવો તો તાત્કાળિક બોધ લાગી જઇ તરત તેઓનાં મન એવાં તો ઉશ્કેરાઇ જશે કે, બીજી વખત પોતાના કસબી પ્રતિપક્ષીઓથી સારા થવાને અતિ આગ્રહ પકડયા વિના રહેશે નહિં. એથી તેઓને ખબર નહિ પડતાં ધીમે ધીમે કસબમાં વધતા જશે. વળી પોતાના કરેલા કામમાં ભૂલ ખરેખરી હતી, એવું તે નજરે જોયાથી પોતાના મન સાથે માનશે.

વળી કમિટીએ એવો એક ઠરાવ કરવો જોઇએ કે, જેની બનાવેલી ચીજ પાસ થઇ ઇનામને પાત્ર થાય, તે તે ચીજના બનાવનાર પાસે તે ચીજ બનાવવાની રીત છચોક ખુલ્લી રીતે કમિટીની સમક્ષ કહેવરાવવી; જેથી તે જાતના તપાસ થયલી ચીજોના બનાવનારને પોતાની ચૂક સુધારવાને સુલભ પડે. આથી કરી દેશી કારીગીરીથી બનતી હજારો હસ્તકૃત ચીજો આપણા દેશમાં બનતી થશે.

વળી પ્રદર્શનથી ત્રીજી જાતનો ફાયદો એ થશે કે, કોઈ પણ એક જાતનું યંત્ર, ઓજાર, હથિયાર કે વાપરનો સામાન બનાવી

લાવી પ્રદર્શનમાં રજૂ કરવાની ઇનામી જાહેરખબર કારીગરોને મળતાં, તેઓને તરત વખત ઇનામ અને આબરૂ અને પાછળથી માલ વેચાયાનો લાભ મળવાની આશા તેઓના મનને એવું તો આકર્ષણ કરશે, કે તેઓથી તે બનાવ્યા સિવાય બેશી રહેવાશે નહિ, અને તેથી તેઓ તે કામની પાછળ મંડશે.

વળી પ્રદર્શન વખતે જોવા મળેલા લોકોમાંના જેઓ દેશ હિતેચ્છુ સજ્જનો હશે, તેઓ કમિટીનું આવું રૂડું કાર્ય જોઇને તેમાં મેમ્બર થવાને ચહાશે. તેની સાથે પોતાના ગજાનુસાર રકમો પણ ભરશે. વળી જે જે દેશીકૃત નમૂના બનતા જાય, તેમાંથી એક એક નંગ સાલ અને બનાવનારના નામ સાથે લખી રાખી, સંગ્રહસ્થાન તરીકે મૂકી રાખવાને લાયક જગા ઠરાવવી. પછી તે પ્રદર્શન વખતે તે સંગ્રહસ્થાનનું મકાન પણ સૌ કોઇને જોવા ખુલ્લું મૂકવું. આથી કારીગરોનાં મન ઉશ્કેરાશે. સબબ પોતે જે મહેનત ઉઠાવીને નવા યંત્ર વગેરે ચીજો બનાવેલી છે, તેની યાદી લોકોમાં ઘણો કાળ કાયમ રહેલી જોશે, અને તેથી તેમાંથી પણ કારીગરોમાં એક જાતની સ્પર્ધા વધશે. કેમકે નજીવી ચીજની બેઠક નીચે પોતાનું નામ, ઠામ, અને કોઇ ભારે કારીગીરીવાળી ચીજની બેઠક નીચે બીજાનાં નામ ઠામ જોઇને તેમના મનને પોતાના વિષે હલકો વિચાર આવશે, અને તેથી બીજાથી સરસ થવાને પ્રયત્ન કરશે.

પ્રકરણ ૬ ઠું.

ધનવંતના ધર્મ.

ઝૂલણા છંદ.

ધન્ય ધનવંત જે ધરણીપર જન્મીને, ધારી રે' ધારણા પુણ્યશાળી;
ધિક્કક ધનવંત જે વાપરી ધન ઘટિત, દેશીતણું ના શક્યો દુઃખ ટાળી;
ખર ઉપર ખલકના લોક શાકર ભરે, ઊંચકે ભાર પણ તે ન જાણે;
તેમ ધનવંત જે કૃપણ કહાવે ઘણો, સુખ સંસારનું તે ન માણે.

હે ધનવંતો! તમને રહેવાનાં વગદાર સુંદર મકાનો, પહેરવાને જોઇએ તે કરતાં પણ વધારે રંગી બેરંગી વસ્ત્રો, જમવાને ખટરસ ભોજનો, ચઢવાને વિમાન જેવાં વાહનો, અને ફળ ફૂલાદિકથી ભરેલા બાગો પોતાના કરીને વાપરવા તમને મળ્યાછે. તમારૂં બોલવું સર્વ કોઈને માન્ય કરવું પડેછે, અને તમારા ધિક્કાર ભરેલા ઊચરેલા ઉચ્ચાર કેટલાક ગરીબ જનો તો દેવ પ્રસાદ પ્રમાણે ગણેછે; તમે ધારો તે કામ કરવાને હિમ્મત ધરાવોછો, અને તમે નાખેલા તમારા અવળા પાસા વગર મહેનતે સવળા પડેછે; અને બિચારા ગરીબ માણસને રહેવાને ઘર, ખાવાને અન્ન, પરિધાન કરવાને વસ્ત્ર, એ વગેરે અતિ અગત્યના જોઈતા પદાર્થો અતિ આગ્રહીત મહેનત કરવા છતાં પણ મળતા નથી; સાત સાંધવા જતાં તેઓના તેર તાર તુટી પડેછે; તેઓએ બહુ બહુ વિચાર કરીને નાખેલા સવળા પાસા પણ અવળા પડી જાયછે; તેમનું જ્ઞાન ભરેલું બોલેલું નિર્માલ્ય માની સર્વ કોઈ હસી કાઢેછે; હરકોઈ પદાર્થ મેળવવાની તેમણે ધારેલી ધારણા ફળીભૂત નહિ થતાં, મનમાં ઊગી મનમાં લય પામેછે; અને બજારમાં મળતાં ગ્રામ્ય ફળાદિકનો સ્વાદ જીંદગીમાં એક વખત પણ તેમની જીવ્હા ઇંદ્રીને ચાખવા મળતો નથી; તેમને બેસવાને વાહનો તો શું? પણ તેમને ચાલવાને ચરણ પણ પૂરા પાધરા હોતા નથી.

આવી રીતે તમે આ દુનિયામાં ભાગ્યવાન, અને બિચારાં દીનજનો દૂર્ભાગી શાથી બન્યા હશે, તેનો ઉત્તર તમે દેશો? તમે એવું કહેવા ધારતા હશો કે "એ તો અમારૂં ભાગ્ય મોટું અને ગરી-

ઓતું ભાગ્ય ટૂંકું છે." એથી વધારે કહી હું સૂચવુંછું કે એ તો દયાળુ પ્રભુની ઉદારતા ભરેલી બક્ષીસની વહેંચણનો ઉપર ઉપરનો વિશેષ સારો ભાગ તમને, અને સાધારણ હાલતવાળાને પાછળ પડી રહેલો, અને કંગાળોને તેનો કાઢી નાખેલો કચરો મળ્યોછે. તેથી ત્રણે જણ એકજ જાતનો સાથે ઉદ્યમ ઉઠાવે, તોપણ તેમાંનો દરેક ભાગ્ય પ્રમાણે ફળ પામેછે. ત્યારે શું ઇશ્વર અન્યાયી છે કે તેણે આવી રીતે ઓછો વત્તો ભાગ વહેંચ્યો ? ના. ત્યારે શું તમારા પરાક્રમ વડે આવાં ફળની તમે પ્રાપ્તિ કરી? ના. તમારા ગત જન્મનાં પૂણ્યશાળી સુકૃતો જોઇ આપણો દયાળુ પિતા તમારા ઉપર બહુ પ્રસન્ન થયો, અને તેના આનંદાવેશમાં આવી જઈ પોતાની સ્વાભાવિક દયાળુ પ્રકૃતિ વડે તમને સારો ભાગ આપવાને તેણે ચાહ્યું. તેથી તમને ઠોકર વાગતાં નાણાંનો ભરેલો ચરૂ જડેછે, લઘુશંકા કરવા જતાં પેશાબની ધારે નાણાંની ખાણ જડેછે, અને ભીખારી પાસેથી વેચાણ રાખેલા ઘરમાંથી અનર્ગળ ધન તમને જડેછે. તેથી દુનિયામાં એવી કહેવત પડી ગઈ છે કે "ભાગ્યશાળીને ભૂત રળે;" અને હાલનાં કંગાળ જનોને પ્રભુએ ગત જન્મમાં ભારે વૈભવ આપવા છતાં તેમણે પોતાની ફરજો બજાવી નહિ, હુંપદમાં તેઓએ પોતાના હળો હાંકયા કર્યા, પણ તેની તળે કંગાળોને કચરાઇ જતાં જોયા છતાં જરાપણ મનને ત્રાસ ખેંચ્યો નહિ; તેથી તેમનાપર આપણા પિતાની કફ્રા નજર થવાથી તેમનાં પ્રથમનાં પાપે તેમને આ જન્મમાં આવી હાલતમાં જન્માવ્યાછે.

તમારી હાલની સારી સ્થિતિનું કારણ તો તમોએ ગત જન્મમાં કરેલાં પરોપકારી સુકૃતો છે. ત્યારે હવે પછી ભવિષ્યને માટે તમારે પૂણ્ય કરવાની કેટલી બધી જરૂર છે? તે તમે કેવીરીતે કરવાં ધાર્યાછે ? જમીને તૃપ્ત થયલાને જમાડયાનું પુણ્ય તમને લાગશે શું? જેને માટે જે અટકીને બેઠો નથી, એટલે જેને ખરી અગત્ય નથી, તેને તે પ્રાપ્ત થવાથી તેની આંતરડી શું તમને આશીશ દેશે કે? ના. ત્યારે ખરૂં પુણ્ય શેમાં રહેલુંછે? નિર્બળ નિરાધાર થઇ ગયલાને હરેક પાંતીથી બ્યાજબી આશરો આપવો તેમાં.

પ્રભુનો એટલો બધો દયાળુ ગુણ છે કે ગતજન્મમાં પાપ કરનાર પાપીઓને વર્તમાન જન્મમાં પાપની સજા ભોગવાવતાંમાં પણ કાંઇ તેના ઉપર દયા કરી મદદ કરેછે. તેની દયા જોઈ તેના પર પોતે પ્રસન્ન થાયછે. માટે હે ધનવંતો! તમારા ધનનિધિરૂપી કૂવાના ઝરા જે કંગાળ થઈ ગયલા તમારા દેશી બંધુઓ છે, તેને વહેતા કરવાથી તમારો લાભ જળવાતાં તમને ભારે પુણ્યનું ફળ મળશે.

જેમ મોટા દેહેરાનો ઘૂમટ તેની નીચેના સ્તંભોને આધારે રહેછે; તેમ તમે ભરતખંડરૂપી દેહેરાના સ્તંભો છો; તમારી શક્તિ ઉપર ભરતખંડની પ્રજા આધાર રાખે છે; તમે આગળ પડી પરોપકારી કામ કરશો, ત્યારેજ આપણા દેશની સુસ્ત થઇ ગયલી કંગાળ પ્રજા હાલતી ચાલતી થશે. મોટા મોટા ધનનિધિ ભરેલા પડતા મૂકી, આ ચળ દુનિયા છોડી સઘળા ચાલ્યા ગયાછે; પણ તેમાંના જેઓ પોતાના ધનવડે પરોપકારી કામો કરતા ગયાછે, તેમના નામ હજૂ ભૂંસાયાં નથી. જેમજ તેમણે પરોપકારી કર્મો વડે પ્રભુની પ્રસન્નતા સંપાદન કરીછે, તેનાં ફળ તેઓ પામ્યાછે. માટે હે ધનવંતો! તમારે આગળ પડી ધનહીન હુએલા દેશને તારવો જોઇએ. તેથી તમને કરોડો આત્માના આશીર્વાદ મળશે. હાલ આપણો દેશ નાણાંની તથા કળાકોશલ્યની બાબતમાં બીજા કેટલાક ફળાવાન દેશોથી પાછળ પડી ગયોછે, તેને આગળ કરવા તમે આગળ થાઓ. તમારે આગળ પડી નીચે પ્રમાણે કામ કરવાનાંછે. તે તમે અતિ ઉત્સાહથી ઉઠાવી લેશો, ત્યારેજ સઘળાનો દિવસ ફરશે. તમારા દેશમાં તમારાં કારખાનાં ધમધોકાર ધમધમશે, ત્યારેજ તમારી ત્રિજોરીઓ અને તમારાં વાહનનો ખડખડાટ થઇ રહેશે; અને તેની તળે કંગાલ રૈયતનાં દુઃખ દળાઇ જઇને ફડફડાટ સુખનો લોટ પડશે! અને તે વડે પોષાયલી પ્રજાના હલ્લાથી પ્રાપ્ત કરેલા જયના જરીઆની વાવટાનો સડસડાટ અવાજ તમે સાંભળશો! માટે તમારે સાત પ્રકારની ઉઠાવણી કરવી જોઈએ, જે હું મારી અલ્પબુદ્ધિ પ્રમાણે બતાવું છું. એટલાંજ કરી અટકી જવાતું નથી; પણ તમારા અનુભવમાં દેશ કલ્યાણાર્થે જે જે કામો કરવાં ઘટારત લાગે, તે તે કરવાનો ઉત્સાહ રાખશો, એવી સર્વ કોઈ પ્રજા તમારી આશા રાખેછે.

(૧) ધનાઢ્ય વર્ગે પોતે પોતામાં સંપીને મોટી મોટી મંડળીઓ ઊભી કરવી જોઇએ, (૨) પ્રથમ ઉદ્ભિજનો સુધારો વધારો કરવો, અને ખનિજ પદાર્થોને દેશમાંથી ખોળી કાઢી તેનું ખોદાણ કરાવવું જોઈએ, (૩) જૂદાં જૂદાં કામ કરવાનાં કારખાનાં ઊઘાડવાં જોઇએ, (૪) કારખાનામાં જોઈતા અનુભવી કારીગરોને પરદેશોથી તેડાવવા જોઈએ, (૫) પોતાના નોકરોને પોતાને ખરચે હુન્નરી પ્રદેશોમાં અનુભવ મેળવવા મોકલવા જોઈએ, (૬) મોટી મોટી જનરલ મીટિંગોના સભાસદોમાં પોતે અતિ ઉત્સાહથી સામેલ થવું જોઈએ, (૭) પોતાની કમાણીનો એક શતાંશ હુન્નરી ઊઠાવનાં ઇનામો આપવામાં કાઢવો જોઇએ.

घणा धनवंतोए भगा मळी मंडळीओ ऊभी करवी.

ચોપાઇ.

હરિએ તમને કીધા શ્રીમંત, પડયાછ ધનહીણા ધીમંત;
ફળ્યાં પૂર્વ જન્મોનાં પુણ્ય, તેથી નવ સુખની રહી ન્યૂન. ૧
વાગે ઠોકર તમને પાય, તેમાંથી ધનનિધિ જણાય;
કર્મ હીણુ જો ઠોકર ખાય, પાય પાંગળો પાકી થાય. ૨

"એક હાથે તાળી પડતી નથી", માટે મોટાં કામ કરવાની સારી વગદાર મૂડી વાળી કંપનીઓ ઊભી થવી જોઇએ. તેમાં અમુક રકમનો એક શેર, એ રીતે ઘણા શેરો કાઢીને, શેરો ખરીદી ભાગીદાર થવા વિષે જાહેરખબરો બહાર પડવી જોઇએ; જેથી અનેક ભાગીદારો મળી આવશે. પ્રથમથી ધારેલા ભાગીદારો મળી આવવાથી સઘળા ભાગીદારે ભેગા મળી સર્વાનુમતે તે કંપનીના નિયંતા નીમવા જોઈએ. પછી તેઓની ઉપર વખતો વખત હિસ્સેદારોએ અમુક જગાએ ભેગા થઇ દેખરેખ રાખતા રહેવું જોઇએ. વરસ આખરે નફા ટોટાનો હિસાબ સમજી અસલ મૂડી અનામત રાખી નફો હિસ્સેદારોને વરાડે વહેંચી આપવો જોઈએ. જો સારા બંદોબસ્તથી કંપની માથે લીધેલા કામમાંથી વરસો વરસ સારો નફો મેળવતી દેખાશે, તો તેઓના શેરોની કિંમત બજારમાં સારા ભાવપર રહેશે એટલુંજ નહિ, પણ તે કંપનીને નવા ભાગીદારો વધારીને પોતાની મૂડીમાં વધારો કરવાની ઇચ્છા હશે, તો તે કરવાને પણ સુલભ પડશે. વરસોવરસ નોકર ચાકર

વધારવા, ઘટાડવા, અથવા પ્રથમના હિસ્સેદારોએ પોતાના હિસ્સા બીજાને વેચેલા હશે, તો તેઓના ભાગ કંપનીના ભાગીદારોના રજીષ્ટરમાંથી કમી કરી તેની જગાએ નવા હિસ્સેદારોનાં નામ દાખલ કરવાં જોઈએ. આવો અખતિયાર કંપનીના વડા નિયંતાને આપવો જોઈએ; પણ મોં બદલો કરાવીને નવા હિસ્સેદારનું નામ દાખલ કરે એવો બંદોબસ્ત રાખવો જોઇએ, જેથી ઠગાઈ કે બીજી હરકત આડે આવીને કંપનીના કામમાં ગોટાળો ચાલે નહિ. નિયંતા સારા પગારદાર વિદ્વાનો હશે, તો તેમની કંપનીનું કામ તેજદાર દેખાશે. માટે નિયંતા નીમતી વખતેજ પક્કી તજવીજથી કામ કરવું જોઇએ. નિયંતા નિમકહરામ મળશે, તો કંપનીને ખોટના ખાડામાં નાખી દેશે; માટે સંભાળથી વર્તવું.

उद्भिजनो सुधारो वधारो अने खनिजनुं खोदाण करावबुं जोइए.

ચોપાઇ.

ઉદ્‌ભિજ અત્રે ઘણા ઉગાડો; ખાણોખણી ખનિજો કાઢો;
કર્મસ્થાન સઘળે ઊઘાડો; પરદેશી હુન્નરો હઠાડો.
પંથ આપણે પકડયો આડો; હાથ આપણે કીસબ જાડો;
પડયો દેશ વિષે ખુબ ખાડો; હવે આપણે આંખ ઊઘાડો.

પ્રથમ દેશમાં નીપજતી વનસ્પતિ, જે અતિ અગત્યતા ધરાવનારી હોય, તેને ઊછેરી વધારવી, અને પરદેશમાં પેદા થતી વનસ્પતિ, જેની આપણા દેશ ખાતે જૂદા જૂદા રૂપમાં ઘણી ખપત થાય છે, તે તે સઘળી જ્યાં જેની પેદાશ હોય ત્યાંથી હરેક પ્રકારે પેદા કરાવી આપણા દેશમાં ઊછેરવી જોઈએ. તેથી તે તે પરદેશથી મંગાવવી પડતી કે એની મેળે ઊતરતી બંધ થશે. જોઇતા ખનિજ પદાર્થોની આપણા બહોળા બાગ જેવા દેશ ખાતે ખોટ નથી; માટે તેનું શોધન કરાવી કરાવીને તે તે જગાઓ સરકાર પાસેથી ખરીદી કે અમુક રકમ દર વરસે આપવી ઠરાવીને પોતાના કબજામાં લેવી જોઈએ. પછી તેમાંથી નીકળતા ખનિજોનું ખોદાણ કરાવી વાપરવા જેવી બનાવી દેશમાં ફરતી કરવી, કે તેથી તેવી જાતના ખનિજોની ખોટ દેશમાં દેખાય નહિ. કેટલીક કંપનીઓ ખો-

દવાનું કામ કરે, તો કેટલીક તે ગાળીને કે બીજી રીતે શુદ્ધ કરી વાપરવા જેવી બનાવે. એમ અનેક કામ કરનારી જૂદી જૂદી કંપનીઓ જેમ જેમ નીકળતી જશે, તેમ તેમ અનેક પરદેશી ચીજો આપણા દેશમાં ધીમે ધીમે બનતી જશે.

જમીનમાંથી ખનિજ પદાર્થો પાંચ પ્રકારના નીકળે છે; ૧ માટી જેવા, ૨ ખાર, ૩ ધાતુ, ૪ ઉપધાતુ, અને ૫ તેલ. માટી જેવામાં ખડી, રંગી, કોયલા, વગેરે. ખારમાં જૂદી જૂદી પ્રકારના ખારા, અને તુરા પદાર્થો. ધાતુમાં લોઢું, તાંબું, વગેરે. ઉપધાતુમાં ગંધક, અબરખ, વગેરે. અને તેલોમાં નખતેલ વગેરે. તેમાં ધાતુને ગાળીને રસ કરી તેને સુધારી સાફ કરી બહાર પાડવી; અને બીજા પદાર્થો સેહેજસાજ સુધારો કરવાથી સાફ થશે. કેટલીક જાતના પદાર્થો સુધારવાની યુક્તિ અત્રેથી જો ન જડી આવે, તો તેને માટે પરદેશોમાંથી તજવીજ કરાવી માહીતી મેળવવી જોઇએ. કેટલીક વખતે ખનિજો ખોદી કાઢવાની યુક્તિમાં પૂરા માહીત નહિ હોવાથી, તથા લાયક ઓજારો નહી મળવાથી, તે તે જાતના પરદેશી આવતા ખનિજોથી અત્રે નીકળતા ખનિજો મોઘા પડવા જાય છે; અને કંપનીના ભાગીદારો નાહિમ્મત થઇ જાયછે. એમ નાહિમ્મત નહિ થતાં, પોતાના નોકરોને પરદેશ મોકલીને અથવા પરદેશથી માહીતગાર માણસોને થોડા વખતને માટે ભારે પગારની લાલચ આપી અત્રે તેડાવીને પૂરી રીતે માહીતી મેળવવી જોઈએ. તેથી થોડા વખતમાં આપણા ખનિજો પરદેશી ખનિજોથી સોંઘા નહિ પડે, તો બરોબરી કરી શકશે; અને આખરે આપણા આપણને સોંઘા પડશે.

કામ કરવાનાં મોટાં કારખાનાં કાઢો.

ઘણા હોંશીલા હુન્નરકારો નવા નવા હુન્નર શીખવાને પરદેશી પુસ્તકોમાંથી હુન્નરની કૃતિ સંબંધી માહીતી મેળવવાને તે પુસ્તકોની ભાષા જાણનાર પુરૂષો પાસે ધક્કા ખાય છે. ઓશિયાળાં મોઢાં કરી તેની બનાવટ વિષે ઠામ ઠામ પૂછતા ફરે છે; પણ તેમને કોઇ પૂરી રીતે બતાવી શકતો નથી, તેથી તે બિચારા વિરામવાળી બેશી રહે છે. એવા ઉત્સાહીઓને તમારાં કાઢેલાં કારખાનાં કેટલાં બધાં મદદ-

ગાર થઇ પડશે? તમારાં કારખાનાંથી ત્રણ જાતનો લાભ થવાનો. એક તો એ કે તે કારખાનાંના ભાગીદારોને ફાયદો આપશે; બીજું ઉત્સાહી હુન્નરકારો સારા કારખાનામાં શીખવાની આશાએ હોંશે હોંશે નોકર રહેવાને આવશે, અને તેમાં કેટલીક જરૂરની વિદ્યા શીખી તેઓ નવી નવી પરદેશી આવતી ચીજોની નકલ કરવાને શક્તિમાન થશે; ત્રીજું તમારા કારખાનામાં તરેહ તરેહનો માલ બનવાથી તેવી જાતની પરદેશી આવતી ચીજોની ધીમી ચાલ થઇ આખરે અટકશે, અને તેથી પરદેશમાં આપણા દેશથી વહેતી નાણાની નીક પૂરાઇ જશે. માટે ભિન્ન ભિન્ન કારીગીરી બનાવનારાં જૂદાં જૂદાં કારખાનાં કાઢવાં જોઇએ. તેમાં પ્રથમ પરદેશથી યંત્રોના નિયંતા રાખવા પડે તો રાખવા; પણ ધીમે ધીમે તે તે ખોટ સઘળી દેશથી પૂરી શકાય, એવી યુક્તિઓ કામે લગાડતા રહેવું જોઈએ. વળી તમારા કારખાનામાં દરેક કામ કરવાના વિભાગો પાડી, દરેક કામ ગજાનુસાર જૂદી જૂદી વયના માણસોને સોંપી, અમુક એક જાતની કારીગીરીમાં ચાલાક બનાવી રાખવા જોઈએ. એથી તમારાં કારખાનાં ધમધોકાર ચાલી કારખાનાંની કંપનીના હિસ્સેદારોને હર વરસે લાભ આપતાં નીવડશે એટલુંજ નહિ, પણ એથી દેશના અનેક તરેહના લાભો જળવાઇ તમારાં ચાલતાં કારખાનાંના અવાજના હડસેલાથી પરદેશી આવતો માલ પાછો હંકાઇ જશે.

कारखानामां जोइता अनुभवी कारीगरोने परदेशथी पण तेडावीने राखवा.

કેટલાક હુન્નરી કામો કરતાં તેની મેળવણી તથા કયા પછી કયું કામ કરવું, વગેરે કેટલીક અનુભવી હસ્તક્રિયા દૃષ્ટિએ પડ્યા વિના બરાબર જાણવામાં આવી શકે નહિ. તેથી તેવાં કામ કરવામાં આપણે લીધેલો શ્રમ લાભજનક નહિ નીવડતાં, હરેક પ્રકારની હાની લાગવાનો સંભવ રહેછે. જેમકે આપણા દેશમાં છીપને ખોટે નામે વપરાતાં કાચનાં મોતી, ગોળા, વગેરે કેટલોક કાચનો સામાન, ધાતુની પોલી ભૂંગળીઓથી મોઢાની ફૂંકે ફૂંકીને બનાવેછે, તેવી જાતના અને એ વિના અન્ય અનેક કાર્યો કરવાને તે તે કાર્યોમાં પ્રવીણ એ-

વા પુરૂષોને પરદેશથી તેડાવી તેઓના હાથ નીચે અણજાણ દેશી કારીગરોને મદદમાં મૂકી કામ શીરૂ કરાવવું જોઇએ. એથી આપણા દેશી કારીગરોને પ્રદર્શિત જ્ઞાન સાથે મહાવરો પડવાથી તેઓ ધીમે ધીમે પરદેશી કારીગરોની સહાયતા વિના એકલાજ કામ ઊપાડી લેશે. આવી રીતે પરદેશી કારીગરોને આપણા દેશમાં કારીગીરીનાં કારખાનાં ચલાવવા તેડાવતાં પ્રથમ આપણે ભારે ખરચના ખાડામાં ઊતરવું પડશે; કેમકે પરદેશી કારીગરો દેશી કારીગરોના દેખતાં ખુલ્લે છચોક મન મૂકીને મેળવણી કરી નહિ દેખાડતાં, છૂપી રીતે કરી ગુરૂ ભાગ રાખવા જશે. તેથી તેઓને મોટા પગારો આપીને તથા દેશી કારીગરોને પોતાના શિષ્ય બનાવી તેઓ પરીક્ષા અપાવે, તેને માટે ઈનામો આપવાની આશા બતાવી, નાણાંથી તેમની મુરાદ બર આણતાં આપણી મુરાદ હાંસલ થશે.

આવી રીતે દેશી કારીગરો જાણ બનીને તરત વખત નિમકહરામ નીવડે નહિ, તેને માટે તેઓની પાસે એવો કરાર કરાવી લેવો જોઇએ, કે કારખાનામાં દાખલ થયાપછી દરેક દેશી કારીગરોએ અમુક મુદ્દત સુધી તો પોતાની મરજી ન છતાં પણ કામ કરવું જોઇએ; અને તેમાં જાણી બૂજીને સુસ્તાઈ કે હરામી કરે, તો તે તેની નુકસાની બદલ અમુક રકમ કંપનીને આપે. આથી કરી કંપનીના ભાગીદારોને કોઇ તરેહનું નુકસાન નહિ થતાં, દેશમાં પરદેશી ચીજો બનાવવામાં જાણ એવા અનેક કારીગરો વધતા જશે.

પોતાના નોકરોને હુન્નરી દેશોમાં શીખવા મોકલવા.

કેટલીક વખત મોટા પગારથી પણ પરદેશી કારીગરો આવી શકશે નહિ. તેથી આપણે એક બીજો ઉપાય યોજવો પડશે, તે એ-કે, પોતપોતાના કારખાનામાં ચતુર, ચાલાક, અને ચિકિત્સક ઉત્સાહી ઉમેદવાર કારીગર નોકરોને કંપનીને ખરચે, પરદેશી હુન્નરી કારખાનામાં શીખવાને માટે બની શકે, તો તે તે દેશના હિંદ હિતેચ્છક ગૃહસ્થોના પર ભલામણ પત્રો લખી આપી મોકલવા જોઇએ; જેથી જનાર નોકરોને ઝાઝી અડચણ વેઠવી પડે નહિ.

આંથી અનેક લાભ થવાની વકી રહેછે. એક તો પરદેશી કાર-

ખાનામાં ચાલતા રિવાજો જનારના જોવામાં આવ્યેથી ઉપરી કારીગર સાથે કેવી અદબથી વર્તવું તે શીખશે. બીજું આટલે બધે દૂર દેશાવર ફક્ત પગારની આશાએ પૂરા વાકેફગાર પરદેશી કારીગરો આવનાર નથી; ઘણા ખરા અનઘડજ આવવાના. કેમકે ખરા કારીગરોને વાસ્તે તો તેમનાજ દેશમાં એક બીજાં કારખાનાંની કુંપનીઓ તાણા તાણ કરેછે, તો પછી એવા પુરૂષો આપણે ભાગ ક્યાંથીજ આવે ? પણ ઉપર મથાળે બતાવેલા ઉપાયથી એવા પુરૂષોની ચાલાકી ભરેલી કારીગીરી આપણા ગયલા કારીગરો નજરે જોશે એટલુંજ નહિ, પણ તેમના શિષ્ય થઈ રહી શીખશે, તો દેશીકારીગરો કથિરનું કુંચન બની પોતાની બારસેં ગણી કિંમત વધારી દેશે. વળી જેમ ભણેલા નરને ચોપડીમાં જોતાં અક્ષરો જોઈ મુદ્રાંકિતાનુસાર વિચારો ઉત્પન્ન થાયછે, અને અભણને તો અક્ષરોજ દેખાયછે પણ તેમાં સમાવેશ થયલી હકીકત માલમ પડતી નથી; તેમજ કોઈ સંચાના છૂટા છૂટા અવયવો કારીગીરીનાં કામ કરનાર શખસની નજરે પડેછે, તો તેની બનાવટ વિષે જાણ બનીને, તે પ્રમાણે તેઓ કરી પણ શકે એટલુંજ નહિ, પણ એ વગેરે અનેક પ્રકારના ફાયદા પરદેશ શીખવા જવાથી થાયછે.

ધનવંતોએ મોટી મોટી સભાઓમાં સામેલ થવું.

દરેક સદ્ગ્રહસ્થને મોટી મોટી સભાઓના સભાસદોમાં અતિ ઉત્સાહથી સામેલ થવું જોઈએ. સભામાં જવાથી નાહક વખત ગુમાવાય છે, એવા વિચારોને ધિક્કારી કાઢવા જોઈએ. સભામાં સામેલ થવાથી તમને ભારે ખરચ લાગવાનો નથી, અને કદાપિ તમે રાજી ખુશીથી તમારી પરોપકાર બુદ્ધિ વડે અમુક રકમ આવા પુણ્યના કામમાં ખરચો, તો તે તમને અડે તેમ નથી. સબબ ઇશ્વરે તમારા તરફ જોયલું છે. એવી સભાઓમાં ભાષણો સાંભળવાને, તથા દેશના બીજા સુધારા સારૂ વિચાર કરવાને સારૂ મીટિંગો મળે, તેમાં વિચાર જણાવવાને હર વખત જતા રહેવું. એથી તમને અનેક તરેહના લાભ થશે. એક તો એ કે તમને પ્રભુ તરફથી ધન અને બુદ્ધિ એ બંનેની બક્ષીસ સાથે મળેલીછે, એવું તમે તમારા વિચાર સભામાં જણાવ્યા

વગર કોઈના જાણવામાં આવશે નહિ. બુદ્ધિમાન ધનવંતોને પણ પીછાન વગર વેગળેથી લોકો અનઘડ ધારેછે, અને કહેછે કે "ગરથે ડાહ્યા છે." એ કહેવત પોતાને લાગુ નથી, એવું સાફ સમજાવવાને તમારે ભર સભામાં બિરાજી પોતાના બુદ્ધિમાન વિચારો જણાવવા જોઈએ. વળી તમે એવી દેશી કળા કોશલ્ય સુધારા સભાઓમાં જતા આવતા રહેવાથી, મોટા મોટા અધિકારીઓ સાથે પણ પીછાણ થતું જશે; જેથી તમારી યોગ્યતા પ્રમાણે તમને માન મળતું થશે એટલુંજ નહિ, પણ તેવાઓના ઘણા સમાગમોથી તમારી ધૃતિ દૃઢ થઈને તમારા હક અધિકાર માગવાને તમે શક્તિમાન થશો. સભાના પ્રસંગથી વળી અણજાણી વાતો જાણવામાં આવશે. વળી સંસાર વહેવારના રોજના કામોથી કંટાળેલાં મન સભાના સુભાષિત ભાષણોથી શાન્ત પડશે. વખતો વખત તમારા વેપાર રોજગાર કે હુન્નરી કારખાનાંમાં વધારો સુધારો કરવાના અનેક સૂચક વિચારોનું વર્ણન સભામાં તમારે શ્રવણ પડશે, તેથી તમને તેમ કરવાનું સૂઝી આવશે, અને તેથી પણ તમારા કામમાં દિવસે દિવસે સારી ફતેહ મેળવતા જશો. આ તો એક બે દાખલા આપ્યા છે; પણ એ વિના અનેક લાભો સભાઓમાં સામેલ થવાથી તમને થશે, એ નિઃસંશય સમજવું.

કમાણીનો શતાંશ કળા કૌશલ્ય સભામાં ભરતા રહેવું.

આ એક મોટું પુણ્યનું કામ છે. આવું પુણ્ય બ્રહ્મભોજનથી કે દક્ષિણાદાનથી પણ વધારે છે. કેમકે હાલમાં દેશી હુન્નર પરદેશી હુન્નરથી હારી જઈ દુર્બળ બની ગયોછે. તેથી મજૂરોની મજૂરી અને કારીગરોને કરવાનાં કામ અને વેપારીઓના વેપાર મંદ પડી જઇ ડડળી ગયલી ડોશીની મીશાલે ચાલેછે. મજૂરોને ફાકા જાયછે. એક બે દિવસને તડાકે કંગાલ વર્ગને અનાજનાં દર્શન થાયછે, તે પણ થોડું મળવાથી છાશ કે પાણીમાં ઊકાળી રાબડી જેવું કરી પીએછે. તેઓ બિચારા વસ્ત્ર વિના કાળા અને ઝાંખરાં જેવા થઈ ગયલા ઊઘાડે અંગે મજૂરી ખોળતા ફરેછે; પણ તેમને કાંઇ મજૂરી મળતી નથી. તેથી તે બિચારા નિરાશ થઇ ઘેર આવેછે, અને તે વખતે તેઓનાં કંગાલ નાનાં બચ્ચાં દાણા આવવાની આશાપર બેશી

રહ્યાં હોયછે, તે પોતાના માબાપને હાલે હાથે આવતા જોઈ રડારોળ કરી મૂકેછે. તે વખતે ઊંડા નિઃશ્વાસ મૂકી તેમનાં કંગાળ માબાપો વાહી પટાવી તેમને છાનાં રાખેછે; પણ ભૂખનું દુઃખ કયાં સૂધી સહન થાય! આવાં બિચારાંઓને એવી વખતે એક શેર અનાજ તમે આપો, તો તેમની આંતરડીઓ તમને કેટલી આશીશ આપે? આવી રીતે એક વખત આપેથી તેનો હજાર વખત સારો બદલો તમને ઇશ્વર આપે એ નિઃસંશય છે; તો એવી રીતે એવા પીડાતા લોકોને રોજને રોજ મળે એવી જે રોજી, તે તમે ઊઘાડો, તો તમારા પુણ્યનો પાર રહે નહિ. હવે ઉપરની સભા પણ એજ વિચારથી સ્થપાવાની છે; માટે તેમાં તમે સામેલ થઈ ગજાનુસાર અમુક રકમ ભરતા રહો, તો તમને એ મોટા પરોપકારી કામનું પુણ્ય પ્રાપ્ત થાય એમાં સંશય નથી. ધર્મ ગુરૂના ધામમાં ખોટ નહિ છતાં, નાહક કમાણીનો કેટલો ભાગ જમે કરાવોછો? એ ભાગ જે મોટી મોટી ઈમારતો ચણાવવામાં કે જવાહીરના શણગાર કરાવવામાં જવાના, તેમાંથી તમને કેવું પુણ્ય પ્રાપ્ત થશે! તે બાબત તમારા એકલાજ મન સાથે પક્ષાપક્ષી કે દુરાગ્રહ તજી તોલન કરી જુઓ. ઉત્તમ પુણ્ય તો બીન રોજગારીને રોજગારે વળગાડી અનાદિના રોટલા મેળવી આપવાનું છે. એ સિવાય સઘળાં બતાવેલાં પુણ્ય પોતપોતાની પેટની લાલચને માટે બતાવેલા પ્રપંચી ઉપચારો છે.

પ્રકરણ ૭ મું.

સરકારનાં કર્તવ્ય.

ગીતિછંદ.

જન સર્વની શક્તિ, મિશ્ર કરીને મૂર્ત્તિમાન માનો;
રાજા તેને કહિયે, પ્રજા વિના નૃપતિ શું કરવાનો. ૧
વડું વૃક્ષ જો હોયે, પણ ઝીણાં મૂળવિના ન તે થોભે;
જુલમી થાય નૃપતિ તો, આખર તેપર પ્રભુજી તો કોપે. ૨

"કૂવામાં નહિ હોય તો ક્યારામાં ક્યાંથી આવે ?" ઝીણાં ઝીણાં અનેક મૂળીઆંને પોષણ મળતું અટકી તેનું કૌવત કમ થતું જાય, તો આખરે જોરાવર પણ તેવા મૂળપર આધાર રાખતા ગંજાવર વૃક્ષની વલે કેવી થાય? પેટને પોષણ મળતું અટક્યું, તો શરીરનો સરદાર જે ઊંચે આસને બિરાજતું મગજ, તે કેવી મઝેહ માણે ? જેને ગાયો ને ઘેટાંનાં ટોળાંપર જીંદગી ગુજારવી છે, તેવા ભરવાડે તેમની હાલત વિષે બેદરકાર રહેવું તે કેવું ઘેલાપણું ? જીવિકાવૃક્ષને વધાવા દઇ સૂકાઇ જવા દઈએ, તો મોસમે મીઠાં ફળ ક્યાંથી મળશે ? યજમાનના ઘરનું ઉચ્છેદ તાકતાં ગોરને ગુણ કેવો થશે? એ સવાળાંને માટે હું એકજ જવાબ આપુંછું, કે જે જેને આધારે જીવેછે, અથવા જે જેને આધારે મોજ માણેછે, અથવા જે જેને આધારે જીતેછે, તે તેની પૂરતી તજવીજ નહિ રાખે, તો તે આખરે પોતાના આડા વિચારમાં અખડાઇ પડીને નિરાધાર થઇ જઈ, પાછળથી થતા પસ્તાવાના પૂર્ણ દુઃખ રૂપી દરિયામાં ગગડી પડશે. એજ રીતનો રૈયત અને રાજાને સંબંધછે. રાજા જેમ જેમ પોતાના રાજ્યમાં ધન, તન, વન, ગન, અને અન્ન વધે એવા ઉપાયો યોજતો જાય, તેમ તેમ તેના બળરૂપી ઝાડનાં મૂળ ઊંડાં ઊતરી, તે આખરે અનર્ગળ ફળને આપતા થાય. તાજી પ્રજાપર રાજ્ય કરનાર રાજા બળિષ્ઠ બનેલા હોયછે. દુર્બળ પ્રજા પોતાના રાજાને જોઇએ તે વખતે નાણાં વગેરેની જોઇતી મદદ આપી શકતી નથી, તેથી રાજ્ય તંત્ર ચલાવવાને રાજ્ય રૂણ કરવું પડેછે, અને તેમાંથી કાંકરો પણ કમી નહિ થતાં તેમાં વરસો વરસ વધારો થતો જાયછે. સબબ કાયમની

ઊપજ પણ લાચારીને લીધે પોતાની રૈયત રળી અંશે ભરી શકતી નથી. આખરે આવો રાજા કોઈ બળિષ્ઠ રાજાની ચઢાઈ વખતે મોટી ધાસ્તીમાં આવી જાયછે. માટે પરદેશી પ્રજાને પણ રાજાએ તો પોતાના તનની પ્રજા પ્રમાણે લેખવી જોઈએ. કેમકે આ પણ પોતાનાં બચ્ચાં છે. એ તાજી હશે, તો વેરા (ટૅકસ) વગેરે આપી ખપની વખતે સરકારને સરેતોરે મદદ આપશે. માટે સરકારે તો દેશી ને પરદેશી પોતાની પ્રજાપર સમદૃષ્ટિ રાખી બંનેના હક જળવાય, એવા કાયદા બાંધવા અને ચલાવવા જોઇએ.

હાલમાં આપણા ઉપર તો દયાળુ કૈસરેહિંદ મહારાણી વિકટોરિયા વૃદ્ધ માતાજીનું રાજ્ય છે. તેથી આપણા વડીલોએ વેઠેલાં દુઃખ આપણે સ્વપ્નામાં પણ દેખતા નથી. અજા ને સિંહ જોડે પાણી પીએછે, ન્યાય કાંટેથી તોળાય છે; પરંતુ હાલ દેશની હાલત નાણાંની બાબતમાં છેક કંગાલ બની ગઈછે, રોજગાર તૂટી પડયોછે, મજૂરોને મૂઠી અનાજ મળવું મુશ્કેલ થઈ પડયુંછે, આબરૂદાર વેપારીઓ મનમાંના મનમાં મૂઝાઇ મરેછે, આબરૂદાર કંગાળો પોતાનાં પોશ એશી ગયલાં ભૂખ્યાં પેટ ઠોકતા ફરેછે. આ બધા દુઃખનું કારણ પરદેશી રાજ્ય છે એમ બીલકૂલ નથી; પણ અમારો હુન્નર હારી ગયલો છે. માટે હે રાજ્યમાતા ! તમે અમારી તરફ દયાની નજર કરી અમારા દેશી હુન્નરને ઉત્તેજન આપો ! હે દેશી છત્રપતિઓ ! તમે શું ઊંઘમાં ઊંઘોછો ? તમારી પ્રજા પણ નાણાંની બાબતમાં રાંકડી બની ગઈછે, તમારા દેશનાં નાણાં પરદેશ તણાઇ જઈ તમારા કારીગરો ચીંથરે હાલ થઇ ગયાછે, હુન્નરી દેશની પ્રજાના મજૂરોની હાલત જેવી તમારી સઘળી સારી પ્રજાની હાલત થઇ પડેલીછે. માટે તમે તમારી પ્રજાપર રહેમ નજર રાખી દેશી હુન્નર કળામાં સુધારો વધારો કરવાને તમારી ફરજ સમજી આગેવાની કરો ! તેથી તમારા રાજ્યોની શોભા વધશે એટલુંજ નહિ, પણ તમારા રાજ્યનિધિનું તળિયું પણ તર રહેશે. વળી તમારી પરોપકારી બુદ્ધિ જોઇ તમારી યોગ્યતા પ્રમાણે લાયક માન વડી સરકાર તરફથી તમને મળશે એટલુંજ નહિ. પણ પ્રભુની પ્રસન્નતાને તમે પાત્ર થશો. તમારે કરવાનાં કામ નીચે પ્રમાણે છે. (૧) દેશીકળા કૌશલ્ય ઉત્તેજક સભાઓને મદદ આપવી, (૨) સરકારી ખરચે હુન્નરી

દેશમાં પોતાની રૈયતમાંના ચાલાક કારીગરોને અમુક જાતના હુન્નરનું જ્ઞાન મેળવી લાવવાને મોકલવા, (૩) હુન્નરી શાળાઓ ઉઘાડવી, (૪) નવા શોધકોને ઇલકાબ, માન, અને પેટંટ આપવા, (૫) દેશી માલપરની જકાત લેવી બંધ કરી પરદેશી માલપર જકાત બેસાડવી.

દેશી કળા કૌશલ્ય ઉત્તેજક સભાઓને મદદ આપવી.

જેમ પતિના માન વિનાની માનિની કુટુંબનાં બીજાં સઘળાં સગાંના હેતથી હર્ષિત નહિ રહેતાં મીચાયલે મને ફરેછે, તેમજ દરેક દેશની સુધારક સભાઓ દેશના પતિની પ્રીતિવગર જોઇએ તેવું કામ કરી શકતી નથી. કદાપિ સુધારક સભાઓ સરકારથી વિરૂદ્ધ પક્ષે પડી ફક્ત પોતાનેજ માન્ય એવા વિચારો પાર પાડવાને પ્રયત્ન કરે, તો તે રાજ્યબળરૂપી પાણીને સામે પૂરે ઊતરતાં વેઠેલી વેદના વ્યર્થ જઈ આખરે પાછી પડે, કે આમ તેમ અથડાઇ આડે આરે ઊતરે. માટે દેશ સુધારક સભાઓને સરકારની સહાયતા અતિ અગત્ય ધરાવનારી છે. તેમજ સરકારને પણ એવી સભાઓ સહાયકારક સમજવી. કેમકે પોતાની પ્રજા તેજમાં તાતી અને મિલકતે માતી રહે, એટલા માટે સરકારે અનેક લાભજનક ઉપાયો યોજવા, એ એમની પેહેલી ફરજ છે. પણ સરકારને બધાં કામ માથે લેવાની જોગવાઈ મળી શકતી નથી. કેમકે સઘળાં ખાતાં પર સરત રાખવાને માટે નોકરોને નીમીને નાણાંનો ભારે ખરચ પ્રજાને શીર રાખવો, એ પણ પ્રજાની હાલત સુધારવા જતાં બગાડવા જેવું થઇ પડેછે. માટે દેશસુધારા ખાતાના અંગનું કામ જે એક સરકારની ફરજનું કામ ગણાય, તે દેશસુધારક સભાઓ વગર પગારે બજાવે તો તેથી સરકારને સંતોષ પામવા જેવું છે. માટે સરકારે આવી સભાઓને જોઇતી મદદ આપવી જોઇએ.

સભાઓ ભરવાને તથા પ્રદર્શનો ઊઘાડવાને માટે લાયકનાં મકાન બાંધવામાં વાપરવાને મફત કે જૂજ કિંમત લઇને સભાએ પસંદ કરેલી જગા સરકારે બક્ષીસ આપવી જોઈએ; તથા એ વગેરે સમયાનુસાર જોઈતી જે જે મદદોની જરૂર જણાતી જાય, તે તે સરકારે રહેમની રાહે આપતાં રહેવું. આવી સરકારની રાજ્ય ચલાવવાની રીત અતિ યશસ્વી ગણાયછે એટલુંજ નહિ, પણ તે જગત જન પ્રિય હોઇને સર-

કારને નિશ્ચય લાભજનક નીવડેછે. માટે દેશી અને પરદેશી નૃપતિઓ ! તમારી પોતપોતાના સંસ્થાનોમાં સ્થપાયલી સભાઓને ઊછેરવા ઉલટ રાખી પ્રતાપી પ્રભુનો પૂરો પ્રેમ પામવાને પાત્ર થાઓ, એવું મારૂ નમ્ર વાણીથી ઊચરેલું આશીર્વચન છે.

સરકારી ખરચે કારીગરોને હુન્નર શીખવા મોકલવા.

દરેક દેશી રાજાઓએ પોતાના સંસ્થાનનું સારૂં ઇચ્છી, પોતાના રાજ્યમાંના સારાં સારાં શેહેરોમાં વસતા કેટલાક ચાલાક કારીગરોને તારવી કાઢી, તેઓને હુન્નરી દેશોમાં હુન્નર શીખવા મોકલવા જોઇએ. હાલમાં કેટલીક જગ્યાએ એમ થવા પણ લાગ્યુંછે. હાલમાં ગાયકવાડ સરકાર તરફથી ઉત્સાહી સિયાજીરાવ માહારાજે પોતાના તાબાના પાટણ શેહેરમાંના કુંભારોમાંથી થોડાક જણને પોતાને ખરચે ચીની વાસણનું કામ શીખવાને ઇંગ્લાંડ મોકલ્યાછે. હવે, જુઓ પાટણના કુંભારો માટીનાં વાસણ ને રમકડાં બનાવવામાં કુશળછે, તેમાં પછી જ્યારે ચીની વાસણ જેવાં સુંદર ને સફાઇદાર જોઈએ તેવાં વાસણો બનાવતા થશે, ત્યારે ગુજરાત પ્રાંતને કેટલો બધો લાભ થશે? એવાં ચીની વાસણો ચીન, ઇંગ્લાંડ, અને ફ્રાન્સથી અતિશે આવેછે, તેથી તે ખાતે જતી વહેતી નીક અટકી પડશે એટલુંજ નહિ, પણ અત્રે બનતાં વાસણ અસલ કરતાં સોંઘાં પડશે, અને સૌ કોઇને વાપરવાનું બની આવશે.

એજ રીતે અનેક જાતના હુન્નર શીખવાને દેશી કારીગરોને કળાવાન દેશોમાં સારા બંદોબસ્ત સાથે મોકલવાને બ્રિટિશ સરકાર તરફથી, તેમજ દેશી નૃપતિઓના તરફથી એકી વખતે ઊઠાવણી થાય, તો આશા છે કે થોડા વખતમાં આપણા દેશમાં વપરાતો પરદેશી માલ આપણે હાથેજ બનાવતા થઈએ. કારીગરો એકલા જતાં અચકાતા હોય, તો હાલમાં તો તેને માટે બીજી એક રીત બની શકે એવીછે. તે એ કે, ઘણી વખતે દેશી નૃપતિઓ યૂરોપ અને અમેરિકાની જાત્રાએ જાયછે, તે વખતે પોતાની સ્વારીની સાથે તેવા કારીગરોને રાખે; અને જે જગાએ જે કારીગરોને શીખવા રાખવા ઘટે, ત્યાં ત્યાં તેવા કારીગરોને રહેવાનો સારો બંદોબસ્ત કરી આપીને મૂકતા જાય. પછી તેઓએ માથે લીધેલું કામ સિદ્ધ કર્યું એવી ખબર આવે-

થી, તેઓને આપણા દેશખાતે તેડાવી લેવામાં આવે. એવા અનુભવ લઈને આવેલા કારીગરોની મદદથી કારખાનામાં કામ લેવું; જેથી થોડા વખતમાં આપણી ધારેલી ધારણામાં પાર પડીશું.

હુન્નરી પાઠશાળાઓ ઊઘાડવી.

દેશી નૃપતિઓએ પોતપોતાના સંસ્થાનોમાં અને બ્રિટિશ સરકારે પ્રાંત કે ઇલાકાવાર મોટી મોટી પાઠશાળાઓ સ્થાપવી જોઇએ. તેમાં કળાવાન દેશોની ભાષાના અને દેશી ભાષાના જ્ઞાનવાળા એ રીતે બે વર્ગ પાડવા જોઇએ. તેઓને શીખવવા કેળવાયલા અનુભવી પ્રોફેસરો નીમવા જોઈએ; અને શીખનાર ઉમેદવારોના ઉદર પોષણને માટે લાયકની સ્કોલર્શિપો રાખવી જોઇએ. કદાપિ કોઈ ઉમેદવાર વગર સ્કોલરશિપે દાખલ થવા આવે, તેઓને પણ તેઓનું જ્ઞાન તપાસી દાખલ કરવા જોઈએ; દરેક પાઠશાળામાં શીખનાર સ્કોલરોની સંખ્યા ઠરાવવી જોઈએ; અને તેથી જાદે દાખલ કરવાનો પ્રતિબંધ રાખવો જોઇએ.

હવે દરેક ગામમાં એજ્યુકેશનલ ખાતાના તરફથી પ્રાંત ભાષામાં કેળવણી લેતી નિશાળો નીકળેલી છે, તે નિશાળોમાં એકેક કારીગીરી વર્ગ કાઢવો જોઇએ. તે વર્ગમાં જેને કારીગીરી શીખવાની ખાએશ હોય, તેઓને દાખલ કરી અમુક કલાક કારીગીરીનું જ્ઞાન આપવું જોઇએ. તે વર્ગ પર હુન્નરી પાઠશાળામાંથી પસાર થઇને નીકળેલા સર્ટિફીકેટ વાળા શિક્ષકોને નીમવા જોઈએ.

પાઠશાળાઓમાં પસાર થયલા સ્કોલરોને શિક્ષકની જગો આપવાની સગવડ ન હોય, તો તેઓને, તથા જેઓને શિક્ષક થવાની ખુશી નથી, તેવાઓની પાસેથી તેઓની પાછળ થયલા ખરચ બદલ અમુક રકમ લઇ તેને પાઠશાળાનું સર્ટિફ્કિેટ આપવું જોઇએ. એવા સર્ટિફીકેટવાળાઓને ગમે તે કારખાનાવાળાઓ રાખે, એવો દરેક કારખાનાવાળાએ પાકો ઠરાવ રાખવો જોઇએ. એ ઠરાવથી કારખાનાંવાળાને પણ પેહેલા નંબરનો લાભ થવાનો; કેમકે પોતાના કારખાનામાં પ્રથમ દાખલ થતા અનઘઢ કારીગરોને હાથે કામ લેવાથી આવા શીખેલા કારીગરોને હાથે કામ લેવાને સુગમ પડશે.

પાઠશાળામાં જે જ્ઞાન આપવામાં આવે તે પ્રદર્શિત હોવું જોઇએ; જેથી શીખનારને થોડી મહેનતે વધારે પાકું થઈ પાછળથી ભૂલી

જવાનો સંભવ થોડો રહે. વળી શીખેલા કામની શિક્ષકોની દેખરેખ નીચે પ્રાક્ટિસ કરાવવી જોઇએ; જેથી પાઠશાળામાંથી નીકળ્યા પછી પાછળ કામ કરતાં કોઈ તરેહની હરકત આડે આવે નહિ.

સ્વભાષામાં હુન્નર શીખવા તે તરત વખત ઘણું લાભ કરતા થઈ પડે. કેમકે તરત વખત હુન્નરી દેશની ભાષા શીખેલા ઉમેદવાર થોડાકજ મળી આવશે. દેશી ભાષામાં શીખવા તો હાલમાં જોઈએ તે કરતાં જાદે ઉમેદવારો મળી આવશે, અને સ્કોલર્શિપની નાની રકમમાં પણ દાખલ થવાને ખુશી બતાવશે. તેઓએ દેશી ભાષામાં અમુક ધોરણ સૂધીનું જ્ઞાન મેળવેલું હોવું જોઇએ, એવું પ્રથમથી ઠરાવવું જોઈએ.

એક બાજુએ નાની શાળાઓ તરફથી હુન્નર કળાનાં મૂળતત્વોનું જ્ઞાન મળતું જશે, અને બીજી તરફથી પાઠશાળાઓમાંથી વિશેષ જ્ઞાન વાળા વિદ્યાર્થીઓ એક પછી એક વડી શાળામાંથી સર્ટિફિકેટ લઇ શિક્ષક તરીકે કે કારખાનાંના નોકર તરીકે બહાર પડતા જશે; તેમ તેમ ધીમે ધીમે દેશી કળાકૌશલ્યરૂપી સૂર્યની આગળ રહેતા અરૂણનો ઉદય થશે. પછી જો એનો એ રિવાજ કાયમ રહેશે, તો ધીમે ધીમે રળિયામણા કિરણવાળા સૂર્યનાં દર્શન થશે. પછી તો તે સવિતા એવો તો પ્રકાશ દેશે કે તેના તેજ આગળ અન્ય દેશનું અજવાળું ઝાંખું પડવા લાગશે. તે વખતે ભરતખંડનો મહિમા એવો તો ગર્જના કરશે કે તે ગર્જનાથી શૂરાવેશમાં આવી ગયલા મંગળાકાર ભરતખંડના તનુજો પોતાના હુન્નરી હયો પ્રતિપક્ષીઓની પાછળ દોડતા કરશે, ને તેથી પરદેશી હુન્નરખાનનું લશ્કર નાસભાગ કરી પલાયન કરી જશે. આવી છેલ્લી હારથી એનામાં એવો તો ભય ભરાઈ જશે કે પછી તે આપણા દેશપર ફરી ચઢી આવવાને હિંમત ધરશે નહિ.

નવી શોધો કરનારને ઈલકાબ અને પેટંટ આપવા.

ગમે તે કારીગર હરેક જાતની અમુક શોધો કરી દેશને લાભ કરતા જણાયો, તો તેની અથાગ મહેનતની કદર બૂઝી સરકારે લાયક ઈનામ કે માનને માટે ઈલકાબ આપવા જોઇએ, કે તેથી તેની સારી અસર દેશમાં ફેલાશે, અને એવા ઉમેદવારો એક પછી એક નીકળવા માડશે. કદાપિ કોઈ એમ કહેશે કે હાલમાં તમારાથી યૂરોપ અને અમેરિકા જેવા

શોધો થઈ શકેજ નહિ. હાલ તેમનાપર પ્રભુની પૂર્ણ કૃપા છે, તેથી તેમનાં હૃદય ખુલ્લાં થયાં છે. તમારાં મીચાઇ ગયલાં મન શું શોધો કરી શકે? તેને માટે જણાવું છું કે અમારૂં આળસ જોઇ પ્રભુએ અમારાપરથી પ્રેમ જરા કમી કરેલો છે; પણ કરડી નજરે પૂરેપૂરો કોપ કરી અમારૂં ભૂંડું ચાહ્યું નથી; કેમકે હજૂ અમારા લોકો છેક મૂર્ખ નથી, પણ આળસુ છે. ભરતખંડના દેહમાં ભરાઇ બેઠેલો રોગ અસાધ્ય રૂપમાં આવી ગયો નથી, પણ સાધ્ય છે. તેના ઓસડ ઉપચારથી ખચીત તેનું ખસવું થશે, માટે તેના ઉપાય આરંભવા જોઈએ. અસલ અમારા વડીલોએ યોગશાસ્ત્ર, વૈદ્યક, અને જ્યોતિષ વગેરે અનેક શાસ્ત્રો ઊપજાવી નવી નવી શોધો કરી છે. તેના પુત્રોને ચાલતા નવા જમાનામાં ઝરતું નવું નિર્મળ જળ પાઇ, પાકી રીતે મદદ આપી ઊછેરવામાં આવે, તો કેમ પરદેશી શોધકોની સમાનતા કરી શકે નહિ? કરી શકશેજ.

નવા શોધકોને પોતે બનાવી આણેલા નવા કામને માટે વખતની હદ બાંધી પેટંટ આપવો જોઇએ; જેથી તેની મેહેનતનું ફળ તેનેજ અમુક કાળ સુધી મળે, અને બીજાઓથી તેજ જાતની ચીજ બનાવી શકાય નહિં. તેથી તેમાં કંઇ વધારો સુધારો કરી પ્રથમથી બધારે સુગમતા ભરેલું કામ કરી લાવવાનું તેમને આપો આપ સૂઝશે. એમ સુધારો આગળ વધતાં, જેમ પ્રથમ વીજળી, પછીથી વીજળીના દીવા, પછી તાર, અને પછી ટેલિફોન એમ અનુક્રમે શોધો પ્રથમ એક રસાયણી કે ઘર્ષણવીજળીના જડવાથી થયા છે, તેમ અત્રે પણ પ્રથમની એક થયલી શોધની પાછળ અનેક શોધો થતી જશે. માટે નવી શોધોનું રજીષ્ટર રાખી તેમાં શોધકનું નામ ઠામ વીગતથી લખી, તે યંત્રોનો એક નમૂનો રજીષ્ટરે નોંધી રાખી, સંગ્રહસ્થાનમાં રાખી મૂકવો જોઈએ, કે તેને આધારે તેનો શોધક બીજાને નહિ બનાવવા દેવાને કાયદાસર ઇલાજ લેવામાં આવી શકે.

પરદેશી માલપર જકાત બેસાડવી.

પરદેશી માલ ભરતખંડમાં વધારે આવતો હોય તો એટલાજ ઉપરથી નારાજી થવાનું નથી; કેમકે પરદેશી માલ અત્રે ઊતરી હિંદનાં નાણાં તાણી જાય ખરો; પણ તેના બદલામાં માલ રૂપી દોલત દેશમાં વધે, તેથી આખરે દેશને નુકશાન ગણાય નહિ. પણ બધી

વખત એવું બનતું નથી. કેમકે જે માલ ભરતભૂમિમાં કાયમ કે ચિરંકાળ મિલકત તરીકે રહેવાનો નથી; જેવો કે કાચ, માટીના રમકડાં, અને એકાદ બે ફૂંકે ફાટી ફના થઈ જાય એવા પદાર્થો જેઓ થોડા દિવસમાં ભાંગી ભૂકો થઈને કરચો રસ્તામાં રવડતી થવાની, એવો માલ અતરે ઊતરી તરતો અટકે, તોપણ દેશનું કામ એ વિના અટકી પડે એમ નથી. જેવી રીતે નાના બાળકે હાથમાં લીધેલો રૂપિયો, એક પાઈનું કાચનું ચળકતું રમકડું બતાવી, આપણે પટાવી લઇએ છીએ, તેમ એવા રમત ગમતના પદાર્થો તો આપણી મિલ્કત પટાવી લેવાનાં રમકડાં છે. માટે એવો માલ ઊતરતો હોય, તો તે આપણને લાભ આપવાને બદલે નુકશાન કરનારો છે.

હવે હિંદમાંથી પરદેશ ખાતે ચઢતા માલને માટે પણ વિચાર કરવાનો છે. તે એ કે અત્રેથી એક કરોડનું રૂ પરદેશ ખાતે મોકલી ભરતખંડમાં એક કરોડ રૂપિયા લાવી નાણાંમાં વધારો કરવા ધારીએ, તો તેમાં નફો શોધવા જતાં દેશને બે તરેહનું નુકશાન ખમવું પડશે. કેમકે એક તો દેશમાંથી એક કરોડની મિલકત ઘટી તે, તથા બીજો એ કે એ એકજ કરોડના રૂ પર પરદેશી લોકોએ કારીગીરી લગાડી, વણી, રંગી, રૂપાન્તર કરી, તેજ પાછું હિંદ તરફ મોકલી હિંદ પાસેથી ત્રણ કરોડ રૂપિયા હરી લેછે. આ વ્યવહારમાં આપણા દેશને બે કરોડની ખોટ લાગવાની. આવી રીતે જતું ને આવતું કરવત હિંદની મિલ્કતને વહેર વહેર કરે, ત્યારે આખર તો હિંદની હાલત છેક નબળી પડે એમાં શી નવાઈ ?

આ બધા દુઃખનું કારણ આપણા દેશની કળાનું જોર ઝાંખું પડવાથી ઉત્પન્ન થયુંછે. હવે જો એ દુઃખ દૂર કરવા "પરદેશી માલ હિંદ ખાતે ઊતરતો અટકાવવો" એવી દાદ કરીએ, તો તે ઈનસાફથી ઊલટી ફરિયાદ માન્ય રહે નહિ. માટે તેના કંઈ આળ પંપાળ ઉપાય તરીકે પરદેશી ઊતરતા માલ ઉપર જકાતનો બોજો મૂકવો જોઈએ. તેથી દેશી માલ કરતાં પરદેશી માલ અત્રે મોંઘો પડવા જશે, અને દેશી માલ ખપતા સૂધી પરદેશી માલનો ઉપાડ થશે નહિ. આખરે આમાંથી કાંઈ લાભ મળવાનો સંભવ છે.

પ્રકરણ ૮ મું.

હાલમાં ભરતખંડની પ્રજાને ગ્રહણ કરવા જેવા ગુણો.

બીજા દેશની સાથે કળા કૌશલ્યની બાબતમાં સ્પર્ધા કરવાને નીચેના કેટલાક અગત્યતા ધરાવનાર ગુણોનો આપણે અભ્યાસ રાખવો જોઇએ. જે જે દેશો દ્રવ્યમાં, વિદ્યામાં, ને કળા કૌશલ્યમાં, આગળ વધ્યાછે, તે તે દેશની પ્રજા નીચેના ગુણોના અભ્યાસ વાળી છે. આપણા દેશમાં એવા ગુણોના ગ્રાહક થોડાજ મળી આવશે, માટે તેનું જૂજ વર્ણન કરવા દુરસ્ત ધારૂંછું.

આપણા દેશમાં કેટલીક હરકતો એવી પણ છે કે તે આડે આવવાથી કળા કૌશલ્યમાં સુધારો કરવાની ધારેલી ધારણામાં ફળીભૂત થઇ શકીએ નહિ. પરંતુ તે શોધી કાઢી તેના ઉપાય લેવામાં આવે, તો તેમાં પણ આખરે આપણી ફતેહ થાય.

(૧) ઉદ્યોગ, (૨) ચાલાકી, (૩) સ્પર્ધા. (૪) હારીને કામ છોડી દેવાની પહરેજી રાખવી, (૫) હોંશ તથા ઊલટ રાખવી, (૬) હિમ્મત, (૭) ટેક, (૮) સ્વતંત્રપણું, (૯) પરોપકાર બુદ્ધિ, (૧૦) સાહસ, (૧૧) પ્રચ્છક બુદ્ધિ, (૧૨) ધ્યાન દઇને જોવાની ટેવ રાખવી, (૧૩) શરીરમાં દૈવત વધે એમ કરવું.

ઉપરની બાબતોનું પૃથક પૃથક વર્ણન સાર તરીકે આગળ આપ્યુંછે.

उद्योग.

આપણા દેશમાં ઉદ્યોગ નથી, એમ હું કહેતો નથી; પણ ઘણા ખરા સુધરેલા દેશો કરતાં આપણો દેશ ઉદ્યોગમાં ઘણોજ ઊતરતો છે. આપણા દેશમાં તન ને મન લગાડી એક સરખી મહેનત કરનારાં પણ થોડાંજ માણસો મળશે. આપણા દેશના ઘણા કસબી કારીગરો પણ મોટા આસામી થયલા જોવામાં આવતા નથી, તેનું કારણ એ છે કે તેમનામાં પૂરો ઉદ્યોગ નથી. આપણા કારીગરો કોઈપણ કામ કરવાનું માથે લઇને વાયદા ઉપર વાયદો કરેછે, ને કામ આપનારને કંટાળો ઊપજાવેછે. તેનું કારણ કે તેઓ તન મનથી મહેનત થોડી કરેછે. પૈસા અને પદવીનો વખતે વારસો મળેછે; પણ જ્ઞાન મેળવવાની બાબતમાં તેમ બને એવું નથી. કોઈ પણ જાતનું

જ્ઞાન મેળવવાને ભારે ઉદ્યોગની જરૂર પડેછે. માટે પરદેશી હુન્નર કળામાં વાકેફ થવાને અતિ ઉદ્યોગની જરૂર છે. સુધરેલા દેશમાં નવા નવા હુન્નરોનો પ્રકાશ થાયછે, તેનું કારણ તેમનો રાત દિવસના ખરા તનમનથી કરેલો ઉદ્યોગ છે. માટે આપણે પણ ખરા ચિત્તથી ઉદ્યોગ ઊઠાવવો જોઇએ. જ્યાં સૂધી ઉદ્યોગ કરવામાં આળસુપણું પકડી રસળાટ રાખીશું, ત્યાંસૂધી આપણું શ્રેય થવાનું નથી.

ઉદ્યોગ સહેલું ને કઠણ પણ કરેછે. "ઊંઘતા સિંહની સમીપ આવેલું શિયાળ પણ તે પકડી શકતો નથી". "આળસ સઘળાં કામને અઘરાં કરેછે." માટે મુલતવી રાખવાની ટેવ પડી મૂકી, તરત વખતે હરેક કામ શીરૂ કરીને પૂરૂં કરી દેવાની ખંત રાખી ઉદ્યોગ કરો, કે તેથી હુન્નરમાં આપણે આગળ વધીશું. મુલતવી રાખવાથી પાછળ અનેક અડચણો આડે આવશે.

ચાલાકી.

ઉદ્યોગની સાથે ચાલાકી ન હોય, તો ઘણું કામ થઈ શકે નહિ. આપણા દેશમાં ચાલાકી પણ થોડી છે, તેથી હરેક કામ કરવામાં સુસ્તી માલમ પડેછે. ગમે તેવો ઉદ્યોગી માણસ હોય, પણ તેનામાં જો કામ કરવાની ચલાકી નહિ હોય, તો તેનાથી ઘણું કામ થઇ શકશે નહિ. કેટલાંક માણસ જન્મથીજ ટાઢાં અને કેટલાંક ચંચળ હોયછે, એ વાત ખરી; પણ ચંચળાઈ લાવવાનો ઉપાય બની શકે એવો નથી, એમ કાંઈ નથી. હરેક કામ હાથમાં પકડતી વખતે તે કામ તૈયાર કરી આપવાનો યોગ્ય વખત નીમવો જોઇએ; અને તેટલાજ વખતમાં કામ પૂરૂં કરી આપવાની ચિન્તા રાખી ઉદ્યોગમાં મંડીશું, તો આપણામાં આપોઆપ ચાલાકી આવતી જશે. વળી તેજ કામ ફરી કરવાને પ્રથમના વખત કરતાં કાંઇ જૂજ ઓછો વખત નીમી, તેટલાજ વખતમાં કામ પૂરૂં કરી આપવાની ચિન્તા રાખી કામ કરવાની મજૂરી ઉઠાવીશુ, તો આખરે આપણે ચંચળ થયા સિવાય રહીશું નહિ. હાથથી ચાલતા યંત્રોનાથી વરાળથી ચાલતા યંત્રો વધારે ચાલાક હોય છે; અને તેથી પણ વીજળીથી ચાલતા યંત્રો વધારે ચાલાક હોયછે, અને તેઓ કામ પણ થોડા વખતમાં ઘણું કરેછે. તેથી આપણા યં-

ત્રોથી એવા યંત્રોને માન બહુ મળેછે. એજ રીતે જે પ્રજામાં ચાલાકી નથી, તે પ્રજાનું માન બીજી ચાલાકીવાળી પ્રજાઓમાં હોતું નથી. માટે આપણે તન અને મનની સુસ્તી ઊડાવી દઇને ચાલાક થવાને અનેક પ્રકારના ઉપાયો યોજવા જોઇએ.

આપણા લોકોના કામમાં સુસ્તી માલમ પડવાનાં ચાર કારણછે.

(૧) કામ કરવામાં ઉત્સાહ થોડોછે, (૨) ચંચળાઇ થોડીછે, (૩) શરીરનું કૌવત ઓછું છે, (૪) દેશની હવા ગરમ હોવાથી થાક વેહેલો ચઢેછે.

સ્પર્ધા.

સ્પર્ધા એટલે એક એકથી સરસ થવાની હોંશ. આ ગુણ આપણા લોકોમાં જોઇએ તેવો જોવામાં આવતો નથી. પ્રતિપક્ષી પરદેશીઓના કરતાં ઉદ્યોગ, ધંધા, અને કારીગીરીની બાબતમાં આપણે સરસ થવું, નહિ તો આપણે તેમનાથી પાછળ પડી જઇશું, એવી ધાસ્તી જ્યાંસુધી આપણા હૃદયમાં રમી રહી નથી, ત્યાંસુધી આપણી કારીગીરીમાં સુધારો થનાર નથી. કોઈએક દેશી કે પરદેશી ચીજ એકના જોવામાં આવે, કે તરતજ તેનાથી સરસ સુગમતા ભરેલી ચીજ બનાવી બહાર પડે, ત્યારેજ નવી નવી તરેહની બનાવટો આપણા દેશમાં નીકળતી થશે. જો આપણે આપણી અસલ રીત પ્રમાણેની કારીગીરી કર્યા કરીશું, તો પરદેશીઓની સ્પર્ધાયુકત નવી કારીગીરી આપણને પાછળ મૂકી તે ઘણીજ આગળ વધી જશે. એમ દિવસે દિવસે આગળ જતાં આખર તે એટલી તો આપણાથી દૂર જઈ પડશે કે તેની પાછળ જલદ વેગી ઘોડા દોડાવશો, તોપણ તેની ભેટ આપણને થવી દુર્લભ થઇ પડશે; તો પછી તેમનાથી સરસ થવાની આશા તો રાખવીજ શી?

સુધરેલા દેશોમાં આ ગુણ સારીપેઠે પસરેલો છે, તેથીજ તેઓ આપણાથી કસબમાં આગળ વધી ગયાછે. માટે આપણે સઘળાએ એક બીજાની અદેખાઇ કરવાની રીત અળગી કરી, સ્પર્ધા જેવો લાભક ગુણ સંપાદન કરવો જોઇએ, કે તેથી કરી થોડા અરસામાં આપણે ખોયલી કીર્તિ સંપાદન કરી શકીશું.

સ્પર્ધાને બદલે આપણા દેશમાં અદેખાઇ અતિ ઘણી જોવામાં આવેછે. કોઇ એક માણસે એકાદ કામ કર્યું, તો અદેખાઓ જેમ દૂધમાં પોરા ખોળે, તેમ તેના દોષો શોધ્યા કરશે. પણ તેથી સરસ નમૂનો બનાવી તે પ્રથમનાથી સરસ છે, એવું સિદ્ધ કરી બતાવશે નહિ. વળી કોઇ એકાદ હુન્નર જાણતો હશે, તો તે બીજાને જાહેર ન થાય, એ રીતે મરતાં સૂધી મનમાં ને મનમાં રાખશે. હજાર હજાર વાર પસેમાની કર્યા છતાં પણ તે બીજાને બતાવશે નહિ.

आग्रह.

આપણા દેશમાં ઘણું કરીને એવો રિવાજ જોવામાં આવેછે, કે જે કામનું ફળ તરત મળે તે કામ કરેછે. પણ જે કામનું ફળ મોડું મળે એવું હોય, તેવું કામ કરવાને હિમ્મત ધરતા નથી. કાંઈક કામ કરવા માડયું અને વચમાંથી તરત નફો ન દેખાયો, કે તે કામ હારીને છોડી દેશે. હું કાંઈ દુરાગ્રહ રાખવાનું કહેતો નથી; પણ જેમાંથી તરત કે મોડી મુદતે નફો થાય, એવાં લાભજનક કામ કરવામાં આગ્રહ પકડવાને સખત ભલામણ કરૂંછું.

દરેક કામ કરવા માડતા પેહેલાં નીચે બતાવેલી ત્રણ વાતોનો વિચાર કરી કામ શીરૂ કરવું. (૧) તે કામ સારૂં છે કે નઠારૂં ? (૨) તે કામ કરવામાં મોડો વહેલો લાભ મળશે કે હાની ? (૩) તે કામ આપણાથી બજાવી શકાશે કે નહિ ?

ઉપરના ત્રણ વિચારો ઘણાનુમતે પાકી રીતે કરવા. એ ત્રણે શવાલોના જવાબ હા આવે, તો તે કામ પકડવું. તે પછી તેનાં ફળ ચાખતાં સૂધી હારીને મૂકી દેવું નહિ. જેમાંથી ફળ વેહેલાં આવશે, તેમાં ઘણું કરીને રસ ઓછો હશે; અને જેમાંથી ફળ મોડાં ઊતરશે, તે અતિ રસદાર હશે.

આ ગુણને દરેક કળાવાન પ્રજાએ ગ્રહણ કરેલોછે, તેથી તેઓ નવાં નવાં હુન્નરકળાનાં કામો કરેછે. કેટલાએકે તો કોઈ નવીન શીઘ્રફ્લિત શોધોની પાછળ આગ્રહથી મંડયા રહી, તેનાં ફળ પોતે ચાખી બીજાને પણ ચખાડયાંછે; અને કેટલાએક તો એવી દીર્ઘફળિત કળાની શોધોમાં લાગેલા હતા કે તેનાં ફળ ઊતરતાં પેહેલાં તેમનું આયુષ્ય પૂ-

રૂ થઇ જવાથી તેઓ ચાલ્યા ગયાછે. પરંતુ તેમણે ઊગાડેલા વૃક્ષ ઉપરથી હાલમાં ઊતરતાં ફળ હાલની પ્રજા ચાખેછે. તેઓ બિચારાઓને ફળની આશા નહોતી, તેમ છતાં તેઓએ રસશૂન્ય આગ્રહ પકડયો, તેથી તેમને કેટલી શાબાસી આપવી ઘટેછે? બહુ ! બહુ !!

જ્યાંસુધી પરદેશી માલને મળતો કે તેથી ચઢીઆતો માલ બનાવવાનો આપણે આગ્રહ પકડીશું નહિ, ત્યાં સુધી તેની હારમાં ઊભા રહેવાને આપણે શક્તિમાન થઇશું નહિ. માટે આપણામાં જે હારીને કામ છોડી દેવાની ટેવ છે તે દૂર કરવી જોઇએ.

હોંશ.

આપણા દેશમાં હુન્નર કળાનો ઊદ્દાવ કરવાને માટે આશાના મેહેલપર ચઢવા જતાં હોંશ ને ઊલટનાં પગથીઆં વટાવ્યા પછી આગ્રહને પગથીએ પગ મૂકાશે. હરેક કામ કરવા હોંશને ઊલટની પ્રથમજ જરૂર પડેછે. માટે આપણે સઘળાએ આ ગુણ સંપાદન કરવો જોઇએ.

"હોંશ વિનાનું હરેક કામ વેઠીઆવાડ જેવું થાયછે." પરદેશમાં બનતી ચીજ આપણા જોવામાં ઘણીએ વાર આવશે, અને તેને ઘણીએ વાર વાપરી ભાંગીને ભૂકો કરી નાખીશું, તોપણ જ્યાં સુધી તેના જેવી બનાવવાને આપણામાં હોંશ ને ઊલટ ઉત્પન્ન થશે નહિ, ત્યાં સુધી તેવી આપણા દેશમાં બનવી અશક્ય છે.

કળાવાન દેશોની પ્રજામાં આ ગુણે પણ ઘર કરેલુંછે, તેથી તેઓ મોટાં મોટાં કામ માથે લેછે એટલુંજ નહિ, પણ તે સચોટ બજાવેછે. ઊલટને હોંશ વડે નવા નવા શોધો કરેછે, નવાં નવાં હુન્નરી કામો કરેછે. આપ ગુણનાં જેટલાં વખાણ ન કરીએ એટલાં ઓછાં છે. જેવો જીવ વિનાનો દેહ દેખાયછે, તેવું હોંશ કે ઊલટ વિનાનું કામ નિસ્તેજ દેખાયછે.

આ ગુણના ગ્રાહક ઘણા થાય, તેને માટે ઉપાય લેવામાં એક અગત્યની વાત એ છે કે, હરેક પરદેશી ચીજની નકલ કરી બતાવનારને કમિટી, શાહુકાર, કે સરકાર તરફથી એ કામને માટે એ ચાર યોગ્ય ઇનામ આપવાની જોગવાઈ થાય, તો આશા છે કે, આપોઆપ આ ગુણ સઘળા કારીગર વર્ગમાં ફરી વળશે. માટે દરેક ધનવંતે સઘળા દેશના લાભને માટે પરોપકારી ધાર્મિક ઉદારતા વાપરી, આવે રસ્તે નાણાં ઊધારવાની ઉલટ

રાખવી જોઇએ; જેથી તેમના ઉપર પરબ્રહ્મ પ્રસન્ન થયા વગર રહેશે નહિ.

સ્વતંત્રપણું.

પોતાને સારૂં લાગે એજ પ્રમાણે આચરવું, એનું નામ સ્વતંત્રપણું છે. આપણામાં થોડી બુદ્ધિ હોય, તોપણ કોઈ પણ બુદ્ધિમાનના તાબામાં રહીને તેના કહેવા પ્રમાણે ન ચાલવું, એવો કાંઈ સ્વતંત્રપણાનો અર્થ નથી; પણ બુદ્ધિમાનના જેવા થવા હરેક પ્રકારનો પ્રયત્ન કરવો જોઇએ. હાલમાં દરેક કામ કરવાની ચીજો વાપરવાની બાબતમાં આપણે પરતંત્ર થઇ પડેલા છીએ; એટલે હરેક ચીજ વાપરવાના જે જે હૂકમ પરદેશથી આવે છે, તેજ પ્રમાણે આપણે ચાલીએ છીએ. જેમ બાજીગર પોતાની હાથની હીકમતથી પૂતળીને નચાડેછે, તેમ પરદેશીઓ તેમના હાથની કરામતે આપણને નચાડે છે. હાડકાંના હાથા કરીને મોકલે, તે પણ આપણે વાપરીએ છીએ. આપણે એવા તો પરસ્વાધીનતામાં આવી પડયા છીએ કે, તેઓ પોતાની ચીજો મોકલતા બંધ થાય, તો બધો દેશ એક વખત તો અડવોજ થઇ જાય! જેને સ્વતંત્રપણું વહાલું નથી, તેમાં ને ગુલામોમાં ઝાઝો તફાવત નથી. આપણને કોઇ જેવાં લૂગડાં પહેરાવે તેવાં પહેરવાં, સૂવાડે ત્યારે સૂવું, જગાડે ત્યારે જાગવું, અને જ્યાં દોરી જાય ત્યાં જવું, આ તે પરતંત્રતા કે સ્વાધીનતા?

આપણી શાણી સરકારની વિલાયતી પ્રજા કેટલું બધું સ્વતંત્રપણું જાળવી રાખેછે? તેમનું સ્વતંત્રપણું કોઇ છીનવી લેવા માગે, તો તે તરત કેવી શૂરાવેશમાં આવી પડેછે, અને બીજા કશાની દરકાર નહિ રાખતાં મરતાં સૂધી લઢેછે? તો આપણે તો ફક્ત પરદેશી માલ વાપરવાની બાબતમાં પરાધીનપણું ટાળવાની ઇચ્છા છે; એટલે આપણે હાથેજ માલ બનાવતા થવું છે. તે આપણાથી શું નહિ બને? સ્વતંત્ર થવાનો અભિમાન રાખો, એટલે આપોઆપ બનવું શકય થશે.

ટેક.

આપણું બોલેલું કે આપણું કરેલું કામ નિઃસ્પૃહી આદમીની સુરતે કે નુરતે હલકું ઠરે, એવું હલકું આચરણ ન આચરવાનો જે પાકો ઠરાવ રાખવો, એનું નામ ટેક છે; ને જે કરવાથી આપણને હમણાં કે

આખરે હરેક પાંતીનું નુકશાન થશે એમ જાણ્યા છતાં, લાજ જવાની દહેશતે કે રૂઢીને અનુસરીને તે કરવાનો અભિમાન રાખવો, એનું નામ ખોટો મમત છે. ટેક વિનાના માણસને કોઈ વિશ્વાસ રાખતું નથી. ટેક વિનાના માણસને ટકે પણ કોઇ રાખતું નથી. ટેક વાળા યોગીઓ પ્રભુપદને પામ્યાછે. ટેકીને અંતે ઇશ્વર સહાય થયા સિવાય રહેતો નથી. જેનું પણ ગયું તેનું જીવતર વ્યર્થ જાણવું. માટે દરેક માણસે પોતાની પ્રતિષ્ઠાને વહાલામાં વહાલી ચીજથી પણ અધિક જાણવી જોઇએ.

પોતાનો ટેક રાખવો એટલે શું? તે વિષેની સમજ આપણા દેશીઓમાં થોડીજ છે. બ્રાહ્મણથી લુવારનું કામ ન થાય, વહાણે ચઢી પરદેશ જવાય નહિ, વહાડ ફૂટનું કામ થાય નહિ, વગેરે અનેક રૂઢી માર્ગની ખોટી મમત પકડી, તેઓ છેક ભીખારી અવસ્થામાં આવી પડ્યાછે. એજ રીતે તમામ જ્ઞાતિઓના વિચાર થઈ જવાથી સઘળાની હાલત નબળી થઈ ગઇછે. પણ હાલમાં જૂજ નાતોના વિચારો ફરવા લાગ્યાછે. તેથી આખર કાંઇ ફાયદો થશે એવો સંભવછે.

ખોટો મમત રાખવા કરતાં ખરો ટેક તો હાલમાં એ રાખવાનો છે કે પરદેશી ચીજ નહિ વાપરતાં, તેનાજ જેવી અથવા તેથી સરસ આપણે હાથેજ બનાવેલી (આપણા દેશીઓએ બનાવેલી) ચીજો વાપરવી. હમણાં તો ઉપર ઉપરથી જોતાં કિમ્મતે મોઘી માલમ પડશે; પણ ઉંડા ઊતરી વિચાર કરશો તો તે પૈસા એક વખત એક ખાતે ઊધરી બીજે ખાતે તમારા ઘરમાંજ જમે થશે. વળી પરદેશી ચીજોના જેવીજ ચીજો આપણેજ બનાવવી એવો લાભજનક ટેક રાખો, કે તેથી આખરે આપણાં ખીસાં તર થઈ આપણા મોંનું, ઘરનું, અને દેશનું ઊડી ગયલું નૂર પાછું તગારા મારતું થાય. જુઓ, પરદેશીઓ આપણાથી અળગા રહેવાનો અને આપણાથી સરસ ગણાવાનો કેટલો બધો ટેક રાખેછે? તેઓને જોઇને શું તમને શરમ નથી આવતી?

हिम्मत.

મુશ્કેલી વગરનું કામ કરવાનું હોય, ત્યારે તેની મજૂરી પણ જાદે ક્યાંથી હોય? જે ઝાડને ઊછેરતાં મહેનત કરવી ન પડે, તેના ફળની કિંમત જાદે નં પડે. સારા ફળદાયક કામ કરતાં અતિશે મુ-

મુશ્કેલીઓ આડે આવેછે, તે ઓળંગી ધારેલું કામ કરવા જતાં ઘણી વાર કંટાળો આવેછે; પણ તે વખતે આપણે હિમ્મતરૂપી હથિયાર હાથમાં પકડવું જોઇએ. આ ગુણ જેનામાં નથી તેનું વજન દુનિયામાં ઘણુંજ ઓછું હોયછે. હિમ્મત વગર પરદેશોમાં અટણ કરી શકાતું નથી. નાહિમ્મત પુરૂષોથી કોઇ મોટું કામ આરંભાતું નથી; અને આરંભેછે તો તે આખરે અધરવચ પડયું મૂકેછે. જેનામાં આ ગુણ નથી હોતો, તે સઘળે ઠેકાણે હરેક કશાથી બીતો ફરેછે. ત્યારે હવે પરદેશી હુન્નરી કામ આપણા દેશમાં દાખલ કરવાને આ ગુણની કેટલી બધી જરૂર છે, તે સૌના જાણ્યામાં આવ્યું તો હશે. પેહેલ વેહેલું નવું કામ કરતાં વખતે નાણાનું નુકસાન લાગે કે લાભ મળે નહિ, તેથી હિમ્મત નહિ હારવાને આ ગુણનો અભ્યાસ રાખવો જોઈએ. એથી કરી "હિમ્મતે મરદ તો મદદે ખુદા," આ કહેવત પ્રમાણે, આપણો અતિ આગ્રહ જોઇ દયાળુ ઈશ્વર સહાય થયા વગર રહેનાર નથી. આપણે હિમ્મત પકડી યંત્રશાસ્ત્રનો અભ્યાસ કરવામાં અને તેને અનુસરી નવા નવા ઘાટો ઘડવાને લાગી પડીશું, તો આખરે પરદેશી ચીજોથી ચઢીઆતી ચીજો બનાવવાને આપણા અંતઃકરણને અવશ્ય પ્રભુ પ્રેરણા કરશે, એમાં સંશય નથી. આપણાથી પ્રતિપક્ષી પરદેશીઓની કળાને પહોંચાય નહિ, એવો નાહિમ્મત વિચાર કાઢી નાંખી, એકે અવાજે હિમ્મતથી હથિયાર ઊંચાં કરો, કે તેથી આપણે ધારેલા વિચારમાં સાર્થક થઇએ.

પરોપકાર બુદ્ધિ.

હરકોઇ ઈજાથી પીડાતા નિરૂપાયી માણસને મન, વાણી, કાયા, કે પૈસેથી મદદ કરવી, તેનું નામ પરોપકાર કહેવાય. ત્યારે આપણા દેશમાં કારીગર, વેપારી, ખેડૂત, મજૂર, એ સઘળા વર્ગોના લોકોની હાલત છેક નબળી પડી ગઇછે. ખેડૂત અને મજૂર વર્ગને તો પૂરા દાણા પણ ખાવા મળતા નથી. વરસના કેટલાક મહિનામાં તો એકાદ બે દિવસને આંતરે 'કડાકા' કરવા પડેછે. અમારૂં કહેવું અતિશયોક્તિ નથી. આ બાબતની ગામડામાં ફરીને કોઈ તજવીજ ચલાવે, તો તેની પૂર્ણ રીતે ખાત્રી થાય. કાંઇ દેશ ઉપર દાણાની ખોટ નથી; પ-

ણ પૈસો પરદેશ તણાઈ જવાથી તે ખરીદવાને સાધનની ખોટ છે. ભરતખંડની સઘળી પ્રજાને એક કુટુંબ ધારીએ, તો એ સઘળી પ્રજાની મીલકતને ભંડાર પણ એકજ ધારવો પડે. હવે એ ભંડારની હાલત સારી કે નઠારી થાય, તેજ પ્રમાણે તેના કુટુંબીઓની હાલત સારી કે નઠારી થાય; કેમકે તે કુટુંબના સઘળા આદમીને તે ભંડારની વહેંચણમાંથી પોતાને ભાગે જે આવે, તે ઉપર દરેકને ગુજારો કરવાનોછે. ત્યારે હવે હાલ તો ભરતખંડના ખજાનાની હાલત છેક નબળી છે; તેથી તેઓને પૈસાની ભારે તંગી પડે છે, અને કરોડો જનોનાં કાળજાં બળેછે. તેઓને પોતાની હાલત સુધારવાનો ઉપાય જડતો નથી. આવી રીતે નિરૂપાય થઈ ગયલી પ્રજાને સુખી કરવા પૈસાદાર અને જ્ઞાનીઓએ પરોપકાર કરવાને આગળ પડવું જોઈએ; તેઓએ મોટી મોટી મંડળીઓ ઊભી કરી સર્વનાં સુખનાં સાધન શોધી કાઢી તે સંપાદન કરવાં જોઈએ; પોતાના આંધળા બંધુઓને દોરી રસ્તે પાડવા જોઇએ; પોતાને ભાગે આવેલા વધારે સૂખમાંથી થોડું થોડું અભાગીઆઓને વહેંચી આપવાની પુણ્યશાળી પરોપકાર બુદ્ધિ રાખવી જોઈએ; જેથી કરી ઇશ્વર તેમને સવાયું સુખ આપે. આ ગુણ પણ સઘળાને સેવન કરવા જોગ છે.

સાહસ.

મોટું કામ ઊઠાવવાને હિમ્મતથી સામેલ થવું, એવું નામ સાહસ કહેવાય. આ કામ પણ સાહસનું છે. આ ગુણ આપણા દેશીઓમાં નથી, એમ કહીએ તો ચાલે એવું છે. કેમકે જેવાં પરદેશી સાહસિક પુરૂષોએ સાહસિક કામ કરી બતાવ્યાંછે, તેના જેવું આપણો દેશી કોણ કરી બતાવે એવો છે ? કોલમ્બસે અમેરિકા શોધ્યો; મંગોપાર્ક જેવાએ અફ્રિકાના જંગલોમાં ફરી, મહા મહા સંકટ સહન કરી ભૂગોળને લગતી શોધો કરી; કેટલાકોએ ઠરી ગયલા દરિયા તરફ શોધ કરવા જતાં, પોતાના પ્રાણોનું બળિદાન આપ્યુંછે. ચીનમાં પેહેલાં કોઈ પરદેશીને પેશવા દેતા નહિ, તેથી બે યૂરોપીઓ ગોસાંઈ જેવો વેષ ધારણ કરી ચીનમાં છાના માના પેશીને, ત્યાંથી રેશમના કીડા પોતાના દેશમાં દાખલ કર્યા. એક યૂરોપિયન કુંભાર પ્રથમ ચીની વાસણ બનાવવા લાગ્યો, તેમાં તેની પ્રથમ ફતેહ થઈ નહિ, તેથી તે છેક ભીખારી થઈ ગયો; પણ

જ્યારે તે બરોબર બનાવી શક્યો, ત્યારેજ તે જંપીને બેઠો.

આપણા દેશીઓમાં એવા સાહસિક પુરૂષો થોડાજ છે. તેઓ પોતાની નાત જાત અને છૈયાં છોકરાં છોડી પરદેશ જઈ, ત્યાંની હુન્નરકળા શીખી પોતાના દેશમાં દાખલ ન કરે, તો પછી પરદેશી છૂપા હુન્નર શીખી લાવવા હુન્નરકારના શિષ્ય બની જઈ તેની સેવા ચાકરી ઊઠાવી ધારેલો હુન્નર હાંસલ કરે, એવા તો ક્યાંથીજ મળે ? જ્યારે ખૂણે ભરાઈ રહેલા આવા સાહસિક પુરૂષો બહાર પડશે, ત્યારેજ પરદેશી કળા આપણા દેશમાં દાખલ થશે; અને જ્યારે સાહસિક શેઠીઆઓ અને વિદ્વાનો હજાર હજાર પ્રકારનાં સંકટો સહન કરીને બહાર પડશે ત્યારેજ સઘળાનો દિવસ વળશે. કહેવત છે કે "શીર જાય કે લાડુ ખાય". હરેક કામ કરવાને યાહોમ કરીને પડ્યા સિવાય પાર પડાય નહિ. નાતની ધાસ્તી, છૈયાં છોકરાંથી વિખૂટાં પડવાના વિચાર, અજાણ્યા લોકોમાં જવું, અજાણ્યો હુન્નર શીખતાં આવતી મૂંજવણ, એ વિષે બેઠા બેઠા વિચાર કર્યા કરીએ, તો લાખો વરસ વહી જાય, તોપણ તેમાંનું કાંઈ વળે નહિ. દુનિયામાં આશા એ મોટી ચીજ છે. આશાવડે સઘળો સંસાર વહ્યો જાયછે. તેથી આપણે પણ આશાનું દોરડું હાથમાં ઝાલી જળમાં ઝંપલાવવું જોઈએ. એથી થોડા વખતમાં મૂલ્યવાન મોતી હાથ કરીને બહાર આવીશું, અને કાંઠે રહી જોઈ રહેનારથી આપણે ધનાઢ્ય થઇશું. એમ મરણિયા થઈ હુન્નરી દેશોમાં જઇ, ત્યાંની કળાઓ શીખી લાવવાને તૈયાર થાઓ; આળસને અળગું કરો; અને સાહસરૂપી ફરૂકા મારતું ચળકતું નિશાન હાથમાં ઝાલી, એકે અવાજે ગર્જના કરી પરદેશી માલરૂપી લશ્કરે ઘેરેલા ડૂબતા દેશને તારો.

પ્રચ્છકબુદ્ધિ રાખવી.

"પૂછતા નર પંડિત", એ કહેવત પ્રમાણે હરેક અજાણી ચીજ વિષે જાણ પુરૂષોને પૂછવાથી તેના ગુણથી વાકેફ થવાય છે. નવા હુન્નર જાણવાની જેને સ્વાભાવિક હોંશ હોય છે, તે તે પુરૂષો અનેક યુક્તિઓથી બીજા જાણ પુરૂષોને પૂછ પૂછ કરેછે, અને તેની હકીકત ધ્યાન દઈને સાંભળી સાંભળીને બહુશ્રુત બની, આખરે તેઓ અનેક વિષયોમાં એવા તો પ્રવીણ બનેછે, કે તેથી તેઓ થોડી

વિદ્વત્તાએ પણ મોટા વિદ્વાનોની હારમાં ઉભા રહેછે. માટે દરેક આદમીએ પ્રચ્છકબુદ્ધિની ટેવ રાખવી જોઈએ. કેટલાક માણસો એવા શરમાળ હોય છે કે કોઇ અજાણી ચીજ વિષે જાણ પુરૂષને પૂછતાં શરમાયછે. તેથી ઘણી બાબતોમાં અજાણ રહેછે. કેટલાક અભિમાનીઓ અભિમાનને લીધે બીજા આદમીને પૂછતા નથી. કેમકે તે એમ જાણે છે કે જો આપણે આપણું અજાણપણું ખતાવીશું, તો આપણે મૂર્ખમાં ઠરીશું. તેથી કેટલીક અગત્યની ચીજોની બનાવટથી પણ મરતાં સૂધી અજાણ રહે છે. કેટલાક જાણ પુરૂષની બરાબરીનું ડોળ રાખી પોતાનું અજાણપણું દબાવી રાખી, પરીક્ષાને રૂપે કોઇ ચીજની બનાવટ વિષે જાણ પુરૂષને પૂછેછે, તેમાં જો કોઈ જાણ પુરૂષો મનના ભોળા હોય છે, તો તેની પાસેથી તેઓ તે હુન્નરનું જ્ઞાન સંપાદાન કરેછે; અને જાણ પુરૂષ જો કપટી મળ્યો તો તેને અવળે માર્ગે ચઢાવેછે. તેથી નાણાની ને વખતની ખુઆરી ખમ્યા છતાં નિષ્ફળતા પામી, વળી બીજા ઉસ્તાદની પરીક્ષા કરવા જાય છે. એમ ઘણી વખત નુકશાન ખમ્યા છતાં, ઘણે નુકશાને થોડો ફાયદો મેળવેછે. વળી કેટલાક જાણ પુરૂષના શિષ્ય થઈ તેમની ચાકરી ઊઠાવી તેમનાં મન રંજન કરી તેમની પાસેથી અમુક હુન્નરનું જ્ઞાન સંપાદાન કરેછે; અને કેટલાક તો એવા પણ છે કે કોઈ પણ જાતની વિદ્યા, હુન્નર, કે કળા શીખવાની દરકાર પણ રાખતા નથી. તેમના મોં આગળ કરોડો જાતની હસ્તકૃત ચીજો પડી રહે છે; પણ તેને શી રીતે બનાવે છે, તેની પડપૂછ પણ કરતા નથી. એવા પુરૂષો આપણા દેશમાં અતિશે મળી આવશે. તેઓ છતી આંખે અંધ, છતે કાને બધીર, અને છતી જીભે મૂગા જેવા છે.

આપણા દેશમાં બનતો માલ દરરોજ દરેકના જોવામાં આવે છે. તે શેનો બનેછે, કોણ બનાવેછે, કેવી રીતે બનાવેછે, અને તે બનાવવામાં કઇ કઇ ચીજોની જરૂર પડેછે, તે સઘળી વાત થોડાકજ જણને માલમ હશે. કોઇને પૂછીએ કે, અગરબત્તી, અબીલ, ગુલાલ, ધોવાનો સાબુ, વગેરે અનેક ચીજો જે તમે વાપરો છો, તે શેની બનતી હશે? તેનો ખરેખરો ઉત્તર થોડાકજ જણ આપી

શકશે. પોતાનો દીઠો ધંધો કર્યા કરવો, અને બીજા વિચાર નકામા છે, એમ સમજેછે. કોઈ દેશી વસ્તુ વિષે જાણ આદમીથી પૂછપરછ કરી વાકેફ થવું, અને તેની તે પ્રમાણે અજમાયશ કાઢી જોવી, એ બાબતોમાં આપણા લોકોની ટેવ સારી નથી; તો પછી પરદેશી માલની નકલ તો કરેજ શાના?

આવો અહિતકારક વિચાર પડચો મૂકી, પ્રચ્છકબુદ્ધિની ટેવ રાખો, કે તેથી આપણે સઘળા નવા નવા હુન્નરોમાં વાકેફ થતા જઇએ.

શરીરમાં દૈવત ઓછું છે.

આપણા દેશીઓના શરીરનું અને મનનું બળ બહુ નબળું છે. નબળું શરીર લાંબો વખત સખત મજૂરી ઉઠાવવાને ટકી શકતું નથી, તેથી તે બીજા દેશોના લોકોથી હરેક કામમાં હઠી જાય છે. તેનાં કારણ આપણા ઘણા ખરા દેશીઓમાં બાળ લગ્નનો રિવાજ, કસરત નહિ કરવાની ટેવ, ખોરાકની નબળાઇ, તથા દેશની હવા છે. જે વખત શરીરના અવયવોને પોષીને વધારવા જોઇએ, તેજ વખતમાં શરીરના અવયવોને ચૂસાટ લાગે એવાં કર્મો આરંભવાં, એ કેવી મૂર્ખાઇનું કામ કહેવાય? આપણાજ ઘરડાઓ અસલ કદે ઊંચા અને શરીરે અને મને બળવાન હતા, તેનું કારણ અસલ બાળ લગ્નનો રિવાજ નહિ હતો; અને તેની સાથે ઘણી લાંબી ઉમ્મર સૂધી શરીરને ખૂબ કસરત મળે એવી રીતે રમવાનો ચાલ હતો. તે તો એકદમ બધું એ હરતાઈ ગયું છે. ઘેર ઘેર સ્ત્રી પુરૂષો ઢીંગલા ઢીંગલી જેટલાં ઊંચાં, પોતાના વામન દેહમાંથી ઉત્પન્ન કરેલાં ઊંદર જેટલાં છોકરાં કેડે લઈ ફરતાં ફરેછે. જેવું માબાપમાં દૈવત હોય, તેથી વધારે દૈવત તેમના બચ્ચાંમાં તે ક્યાંથી હોય?

હાલ તો છેક નાની ઉમ્મરના છોકરા પણ કાંઇક ઉદ્યમમાં કચરડી ઘાલેલા દેખાશે, તે એવી રીતે કે રાત દિવસ તેની ડોકી ઊંચીજ થવા નહિ પામે. રમનાર છોકરાને રોજ મણ માર ખાવો પડતો હશે. રમવાનું તો કાંઇ કામનુંજ નથી, એવા વિચાર સૌના થઈ ગયા છે. વળી કેટલાકને નાની ઉમ્મરમાં છોકરાં છૈયાંની જંજાળ વળગી પડવાથી હલકે ઉદ્યમ ખોળ્યા વગર ચાલતું નથી. તેથી તે બિચા-

રાનું સારી વિદ્યા ભણ્યા વગર મન કેળવાતું નથી. તેને મનુષ્યની જીંદગીનો લાહો મળતો નથી; પણ ઘાણીના બેલની પેઠે સંસાર ઘાણી ઘસડવી પડે છે.

માટે આપણે સઘળાએ બાળલગ્નનો ચાલ બંધ પાડી શરીરનો બાંધો કૌવતવાન રહે, એવી લાયક કસરત કરવાનો રિવાજ રાખવો જોઈએ. એથી ઊછરતી ઓલાદનાં મન અને તન પ્રફુલ્લિત થઈ, આગળ દુનિયાનાં કામો ઊઠાવી લેવાને શક્તિમાન થાય. વળી ખોરાકમાં સુધારો કરવાનું આપણા હાથમાં છે. તે જો ધારો તો બની શકે એવું છે. પણ દેશની હવાને માટે તો લાચાર છીએ. પરંતુ ઉપર બતાવેલા ઉપાયોનો અમલ કરવાથી કાંઈ પણ લાભની પ્રાપ્તિ થયા સિવાય રહેશે નહિ.

ધ્યાન દઇને જોવાની ટેવ.

આપણા લોકોમાં વિચારયુક્ત તપાસીને જોવાની ટેવ થોડી છે. આપણા દેશમાં બનતો માલ દરરોજ દરેકના જોવામાં આવેછે. તે શેનો બનેછે, કોણ બનાવે છે, અને કેવી રીતે બનાવે છે, અને તે બનાવવામાં કઇ કઇ ચીજોની જરૂર પડેછે, તે સઘળી વાત થોડાકજ જણને માલમ હશે. કોઇને પૂછીએ કે અગરબત્તી, અબીલ, ગુલાલ, ધોવાનો ને નહાવાનો સાબુ, વગેરે અનેક ચીજો જે તમે રોજ વાપરોછો, તે શાનાં બનતાં હશે? તેનો ખરેખરો ઉત્તર થોડાજ જણ આપી શકશે. પોતાનો દીઠો ધંધો કર્યા કરવો, અને બીજા વિચારો નકામા છે, એમ સમજી કોઈ વસ્તુ વિષે જાણ આદમીથી પૂછ પરછ કરી વાકેફ થવું, અને તે પ્રમાણે તેની અજમાયશ કાઢી જોવી, એ બાબતોમાં આપણા લોકોની ટેવ છેક ખરાબ છે. મતલબ કે તપાસીને જોઇ તે વિષે વિચાર કાઢવાની ટેવ રાખતા નથી.

ઘણા જણ ઘણા દિવસથી ઘડીઆળો અહોનિશ પાસેની પાસેજ રાખેછે, પણ તેમાંના થોડાકજ જણ તેનાં ચક્રો વિખેરી નાખી, હતી તેવી ગોઠવવા શક્તિ ધરાવતા હશે. એમ ધ્યાન દઇને જોવાની ટેવ નહિ હોવાની ખામીને લીધે બનેછે. એજ રીતે અનેક ચીજો આપણા દેશી બંધુઓમાંના ઘણા ખરા ઉપરથીજ જોનારાછે. તપાસીને જોવાની ટેવ જેને છે, તેને હરકોઈ હુન્નરકળાનું જ્ઞાનાડંબરાદન કરવાને વા-

ર લાગતી નથી. તપાસીને જોવાનો એક દાખલો નમૂના દાખલ હું નીચે જણાવુંછું, તે વાંચેથી માલમ પડશે.

એક અલ્પદૃષ્ટિ અને બીજો દીર્ઘદૃષ્ટિ, એવે નામે બે મિત્રો પોતાને ગામથી બીજે ગામ પોતાના ગામના ધણીના દરબારમાં બેસતા વરસની સલામ કરવા જતા હતા. રસ્તો પહોળો અને રેતીથી ભરેલો હતો. બંને બાજુએ થોરની વાડો, અને થોડે થોડે છેટે ઘટાદાર વિધ વિધ પ્રકારનાં વૃક્ષો આવતાં. પેહેલો પહોર હતો, તેથી મંદમંદ શીતળ પવન વાતો હતો. અને વન પક્ષીઓ મધુર રાગથી ટૌકા કરી રહ્યાં હતાં. એવે રમણિક રસ્તે બંને મિત્રો વાતોના તડાકા મારતા ચાલ્યા જાયછે. તેમાંનો અલ્પદૃષ્ટિ ઉપર ઉપરથી જોનાર, અને સ્વભાવે ક્રોધી હતો; અને દીર્ઘદૃષ્ટિ, વિચારયુક્ત તપાસીને જોનાર, અને સ્વભાવે શાન્ત હતો. બંને જણા ચાલતાં ચાલતાં ગાઉ બેએક ગયા, તે વખત અલ્પદૃષ્ટિ નીચું જોઈ દીર્ઘદૃષ્ટિને કહેવા લાગ્યો, "મિત્ર દીર્ઘદૃષ્ટિ ! આ રસ્તે થઈને એક ઊંટ ગયલું જણાયછે." તે સાંભળીને દીર્ઘદૃષ્ટિ–એ વગર તું બીજું કાંઈ જુએછે? અલ્પદૃષ્ટિ–ના, એવગર મને બીજું તો કાંઇ માલમ પડતું નથી. પણ ઊંટની પાછળ કોઇ માણસ ચાલતું ગયું હોય, એટલુંજ મારા જોવામાં આવેછે. દીર્ઘદૃષ્ટિ–એ તો તેં તારી આંખે જોયું એટલું કહ્યું; પણ તને કાંઈ તારી જ્ઞાનની આંખે દેખાય છે? અલ્પ–ના, એ વિના બીજું તો કાંઈ પણ મને માલમ પડતું નથી. દીર્ઘ–નરી આંખેથી જોતાં તો એમ જણાયછે. અલ્પ–ત્યારે શું, આંખે ચસ્મા ચઢાવીને જોઇએ, તો જૂદું માલમ પડે? દીર્ઘ-ભાઇ, એ વાતો જૂદી છે. અલ્પ-તમે તો જ્યારે હોયછે, ત્યારે અમારાથી બહુ જાણની પેઠે જૂદોજ મત ચલાવો છો, અને અભિમાનમાંથી હાથ કાઢતાજ નથી. દીર્ઘ–ઠીક છે. આગળ સમજાવીશું. હમણાં અમથા શીદ તપી જાઓછો? એમ કહી ગામ તરફ નજર કરતાં, જે ગામ જવાતું હતું તે ગામ તો નજીક દેખાવા માડ્યું તેથી, તથા અલ્પદૃષ્ટિનો મિજાજ ગયલો જોઈ, દીર્ઘદૃષ્ટિએ ઓલી પેલી બીજી બીજી વાતો કાઢીને આ તકરાર તો તે વ[illegible] માડી વાળી; એટલામાં તે ગામનો દરવાજો આવ્યો. બંને જ[illegible]સ્ત્રાભૂષણો પહેરી ઠીકઠાક થઈ રાજ દરબારમાં

વાત માડી વાળો.
જૂદાં વસ્ત્રાભૂષણો

જઇ પહોંચ્યા. તે વખતે તો દરબારમાં સભાની સઘળી બેઠકો પૂરાઈ ગઇ હતી. તેથી પેલા બંને જણા રામરામ વ્યવહાર કરી રાજાની સન્મુખ જઈને ઊભા. રાજાએ સામી સલામો ઝીલી તેમને આદર સત્કાર સાથે પોતાની સામા બેસાડાવ્યા. પછી તેમને રાજાએ પૂછ્યું.

રાજા—તમે બેઉજ આવ્યાછો કે બીજું કોઈ આવ્યું છે?

અલ્પ—અમે બેઉજ આવ્યા છીએ. રાજા—બેઉને રસ્તે સંઘાત થયો કે ઘેરથીજ સાથે નીકળ્યા હતા? અલ્પ—સાહેબ, અમ બંને ઘેરથીજ સાથે નીકળ્યા હતા. વારૂ, ચાલો સાહેબને સલામ કરતા આવીએ, એમ વિચાર કરીને આવ્યા. રાજા—વાહ, ભલે આવ્યા, હું બહુ ખુશી થયો. (તેમના ગામની નજદીક રાજાનો બગીચો હતો, તેથી તે બગીચાની ખબર પૂછવાને માટે)

રાજા—કેમ, આવતાં તમે અમારો બાગ જોયો કે? ઓણુ કેવો બન્યો છે? (દીર્ઘદૃષ્ટિએ મનમાં વિચાર્યું કે આપણા રસ્તાની તકરારનો ખુલાસો કરવાનો વખત આ ઠીક છે. એમ જાણીને) દીર્ઘ-સાહેબ, આપનો બગીચો અમે જોયો. તે જોઇને આ વખત તો અમારૂં હૈયું બહુ હરખ્યું. હોણ સાલ તો બગીચાની શોભા બહુ સારી આવી છે; પણ રસ્તે આવતાં એક અજબ તરેહનો તમાશો મારા જોવામાં આવ્યો. તે જોઇને હું બહુ આશ્ચર્ય પામ્યો. રાજા—એવું તે તમે શું જોયું કે તમને તેની નવાઈ લાગી?

દીર્ઘદૃષ્ટિ—એક ઊંટ ઉપર નીચ જાતનાં એક સ્ત્રી અને એક પુરૂષ બંને જણાં બેશીને, અમે આવ્યા તે માર્ગે માર્ગે જતાં હતાં. રસ્તે ચાલતાં તે બંને સ્ત્રી પુરૂષને એકબીજા જોડે બોલતાં બોલતાં તકરાર થઈ. તેથી પેલા પુરૂષે પેલી સ્ત્રીને ઊંટ ઉપરથી ઊતરવાનું કહ્યું. તે ઉપરથી તે સ્ત્રીએ ચાલતા ઊંટ ઉપરથી ક્રોધને લીધે નીચે ભુસ્કો માર્યો. પેલા પુરૂષે તેને કાંઇ પણ કહ્યું નહિ. તેથી તે ઊંટની પાછળ થોડે સૂધી ચાલી; પણ તેના ધણીએ ઊંટ ઊભું રાખીને તેને ઉપર લીધી નહિ તેથી એકાએક રીસનો જુસ્સો ચઢી આવવાથી તે સ્ત્રી પાછી વળી. આ જોઇ ઊંટવાળાના હાંજા ગગડી ગયા. તે [illegible] ઊંટ પાછું વાળીને પાછી જતી સ્ત્રીની પાસે જઇ પહોંચ્યો. પાસે જઈ [illegible]પરથી તે નીચે ઊ-

તરા પડચો; અને પોતાની સ્ત્રીને બહુ બહુ કાલાવાલા કરીને પાછી લઇ જવા ને સમજાવવા લાગ્યો; પણ તે પાછી વળી નહિ. ત્યારે તેણે ત્યાં પાછી વાળવા તેને બહુ તાણએ તાણ કરી; પણ તે નીચે બેશી પડી, અને પાછી વળી નહિ. ત્યારે તેણે છેવટ થાકીને લાકડીની પેઠે લાંબો થઈ તે સ્ત્રીને પગે લાગી કાલા વાલા કર્યા, ત્યારે તે પાછી વળી. પછી બંને જણાં ઊંટ ઉપર બેશીને તે ઊંટ ઝપાટા બંધ હાંકી ચાલતાં થયાં! આ જોઇ મેં વિચાર કર્યો કે આ દુનિયામાં સ્ત્રીઓનું કેટલું બધું જોર છે!

આ બધી વાત પૂરી થતાં સૂધી અલ્પદૃષ્ટિ કાંઇ બોલ્યો નહિ. જેવો દીર્ઘદૃષ્ટિ બોલી રહ્યો કે તરતજ તે રાજાના તરફ નજર કરી ખીજવાયલે ચેહેરે બોલી ઊઠચો, “એના બાપનું કપાળ એણે જોયું છે, સાહેબ! હું અને એ બંને સાથેજ ઘેરથી અહીં સૂધી આવ્યા. તેમાં રસ્તામાં ફક્ત ઊંટનાં પગલાં જોયાં, એટલા ઉપરથી જૂઠું ગપ હાંકવા બેઠો. મારા ભાઈ! શું, દેખતી આંખમાં ધૂળ નાંખે છે? રસ્તામાં એનાથી એક તસુ પણ હું અળગો રહ્યો નથી. ત્યારે મારા જોવામાં કાંઇ આવ્યું નહિ, ને એના જોવામાં તે આટલી બધી વાતો ક્યાંથી આવી? રસ્તામાં મારી જોડે ઝાકળીયું ઝૂંડતો હતો, તેતો ધૂળ નાખી! પણ ભરી સભામાં દરબાર સમક્ષ પણ જૂઠાણું ચઢાવવા લાગ્યો, તે મારાથી સહન થઈ શક્યું નહિ. તેથી સાહેબ, જરા બોલ્યો, માટે મારી બેઅદબી માફ કરજો.

આ સાંભળી રાજા, દીર્ઘદૃષ્ટિના તરફ જોઈને કહેછે; “કેમ ગપ્પીજી, આટલી બધી ગપ હાંકવાની હિમ્મત મારી ભર સભામાં તમે ચલાવી, તેથી તમારી હિમ્મતને હજાર આફ્રીન! આ વાત તમે જો સિદ્ધ નહિ કરી આપો, તો તમારા વિષે શું થશે, તે હું અગાઉથી કહી શકતો નથી.”

હવે પેલો ઊંટવાળો જ્યારે પોતાની સ્ત્રીને મનાવીને ઝપાટાબંધ ઊંટ હાંકીને આજ રાજાના ગામમાં અલ્પદૃષ્ટિ અને દીર્ઘદૃષ્ટિની આગમચ આવી પહોંચ્યો, તે વખતે તે સ્ત્રીને પાણી પાવા ઊંટ ઉપરથી ઊતરી કૂવાપર ગયો. ત્યાં તેણે સાંભળ્યું કે, “આજ તો દરબારમાં ઝાડ પટોળાંની મીજલશ મળવાની છે; માટે કસુબા પાણીની છોળો ઊડવાનીછે.” તે ઉપરથી પોતે તો પાકા બંધાયણીજ હતા, તેથી અફીણ

પીવાની લાલચે બાયડીને પાણી પાઈ બીજી ભાગોળે બેસાડી પોતે દરબારમાં આવ્યો. દરબારમાં એવા પરદેશી ચીંથરીઆ અફીણીને કોણ પૂછે ? તેથી તે પડેલાં ખાસડાંના ગંજની ઉપર જઇ બેઠો. પણ તેને કોઈએ અફીણ પાયલું નહિ, અને વાર તો વધારે થઈ ગયલી; તેથી તે ઊભો થઈ માગવાની સટપટી કરતો હતો, તેવામાં ઉપર પ્રમાણેની સઘળી વાત તેને કાને પડી. તેથી તેણે વિચાર્યું કે આપણે જો જાહેર પડી બોલીશું, તો આપણી ધારેલી ધારણામાં ફાવીશું. એમ ધારીને બે હાથ જોડી ઊભો થઇ, રાજાના તરફ નજર કરી મોટે અવાજે બોલ્યો; "બંદેનવાજ ! એ વાત ખરીછે, અને એ ઊંટવાળો હુંજ છું. બાયડીને પેલી ભાગોળે બેસાડી ક્યારનો હું અહીં આવી બેશી રહ્યોછું; પણ હજૂ અમલપાણીનો આધાર મળ્યો નથી, તેથી નસો તણાયછે. માટે એક વાયાની દયા કરાવશો, તો પ્રભુ તમારૂં ભલું કરશે."

રાજાએ હસતાં હસતાં ઊંટવાળાને કહ્યું; "આ દીર્ઘદૃષ્ટિએ જે વાત કરી તે સઘળી સાચી છે કે બનાવટ છે, તે સાચે સાચું તું માને, તો તને એક વાયાને બદલે એક માસ પહોંચે એટલું અફીણ આપું." ઊંટવાળાએ કહ્યું, "એ બધીએ વાત સાચે સાચીછે, એમાં તલભાર ફેર નથી. સરકાર, મારી બાઈડી જરા આડી છે, માટે જરા ઈજા તો પાડીસ્તો. પણ શું કરૂં, હું અફીણીને બીજી કોઇ આવે એવું નથી, માટે લાડ લડાવવાં પડેછે; પણ તે વખતે રસ્તામાં કે ખેતરમાં કોઈ આદમી નહોતું. કેમકે ઊંટ ઉપર બેશીને મેં બધે જોયું હતું. માટે દીર્ઘદૃષ્ટિએ જોયલી વાત કરી નથી. માટે એને પાછળથી લાયક સજા કરજો; પણ પહેલાં મને તો અફીણ અપાવો. મારી તો બાયડી રીસાળછે, તેથી તે નાસી જશે, તો મારી તો જન્મની બગડશે." આ સાંભળી રાજાએ તે પરદેશી અફીણીની દયા ખાઇને તેને અફીણની એક આખી શેર બેએકની ગોટીઆપી, તે લઈને સર્વ સભાને સલામ કરી ખુશી થતો થતો ચાલ્યો ગયો.

दोहरा.

જાણ નહિં જગ તંત્રના, અધિકા અક્કલ હીણ,
દેહ જ્ઞાન દુર્બળ બને, તોપણ ખાય અફીણ.

રાજાએ દીર્ઘદૃષ્ટિને કહ્યું, "તમે ને તમારો મિત્ર અલ્પદૃષ્ટિ સાથે

આવ્યા; પણ ઉપલી વાતમાંનું કાંઇ પણ તમારા મિત્રના જોવામાં આવ્યું નહિ, અને તમે દીઠું, એ અસંભવિત વાત છે; અને તમારી વાત તો સાચી ઠરેછે, ત્યારે તમારા બંનેમાંથી જૂઠો કોણ ઠરેછે ? જૂઠાને સજા અને સાચાને ઇનામ આપવાનો મારો અસલથી ઠરાવ છે, તે પ્રમાણે હું વર્ત્યા સિવાય રહેવાનો નથી."

આ સાંભળી અલ્પદૃષ્ટિએ મનમાં વિચાર કર્યો કે, "દીર્ઘદૃષ્ટિની વાત તો ઊટવાળાનો પુરાવો મળવાથી પાકી થયલીછે; પણ મારા બોલવાનો મારી પાસે પૂરાવો નથી, તેથી મારે ભારે નુકસાન ખમવું પડશે; કેમકે રાજા લીધેલી વાત છોડી દે એવો નથી." એમ જાણી તે હિમ્મત હારી જઈ ઊતરેલે ચેહેરે બોલ્યો, "એ સંબંધનો મારી પાસે તો કાંઇ પૂરાવો નથી, પણ મારૂં કહેલું સાચુંછે. મેં અને દીર્ઘદૃષ્ટિએ ઊંટનાં પગલાં સિવાય બીજું કાંઈ જોયું નથી. એ વાત તો સત્ય છે કે હું કદી જૂઠું બોલતો નથી. તેમ છતાં મારા ઉપર પ્રભુની અકૃપા હશે, ને સજાનું સંકટ ખમવું પડશે, તો તે હિમ્મતથી સહન કરીશ."

એ સાંભળી દીર્ઘદૃષ્ટિ રાજાના તરફ નજર કરી બોલ્યો કે, "અલ્પદૃષ્ટિનો સાક્ષી હું છું. અલ્પદૃષ્ટિએ જે વાત કહીછે, તે વાત પણ સાચે સાચી છે. એમાં એનો કંઇ પણ દોષ નથી." રાજા દીર્ઘદૃષ્ટિને કહેછે—ત્યારે શું, તમે પીર છો, કે તમારી પાસે કોઇ વીરની સાધના છે, કે તમે તે કોઈ જક્ષણીના જાપક છો ?

દીર્ઘદૃષ્ટિ—ના સાહેબ, મને વિચારયુક્ત તપાસીને જોવાની ટેવ રૂપી અવલોકન નામે વીર વશ્ય થયલોછે. તેની મદદથી પ્રસંગ આવે ન જોયલી વાત હું પાછળથી કહી શકુંછું.

રાજા—ઉપરની વાત તમે પાછળથી શી રીતે પારખી કાઢી, તે સવિસ્તર સમજાવો. જો સર્વ સભાના સજ્જનો સાથે અમારી ખાત્રી થશે, તો તમારા હકમાં બહેતર થશે.

દીર્ઘ—આપની મરજી એમ હોય તો મેં કહેલી સઘળી વાતના જૂદા જૂદા પ્રસંગ આપ મને પૂછતા જશો, તેમ તેમ હું તેના ખુલાસા કરતો જઈશ.

રાજા—ઊંટના પગલાં ઉપરથી ઊંટ ગયલું તમે જાણ્યું, પણ તે

ઉપર એક સ્ત્રી ને એક પુરૂષ બેઠેલાંછે, એમ તમે શા ઉપરથી જાણ્યું?

દીર્ઘ—એક જગાએ રસ્તામાં ઊંટ બેસાડેલું હોય, એવો ધૂળમાં આકાર પડેલો જોયો. તે ઊંટની બેઠકની પાછળ પાંચ સાત સ્ત્રીનાંજેવાં નાનાં પગલાં પડેલાં હતાં, તે ઉપરથી તે સ્ત્રીનાં છે, એમ મારા મન સાથે નક્કી કર્યું.

રાજા—એ તો ઠીક; પણ એ બંને વચ્ચે કજીઓ થયો, તે તમે શા ઉપરથી જાણ્યું ?

દીર્ઘ—અત્યાર સૂધી ફક્ત એકલા ઊંટનાંજ પગલાં દેખાતાં હતાં. હવે ઊંટની પાછળ ઉપર કહેલાં નાનાં પગલાં પડેલાં હતાં, તેજ પગલાં ફરી દેખાવા લાગ્યાં. જ્યાંથી એ પગલાં દેખાવા લાગ્યાં, ત્યાં આગળ ઊંટને નીચે બેસાડેલું બિલકૂલ જણાયું નહિ; પણ ઉપરથી સરી પડી હોય એવું જણાયું. તે ઉપરથી મેં વિચાર્યું કે ખુશી ખુશાલીથી સ્ત્રીને નીચે ઊતરવું હોય, તો ઊંટને બેસારીને પછી નીચે ઊતરે; પણ આતો ઉપર બોલતાં બોલતાં કજીઓ થયલો તેથી તે ચાલતે ઊંટે નીચે સરી પડીને ઊંટની પાછળ પાછળ થોડે સૂધી ચાલીછે.

રાજા—પછી તે રીસાઈને પાછી વળેલી, અને તેને મનાવવા ઊંટવાળો પણ પાછો વળેલો, એ તમે કેમ જાણ્યું ?

દીર્ઘ—થોડે સૂધી તે સવળાં પગલાં ચાલીને પછી તેજ પગલાં પાછાં વળેલાં મારા જોવામાં આવ્યાં. જ્યાં આગળ પાછાં ફરેલાં પગલાં પૂરાં થઈ રહ્યાં, ત્યાં સૂધી તે ઊંટનાં પણ પગલાં પાછાં વળેલાં મારા જોવામાં આવેલાં. તે ઉપરથી મેં એમ વિચાર્યું કે તે સ્ત્રીને વધારે ક્રોધ ચઢવાથી ઊંટની પાછળ જતી અટકી, ને ત્યાંથી પાછી વળી છે. આ જોઇ પુરૂષનો ક્રોધ ઊતરી જવાથી તે તરત પોતાનું ઊંટ પાછુ વાળીને તેની પાછળ જઈને નીચે ઊતરી પડેલો છે.

રાજા—તમે એમ શાથી જાણ્યું કે પુરૂષે સ્ત્રીના કાલાવાલા બહુ કર્યા ?

દીર્ઘ—જ્યાં પેલી સ્ત્રીનાં ને ઊંટનાં પાછાં વળેલાં પગલાં પૂરાં થયાં, ત્યાં આગળ પેલી સ્ત્રીનાં પગલાં અને પુરૂષનાં મોટાં મોટાં પગલાં સેળભેળ થઈ ગયલાં, અને જેમ એક બીજાને ખેંચાતાણ થઇ હોય, એમ જમીન ઉપર રમખાણ મચેલું જણાયું. વળી તેજ જગાએ જેમ આપણે દેવના મોં આગળ લાંબા થઈને પગે લાગીએ,

એવો આકાર પડેલો જણાયો. તે ઉપરથી મેં જાણ્યું કે, પુરૂષે સ્ત્રીને ઘણી ખેંચ તાણ કરી ઘણા કાલાવાલા કર્યા; પણ સ્ત્રીએ માન્યું નહિ, તેથી પુરૂષ પગે લાગેલો જણાય છે.

રાજા—પછી તમે કેમ જાણ્યું કે પગે લાગવાથી તે સ્ત્રી મનાઇ ગઇ?

દીર્ઘ—ત્યાં આગળથી બીજું સવળું કે અવળું, આગળ કે પાછળ પગલું પડેલું નહોતું. ફક્ત ઊંટનાંજ પગલાં જે દિશાએ પ્રથમ જતાં હતાં તે દીશા તરફ, ઝપટથી ચાલતાં જેવાં પગલાં પડેછે, તેવાંજ પડેલાં જોયાં.

રાજા—એ તો ઠીક, પણ તમે કેમ જાણ્યું કે તે રીસાયલી સ્ત્રી તેજ ઊંટ ઉપર બેઠી. કદાપિ ત્યાંની ત્યાં બેશી રહી હશે, અથવા પાછી વળી હશે ત્યારે?

દીર્ઘ—અમે એજ રસ્તે થઈને આવ્યા; પણ એ રસ્તામાં કોઈ સ્ત્રીને બેઠેલી અમે જોઈ નહિ, તેમજ પાછાં વળેલાં કે કોઇ આડે અવળે રસ્તે ચઢી ગયલાં પગલાં મારા જોવામાં આવ્યાં નહિ. તેથી મેં એમ વિચાર્યું કે તે તેજ ઊંટ ઉપર ચઢી બેઠી.

રાજા—એ બધી વાત તો અમારા ધ્યાનમાં ઊતરી; પણ એ સ્ત્રીપુરૂષ ગરીબ જાતનાં છે એવું તમે શા ઉપરથી જાણ્યું?

દીર્ઘ—જ્યાં આગળ પેલી સ્ત્રીને મનાવીને પાછી વાળવા સ્ત્રી પુરૂષને ખેંચાતાણ થઈ, તે જગાએ પહેરેલાં લૂગડાંમાંથી ફાટી ફાટીને કેટલીક ધોળી ને કેટલીક લાલ ચીંદરડીઓ પડેલી હતી. તે ચીંદરડીઓ મેલી અને કિંમતે હલકા લૂગડાની હતી, તે ઉપરથી મેં જાણ્યું કે તે નીચ જાતનાં માણસ છે.

આ બધી વાત સભાના સૌ જન એક શ્રવણે થઇ સાંભળી રહ્યા હતા. તે સઘળા એકે અવાજે બોલી ઊઠ્યા કે, "શાબાસ! શાબાસ! દીર્ઘદૃષ્ટિ! તમારી ધ્યાન દઈને જોવાની ટેવને!! તમે તો ગજબ કરી નાખ્યો. અણદીઠેલી વાતને સાંભળ્યા વગર નજરે દીઠેલી હોય, એવી રીતે કહી બતાવી.

રાજા—દીર્ઘદૃષ્ટિ, તમને આવી ટેવ પાડવાને માટે શ્રમ કરવો પડ્યો હશે. તેના અવેજમાં હું તમને મારા ઉપમંત્રી બનાવું છું. એમ

કહી તેને શેલું, પાઘડી, સોનાનાં કડાં, ને શાલ વગેરેનો કીમતી શીરપાવ આપ્યો; તેની સાથે રાજ્યચિન્હ પણ આપવામાં આવ્યાં. પછી અલ્પદૃષ્ટિ સામું રાજાએ જોઇને કહ્યું કે, "તમારામાં પણ સત્ય વક્તાપણું, હિમ્મત, અને સહનશીળતા જોઈ તમારાપર પણ હું ઘણો ખુશી થયો છું. માટે તમને અમારા ઉપસેનાધિપતિ બનાવવામાં આવ્યા છે." એમ બોલી તેને પણ લાયકનો શીરપાવ આપ્યો. એ રીતે બંનેને તપાસીને જોવાની ટેવે ન્યાલ કરી નાખ્યા.

આ વાત તો સહેજ દાખલા તરીકે લખી છે. એમાંથી સાર એટલોજ લેવાનો છે કે, દરેક આદમીએ તપાસીને જોવાની ટેવ રાખવી જોઇએ. આ ટેવથી ઘણી વખત ઘણાઓને ફાયદા થયલા જણાયલા છે. પરદેશી માલ અત્રે બનાવવામાં આ ટેવનો ઉપયોગ અતિ અગત્યતા ધરાવનારો છે, એમ નિઃસંશય સમજવું.

હે પ્રભુ ! આ અમારી ધારેલી ધારણા ફળીભૂત કરનાર સમર્થ પિતા તુંજ છે. તું વિના અમારી મનકામના પૂર્ણ કરે, તેવું કોઇ નથી. માટે હે દયાળુ પિતા ! તું તારી દુર્બળ થઇ ગયલી ભારતવાસી આર્યપ્રજાપર દયાની દૃષ્ટિથી જો. તારી દૃષ્ટિથી અમારાં દુઃખ કપાઇ જશે, અને તેથી અમે બીજા હુન્નરી દેશોની હારમાં ઊભા રહેવાને સમર્થ થઇશું. તથાસ્તુ ! તથાસ્તુ !! તથાસ્તુ !!!

દોહરો.

વૃદ્ધિ કર હરિ ! હુનરની, ભરતખંડ મોઝાર;
પ્રેર પૂર્વવત આ સમે, કરગરી કહું કરતાર.

સમાપ્ત.